ગયોછ અને પીપળપાનની પેઠે થરથર થરથર ધ્રુજેછ અને મારા દીકરાને જોઈને હું પણ ધ્રુજુંછ."

આટલું બોલતાંજ હીરાંબાઈની આંખોમાં પાણી આવી ગયાં. શીરીને દિલાસો આપ્યો અને વાત વીસરાવી. તેના બાપ ખાનું ખાઈને હેઠલથી ને હેઠલથીજ બાહાર ગયા, પણ સાંજની ચાને વખતે તેવણ લવજીના ઘરમાં અમીનાને બનેલા અકસમાતની ખબર લાવ્યા અને તેજ વખતે લવજીને ત્યાં કોઈ પરોણો આવ્યોછે તેની પણ ખબર કહી.

ચા પીતાં પીતાં હીરાબીગીએ પોતાની બુજર્ગ ધણિયાણી હીરાંબાઈને ઘરમાં ભરાઈ બેસવા માટે સખત ઠપકો આપ્યો. જો તેવણ ફરવા ગયાં હોત તો હીરાબીગી પોતાના સ્વભાવ પ્રમાણે તેનોબી ઠપકોજ આપત. પણ તેવણે આ વખતે ઘરમાં બેસી રેહવાનું નાપસંદ કીધું તે શીરીનને એક લેખે પસંદ આવ્યું, કેમકે પોતાના આ આકલા સ્વભાવના બાપ સાંજની ચા પીને ફરવા જવા પછી પોતાની આજારી માને સમજાવીને લવજીને ત્યાં લઈ જવાનું શીરીનને આ ઠીક ટાંકણું મળ્યું.

અમીના હીરાબીગીના આખાં કુટુંબને માનીતી હતી. તેનો "પગ ભાગો" તેથી હીરાંબાઈ ખરેખર દલગીર થયાં અને તેને જોવા જવાનું મન કીધું. શીરીને તે વાતને પુરતો ટેકો આપ્યો. ખરી વાત એ હતી કે પોતાની માને આવેલું અજાયબ જેવું સ્વપ્નું લવજીને કેહવાને શીરીન ટાંપી રહેલી હતી. તેને મોદી કાસ્ટલમાં પોતાની મા સાથ જવાને આ અછી તક મળી.

પ્રકરણ ૮ મું.

પેસુ પાછો પુગે!

હવા એટલી તો ખુશનુમા હતી અને દિવસમાં પોતાનો જીવ એટલો ઠેકાણે આવ્યો હતો કે હીરાંબાઈ શીરીન સાથ ચાલતાં ગયાં. તેવણ ચાલ્યાં ખરાં પણ મોદી કાસ્ટલ પોંહોંચવા અગાઉ બે ઠેકાણે થાક લેવા બેઠાં અને કાસ્ટલના દરવાજા ઉપર છોકરાં રમતાં હતાં તેઓનીજ વચ્ચે ત્રીજીવાર બેસી ગયાં. બુચી-બચ્ચું હીરાંમાસી અને શીરીનના આવ્યાની ખબર પોતાનાં માવતરને કેહેવા દોડી અને તુર્તજ લવજી, બચ્ચું, તથા હમાયજી જેઓ બાગમાંજ ફરવા નીકળેલાં હતાં તેઓ તેવણને સામાં લેવા આવ્યાં.

દીનમાયનો જમસુ પણ તેઓની સાથે હતો. તેને ખામખા લવજી કે બચ્ચું આંહી તેડી લાવ્યાં નહી, પણ "માસીની શીરીન" આવીછે એમ બુચી-બચ્ચુંને બોલતી સાંભળીને એ નવી નાજનીન કોણ છે તે પોતાની નજરે નિહાલવા સારૂ જમસુ પણ તેઓની પછવાડે આવ્યો.

અરસપરસ મળ્યા ભેટ્યા પછી, ખેર આફીયત પુછતાંમાંજ તેમની સાથ લવજીએ જમસુની ઓળખાણ કરાવી. જમસુ શીરીનની સાદી ખુબસુરતીથી મોહિત થયો અને તેણી સાથ વધારે પીછાણ કરવા જતો હતો, પણ હીરાંબાઈએ તેનાં માબાપ, તેના ધંધાધાપા વગેરે વિષે એટલાબધા સવાળો પુછ્યા કે તે ખાતરી ભરેલા જવાબો આપીજ કેમ શકે? તે નાના જાલ તથા ફરામરજ સાથ દડા રમવાનું બાહનું કાહાડીને આ અણગમતી પરપુછમાંથી છટકી ગયો.

અમીનાને જોવા સારૂ હમાયજી તથા બચ્ચું હીરાંબાઈનો હાથ ધરી તેવણને બાગમાંથી ફેરવતાં ફેરવતાં બંગલે લઈ જવા નીકળ્યાં.

લવજી એકલો પડી પછવાડે ચાલતો હતો તેની સાથ શીરીન આવી મળી અને એ બે જણ વાત કરતાં કરતાં પછવાડે ચાલ્યાં.

બચ્ચુંએ પીઠ ફરી નજર કીધી કે તેણીનો ભર્તાર છુટો પડી શીરીન સાથ વાત કરેછે.

"શીરીન તારાં મા તો સારીપેઠે હતાં," લવજીએ પુછયું, "ને વળી કેમ આજે હાલહવાલ થઈ ગયાંછ?"

"મા નખાઈ જાય તેની નવાઈ નથી, લવજીભાઈ." શીરીને બલાપો કીધો. "વળી તેવણે આજે દોલી વિષે સ્વપનું દીઠુંછ અને ત્યારથી વળી સીક થઈ ગયાંછ."

"સ્વપ્નામાં શું દીઠું?" લવજીએ પુછયું.

"જાણે કે હુશેનશાહનો ખુની પુણામાં આવ્યો ને માયે તેને દીઠા ને તેની સાથે વાત કીધી, ને છોકટા રામજીએ તેના કાનમાં હરૂસેથી કાંઇ કહ્યું ને તેથી એ ખુનીએ દોલી ઉપર દોરા મુકયો."

"હમબગ, શીરીન!" લવજીએ હસી કાહાડયું. "તારાં મા શું જાણે કે ખુની કોણ છે? ને તેવણે કેમ ઓળખ્યો કે જે સ્વપ્નામાં આવ્યો તેજ ખુની?"

"મારી પણ અજાયબી તેજ છે, લવજી ભાઈ." શીરીને ટેકો આપ્યો. "પણ તેવણ હુજત કરેછ કે—નહી મેં જોયો તેજ ખરો ખુની છે અને તેની સાથે છોકટો રામજી મળેલોછે—ને વળી વધારે અચરતીની વાત એ છે કે આ ખુની કોઇ સારો માણુસ છે એમ એવણના સ્વપ્નામાં આવ્યુંછ. એ કેમ બને? આપણને પેસુ લવંગિયા ઉપર શક છે, મગર માતાજી કાંઇ તે વાત જાણતાં નથી. પણ પેસુ લવંગિયો ઇસકી ને સારો માણુસ છે તે વાત તો આપણે જાણીયે છીયે."

"શીરીન, તું પણ પાછી વેહમી થવા લાગી." લવજીએ ઠપકો આપ્યો. "તું સ્વપનું ખરૂં માનતી દેખાયછ."

"નહી હું વેહેમી નથી, મારા પ્યારા લવજી." શીરીન ઘણા જોસમાં આવી બોલી. "પણ મારા ભાઇ દોલીને વાસતે હું આતુરતાની આગમાં બળી જાવુંછ. અરે! આ ખુનનો ભેદ ખોલ્લો કરવાનું જો બની શકતું હોય તો તેને સારૂ હું કાંઈબી મેહેનત બાકી નહી રાખું. એ ખુનનો પત્તો લેવા હું દુનિયાના છેડા સુધી ઉઘાડે પગે રખડું. જો પેલો પેસુ લવંગિયો પુણામાં ફરીથી આવે કેની તો હવે તો તેને પકડાવવા વિના નહી રહું, મારા લવજી."

શીરીન આ જોસ ભર્યાં ભાષણમાં લવજીનો સઘળો અંદાજો, સઘળો અંતર ભુલી ગઈ અને ખરી બેહેન તરીકેના આગળા સઘળા પુરતા પ્યાર અને ભાવથી બોલી. તે અત્યાર લગીન લવજીને "લવજીભાઈ" કરી બોલાવતી હતી પણ આ જોસમાં પાછી "લવજી" અને "મારા લવજી" તરીકે વાતો કરવા લાગી.

અગરજો આ વખતે બચ્ચું પછવાડેથી જોતા હોય, અગરજો તેણે "મારા લવજી" અને "મારા પ્યારા લવજી" એ બોલો સાંભળયા હોય તો શું થાય વારૂં?

"પેસુ લવંગિયો પુણે એકવાર આવી ગયા પછી ફરીથી આપણને મોહડું—"

એ પ્રમાણે લવજી હજી તો પેસુ લવંગિયાને યાદ કરવા જાયછે તેવુંજ શીરીને તેનું મોહડું દાબી તેને બોલતો અટકાવ્યો. તેઓ વાત કરતાં કરતાં ભૂલમાંને ભૂલમાં બાગના બીજાજ ભાગ ઉપર આવ્યાં, અને પેસુ લવંગિયાનું નામ દેતાંમાંજ શીરીન જોયછે તો મોહડાંની આગળ દીનમાયનો જમસુ એક ઝાડના છાંયા હેઠલ બેઠેલો દેખાયો.

આ વાત કોઈ પણ અજાણાંને સંભળાવા જોગ નહી હતી, માટે લવજી પણ પોતાના આ પારોણાને જોતાંજ પેસુ લવંગિયા વિષે બોલતો અચકી ગયો અને શીરીન સાથ વાત કરતો બંગલે જવા ત્યાંથી પાછો ફર્યો.

"રખે પેલા અજાણા જમસુએ પેસુ વિષેની વાત સાંભળી હોય, લવજી?" શીરીને ફિકર બતાવી.

"અને સાંભળી હોય તો શું સુજાઓ છે?" લવજીએ હીમત આપી. "આપણા ઉપર ઉપરના થોડા બોલોથી એ શું સમજે?"

જમસુએ થોડી વાત સાંભળી હતી ખરી. એટલું તો તેણે બચીત જોયું હતું કે લવજી સાથ આ છોકરી ઘણી પલોટાયલી અને છુટથી બોલનારી હતી.

લુછા નિનદાખોરોના હાથમાં એટલું બોટું બસ છે! જરા આધાર મળ્યો તો તેઓ શું શું નહી કરી શકે?

થોડી વારમાં લવજી અને શીરીન બાગમાંથી ફરીને બંગલે જતાં લવજીનાં પરિવાર મંડળમાં પાછાં મેળાયાં. હીરાંબાઇએ હજી તો અમીનાને દીઠી નથી તેટલાંમાં પાછાં ઘર કેમ જવું તેની ફિકર બતાવી. પણ અંહી તેવણ બાગના તે ભાગ આગળ આવ્યાં કે જ્યાંથી બાહારનો રસતો પાસેજ આવી ગયલો હતો, અને અંહીજ હીરાંબાઇની નજર રસતાની બાહાર પડી તો પેલા ધનજીશાહ ધનાપતિનો ફ્લુ ફરવા નીકળેલો અને આ રસતેથી ચાલી જતો નજરે પડયો. લવજીએ તથા બચુંએ પોતાની માસીને ઘણી બોહોંસ કીધી કે "તમે જવાની ફિકર ના કરો, અમે અમારી ગાડી જોતરાવી આપીશું." પણ નહી. હીરાભોગી પોતે કોઇનો ઉપકાર લેતા નહી હતા અને કોઇનો ઉપકાર નહી લેવાની હીરાંબાઇને પણ તાકીદ કરેલી હતી. માટે તેવણે શીરીનને હુકમ કીધો કે "દીકરી, જલદી જા પેલા રસતા ભણી, અને પેલો ધનાપતિનો ફ્લુ જાયછ તેને બાગના કટેરાની અંદરથી હાંક મારીને કેહ કે જો તે આપણા ઘરપરથી જતો હોય તો આપણા ઘોડાવાલાને ગાડી સારૂ કેહેતો જાય."

ફ્લુ ધનાપતિને વાંચનાર ઓળખેછે. પેસુ લવંગિયો જ્યારે પુણામાં પેહેલવેહેલો અચબુચ શીરીનની નજરે પડયો હતો ત્યારે તે ધનાપતિના ઘરમાંજ ઉતર્યો હતો અને એજ ધનાપતિનો દીકરો ફ્લુ એજ પેસુ લવંગિયાને લવજીને ઘર પણ લઈ આવ્યો હતો. શીરીનના ઘરની પડોશમાં ધનાપતિની પેઢી હતી તેથી ધનાપતિવાલાઓ સાથ હીરાભોગીવાળાઓને ઓળખાણ હતી અને તેથીજ ફ્લુની મારફતે પોતાના ઘોડાવાલા ઉપર પેગામ કેહેવડાવાની હીરાંબાઇએ આમ હીમત કીધી.

શીરીન પોતાની માનો પેગામ કેહેવા માટે રસતા ભણીના બાગના કટેરા તરફ દોડી. ફ્લુ ચાલી જતો હતો માટે તેને હાંક મારી ઉભો રાખવાની શીરીનને ફરજ પડી.

"ફરામજી! ભાઈ ફરામજી! તમે અમારાં ઘર તરફથી જાવોછ?" તેણે પુછયું.

"ઓ હો! શીરીનબાઈ, કેમ છો?" ફ્લુ ઉભો રહીને કટેરાની બાહેરથીજ પુછવા લાગ્યો. "હા, તમારા ઘરને રસતે જાવુંછ. કાંઈ હુકમ?"

"મેહેરબાની કરીને અમારા ઘોડાવાળાને કેહેતા જશો કે અમારી ગાડી જોતરીને લઈ આવે?" શીરીને તેને અરજ કીધી. "તમોને તસદી પડશે."

"તસદી શાની? રાહાત છે." ફ્લુએ લાયકીથી જવાબ દીધો અને પછી પુછયું "પણ છેક ત્યાંવેરથી ગાડી કેમ જોતરી મંગાવવી પડેછ, શીરીનબાઈ?"

"મારાં માયજી આવેલાં છે. તેવણ ચાલતાં આવ્યાંછ પણ ચાલીને જવાય એમ નથી."

આમ બોલીને શીરીન પાછી જવા કરતી હતી, પણ ફ્લુએ અગત્યની યાદ આપી કે "તમે ગાડી કેટલે વાગતે માગોછ તે તો કેહતાં નથી?"

"હા, હા. પણ મને માએ વખત કહ્યો નથી." શીરીન વિચારમાં પડી. "પણ ફિકર નહી તમે ઘોડાવાલાને કેહેશોજી કે નવ વાગતે ગાડી લાવે—" "અને એટલા વખતમાં" શીરીને વિચાર્યું કે "અમે બાવાની આગમચ ઘેર પાછાં પોહોંચીશું."

"સાહેબજી બેહેન" ફ્લુએ સલામ કીધી અને શીરીન કટેરાની અંદરથીજ નમીને જવાબ દેતી હતી તેવામાં "સાહેબજી, સાહેબજી" કરીને બીજા બે ત્રણ જણે સલામ કીધાથી શીરીન ઉભી રહી ગઈ.

તે માત્ર ઉભીજ નહી રહી, પણ ડઘઈ ગઈ, અચરતીથી દંગ થઈ ગઈ.

આ રસતા ઉપર ફ્લુ એકલો નહી હતો. તેની સાથે બીજા સોબતી હતા. એક તો

પેલો છોકરો રામજી હતો અને બીજો—ઓ! કેવું આશ્ચર્ય!—પેલોજ પેસુ લવંગિયો હતો!!

"કેમ ઉભાં? શીરીનબાઈ?" ફલુએ ઓળખાણ આપી પુછયું. "આ મારા દોસતો છે. અને આ મારો દોસત પેસતનજી લવંગિયો છે, આજેજ મુંબઈથી આવ્યોછ."

શીરીન શું જવાબ દય? તેની છાતી બંધાઈ જતી હોય તેમ તેને લાગ્યું. શું ત્યારે હીરાંબાઇનું સવપનું ખરૂં હતું? પેસુ કટેરાની બાહેર પાસેજ આવી ઉભો અને ફલુએ ટીકા પણ કીધી કે "શીરીનબાઇ, કાંઈ તમે ફગલાયલાં લાગોછ?"

"હું તમારા દોસત પેસતનજીને યાદ કરતી ઉભીછ." કાંઈ બોલવું તો જોઇએ માટે છાતી ધાટી કરીને શીરીને બોલવાની હીમત કીધી. "એવણને મેં આગળ દીઠા હોય એમ મને લાગેછ."

"ખરી વાત છે બાઈ." પેસુએ પોતેજ કબુલ કીધું. "પાંચ છ વર્ષ ઉપર હું એક બે દહાડા પુણે આવ્યો હતો."

શીરીન એકીટગરે જોતી ઉભી અને દોલીની આપેલી નિશાનો એકવાર પાછી મળી. પેલીજ ઇસકી, પેલોજ લેહેકો, પેલીજ વીટીઓ અને પેલોજ માથા ઉપર વીટી સાથનો હાથ!

"આ વખતે સાહેબ, પુણામાં વધારે દહાડા રેહશો કે?" શીરીને અચકી અચકીને પુછયું.

"મેં નોકરી ઉપરથી રજા તો મહીના દહાડાની લીધીછ," પેસુએ જવાબ દીધો, "પણ પુણામાં કેટલા દીવસ કાહાડીશું તે નકી નથી."

આ હા! આ વખતે શીરીનનું ધરકતું જીગર ઉછલીને ગોયા તેની છાતીની બાહેર નીકલવા કરતું હતું. શીરીનનાં ઉસકેરાયલાં મગજને શું કરવું તે સુજતું નહી હતું. અગર તે જઇને એકદમ પેસુની ફેંટ પકડવા ચાહાત તોપણ તેની અને પેસુની વચે બાગના મોટા કટેરા પડેલા હતા અને દરવાજો તો છેક દુર હતો કે જ્યાંથી તે રસતા ઉપર જઇ શકે. પણ જવાય કેમ? તેને પકડાય કેમ?

હદથી જીયાદે ઉલટથી અધમુવાં થયલાં દોલે શીરીન બંગલામાં પાછી આવી. જખમી થયલી અમીનાના પલંગ આગળ હીરાંબાઇ બેંઠેલાં હતાં, હમાયજી તેવણની પાસેજ હતાં, બચું એક બાજુએ ખુરસીપર અઢલીને બેઠી હતી અને લવજી બીજી બાજુએ બારી ઉપર ઉભો હતો.

શીરીન આવી તે ઉપર કોઈની નહી પણ બચુંનીજ નજર હતી. તે શીરીનને ટગરટગર જોયા કરતી. શીરીન વિષે આજના સરખી અદેખાઈ બચુંને કોઇ દહાડે પેદા થઈ નહી હતી. બલતી બચુંના મનનો બધો બલાપો શીરીન વિષે અને લવજીના શીરીન ઉપરના હેત વિષે હતો.

શીરીન ઘભરાયલી, ફગલાયલી, આવી તેવીજ લવજીની પાસે ગઈ અને તેનો હાથ ખેંચી તેને એક બાજુએ બોલાવવાની ઈસારત કીધી. લવજી ઓરડાની બાહેર ઓટલા ઉપર ગયો અને બચું વળી બારીએથી તે બેહુને જોતી ઉભી.

"લવજી, લવઠો, શું કહું?" શીરીન બોલી "માયનું સવપનું ખરૂં છે."

"શીરીન તારૂં માથું ઠેકાણે નથી." લવજીએ ઠપકો આપ્યો.

"નહી, નહી, મારા પ્યારા ભાઇ" શીરીન તેના હાથને બાજીને બોલી. "ખરૂં કહુંછ. પેલો ખુની આવ્યોછ. મેં તેને દીઠોછ. તે પુણામાંજ છે. ઓ! કેવી શોધ! હું જાગુંછું કે સવપનું જોવુંછ!"

"હું તો ધારૂંછ કે તું સવપનું જુવેછ. બાગમાં આપણ વાત કરતાં હતાં ત્યારે તેં માત્ર તારાં માના બાબની ખબર કીધી, તે વખતે તેં તે ખુનીને દીઠો નહી હતો. ને હવે એટલી વારમાં તું તેને આપણા બાગમાં જોઈબી આવી? શીરીન, શુધ ઠેકાણે રાખ, ઠેકાણે."

"હા, હું એટલીવારમાંજ તેને જોઈ આ-

વીછ, લવજી. હું ધનાપતિના ફલુને હમણાજ ગાડીને વાસતે રસતા તરફ કેહેવા ગઇ, તેજ વખતે તેની સાથે પેસુ લવંગિયો હતો. તેજ પોરાગીર, જેને આપણે આગળ દીઠો હતો તેજ, લવજી, મારા લવજી, તું ખરૂં માન."

શીરીન અને લવજી ઉપલી વાત ઘણીજ છુટથી કરતાં બાગમાં જરા આગળ આવ્યાં અને શીરીન પેસુ લવંગિયાની વાત કરેછે તેટલાં વળી પાછી અચકી ગઈ. તે પોરાગીરનું નામ દેતાંને વારજ વળી દીનમાયનો જમસુ અજાણો પણ અચબુચ નીકળી આવ્યો!

"લવજી, આ અજાણો માણસ જાણેકે આપણું માજનું જોતો હોય તેમ બે વાર આપણા માર્ગમાં મળી ગયો એ શું?" તે ફરી જવા પછી શીરીને શક બતાવ્યો. "પેસુ લવંગિયાનું નામ દેતાંજ એ કયાંથી નીકળી આવેછ? રખે વળી એણે સાંભળયું હોય?"

લવજીએ ધીરજ આપી કે એ સાંભળતો નથી અને સાંભળે તોપણ સમજે એવો નથી.

"હવે, લવજી, પેસુ તો પાછો પુણામાં આવ્યોછ તો તેને પકડવો જોઇયે." શીરીને આતુરતા બતાવી.

"કેમ પકડાય? પકડવાને પુરાવો શું છે?" લવજીએ શક બતાવ્યો. "કેમ જાણ્યું કે દાલી જે પેસુ લવંગિયા વિષે બોલ્યો હતો તે એજ?"

"એ નહી? દાલીની આપેલી બધી નિશાનો મળેછ. છાકટ રામજીનો વળી એ દોસ્ત છે. ને માએ બ્યારે બુની પુણે આવ્યાનું સવપનું જોયું તેજ દહાડે તે આવ્યોછ."

"એ પુરાવા કાંઇજ નથી." લવજીએ નાસિપાસી ભરેલો ઉતર વાળ્યો. "શીરીન, આપણે ઘણી સાહુચેતીથી કામ કરવું જોઇયે. પેહેલાં તો એજ તે પોરાગીર છે કે નહી તે જાણવું જોઇયે. તે જાણવાનો કશો રસતો મને સુજતો નથી. અગરજો બોદા કરીને દાલી પણ એજ ઠાંકણે આવી જાય તો કાંઈ બને, પણ દાલીએ તો કેટલાં બધાં વર્ષ થયાં કાગળ લખવાનું બંધ કીધું છે. તોપણ હું તલાશમાં રહીશ તેટલાં તું ધીરજ રાખ."

"વળી કેહજે ધીરજ રાખ." શીરીને બંગલામાં પાછી ફરતાં ફરતાં બળાપો કીધો. "પણ હું કેટલી ધીરજ રાખું? હું ધારતી હતી કે બીજીવાર જો એ પેસુ પુણે આવે તો ખચીત પકડાશે, તેને બદલે વળી કાંઇજ કરી શકાતું નથી, અને હું ધીરજ રાખીશ તેટલાં એ પુણેથી પાંચ સાત વર્ષ વેર પાછો જશે અને મારો વ્હાલો નીંદોશ દાલી જો પોતાના દેશનિકાળપણામાં જીવતો હશે તો વળી તેના છુટકારાની આશા બોટી પડશે."

આ લોકો બંગલામાં પાછાં આવ્યાં તેની અગાઉ દીનમાયનો જમસુ આવ્યો અને આવ્યો તેવોજ બારીએ જ્યાં બચું બળાપાની મારેલી ઉભેલી હતી ત્યાંજ ગયો. બચુંની નજર લવજી અને શીરીન ઉપર હતી તે તેણે જોઈ લીધું અને પછી આગમાં સતકંજ નાખ્યો.

"બચુંબાઈ, આ શીરીન કોણ છે?" તેણે પુછયું. "કે જે આવીછ ત્યારથી લવજીને વાત કરાવ્યા કરેછ?"

"એ લવજીની માસીની દીકરી થાય." બચુંએ ટુકમાંજ પતાવ્યું.

"એ બે પીતરાઇઓ વચે પ્રીતી ઘણી દીસેછ" જમસુએ વધાર્યું. "આજે બાગમાં મેં બે વખત અચબુચ તેઓને સાથે દીઠાં."

"શું? શું બોલ્યા?" બચુંએ સાંભળવા છતાં ગુસામાં ને ગુસામાં ફરીથી પુછયું.

"નહીરે! હું તો અમથો સેજ કહુંછ કે એઓ સાથેના સાથેજ ફરેછ."

"એઓ વચે બચપણથીજ દોસતી છે." બચુંએ જાણે પોતાને કાંઈ લાગતું નહી હોય તેમ, પણ ખરા બેદથી જવાબ દીધો.

પ્રકરણ ૯ મું.
પેસુની પરિક્ષા—એક એકરાર.

હવે તો લવજી અને શીરીન વચે દરરોજની મુલાકાતો થવા લાગી! બચુંને તે દરરોજનો બળાપો થઈ પડયો!!

પેસુ લવંગિયો પુણામાં ઘણા દહાડા રહ્યો. અને શીરીન તેની "જરામાંની જરા વાત" લવજીને કેહેવા આવવાને ચુકતી નહી હતી.

ભ્રાતૃભાવ (ભાઈ ઉપરના પ્યાર) માં અથાગ ઉદ્યોગી શીરીને આ પોરાગીર પેસુની દરએક હીલચાલ ઉપર નજર રાખી હતી અને તે દરએક હીલચાલથી લવજીને વાકેફ કરવા કોઈવાર તો દહાડામાં બે વાર લવજી પાસે આવતી હતી. બચુંથી એ કેમ ખમાય!

વાત જેટલી અગત્યની તેટલી છુપી હતી, માટે શીરીન લવજીને છુપી મળતી. નહી તેની આફીસમાં મળવા જતી કે નહી ઘેરમાં. પણ લવજીને આણીમેર પેલીમેર ખુણે ખંટોલે મળી જતી. ઘણું કરીને લવજીના ઘરની બાહેર તેને જવા ઇયા આવવાનો વખત સાંધીને શીરીન તેને મળતી. બચું તે જાણતી હતી, પણ તે કેમ જોઈ શકે!

કોઈવાર નજદીકમાં હોય તો શીરીન પેસુની પછવાડે ફરતી અને ઘણીવાર તો ધનાપતિને ત્યાંની પોતાની ઓલખાણનો લાભ લઈ ત્યાં તેણી આવજાવ વધારે રાખીને ત્યાંથી ખબર મેલવતી. જેવી કાંઈ ખબર મળી કે લવજીને કેહવા દોડતી. ઘણીવાર તો ધુલ જેવી નજીવી ખબર લાવતી અને તે ઉપર લવજી હસતો હતો, પણ બચું સમજતી કે એઓ પ્યાર અને મોહોબતથી હસેછે!

પણ શીરીન પોતાની ઓલમાં પાછી હઠતી નહી હતી. બચું સાથ લવજી પરણ્યા પછી શીરીનને, વચગાલે, આપણે બલીયેલ ને દુખી દીઠી હતી. પણ હવે તે પાછી આગળના જેવી ખુશી, હસમુખી, ચાલાક બની હતી. તેનામાં એ સઘલો ફેરફાર બચું ઓલ્લો જોતી અને એમજ જાણતી કે લવજીનો છુપો પ્યાર વધતો જવાથી શીરીન એ પ્રમાણે સુખી થતી જાય છે! એ બચું કેમ સાંખી શકે!

તેઓ વચેની આ ઘડીઘડીની છુપી મુલાકાતો કોઈ વાર બચું નજરે જોતી અને ઘણીવાર વળી જ્યારે પોતે નજરે જોતી નહી ત્યારે દીનમાયનો જમસુ આવીને તેને સઘલી ખબર કરતો હતો. તે પોતાની તરફથી ટકા ચહડાવીને કેહતો અને બચું ચુપચુપ સાંભલીને મનમાં મુજાયા કરતી હતી. બચુંએ જમસુને હજી સુધી તો કાંહું આપ્યું નહી હતું. હજી તો શીરીન વિષેની પોતાની અદેખાઈ તેણે જમસુને જણાવી નહી હતી. પણ જમસુ મનમાં તે સઘળું સમજતો હતો. અને બચુંને જાણીબુજીને નહી પણ અજાણપણે અમથી વાત કરતો હોય તેમ આ દુખદાયક કાહનીથી તેના કાચા કાન ભરતો હતો.

એક બે વાર બચુંએ આ ભરમ ભરેલી મુળાકાતોનો ભેદ લવજીથી જાણવા ચાહ્યો, પણ આવી અગત્યની છુપી વાત કેહેવાઈ નહી શકાવાથી લવજીએ અખાડા કીધા, તેથી પછી બચુંએ પણ વધારે પુછવાના અખાડા કીધા. પણ આ અખાડાથી વર બૈયર વચે વીખનું બી વવાતું હતું તે નહી લવજી જાણતો હતો કે નહી શીરીન જાણતી હતી. બચુંને શું દુઃખ હતું? શી કમી હતી? પોતાના ધણીનો પ્યાર બચું ઉપર શું ઓછો હતો? કે બચુંના દુખનો લવજીના કે શીરીનના મનમાં એક રતીભાર શકબી ઉપજે વારૂ?

એક દહાડે લવજી પોતાની આફીસમાં અતિયંત કામમાં રોકાયલો હતો, તેવામાં તેનો માનીતો હેડ કલાર્ક બાલાજી ખબર

લાવ્યો કે "કોઇ એક ગૃહસ્થ મળવા આવ્યોછે."—"બાલાજી, તું જોતો નથી હું કેવા કામમાં છું તે?"—"મેં તે ગૃહસ્થને કહ્યું સાહેબ, પણ તે મળવાની હુજત કરેછ"—"તે કોણ છે?"—"તેનું નામ જાણવાથી તમે તેને એકદમ બોલાવશો સાહેબ." બાલાજી શેક આગળ હસ્યો—"એટલે!" લવજીએ વીસ્મય પામી પુછયું.—"તમોને મળવા આવનાર પેસુ લવંગિયો છે, સાહેબ; તમેં જેની ખોળમાં છો તેજ પોતે આવ્યોછે."—"આ! હો! ત્યારે તો બોલાવ બોલાવ, બાલાજી."

બાલાજી તેને તુર્તજ તેડી લાવ્યો. પેસુ લવંગિયાની વાત લવજીએ બાલાજી આગળ કરેલી હતી તે તો વાંચનાર જાણેછે. ખડકીવાલા ખાન સાહેબને ત્યાં બાલાજીને ઓળખાણ હતી અને પેસુ લવંગિયો હુશેનશાહનું ખુન કરવા ત્યાંથી આવેલો હોલીએ જણાવ્યાથી તેજ વખતે ખાન સાહેબના ખાનદાનમાં લવજીએ બાલાજીની મારફતે તલાશ કરાવી હતી.

ધનાપતિના ઘેરમાં તેમના બોલાવ્યાથી શીરીન પોતે બે ત્રણવાર જઇ આવી હતી અને પેસુ લવંગિયા સાથ વાત કરી આવી હતી, પણ શીરીન ખોલ્લાં દીલથી કબુલ કરતી કે પેસુ ગમે એવો પોશાગીર હતો, પણ ખુની જેવો દીસતો નહી હતો. લવજીને પણ તેમજ લાગતું હતું અને આજે પેસુ લવંગિયો તેની આફીસમાં વાત કરવા આવ્યો ત્યારે પણ તેમજ લાગ્યું.

પેસુ લવંગિયો લવજીની વકીલ દાખલ સલાહ માંગતો હતો. તેના ઉપર એક મોટી રકમની ફરિયાદી મંડાઈ હતી. ફરિયાદી ખરી હતી, પણ પેસુ પાસે તેટલાબધા પૈસા નહી હતા. પેસુ વિષે પુરતી પરપુછ કરવાની લવજીને આવી ઘેર બેઠાં તક બીજી ક્યાં મળત?

"મી• પેસતનજી, બેઅદબી માફ કરજો" લવજી નમનતાઇથી બોલ્યો "પણ હું અજાણાઓને નવાં ઘરાક દાખલ લેતો નથી."

"સાહેબ, બીહો ના." પેસુએ કબુલાત આપી "મારા બીજા માંગનારાઓના પૈસા ડુબી જશે, પણ તમારા પૈસા નહી ડુબશે. તમારી ફી હું આગમચથી આપવાને તૈયાર છું."

"નહી. તમે સમજ્યા નહી." લવજીએ સમજણ પાડી "હું ફીની બીહીકથી ના પાડતો નથી. બરાબર ઓલખ્યા વગર હું કોઇનો કેસ લેતો નથી. તમારી મને ઓલખાણ જોઇયે."

"હું ઘણા સારાં માણસનો ફરજંદ છું. મારાં મા બાપ—"

"તે હું જાણવા માગતો નથી." લવજી વળી વચે બોલી ઉઠયો. "પૈસાદાર કે ગરીબ વિષે મારો સવાલ નથી. ગમે એવા ગરીબને હું મદદ આપવા ખુશી છું. પણ હું તો તમારી આબરૂ અને ચાલની ઓલખ માગું છું."

"ધનાપતિવાલા મને સારીપેરે ઓલખેછ, તેઓને તમે મારી ચાલ વિષે પુછો."

"હું પુછીશ અને પછીજ તમારો કેસ લઇશ" લવજીએ કબુલ્યું. "પણ તેટલાંમાં તમે ચાલી ચલાવીને આવ્યાછો, તો હાલ તુર્ત તમારે શું કરવું તે વિષે સલાહ આપુંછ. હવે પછી તમારો કેસ હું લઇશ કે નહી તે તમારી હવે પછીની મને જે પતીજ મળસે તે ઉપર આધાર રેહશે."

લવજીની સલાહથી પેસુ પ્રસન્ન થઈ ગયો અને પોતાની મિત્રાઇ તથા ઇમાનદારી વિષે ખાતરી આપવા લાગ્યો, ત્યારે તેને પકડમાં લઈ પોતાની વધારે અતલગની વાત પુછવાની લવજીએ સારી તક લીધી—

"પેસતનજી, આસરે દસ વર્ષ ઉપર તમે પુણે આવ્યા હતા?"

"હા, હું આવ્યો હતો."

"અને તોપણ પાંચ વર્ષ ઉપર એક દહાડે ધનાપતિનો ફુલુ તમોને મારે ઘેર લાવ્યો હતો ત્યારે મેં એજ સવાલ પુછયો ત્યારે તમે નામુકેર ગયા હતા!"

"તમે શું પુછયું હતું?" પેસુ ફગલાઇને પુછવા પડયો.

"મેં તમોને પુછ્યું હતું કે તમે આગળ પુણે આવ્યા હતા? ત્યારે તમે ના પાડી હતી. હમણા તે તમે કબુલ કરોછો, પણ તે વખતેબી તમે ના પાડયા છતાં મેં તમોને બીર પાયો તેના બાહારમાં તમારે મોહડેથી સાફ બોલાઈ જવાયું કે તમે તે અગાઉ પુણે આવેલા હતા."

"એ ઉપરથી તમે કેવા માણસ છો તે જણાઈ આવેછ." તેને ચુપ જોઇને લવજીએ ઠપકો ચાલુ રાખ્યો.

"લવજી શેઠ, મારૂં સાંભળો. હું માફ માગુંછ, વાંક કબુલ કરૂંછ." પેસુને અંગીકાર કરવાની ફરજ પડી "હું દસ વર્ષ ઉપર પુણે આવ્યો હતો ખરો, અને પાંચ વર્ષ ઉપર ફરીથી આવ્યો ત્યારે હું તે નામુકેર ગયો હતો ખરો. પણ કેહેવત છે કે વૈદ અને વકીલ બેથી કશું છુપાવવું નહી, માટે આજે હું તમારી આગળ મારો વાંક કબુલ કરવાને શરમાતો નથી. તમે માફ કરો તો હું બોલું."

"શું છે, સાહેબ? બોલો જોવૂં." લવજી ઘણીજ ઉલટથી ખુરશી આગળ તાંણીને સાંભળવા આવ્યો.

"પુણાની મારી તે પેહેલી મુલાકાત મને યાદ કરવા ગમતી નથી. તે મુલાકાત કોઈ જાણે એમ પણ હું ચાહતો નથી. તે મુલાકાતની વખતે મેં સારી ચાલ ચલાવી નથી. હું તે વખતે પુણામાં રેહતો નહી હતો, પણ અંહીથી થોડાક માઇલ દુર રેહતો હતો. હું તે વખતે નાદાન, ઉછાછલો, મોજીલો હતો અને મારી ચાલથી એક પીડામાં આવી પડયો હતો."

અંહીથી પેસુની જીભ લથડતી ચાલી અને લવજીને જાણે કાંઇ પત્તો મળતો હોય તેમ ઉલટ ભર પુછવાની ફરજ પડી. "શું ચાલ હતી? ખરેખરૂં કહો."

"કાંઈ એક ઓરતની બાબતમાં મારા ઉપર તવાઈ હતી. કાંઈ રેંડીબાજીની ખરાબી હતી. કાંઈ—કાંઇ—"

"તે ઓરત મરીઅમ બીબી નામની હતી વારૂ?" એકદમ તેને લવજીએ પકડી પાડયો. "હુશેનશાહની દીકરી મરીઅમ?"

"મરીઅમ બી? એ કોણ? એ તો મેં આજજ નામ સાંભળ્યું" પેસુ અંહીથી નામુકેર ગયો.

"પેસતનજી! પેસતનજી! અખાડા કીધામાં ફાયદો નથી." લવજીએ તેની તરફ એવું તો એકી ટગરે જોયું કે તે જાણે ભોંયમાં ભરાઈ જવા ચાહે. એમ જોતાં જોતાં લવજી તેને ગળે પડયો. "શું તમે એમ કેહવા માગોછ કે દસ વર્ષ ઉપર મરીઅમના કોઈ દોસતે હુશેનશાહનું ખુન કીધું, તેની તમોને ખબરજ નથી? તે મરીઅમની અમીના નામની બેહેન હતી—અને—"

"સાહેબ, સાહેબ, માફ કરો." વળી પેસુ તેને અટકાવીને બોલ્યો. "હું એ વાત જાણુંછ."

"ત્યારે તમે વળી હમણાં ને હમણાજ જુઠા પડયા."

"હું એ વાત જાણુંછ, પણ માત્ર સાંભળેલી જાણુંછ. એ ખુન કરનાર તો પાહાલણજી હીરામોગીનો દીકરો દોલી હતો."

પેસુને એકદમ એમ બોલવાની શી જરૂર હતી? લવજીને ઘણો શક ગયો, પણ પેસુ તુરતજ બોલ્યો કે "એ બધી વાત મેં તો માત્ર ધનાપતિને ત્યાં સાંભળીછે. હીરામોગી શેઠ ધનાપતિને ત્યાં મળવા આવ્યા તે ઉપરથી અને શીરીન ઉપરથી હુશેનશાહના ખુનની વાત ફલુએ મને કહી ત્યારે મેં તો જાણી. એ હેવાલથી હું ઘણો દલગીર છું. બિચારી સુંદર શીરીનબાઈની ખાતર હું વધારે દલગીર છું."

"ત્યારે શું તમે મરીઅમબીને જોઈ નથી, પેસતનજી?"

"જોઇબી નથી ને ઓળખતોબી નથી."

"તમે શું કહોછ? મરીઅમને ખરાબબાજીનાં ફાંદામાં ફસાવનારા જુવાનોમાં એક પેસુ લવંગિયો નામનો હતો."

"ખચીત તે હું નહી."

"ત્યારે તમે જે ઓરત વિષે કહોછ તે એ મરીઅમ નહી?"

"અલબત નહી." પેસુએ હવે લથડયા વગર હીમતથી જવાબ દીધો. "તે તો બીજી હતી. તે પરણેલી હતી. તેના ખાવિંદ સાથ તેને પછવાડેથી સલાહ થઇછ અને હું હવે ઘણો પસતાવો કરૂંછ."

લવજી શું વિચારે? લવજીને યાદ આવ્યું કે પાંચ વર્ષ ઉપર પેસુ લવંગિયો તેને ઘેર આવી લાગ્યો હતો ત્યારે લવજીએ અમીનાને હરસેથી બોલાવીને ઓળખાવ્યો હતો, પણ અમીના તેજ વખતે તેને ઓળખી શકી નહી હતી. લવજી ગુચવાઈ ગયો. તેણે પેસુ લવંગિયાને તો તુર્ત બેળા એટલીજ વાત કરી જવા દીધો.

પણ લવજી એકલો ગુચવાતો નહી હતો. પેસુ આફીસમાં આવ્યો તે ખબર કેહેવા ~~બાલાજી~~ શીરીન પાસે ગયો હતો અને શીરીન તેની સાથ લવજીની આફીસમાં દોડી આવી હતી. તેઓએ પાસેના ઓરડામાંથી સંતાઇને પેસુની આ સઘળી વાત સાંભળી હતી અને તેઓ પણ ખરૂં શું ને ખોટું શું તે વિષે ગુચવાડામાં પડયાં હતાં.

પેસુના જવા પછી શીરીન અને બાલાજી બંને જણ લવજીના ઓરડામાં આવ્યાં અને બારણાં બંધ કરી ત્રણે ઘણીજ ગંભીરાઇથી મસલતે બેઠાં.

સાંજ પડી ગયલી હતી માટે બચું પોતાના ભર્તારને ગાડી સાથ લેવા આવી. સીપાઇએ બાહારથીજ ખબર કીધી કે "આફીસની અંદર માસીનાં શીરીનબાઈ આવેલાં છે અને શેઠ ઘણા કામમાં છે."

"શીરીન એકલીજ છે કે?" બચુંએ પુછયું.

"નહીજી, બાલાજી કલાર્ક પણ સાથેજ છે અને કાંઈ મસલત ચાલેછે."

બચુંએ જોયું કે તેના ખાવંદની આફીસમાં પણ હવે શીરીન "પેધી પડીછે." તેણીએ દુખી જીગરથી ગાડી પાછી ફેરવાવી અને તે એકલીજ ઘર ગઈ.

લવજી, શીરીન અને બાલાજી વચેની મસલતનું સેવટ શું આવ્યું? તેઓની ખાતરી થઈ કે હુશેનશાહનું ખૂન કરનાર પેસુ લવંગિયો તે એજ હતો. નામ માળ્યું, નીશાન મળી, ઠેકાણું માળ્યું, હીરાંબાઇનું સ્વપનું ખરૂં પડયું, એટલુંજ નહી પણ તે રામજીનો દોસત છે એ વાતબી મળી અને તેનો આગલો હેવાલ પણ મળ્યો. તેણે આડી ચાલ અંગીકાર કીધી, પણ હુશેનશાહનું ખૂનજ તે નામુકર ગયો. એ શું મજબુત શકની બીના નથી?

પણ એટલુંજ નથી. બાલાજીએ નવો પુરાવો આપ્યો. ગઇ કાલે તે સદરબજારમાં ફરતો હતો તેટલામાં ખડકી વાલા ખાનસાહેબના ખાનદાનનો એક નબીરો તેને મળી ગયો. બીજી ગમથી વળી ધનાપતિના ફલુ સાથ પેસુ લવંગિયો પણ સામે આવ્યો. ખાનસાહેબ વાલાએ પેસુને જરા વારમાં ઓલખ્યો, સલામ કીધી, વાત કીધી અને તેના જવા પછી તેણે બાલાજીને ખબર આપી કે નવ દસ વર્ષ ઉપર એ ઘણી ખડકીમાં ખાનસાહેબને ત્યાં ઉતરેલો હતો, ત્યારે તે ઘણો ઇસકી હતો તથા ઘોડા ઉપર બેસીને પુણે રખડવા જતો હતો.

"હવે વધારે પુરાવા શું જોઇયે?" શીરીને પુછયું.

હજી એ પુરાવા બસ નથી. લવજીની ખાતરી લગભગ થઈ હતી, તોપણ હજી પેસુને જુરી ગુનેહગાર ઠરાવે એવા એ ધારાના પુરાવા નહી હતા. શીરીને અફસોસ કીધો કે વધારે પુરાવા તે ક્યાંથી આવવાના છે!

દોલીની જરૂર છે. જો દોલી આ વખતે હાજર હોય અને પેસુને ઓલખે તો વાત પાકી અને વાંક નકી થાય. પણ દોલી ક્યાંથી આવતો હતો?

પ્રકરણ ૧૦ મું.

કાગળની એક કાપલી.

શીરીન સહવારના પેહેરમાં પોતાનાં મા અને બાપ સાથ ચા પીતી બેઠી હતી તેવામાં ટપાલનો એક કાગળ આવ્યો. તે શીરીનને નામનો હતો તોપણ પાહાલણજીએ તે ઉ-એડી મોટેથી વાંચવાની શીરીનને બેહેસ કીધી. તે વાંચવા જતાંજ તેમાંથી એક કાગળની બીજી કાપલી બાહાર પડી. શી-રીને તે જોઈ નહી પણ પાહાલણજીએ જોઇ અને પોતાની દીકરીના બેદરકારપણા વિષે તેને ધમકાવીને તે કાપલી ઊંચકાવી.

આ કાપલી જોતાંજ શીરીનના ચેહરા ઉ-પરનો રંગ ઉડી ગયો. શીરીને તે કાપલીના અખાડા કીધા અને પોતાની માતાને પણ ઇસારત કરી અખાડા કરાવ્યા, અને પો-તાના બાપને પેલો કાગળ વાંચવા આપી કા-પલીની વાત ઉડાવી.

એ કાગળ શીરીનની બેહેન સુનાબાઇને પોતાને સાસરેથી સરેસતાની ખબર અંત-રનો લખ્યો હતો અને તેના બાપ તે ઉપર સરેસતા મુજબની થોડીક બડબડ કરીને થોડી વારમાં કપડાં પેહેરી બાહેર ગયા. પણ હીરાંબાઈ તે કાપલીની વાત ભુલી ગયાં નહી "શીરીન તું દહાડે દહાડે તારાં મા બાપને ઠગતાં શીખીછ નહી?" તેવણ તેને ધમકાવીને બોલ્યાં, "પેલી કાપલી વિ-ષે મને ઇસારત કાં કીધી? અને તારા બાપને ઠગીને તેની વાત કાં ઉડાવી? અ-તરઅડી લાવ તે કાપલી શું છે ને કોણની છે?"—"માતાજી, હું જો ઉડાવતે.નહી તો બાવા તે કાપલી વાંચવા માગતે."—"અને વાંચતે તો વાંચતે. બાપ છે તે શું નહી વાંચે? તું દીકરીની જાત થઈ શું કોઇનાં છુપાં કાગળો લખે કે? તું શું કોઈ સાથ કાગળ પત્રો ચલાવી મા બાપથી છુ-પાવશે કે?"—"માતાજી, ગુસ્સો ના કરો. પણ જો આ કાપલી હું બાવાને વંચાવતે તો તમેજ મને ગાળ દેતે. એમાં નહી તમારૂં સારૂં થતે કે નહી મારૂં થતે. પણ બાવાના આકલા સ્વભાવ પ્રમાણે બેહની ખરાબી થતે, ઘરમાં કજીયો થતે, કદાચ ખુનામરકી થતે. તમે મને ઠપકો આપવા અગાઉ એ કાપલી વાંચો ને પછી કહો કે એ બાવાથી છુપાવા જોગ હતી કે નહી?"

હા હતી. સુનાબાઇના કાગળમાં આ એક છુપી કાપલી તો દોલીના હાથ દસખતની બીડેલી હતી. દોલી જ્યાં સંતાયલો હતો ત્યાંથી તેની ઇનતેજાર મા બેહનને આ કાપલી બરાબર પુગે અને કોઈને શક નહી જાય માટે તેણે એ કાપલી પેહેલાં પોતાની વડી બેહેન સુની ઉપર બીડી તેના કાગળ-ની મારફતે પોતાને ઘર પોહોચાડી.

એ કાપલીમાં દોલીએ પોતાની માને છુપો મળવા આવવાની ખુશ વધાઈ લખેલી હતી.

"હવે, માતાજી, કહો કે એ કાપલી શું બાવાને દેખાડવી ઘટતી હતી?" શીરીને ફતેહના ડોલથી પુછયું.

નહી. હીરાંબાઇએ કબુલ કીધું કે આ કાપલી જો હીરામોગી વાંચત તો પારવિના-ની ખરાબી થાત.

પણ આ કેવી વધામણી? પોતાની દુ-ખિયારી મા અને વ્હાલી બેહનને દોલી સા-ત વર્ષે મળવા આવવાનો હતો. હીરાંબાઈ-ને તો ફકત પોતાના દીકરાના દૂર પડેલા હાથ એક વાર ફરી પોતાની રડતી આંખોમાં ચાંપી તે આંખોને તાહાડક પાડવાનોજ શાં-તોષ હતો. પણ શીરીનને તો ભાઇને ભેટ-વા ઉપરાંત બીજો પણ એક શંતોષ મળ-વાનો હતો. પેસુ લવંગિયો હજી પુણામાં હતો, હજી તેનો પત્તો મેળવવાની પુઠ શીરી-ને છોડી નહી હતી, માટે તેની આ છુપી ખોળમાં દોલીના જેવો પુરાવો બીજું કોણ

આપી શકે? તેને બરાબર વખતે આવી પુગવાનું આ ચોકડયું બન્યું. તેને ગોયા ઓહાએજ મોકલ્યો.

આ છુપી કાપલી શીરીને છુપી રાખવાનું હીરાંબાઇએ પસંદ કીધું એટલુંજ નહી, પણ શીરીને તાબડતોબ દોડી જઇ લવજી લીમલાહેરને ખબર આપવા માગી, ત્યાં જવાની પણ તેની આ જૈફ માતાએ એક દમ તેને રજા આપી. દોલીએ આજેજ આવવા લખ્યું હતું, પણ તે આવે તેની અગાઉ લવજીની કીમતી મસલત કેવલ જરૂરની હતી.

માટે શીરીન લવજીની શોધમાં વળી તેને ઘર ગઈ. એટલા ઉપરજ દાસી મેરીઅન મળી તે બોલી કે "બાઈ, શેઠ ઘેરમાં નથી. સહવારના કોણ જાણે કયાં સીધાવ્યાછે ને મોટી બાઈ ને નાની બાઈ શેઠની વાટ જોતાં તેવણ વગર જમવાને ખોટી થાયછે." આ જવાબ સાંભલી શીરીન પાછી ગઈ. મેરી-અન કાંઈ જરા બોલીને અટકે એવી નહી હતી. એ બહુબોલીએ શીરીનને સલાહ આપી કે "બચ્ચુંબાઈ ઘેરમાં છે, તેવણને મળો.—" પણ "મને તો શેઠ સાથ અગતનું કામ છે" એમ બોલી શીરીન નાસિપાસ ચેહેરે ઉતાવલમાં જતી રહી.

પણ એજ વખતે વળી લવજીની બારીએ સુંદર બચ્ચું પોતાના ખાવિંદની વાટ જોતી ઉભેલી હતી. તેણે શીરીનને આવતાં અને હેઠલ વાત કરીને પાછી જતાં દીઠી અને શું છે તે જાણવાની શીરીન તરફની તેની અદેખાઈએ તેને પાછી આગમાં બળતી કીધી. દાસી મેરીયનની "લુલી" થી વાંચનાર કયાં અજાણ્યા છે? બચ્ચુંએ બોલાવ્યાથી તે લાગલીજ પોતાની બાઈ પાસે વાત વધારીને કેહેવા ગઈ અને તેનીજ સાથે દીનમાયનો જમસુ પણ જાણે જાણતો નહી હોય તેમ ઓરડામાં દાખલ થયો.

"મેરીઅન, એ હેઠલ કોણ પુછી ગયું? હીરાંમાસીની શીરીન હતી કે?" બચ્ચુંએ પુછયું.

"હા, બાઇ. પણ શીરીનબાઈ ઘણી ઉતાવલમાં અને ગભરાટમાં હતી." મેરીઅને ટકા ચહડાવી જવાબ દીધો.

"તે શું પુછી ગઇ?"

"શેઠને પુછી ગઇ. મને કેહજે 'મેરીઅન, જલદી કેહે, જલદી કેહે, શેઠ છે?' મેં કહ્યું કે 'નથી.' ત્યારે મને કહ્યું કે 'હું મળવાના ઓરતા વગર કેવી તલસુંછું.' મેં કહ્યું કે 'બાઇને મળોની' ત્યારે જવાબ દીધો કે 'બાઇ સાથ શું કામ છે? મારે તો મારા લવજીને મળવું છે.' એમ કહી દોડી ગઇ."

બચ્ચું કાંઇ બોલી નહી. પણ એ બોલી ઓરત દીનમાયના જમસુ તરફ જોવા લાગી અને તે લુચ્ચો બચ્ચું તરફ જોતો બેઠો. શીરીન વિષે બચ્ચું મનમાં બળેછે, તે જમસુ જાણેછે; એટલે હું સમજુંછું એવાં દયા ખાવાનાં ડોલથી તેણે બચ્ચું તરફ જોવાનુંજ માત્ર બસ છે. બચ્ચુંને પણ બોલવાની અગત્ય નહી હતી. તેણે જમસુની નજર સાથ પોતાની નજર એક થતાં તુર્તજ નજર ફેરવી નાખી એક છુપી નીસોસ સાથ બારીની બાહાર પાછું જોવા માડયું.

પણ તે શું જુવેછે? પાછી ફરેલી શીરીન તુર્તજ દરવાજા ઉપર જઈ પુગેલી હતી અને ત્યાં તુર્તજ લવજી તેને આવી મળ્યો. બચ્ચું જોતી હતી કે તેઓ ઘણી મમતાભરેલી રીતે એકેકને મળ્યાં અને ઘણીજ આતુરતાથી વાતે વળગ્યાં. બચ્ચું જોતી હતી કે શીરીન ઘણી જોસમાં હતી અને લાંબાલાંબા હાથો કરતી હતી, પણ લવજી ઘણોખરો હસ્યા કરતો હતો. છેલે બચ્ચું જોતી કે શીરીન આંખે રૂમાલ દાબીને રડી અને લવજીએ તેનો હાથ ધરી તેને એક બેઠક ઉપર બેસાડી તથા તેને પસવારી તેના આંસુ લુછ્યાં. વળી શીરીને ગજવામાંથી એક કાગળની કાપલી કાહાડી લવજીને વંચાવી અને પછી તેજ કાપલીને પ્યારથી ચુમી લઇને તેણે પાછી પોતાના ગજવામાં મેળી અને પછી લવજીની વાતથી શીરીન ઘણી ખુશી

થઈ અને હશી ખુશીથી તેઓ છુટાં પડયાં, એટલુંજ નહી પણ છુટાં પડયા પછી વળી જાણે કે છુટાં પડવા ગમતું નહી હોય તેમ લવજીએ શીરીનને પાછી હાંક મારી, વળી તેના કાનપર પડીને કાંઈ વાત કહી અને પછી શીરીન દરવાજા બાહર ગઈ અને લવજી ઘરમાં આવ્યો.

જલતી બચુંને માટે આ નવો જલાપો શું થોડો હતો? બચુંને બારીએ ઇનતેજારીથી રોકાયલી જોઇને જમસુ ભાજી બારીએથી જોતો ઉભો. પણ પોતાના ભલા ભર્તાર અને પોતાની જેને શોખ ધારેલી તેની વચેની આ મિલાખાત બચું જેમ દુરથી જોતી હતી તેમ તેઓ વચેની વાત તે સાંભળતી નહી હતી. જો તે વાત સાંભળત તો બચુંને તેનો કાંઈ પણ બળાપો નહી થાત, કેમકે તે સઘળી વાત દોલી આવવા વિષે હતી. શીરીન દોલીના નામપર પ્યાર બતાવતી હતી, તેણે પોતાના ભાઈના વ્હાલા અક્ષરને બચી લીધી હતી, અને પોતાના જીવની તે આશાની કાંઇક ચિંગારી સજીવન થવાના હરખ ઉપર તેણે આંજુ પાડયાં હતાં. લવજીએ ગઇ કાલેજ દુવા માગી હતી કે હમણા જ્યારે પેસુ લવંગિયો પુણે આવેલોછે તેવામાંજ દોલી એક વાર આવી લાગે તો કેવું સારૂં—તેમજ થવાની આ સઘળી ખુશાલી હતી. તેઓએ દોલીના આવ્યા પછી તેને સંતાડવાની તથા પેસુ લવંગિયાને છુપી રીતે તેની નજરે પાડવાની ગોઠવણ કીધી, અને વળી છુટા પડયા પછી લવજીને યાદ આવ્યું કે કદાચ દોલી આગળની મિરાલે પૈસાની ગરજ સર આવતો હશે, માટે લવજીએ શીરીનને પાછી હાંક મારી જે કહ્યું તે એટલુંજ હતું કે "જો દોલીને પૈસા જોઇતા હશે તો તારાં માયુને કેહેજે કે ફિકર નહી કરે, તુર્ત વેલા તે પૈસા હું ઉછીકા આપીશ."

આ નિર્દોશ મુલાકાત કરીને લવજી ઘરમાં આવ્યો, પણ બચુંએ દુરથી જેમ દીઠું તેમ વાત સાંભળ્યા વગર એ મુલાકાત એટલી નિર્દોશ તે કેમ માને? લવજી હાથ મોહડું ધોઇને જમવા બેઠો. બચું કશું બોલ્યા ચાલ્યા વગર ચુપચુપ ખાવા બેઠી, પણ હમાયજીએ આટલીવાર ભુખ્યાં રેહેવું પડવા માટે એવી રીતે ગુસો બતાવ્યો એટલે લવજી સમજ્યો કે બચુંને પણ તેથીજ ગુસો ઉપજ્યો હશે, માટે એ વાતની તેણે જરી દરકાર કીધી નહી.

પણ કુદરતના રસતા કેવા નહી ધારેલા નીકલી આવેછે! જે વાત મુજાતી બચુંનાં બલતાં મગજમાં હતી તે હમાયજીના બોલવાપર આવેલાં મુખમાંથી નીકલી અને બચુંના વેહેમમાં તેથી નહી ધારેલો ટેકો થયો.

"લવજી, એ આજે વળી માસીની શીરીન શું કરવા આવીતી?" હમાયજીએ પુછયું.

"મને મળવા આવીતી." લવજીએ ટુકમાં પતાવ્યું.

"મળવા આવી તે તો હુંબી જાણુંછ પણ શું કામ મળવા આવી તે મારો સવાલ છે?" હમાયજીએ હુજત ચલાવી.

"કાંઇ એને ઘેરનું કામ હતું." એમ વળી પટાવી દઇને લવજીએ વાત ઉડાવી કે "બચું, આજે ટેક ઘણું લેહેજતદાર થયુંછ."

"પણ એ શીરીન તુંને કાંઈ વંચાવતી હતી તે શું હતું?" બચું જવાબ આપે તેની આગમચ બણબોધ કરતાં હમાયજીએ આગલીજ વાત પકડી રાખી.

"એક કાગળની કાપલી!" લવજીએ લગાર ફુગલાઇને પુછયું, "તે તમે ક્યાંથી જોયું, હમાયજી?"

"ક્યાંથી વળી? બીજા માળની બારીએથી?" હમાયજી તણાઇને બોલ્યાં. "તું જાણે કે કોઈ જોતુંજ નથી શું? દરવાજા ઉપર શીરીન ઉભી રહીને કાંઈ વંચાવતી હતી તે બધું હું જોતીતી. એ કાંઈ ચીઠી હતી, લવજી?"

"હા, માયજી, ચીઠી હતી."

"શાની ચીઠી?"

"તે તમોને જાણવાની શી જરૂર?"

લવજી બોલ્યો. "કોઈ બિચારીનાં છુપાં કાગળની બીના તમારે કેવી જાણવી?"

"હેં? હેં? અમારે કોઈનું નહી જાણવું અને તું સહુનું જાણે કે?" હમાયજી તરડાઇ પડયાં. "કોઇ પારકી સ્ત્રીનાં છુપાં કાગળો તુને જાણવાની શી જરૂર?"

"વકીલ દાખલ ઘણા લોકો મારી છુપી સલાહ પુછેછ."

"ત્યારે શીરીનબી કાંઇ વકીલ દાખલ છુપી ધારાની સલાહ પુછવા આવી હશે?" હમાયજી તો જલોની પેરે એજ વાતને વળગી બેઠાં. "કોઈ માટી સુધપર ફરીયાદી હશે! લગાવ ટોપ! કોણ પુછેછ? તું વકીલ છે, એટલે અમોને બેહેકાવવાની તુંને છુટ હશે, લવજી?"

"હું બેહેકાવતો નથી. પણ તમારે એવી પારકી પંચાત નહી કરવી."

"હં! હં! શીરીન તો ભાઇની સલાહ લેવા આવી દેખું! ને તેબી દરવાજાની ઉપર હરસે!" હમાયજીએ આ તીક્ષણ શુભનદરાજી ઘણી વધારી. "સલાહ પુછવાની હતી તો ઘેરમાં કાં નહી આવી? અમારી સલાહ કાં નહી પુછી? અમોને મળીબી નહી?"

"હવે બસ કરો, હમાયજી."

"શું બસ કરે? એ દુકતી શીરીનની મને કાંઇ સમજ નથી પડતી." હમાયજી બોલવાપર આવે તો શું એકાએક મુગાં રેહવાનાં છે? "એ દુકતી, લવજી, હમણાં તુંને ઘણી શોધેછ! ને વળી દરરોજ તુંને છુપી મળેછ! એ છે શું? કાંઇ માલમ પડે? શીરીનનાં કાંઈ લગન બગન ચરવાયછ કે? ઇયા કાંઈ પેલી આગળી વાત બાત પછી તાજી થાયછ કે શું?"

"આગલી વાત" એ બોલો હમાયજીને મોહડે સાંભલતાંજ લવજીએ ડોલા કકડાવીને હમાયજીને તે વાત બંધ પાડવાની છુપી નિશાન કીધી અને બચ્ચુંએ તથા દીનમાયના જમસુએ બેહુએ તે ઇસારત જોઈ.

"કાંઈ, કાંઇ નહી." લવજીએ ઇસારત કીધા પછી જવાબ દીધો. "એ આગળી વાત હોય કે ગમે તે હોય, પણ તમારે તે કનવાર નહી કરવી. કોઇ જવાન અબલા મારી છુપી સલાહ પુછે તે હું તમોને નથી કેહેવાનો. હું બોલી ના પાડુંછ. હવે શું કહોછ? કેમ જમસુ, તારૂં શું મત છે? કોઈની ખાનગી વાત કેહેવાય?"

લવજીએ આ તકરારની કોણને લવાદી આપી?

દીનમાયનો જમસુ જવાબ આપવાને બદલે અમસથો હસ્યો અને હસીને તુર્તજ આ સઘળી વાતથી એકવાર ફરી બચ્ચું તરફ જોવા લાગ્યો—તે તેને એવું દેખાડવાની ઢબમાં કે "તારો બળાપો સઘલો ખરો છે, તે હું સમજુંછ અને તેમાં હું પુરતો ભાગ લેવુંછ."

પ્રકરણ ૧૧ મું.

"પેલી આગલી વાત."

હમાયજીની આ અકસમાત નાની વાતમાં બચ્ચુંના છુપા બળાપાને કેટલો ટેકો મળ્યો! તેણે જોયું કે શીરીન વિષે તેને એકલીનેજ શક નહી હતો, પણ હમાયજીબી હવે લવજીના શીરીન સાથના એખલાસ વિષે શંકાશીલ થવા લાગ્યાં! અને જેને વિષે પારકાં શક લઈ જાય તેને વિષે તેની બૈરીને કેટલો વધારે શક ઉપજવો જોઇયે!

પણ કેવો ખોટો શક! બેવકુફ બૈરી! જો તું ખરૂં જાણતી હોય તો તારા ભર્તારને ધિકારવાને બદલે તેના દયાલુ દીલને માટે તું તેને વધારે પસંદ કરે! પણ આપણા સુધરેલા સંસારમાં ખોટા શક ઉપરથી કેટલી બધી ખરાબીઓ થાયછે!

પણ વળી અગરજો બચ્ચું પોતાની ખાતરી કરવા માગે તો તેની ખાતરી કરનાર

કોણ હતું? તેણે શીરીન સાથની પોતાના ભર્તારની છુપી મુલાકાતો વિષે એકથી વધારે વાર તેની આગળ વાત છેડી હતી, પણ લવજીએ તે વાત ઉડાવ્યા કીધી હતી.

એમાં વળી બિચારા લવજીનો શો વાંક? જેની સામે તેનો સગો બાપ ખોટિલો તેનો ભેદ કોઇનેબી કેહેવાય કેમ? દોલી જીવતો છે એમ જો જરા માલમ પડશું તો તેને વગર વાંકે પકડી મંગાવામાં આવે. માટે એ વાત છાની રાખવાનો લવજીએ શીરીનને કોલ આપેલો તો તે પોતાની બાયડીની ખાતર કેમ તોડે?

વળી હમાયજી આગળ એ વાત કહેલી હતી, તેમાં કેટલો જોખમ છે? દોલી જ્યારે પેહલવેહલો છુપ્યો પોતાની મા બેહેનને મળવા આવ્યો હતો, ત્યારે તેના બાપને લવજીના ઘરમાંજ રોકેલો રાખવા તેણે હમાયજીની મદદ લીધી હતી. પણ શું બૈરાંનાં મનમાં કાંઈ છુપ્યું નહી રેહે? આજે ખાનાની ટેબલ ઉપર હમાયજીએ જે "પેલી આગલી વાત" ની લવજીને યાદ આપી તે એજ હતી. હમાયજીની છાતીમાં તે વાત છુપાઇ નહી. "પેલી વાત" નો ભરમમાં એસારો કીધાવિના તેવણથી રેહવાયું નહી. સારૂં થયું કે લવજીએ તેવણને ઈસારતથી બંધ પાડયાં, નહી તો તે "આગલી વાત" દોલી જીવતો હોવા વિષેની તેવણ કહી દેત. હવે ત્યારે એ છુપી વાત લવજી પોતાની બાયડીને કેમ કહી શકે?

માટે શીરીનની મીલાખાતોનું કારણ બચુંને કેહેવાને લવજી ના પાડતો, તેમ તેમ બચુંનો શક મજબુત થતો. પણ ગરીબ બિચારો લવજી, તેને ખબર શું? બચું શીરીન વિષે અદેખાઇ રાખેછે અને તેના ઉપર શક લઈ જાયછે એમ જો તે જાણત તો બચુંની વધારે ખાતરી કરત. પોતાના માયાલુ ભર્તારનું બચુંને એટલું માન હતું કે પોતાનો શક તેણે કદી ખોલ્લો કરી કહ્યો નહી હતો. તે માત્ર મનમાંજ બળતી હતી. અને તેથી લવજીને એટલો બધો શક માલુમ પણ નહી હતો.

વળી આ શકમાં શું દમ હતો? જો એ શકને વધારનાર કોઈ નહી હોત તો વખત જતાં એ શક કુદરતી મોતેજ મરણ પામત. પણ શીરીનના શકની એ છુપી આગને ઉસકેરનારો ઝેરી પવન તેના સુખી ઘરમાં પેઠો હતો. પેલો "ઝેરી નાગ" દીનમાયનો જમસુ તેના ઘરમાં હતો. તે નાગે પોતાની ઝેરી ફુક બચુંના કાચા કાનમાં ચાલુ રાખી હતી. તે ફુક બચુંના દુખી દેમાગની આગને પવન નાખતી હતી. શીરીન અને લવજી વચેની મુલાકાતો થતી, તે ખામખા કેહેવા આવ્યો હોય તેમ નહી પણ માત્ર સાધારણ વાતને રૂપે જમસુ કેહતો અને તેમ તેમ બચુંનું જીગર બળીને ખાખ થતું હતું.

હવે ત્યારે આજે "પેલી આગલી વાતે" બચુંને નવો શક ઉપજાવ્યો, હમાયજી તો તે આગલી વાત દોલી વિષેની બોલ્યાં. લવજી પણ તેમજ સમજ્યો હતો, પણ બચું જુદુંજ સમજી. આગળ શીરીન લવજીને ચાહતી હતી અને તેની સાથ પરણવા બેતી હતી તે વાત પાછી તાજી થવાનો હમાયજી એસારો કરેછે અને લવજી પોતે એ વાતથી લજવાઇને તે બંધ પાડવાની ઈસારત કરેછે એમ બચું સમજી. વાંચનાર કેહેશે કે હમાયજીએ તે "આગલી વાત" નો ભેદ ફોડી દીધો હોત તો કેવું સારૂં! તેથી બિચારા દોલીને દગો થાત અને શીરીનના આખા કુટુંબનું નુકસાન થાત, પણ બચુંની ખાતરી થાત અને લવજીને સુખ થાત.

હજી પણ બચુંએ પોતાની ખાતરી કરવાને એક વધારે તક લીધી. ઉપલીજ રાત્રે તેણે પોતાના ઓરડામાં જવા પછી પોતાના ખાવિંદને પુછ્યું. "લવજી, એ હીલુમાસીની શીરીન એટલી બધી તમારી પુઠે કેમ લાગીછ?"

"ખાનગી કામની વાત છે, બચું." લવજીએ એકજ જવાબ દીધો.

"પણ રોજ ને રોજ તે શું ખાનગી કામ હોય, મારા લવ?"

"એ પોતાની મા પાસેથી એક અગતની ખબરના શંદેશા લાવેછ."

"દર રોજ?"

"કોઈ વખત તો દહાડામાં બે ત્રણ વાર."

"પણ શું તે વાત મને નહી કહો, લવજી?"

"તુંને કેહેવાથી, જાંની બચું, તું સુખી કે ખુશી નથી થવાની!"

"કાંએ? કાંઈ મને માઠું લાગે એવી, મારી વીરૂધની વાત છે?"

"નહી, પણ એક નાખુશ કર્મની વાત છે. તુને એટલુંજ કહેલું બસ થશે, મારાં જીગર બચું, કે બિચારાં હીરાંબાઇ માસીના ઘર ઉપર એક શીહા ગજબ વીત્યોછ અને તેને લગતાં કામ સારૂ શીરીન મસલત પુછવા આવેછ."

"હશે" એમ કહીને બચુંએ વધારે પરપુછ બંધ કીધી, પણ તેના મનનો વેહેમ ભાગ્યો નહી. તેણે લવજીની ઉપલી વાતનો એક બોલ માન્યો નહી. અફસોસ! વિશ્વાસથી દુનિયા ચાલેછે, પણ જ્યાં વિશ્વાસ ઉઠી ગયો ત્યાં દુનિયા ડુબી ગઇ એમ જાણવું.

હે પરણેલી બાઇઓ! તમારા ધણીની સામે મનમાંનો શક કદી મનમાં રાખી મેળતાં ના. એકદમ શક ખોલ્લા કરી ખાતરી મેળવજો, નહી તો આ સુધરેલો સંસાર કદી ચાલવાનો નથી.

બીજે દહાડે સહવારના દીનમાયનો જમસુ લવજીને પોતાના કામની બાબત ઉપર પુછવા ગયો. એ ઉડાઉ જુવાનિયા જમસુનું કરજ તેના મામા શેઠ મેહેલાશાહ બોગા બેહેરામને સમજાવી એકવાર ફરી ફીટાડી આપવાનું લવજીએ પોતાના ભોળાપણામાં માથે લીધું હતું, તે કામ લગભગ પાર ઉતર્યું હતું. જમસુને લવજીના ઘેરમાંથી જવા ગમતું નહી હતું, પણ તેણે બપકી કરી દેખાડી કે "હું તમારા ઘેરમાં કેટલા દહાડા સુધી પડી રહીશ? મને એમ પડી રેહતાં શરમ લાગેછ, માટે મેહેરબાની કરીને મેહેલાશાહ શેઠને સમજાવો કે મારો નિકાલ જલદી લાવી આપે."—લવજીએ તેને ધીરજ આપી કે "હવે, ભાઈ જમસુ, જે તારૂં થોડુંક કામ બાકી રહ્યુંછ તે એક બે દહાડાનુંજ છે, તેટલાં તું ખુશીથી મારા ઘેરમાં થોભ, તું કાંઈ મને ભારી પડતો નથી."

આમ વાત કરાવતો કરાવતો જમસુ લવજીને તેની આફીસમાં જતાં દરવાજા વેર મુકવા ગયો અને જોયું તો વળી શીરીન લવજીની ઈનતેજારીથી રાહ જોતી દરવાજા ઉપર ઉભેલી હતી. તેઓ ઘણા આતુરતાથી કાંઈ લાંબી મસલતે રોકાયાં તે જમસુએ દુરથી જોયા કીધું અને તેઓ ઘણી મમતાથી છુટાં પડયા પછી જમસુએ પાછો આવી પાધરોજ દિવાનખાનામાં બચુંને મળી સઘળી બીના પોતાની તરફથી ટકા ચહડાવી તેને કહી.

લવજીને મળવાની શીરીનની આતુરતા, શીરીનને મળવાની લવજીની ખુશાલી, તેઓની ઉલટભરી વાત, તે વાત કરવા માટે એકેકના કાનપર પડવાની રીત, એ સઘલું જમસુએ સહરાવીને કેહતાંજ બચુંના મનમાં આ ખ્યાલ આવ્યો કે "લવજી કેહેછ તેમ જો આ માત્ર કાંઈ વકીલના ધંધાને લગતી ખાનગી મુલાકાતો હોય તો તેમાં એટલી બધી મોહોબત, ઉલટ, આતુરતા અને ખુશી શા વાસતે જોઇયે? બીજાં ઘરાકો સાથ તો એટલી આતુરતા ને ઉલટ થતી નથી? બચીત એ કાંઇજ નહી પણ હમાયજીએ કહ્યું તેમ 'પેલી આગલી વાત તાજી થાયછ.' અફસોસ! મારૂં જીવતર બલ્યું!"

મનમાં ખેદ પામતી બચું દિવાનખાનામાંથી ઉઠી ગઇ અને પોતાના ઓરડામાં કોચ ઉપર જઇને આંશુ પાડવા લાગી.

આ સહવારે વળી શીરીનને લવજી પાસે ખામખા પાછી આવવાનું અગત્યનું કારણ હતું.

દોશી આગમચની રાત્રે આવી પોંહોંચ્યો. વાંચનાર કબુલ કરશે કે એ ખબર ઘણી અગત્યની હતી. ખરેખર જે ઉલટ અને આતુરતાનો બચ્ચુંને જમસુથી રિપોર્ટ મળ્યો હતો તે ઇનતેજારી ગમે એવાં સુસ્ત જીગરને પેદા થાય એવી એ ખબર હતી.

શીરીનને પેલી કાગળની કાપલીમાં આપેલી ખબર મુજબ તેજ દહાડે, બલકે તેજ ઘડીએ, દોશી પોતાના બાપ હીરાભોગાના દરવાજામાં પેઠો અને બાગના એક મોટા આંબાવૃક્ષ પછવાડે સંતાયો. ઉલટમંદ શીરીન તેની વાટ જોતી પોતાની બારીએ ઉભી હતી તેણે દુરથી પુણેમની બિલાર સરખી ચંદનીમાં કોઈ માણસને આમ આવીને ભરાતાં દીઠો. તેની ખાતરી હતી કે તે તેનો વ્હાલો, માનાં દુખી જીગરને આરામ આપનારો ભાઈ હતો.

દોલીએ શીરીનને પણ બારીએ ઉભેલી દુરથી દીઠી. તેણે હાથ ઉંચો કરી ઇસારત કીધો, શીરીને પણ પોતાનો રૂમાલ ઉરાડી ઇસારતમાં જવાબ દીધો. તેણે દોડતી જઈ પોતાની માના કાનમાં હરૂસે આ ખુશ ખબર કહી. પણ તે બાગમાં જવા પામી નહી. ભોગજોગે પાહાલણજી હીરાભોગી આજની રાત ઘેરમાં રહ્યા હતા. તેવણ અઠવાડયાંમાં એક દહાડો ભાગ્યે ઘેરમાં જમતા હોય, પણ તેવો એક દહાડો ખામખા આજે પડયો. માટે પોતાના બાપના ભારી ડરથી નહી શીરીનથી બાહાર જવાય કે નહી દોલીથી ઘેરમાં અવાય એમ હતું.

"બાવા તમે આજે બહાર નથી સિધારતા કે?" એમ શીરીન પોતાની અધીરતામાં સાંજ પછી ચાર વખત પોતાના બાપને પુછી રહી. તેના બાપને અચરતી પણ લાગી. "કેમ શીરીન, તું મને આજે ઘેરથી કાહાડવાજ બેઠીછ શું?" તેણે પુછયું. દોશીએ પોતાની બેહેનને ઇસારત ઉપરથી ઇસારત ચાલુ રાખી, અને શીરીનની ચટપટ વધતી ગઈ. તેણે બાગમાં જવાનાં તરેહવાર બાહનાં કાહાડયાં. એકવાર ઊંઘ આવવાનું બાહાનું કાહાડયું, બીજીવાર ઊંઘ નથી આવતી તે બાહાનું કાહાડયું. અને એમ કરતાં અંતે તેના બાપે તેને બાગની ચંદનીમાં ફરી આવવાની રજા આપી.

"શીરીન, તુંને બાગમાં જવા ગમતું હોય તો બોલતું કાં નથી કેહેતી? હીલાં બીલ્લાં શું કાહાડેછ? જવું હોય તો જા, જઇ આવ, પણ દસ મીનીટથી વધારે સરદીમાં બાહાર રેહતી ના."

શીરીન હરખભર દોડી ગઈ અને ભરાઈ આવેલે દીલે રડતાં તે ભાઇ બેહેન ભેટયાં. પણ વખત પુરતો નહી હતો. શીરીને એકદમ કહ્યું કે "એક દહાડો થોભ, બાવા ઘેરમાં છે, માટે આજે તો માતાજીને મળાશે નહી." આ બારીક સંકડામણ વિષે દોલીએ અફસોસ કીધો. તે બોલ્યો કે "શીરીન, અંહી મારે એક કલાકબી કાહાડવામાં ભયભરેલો જોખમ છે, ત્યાં તું મને એક દહાડો થોભાવેછ તે કેમ બનશે? કાંઈબી કરીને આજને આજ મને વ્હાલાં માય સાથ મેળવ."

તે તો નહીજ બને એવું હતું. પણ વળી શીરીન બોલી કે "પ્યારા ભાઈ, તુંને એક દહાડો થોભવુંજ પડશે. એક બીજાં વધારે અગતના કામ સારૂ ખોદાએ તુંને અંહી મોકલ્યોછ." તે શું છે તે શીરીને પોતાના ભાઇને ટુકમાં સમજાવ્યું. "પેશું લવંગિયો પુણે આવ્યોછ, તારી આપેલી ઇધાણી બધી મળેછ, સર્વ કોઇ તેને પેસુ લવંગિયા દાખલ ઓળખાવેછ, મારી ને લવજીની ખાતરી છે કે એજ પેલો ખરો ખુની છે, પણ તાબી તેં તેને ઓળખવો જોઇયે અને તેથી તુંને એક દહાડો થોભવાની જરૂર છે."

આ મહાભારત શોધની વાત હજી પુરી થઈ નહી તેટલામાં શીરીનને હાંક મારવાનો તેના બાપનો ધાડો સાદ સંભળાયો. તેણે વાત અધુરી નાખી, બરાબર બોલીયે તો ઉતાવલમાં પુરી કીધી. દોલીએ એક રાત થોભવાનું કબુલ કીધું, તેણે કયાં ઉતારો ક-

રયો તે નક્કી નહી હતું, પણ તેણે શીરીનને ધીરજ આપી કે તેના ઉતારાની કશી ફિકર કરવી નહી. તે પોતાના છુપા લેબાશમાં પોતાને ફતેહમંદીથી છુપાવી શકયો હતો અને જોકે પોતાના પગલે પગલે તે બીહીતો હતો તોપણ કદી ઓળખાય નહી એવો તે સલામત હતો. તેણે એક વંજારાને વેશે એક વંજારની સાથે આજની મુસાફરી કીધી હતી અને તે વંજારાઓ ગામની બાહેર પડયા હતા તેઓની વંજારમાં પોતે પણ જઈ પડવાથી તે કદી ઓળખાવાનો નહી હતો. તેણે આવતી કાલે રાત્રે બરાબર ૭ વાગતે પાછો આવવાની કબુલાત આપી તથા પોતાની બેહેનને ભેટીને તે એકદમ કુચ કરી ગયો.

શીરીન પોતાના બાપના સાદને માન આપી ઘરમાં આવી. દુખી બિચારી હીરાંબાઈ આતુરતામાં ને આતુરતામાં પોતાના દીકરાના સમાચાર જાણવાને વાટ જોતી બેઠી હતી. શીરીને આવીને ધીરજ આપી કે “દાલી સારીપેઠે છે, સલામત છે, આજે બાવા ઘેરમાં છે પણ કાલે મેહેલાશાહ બોગા બેહેરામને ત્યાં જમવા જવાના છે, માટે કાલે દાલીને પેટ ભરીને આપણે મળી શકીશું.”

પોતાના દીકરાના દીદાના દર્શનની તલશી આ દુખી માને પોતાની મુરાદ બર લાવવા લગભગ ચોવીસ કલાક થોભવાનું હતું, તે ધીરજ કેમ રેહે? તોપણ તે દીકરો સલામત છે ને પોતાને વતન પાછો આવ્યો છે એજ મોટી ધીરજ હતી; અને વળી તેના શખ્ત દીલના બાપના પંજામાં તે સપડાય નહી માટે તેને સંતાડવાની આ દુખી માતાની ઈનિતેજારી એટલી બધી વધારે હતી કે તે ઈનિતેજારી સફળ થવાની ખાતર પોતાના પુત્રને મળવાની બેની ઈનતેજારી ઘણી નરમ પડી.

તે રાત્રે હીરાંબાઈને તો થોડી ઘણી ઊંઘ આવી, પણ શીરીનને ઊંઘ આવી નહી. પોતાના વ્હાલા ભાઈનો છુટકારાનો વખ્ત નજદીક આવેલો સમજી હરખથી પુર હૈડે તે રાત નીકી જવાની રાહ જોતી બેઠી, અને સહવાર નહી પડે તેટલામાં તો પાછી ઘરના કામ ઉપર મંડી. તેણે થોડી ઝુપણમાં પેટભરતી ઊંઘ મેળવી હતી. આજની ખુશાલીમાં પોતાની ઊંઘ ખોહવાનો તેને ઉજાગરો લાગતો નહી હતો.

એકદમ લવજીને મળવાને તે તત્પર હતી. પણ તેને વળી પોતાનું ઘર સંભાળવું હતું. પોતાનાં જૈફ માબાપની સેવા બજાવનારી એકલી તેજ પુત્રી હતી. જેમ ભાઈ તરફની તેમજ માબાપ તરફની ફરજમાં તે તૈયાર હતી, માટે આ પાણી કીધા પછી, પાહાલણજી હીરાબોગી ઘેરથી જવા પછીજ શીરીન પોતાની માની રજા લઈ દાલીના આવ્યાની આ ખુશ ખબર લવજીને કેહવા ગઈ.

લવજી અને શીરીન વચેની જે છેલી મુલાકાત આપણે ઉપર જણાવી તે એજ હતી કે જેની ભળતી વાત દીનમાયના જમસુની મારફતે બચુંના કાચા કાનપર ગઈ હતી.

આ યાદગારી ભરેલી મુલાકાતમાં લવજી અને શીરીને નક્કી કીધું કે તે રાત્રે હીરાબોગી મેહેલાશાહ શેઠને ત્યાં જમવા જાય તેજ વખ્તે દાલીને પેહેલાં લવજીની આફીસમાં પેસુ લવંગિયો દેખાડી ઓળખાવવો અને પછી તેની દુખી માતા સાથ મેળવવો. આ ઠરાવ અમલમાં લાવવાની તરવેર કરવા શીરીન ઉલટભર પોતાને ઘેર ગઈ અને લવજી પોતાની આફીસમાં ગયો.

પ્રકરણ ૧૨ મું.

મેહેલાશાહની મેજબાની.

મેહેલાશાહ શેઠ, જમસુના મામાને ત્યાં એ રાત્રે મોટી મેજબાની હતી. તેવણની પોતાની વર્ષગાંઠનો તે દહાડો હતો અને પુણાના શેઠીવાઓને તેમનાં કુટુંબ સહીત તેવણે જમવા તેડયા હતા.

તેવણને સમજાવવાને જમસુનું ત્રીજી વખતનું કરજ અપાવવાને માથે લીધેલી કબુલાતમાં આપણો લવજી અંતે ફાવ્યો હતો અને એ ભલા લવજીએ તેના મામા મેહેલાશાહ સાથ તેની સુલેહ કરાવી હતી. જમસુને મેહેલાશાહે પાછો પોતાના દીકરા દાખલ કબુલ રાખ્યો, તેનું આસરે ૩૨૫૦૦૦ સુધીનું કરજ ભર્યું, અને જમસુ પાછો છુટો તથા સુખી થયો. એ સઘળું લવજીની લાયકી ભરેલી મેહેરબાનગીથી હતું. એટલુંજ નહી પણ જમસુ સાથ સુલેહ થવાની ખુશાલીમાં તેના આ જૈફ મામાએ પોતાની વર્ષગાંઠની ધુમધામથી મેજબાની આપી હતી.

મેજબાનીનું એ ખરૂં કારણ તેવણે લવજી સિવાએ બીજા કોઇને કહ્યું નહી હતું. કોઈ સમજતા કે તેવણ નવી, જુવાન બાયડી કરી લાવ્યાછે તે આ ખરચ કરાવેછે, કોઇ કેહેતા કે મેહેલાશાહ શેઠને કાંઇ નવો તડાકો પડયોછે. પણ એનું ખરૂં કારણ તો લવજીની હદ વગરની લાયકી માત્ર છે. દીનમાયનો જમસુ એક હરામખોર માત્ર છે, તે લવજી કશું જાણતો નથી, પણ તેની નવી મામી જાણેછે. જમસુ સારો માણસ છે એવી તેની હજી ખાતરી થઇ નહી હતી, પણ મેહેરમામીના મનમાં પણ જમસુ તરફ મેહેર ઉતારી તે મામાનાજ ઘેરમાં રેહે એવું પણ ચોકઠું ગોઠવી આપવાને ભલાં દીલના લવજીએ માથે લીધું હતું. કેવો ભલો !

મેહેલાશાહ શેઠને ત્યાંની આ મેજબાની થકી લવજી ઘણો ખુશી થયો હતો. પણ વળી એ મેજબાની આજે તો નહી ધારેલા નવા ઉપયોગમાં આવી—તે એ કે જ્યારે પાહાલણજી હીરાભોગી મોડી રાત સુધી ત્યાં રોકાઇ પડે ત્યારે કમબખ્ત દોલીને મળવા તથા બીજાઓ સાથ મેળવવાની પુરતી તક મળી—માટે લવજી વધારે હડખાવા લાગ્યો !

મેહેલાશાહને ત્યાંની મેજબાનીમાં જવાને લવજીએ પોતે કબુલ્યું હતું, એટલુંજ નહી પણ બચું પાસે પણ નોતું કબુલાવ્યું હતું. દીનમાયનો જમસુ તો મામાને ત્યાં સહવારથી ગયો હતો, પણ લવજી શાંજના ૬ વાગતેથી બચુંને લઇને જવાનો હતો. તેણે આજે બચુંને ઘણી મોજ અને ઘણા પ્યારની ઉલટ આપી હતી. આજે ઘણે દહાડે તે બચું સાથ બાહાર જમવા જવાને ખુશી થયો હતો, એટલે બચું પણ લગાર ખુશી અને ઉલટમંદ થઈ હતી.

પણ આ ખુશી થોડીજ વારની હતી. પેહેલાં તો હમાયજીએ તેને નાસિપાસ કીધી. બપોરે એક કાપડીયો આવ્યો, તેથી મેજબાનીમાં જવા સારૂ બચુંએ નવી સાડી વેચાતી લેવા ચાહ્યું, પણ હમાયજી સરેસતાના ખણઓધીયા સ્વભાવથી આડ આવ્યાં. ત્યાર પછી બચુંએ પોતાની બુચીબચુંને માટે નવું જભલું લેવાનું મન કીધું પણ હમાયજી તેની પણ સામા થયાં. તેવણે કાપડીયાના દેખતાં બચુંને ગાળો દીધી, પોતાના ગરીબ વરને નકામો ખરચ કરાવવાનું તે બિચારી ઉપર બોહતાન મેલ્યું, ઘરમાં સાડી ને જભલાંના ઢગલા ને ઢગલા પડુલા છે તોપણ નવાં કપડાંનો બચું ચડસ રાખેછે એવી ખોટી ફીસ્યારીની ફરિયાદ ઉઠાવી અને છેલે કાપડીયાને ગાળપેળ દઇ કાહાડી મેલ્યો.

બચુંનું દુખિયારૂં દીલ અતીઘણું દુખાયું. તેને એક તો પોતાના ધણીનો બળાપો હતો

તેમાં તેની નણંદના પાજી સ્વભાવનો બળાપો ઘણો વધતો હતો. પોતાના વર વિષેનો શક ખરો હોય કે નહી, પણ તે તો ખરો માનતી હતી અને તેથી તેનું દુઃખ પણ ખરાં દીલનું હતું. એવાં દુઃખમાં જો તેને ઘેરનું બીજું સુખ હોત તો આ દુઃખ કદાચ ઓછું થાત, પણ ઘરનું જે બીજું એકજ વડું માણસ તેનું પણ પાછું દુઃખજ! વધારે બળાપાની વાત એ હતી કે હમાયજી કાંઈ બચુંનાં દુશમન નહી હતાં. જો તેવણ બીજી નણંદો સરખાં ભોજાઈ તરફ કપટી અને વેરભાવીક હોત તો તેવણનો જુલમ સરેસતાનોજ ગણાત અને એટલોબધો લાગત નહી. પણ હમાયજી તો બચુંને પોતાની દીકરી સમાન ચાહેછે—તેની સુવાવડ અને મંદવાડમાં કેટલી બધી માવજત કીધી તેજ જુવોની—અને તોપણ ફકત સ્વભાવને લીધે બિચારી બચુંપર જુલમ ચલાવેછે—ફકત ફીસ્યારી ખાતર, વડાઈ ખાતર, પોતાને ચહડતી દેખાડવા ખાતર આ નણંદ ભોજાઇને સતાવેછે, તેની મોજમાં આડી આવેછે, તેથી બચુંનું હૈડું વધારે વીંધાયછે. શું બચું પોતાના ઘરની ધણીયાણી નથી? પોતાને કે પોતાના બચ્ચાંને જોઇતો પોશાક તે નહી સમજે તો બીજું કોણ સમજે? અને તે છતાં નોકર નફરોના દેખતાં, કાપડીયાના દેખતાં, તે બીચારીને અપમાન થાય તો તેને કેવું લાગે!

બચું હમાયજી આગળથી રડીને ઉઠી ગઈ. પણ હમાયજીને પછવાડેથી સરેસતા પ્રમાણે શુદ્ધિ આવી. બચુંનું દીલ દુખવવા માટે તેવણને ઘણી દયા લાગી. માટે તેને મનાવા અને પટાવા સારૂ તેની પછવાડે તેના ઓરડામાં ગયાં. બચું જોકે ત્રણ બચ્ચાંની મા થઈ હતી, તોપણ હજી બચ્ચાંના જેવી સાદી ને સાફ દીલની હતી. તે જરામાં સમજાવ્યાથી સમજે એવી ભોલી હતી. માટે તેને નાહેક સતાવવા સારૂ પસતાવો કરી તથા માફ માંગીને હમાયજીએ થંડી પાડી કે "તારા વરના પૈસા બચાવી એકઠા કરશે તેટલી તું ને તારાં બચ્ચાં સુખી થશે. પણ તારા ખાવીંદનાં ઉડાઉપણાને તું ઉતેજન આપશે તેટલું તે પછવાડેથી તુને ભારી પડશે." આ વાત બચુંના મનમાં ઉતરી, તેણે નવાં કપડાં લેવાનો વિચાર ખુશીથી પાડી વાલ્યો. પણ તેના મનનો નાસિપાસીનો ખતરો નહી ભાગ્યો. ખતરો તો રહીજ ગયો.

બીજી નાસિપાસી બચુંને પાછલા પોહોરે મળી. તે સરેસતા પ્રમાણે ચાર વાગતે પોતાની ગાડી જોતરાવી પોતાનાં બચ્ચાંઓ સાથે પોતાના વરને આફીસમાં લેવા આવી. પણ બાહેરથીજ સીપાઇએ કહ્યું કે "શેઠ બહુ કામમાં રોકાયલાછે ને ઘણી વાર લાગશે." બચુંએ પુછયું કે "શું કોઈ મળવા આવ્યુંછ?" સીપાઇએ જવાબ દીધો કે "હાજી, પાહાલીમાસાનાં શીરીનબાઈ આવ્યાં છે." આ કેવા અણગમતા સમાચાર! બચુંએ તુર્તજ પોતાની ગાડી પાછી હંકડાવી અને પોતાની બેઠક ઉપર માથું નાખી દઈ મનમાં અફસોસ કીધો કે "જ્યાં જોવુંછ ત્યાં લવજી એ દુકતીની સાથેનો સાથેજ છે. તે મને વિસારી મારા કરતાં એ દદાની સંગતમાં વધારે રેહેછ. મારી સાથ તો માત્ર ઘરમાંજ વસેછ, પણ આ શીરીન તો આફીસમાંબી તેની સોડને સોડ છે." આ સુધાં એકથી વધારેવાર બચુંએ શીરીનને પોતાના વરની આફીસમાં આવેલી દીઠીછે—પણ એક અદેખી બાયડીને મન એથી વધારે મોટું દુખ શું હોય? આ વખતે પેલી ચુગલીખોર દાસી મેરીઅન બચ્ચાંઓ સાથે ગાડીમાંજ બેઠેલી હતી, તે પોતાની બાઇની આ નાસિપાસી તુર્ત પામી ગઇ, પણ તે કશું બોલી નહી. એ વાત તો એ ચાડીયણે બીજાંઓ આગળ ચાડીખાવા માટે મુલતવી રાખી.

પણ ત્રીજી, વધારે મોટી નાસિપાસી તો હજી બચુંના નસીબમાં જુદીજ સૃજેલી હતી. પોતાને ઘેર જવા પછી પોતાના ધણીના

હુકમને માન આપી મેહેલાશાહની મેજબાનીને માટે તે કપડાં પેહેરી તૈયાર થઈ અને લવજી તેને લઈ જવાને બરાબર વખતે ઘેર આવ્યો. પણ તેણે બચું સાથ જમવા જવાને ના પાડી! જે વખત મેહેલાશાહને ત્યાં મેજબાનીનો હતો તેજ વખત દોલીની છુપી મુલાકાતને માટે ઠરાવેલો હતો. ત્યારે લવજી એક વખતે બેહુ ઠેકાણે કેમ હાજર થઈ શકે? અલબતાં ખાનું પીણું માંડી વલાય પણ દોલીનું આ કામ માંડી વલાય એવું નહી હતું. બરાબર છ વાગતે પેસુ લવંગિયાને લવજીએ પોતાની આફીસમાં બોલાવ્યો હતો. વાંચનારને યાદ હશે કે પેસુ પોતેજ પોતાની એક કરજદારીના કેસમાં લવજીને પોતાનો વકીલ કરવા માટે ચાલી ચલાવીને તેની પાસે આવ્યો હતો, તે કેસ વિષે વાત કરવાને લવજીએ તેને બીજીવાર બોલાવ્યો હતો અને એ બીજીવાર મળવાનો વખત આજે આમબા રાતના ૭ વાગ્યાનો રાખ્યો કે જે વેળા દોલીને પણ ત્યાં છુપો હાજર કરવાની ગોઠવણ યોજી હતી. ત્યાર પછી વળી રાતના કલાક ૮ ને અમલે દોલીને તેની દુખિયારી મા સાથ મેળવવાનો સંચ રચ્યો હતો. એ વખતે લવજીનો વિચાર પોતે હાજર રેહવાનો નહી હતો, પણ તેની દુખિયારી માસીએ પોતાની દીકરીને આમબા લવજીની આફીસમાં કેહેવા મોકલી હતી કે જ્યારે દોલી પોતાની માને મળવા આવે ત્યારે લવજીએ પણ હાજર રેહેવું. શીરીને લવજીને બોહોંસ કરીને એ વાતની હા ભણાવી, તો જોકે પોતાની માસીને સમજાવીને ત્યાંથી પણ મેહેલાશાહની મેજબાનીમાં જવાશે એવી લવજીને ઉમેદ હતી.

માટે લવજીએ મેજબાનીમાં જવાનું પોતાનું અશકતપણું ઘણી ઉદાસીથી પોતાની માહારદારને મોહોબત ભરેલી રીતે જાહેર કીધું—"વ્હાલી બચું, હું જાણુંછ કે તું દલગીર થશે, અને તુંને દલગીર કરવાથી હું ઘણો દુખી છું, તોપણ મારી ઉપરનાં તારાં માન ઉપર વિશ્વાસ રાખી હું માનુંછ કે મારી ઉપરનાં તારાં હેતથી તું મારૂં એક કેહેલું કરશે."

"શું છે લવજી; શું છે?" બચુંએ ઘભરાઈને પુછ્યું.

"એટલુંજ કે મેહેલાશાહની મેજબાનીમાં તારી સાથે મારાથી આજે અવાશે નહી."

"હેં? કાંએ, કાંએ નહી?"

"કાંએ કરીને પુછ ના, મારાં જીગર. તું ખાતરીથી જાણેછ કે હું વગર કારણે તુંને નાસિપાસ કરૂં એવો નથી. એક અતિ અગતના કારણની મને રોકાણ થઈ પડીછ. હું પાછો આફીસમાં જવાનો છું. વાસતે હું અરજ કરૂંછ કે આ નાસીપાસી મનમાંથી કાહાડી નાખી તું એકલીજ જા મેહેલાશાહને ત્યાં."

"પણ તમોને કામ હોય તે કરી લેવો, મોડથી જઈશું."

"નહી, મારાથી મોડખી અવાય એમ નથી. કદાચ રાતના નવ દસ વાગતા સુધી મારૂં કામ પુરૂં થશે નહી. તે કરતાં જો બનશે તો હું પછી મોડથી નીકળી આવશ."

"પણ તમે નહી જશો તો મેહેલાશાહ દલગીર થશે. સર્વના મનમાં માઠું આવશે."

"નહી—મેં મેહેલાશાહને હમણાજ ચીઠી લખીને ગેરહાજરી વિષે માફી ચાહીછ."

"ત્યારે તો હું પણ નથી જતી, લવજી. મને એકલીને જવાની શી જરૂર?"

"નહી. તું નહી જશે તો મેહેલાશાહના મનમાં ખચીત માઠું આવશે. મને રોકાણ છે એમ તે માનશે નહી, પણ આપણ માટી બૈયર સંપ કરીને ગેરહાજર રહ્યાંછ એમ સમજશે. તેથી ઉલટું તું જશે તો હુંજ ગયા સરખું ગણાશે અને તું મારી આ કસુર માફ કરાવી શકશે. મેં મારી ચીઠીમાં મેહેલાશાહને કબુલાત આપીછ કે મારાથી નહી બનવા છતાં હું બચુંને એકલીને મોકલીશ. હું માગી લેવુંછ કે તું જો મારા કહ્યાગરી હોય તો જા."

બચુંની કશી તકરાર, કશી હુજત ચાલી શકી નહી. લવજીએ તેને સમજાવી, શાંત કરી એકલી જવાની ફરજ પાડી. તે ગઈ પણ તેની નાસીપાસી ભાગી નહી. આજે બચુંને ઉપરા ઉપરી નાસિપાસી મળી હતી, પણ તેમાં આ સહુથી છેલી તે સર્વથી મોટી નાસિપાસી થઈ પડી.

“લવજી શીરીનની સંગત છોડે તો મારી સાથે ફરેહરે કેની!” એકલી જતાં જતાં તે ગાડીમાં બળાપો કરવા લાગી. “આજે એ દુકતી એની આફીસમાં મળી ગઈ તે ખામખા એનું દીલ ચોરી ગઇ હશે અને તેના સમજાવ્યાથી એણે મને આંહી એકલી નાખી હશે. મને બોહોસ કરીને કાહાડી અને જબરીથી મને મેજબાનીમાં મોકલી રખે લવજી પોતે શીરીનની રેકાણુમાં પડયો હોય!”

મેહેલાશાહને ત્યાંથી જલદીથી પાછી ફરવાને નાસિપાસીની મારેલી બચુંએ મરજી કીધી. તેણે ગાડીમાંથી ઉતરતાંજ નવ વાગતામાં ગાડી જોતરવાનો પોતાના કોચમેનને હુકમ આપી મુકયો.

મેહેલાશાહની મેજબાનીમાં દીનમાયનો જમસુ જો મળ્યો નહી હોત તો બચું તદન એકલી પડી જાત.

પણ જમસુએ બચુંની જે કાન-ફુલવણી ચલાવી હતી તેમાં આજના બનાવથી તેને નવી તક મળી. તેણે આ કમનસીબ અબલાના કાચ્યા કાન વધારે ભરાવી આપ્યા. તે બોલ્યો “હું દલગીર છું કે લવજી શેઠ આવી ખુશાલીને વખતેબી તમારી સાથે નહી આવ્યા અને તમોને એકલાં આવવું પડયું.”

“તેવણને આફીસમાં કામ ઘણું છે.” બચુંએ નાસિપાસીથી જવાબ દીધો.

“કામ તો રોજનું છે, પણ તેથી એક દહાડોબી શું આમ કામ મુકીને નીકલી નહી અવાય?” જમસુએ અજાણ્યો થઇને ઉસકેરણી ચલાવી. “વાતમાં તો કાંઈ દમ નથી, પણ લવજીની આફીસમાંથી મેં સાંભળ્યુંછે કે આજેબી શીરીન ત્યાં ગઈ હતી અને તેની સાથે શેઠને કાંઈ લાંબી મસલત ચાલી તેથી હું ધારૂંછ કે એવણનું બીજું અગતનું કામ પછાત પડી ગયું હશે અને અટકી પડયા હશે.”

“એમજ છે. હું એવણને આફીસમાં તેડવા ગઈ ત્યારે શીરીન ત્યાં આવેલી હતી.”

“હં! હં! વાત મળી! પણ તમારે એ વિષે મનમાં કાંઈ ખ્યાલ કરવો નહી જોઇયે.” દીનમાયનો જમસુ ડહાપણના ઢોંગ કરવા લાગ્યો. “માટીડાઓ આડી અટાડી ભૂલ કરે પણ બૈરાંએ તેનો વેહેમ નહી રાખવો જોઇયે.”

જમસુ બચુંની આંખમાં આગળના જેવો નઠારો દીસતો નહી હતો. માથેરાનમાં જમસુએ બચું ઉપરના બચપણના પોતાના પ્યારની સેજ વાત છેડી તે ઉપરથી બચું તાબડતોબ પોતાના ખાવિંદને તેડી મંગાવી માથેરાન છોડી જમસુથી દુર નાસી આવી હતી. પણ આજે બચુંને લાગેછે કે તે વાતમાં તે અમસથી ગભરાઈ હતી—જમસુના મનમાં કાંઈ પાપ નહી હતું.

આ ફેરવાયલા વિચાર બચુંની બદલાયલી આંખ્યોનુંજ માત્ર પરીણામ નથી. પણ દીનમાયના જમસુએ પોતે પણ બદલાઈ જવાનું ડોલ ઘાલવાથી તેને વિષે બચુંના મગજમાં આમ સારૂં મત બેઠુંછે. ઉપલી ગોફતેગોમાં આપણે જોયુંછે તેમ પોતાની કપટવાસના તેણે છુપી રાખીછે. તે અનીતિ કે અમર્યાદાનો એક બોલ બચું પાસે બોલ્યો નથી, અને લવજીની સામે તેણે જ્યારે તેના કાનમાં ઝેરી ફુક મારી છે ત્યારે પણ વાતમાં કાંઈ જીવ નથી એવાં ડોલથી સાધારણ વાત કરતો હોય તેમજ તે કેહતો ગયોછે.

માટે બચુંના વિચાર જમસુ તરફ ફરતા ગયા અને આજે બચુંએ જમસુની આગળ તે કબુલ પણ કર્યું. માથેરાનમાં તે જમસુથી બીહીને પુણે જતી રહી હતી, પણ તેમાં તેની ભૂલ માત્ર હતી, એટલી

હવેર તેણે જમસુ આગળ પોતાનું મન ખોલ્લું કીધું. ખાધા પીધાની ખુશીમાં નાદાન બચું વધારે બોલકની બની અને એકવાર એવું પણ બન્યું કે બચું ઓર જમસુ આગળ પોતાના ભતારની વરતણુકને માટે બળાપો કરવા લાગી અને જમસુ સામો લવજીનો બચાવ કરવા લાગ્યો!

પ્રકરણ ૧૩ મું.

પેસુની પરિક્ષા.

લવજી ફક્ત બિચારા દોલીના બચાવ સારૂ આફીસ મધે રહ્યો હતો. આગમચના સમજુતી પ્રમાણે સાત વાગતે દોલી એકલોજ લવજીની આફીસમાં આવ્યો. તેના કંગાલ દેખાવથી કોણને દયા નહી આવે? સાત સાત વર્ષ સુધી ખોટા શકને માટે જે નાહસતો ફરે તેની હાલત સારી તે કયાંથી હોય? તેઓ વચે જાજી વાત કરવાનો વખત નહી હતો. લવજીએ પેસુ લવંગિયાનું વરણુન કહ્યું અને દોલીએ કબુલ કીધું કે "તમે નિશાની તો આબાદ લવંગિયાનીજ આપોછ. એનું મોતજ એને આણી લાવ્યુંછ."

"પણ અમે તેને ઓળખવો નકામો છે, દોલી." લવજીએ તેને સાહુચેત કીધો. "સવાલ એ છે કે તું પોતે તેને ઓળખેછ કે નહી. મારી બચુંની દાસી અમીના કદાચ તેને ઓળખે, પણ તે બિચારીનો પગ લચકાયોછ અને વળી આગળ એકવાર મેં તેને પેસુ સાથ મેલવી ત્યારે તેણે સાફ ના પાડી કે એ પેસુ નહી હોય. વાસતે હવે તારા ઓળખવા ઉપર બધો આધાર છે. તું તેને બરાબર ઓળખી શકશે કે? ભુલી તો નહી ગયો હોય?"

"લવજીભાઇ, તમે જે નિશાનો કહોછ તે તો બરાબર પેસુ લવંગિયાની છે." દોલી હીમતથી બોલ્યો. "પણ ખાતરી રાખજો કે હું તેને જોઇશ તો ઓળખ્યા વગર રહીશ નહી. જેટલા તમોને ઇયા મારાં મા બેહેનને હું ઓળખુંછ તે કરતાં વધારે મજબુત એ મુજીની સુરતીનો મારાં મગજ ઉપર છાપ પડેલોછે. આખી જીંદગી કાં નહી ગુજરે પણ હું તેને પાતાલમાંથી ઓલખી કાહાડીશ."

લવજીએ ઘડિયાલ જોઇને પેસુ લવંગિયાનો આવવાનો વખત થવાથી દોલીને પોતાની બેઠકની પાસેના ઓરડામાં બંધ કર્યો, જ્યાંની એક તીરકસ વાટે લવજીની આફીસવાલા ઓરડામાં સઘલું ખોલ્લું દીસતું હતું. લવજીએ આ ઓરડામાં પુરતી લાઇટ કરાવી હતી.

પાંચ મીનીટમાં પેસુ લવંગિયો આવી પુગ્યો અને તેના "કેસ" ની વાતમાં તેને વાજબી સલાહ આપી લવજીએ તેને થોડી મીનીટમાં પાછો વાલ્યો. તેના જવા પછી તુર્તજ લવજીએ બારણું ઊઘાડી દોલીને પાછો ઓરડામાં લીધો અને પેહેલો ઇનિતેજારી ભરેલો સવાલજ એ પુછયો કે "કેમ, દોલી? ઓળખ્યો કે? પેસુ લવંગીયો એજ કે?"

"નહી. એ નહી." દોલીએ થંડે પેટે જવાબ આપ્યો.

"શું? એ નહી? એ પેસુ નહી?"

"કદી નહી. બીલકુલ નહી. એક લાખ વખત નહી."

"તું ભુલી તો નહી ગયો હોય?"

"ભુલ શાનું? કોઇપર ખોટું શું બોલવું! અમીનાએબી એને તમારા દેખતાં ના પાડયું હતું કેની? હું કસમ લઇશ કે હુશેનશાહનો ખુની એ નથી."

લવજીની અચરતી થોડીવારમાં નરમ પડી અને તે સામો ખુશી થયો. આ પેસુ લવંગિયો ગમે એવો ઇસકી પેશાગીર હતો.

પણ ખુની જેવો લાગતો નહી હતો, માટે તેને નાહક સતાવવાથી આ છુટકારો મળવા માટે લવજીને ધીરજ ઉપજી. હવે તેને ધરાક કરી તેનો કેસ ચલાવવાને લવજીને જરા પણ આનાકાની લાગી નહી.

આરીસમાંથી લવજીએ બીજું કામ એ કબુલ્યું હતું કે દોલીને તેની માને ઘેર પોતાની ગાડીમાં બેસાડી લઈ જવો. એ કબુલાત તેણે પાર પાડી. પાહલીમાસા મેહેલારાહને ત્યાં મેજબાનીમાં ગયા હતા—હીરાંબાઈ પોતાના ઓટલા ઉપર અને શીરીન દરવાજા ઉપર દોલીના મુબારક દીદાની આતુરતાથી વાટ જોતી હતી.

પેહલાં ભાઈ બેહેન મળ્યાં, પછી મા દીકરાનો ભેટો થયો. કેવો હરખ પૂર, પ્યાર પુર્વક, સંતાપ પુર્વક, વીલાપ કારક, ચિંતાતુર તે મેલાપ થયો!

દીકરા દોલીને માના હવાલામાં મુકયા પછી પોતાની માસીની રજા લઈ પોતે મેહેલારાહની મેજબાનીમાં જવાની લવજીની મરજી હતી. તેણે હીરાંબાઈની રજા માંગી, બચુંની પાસ તે મેજબાનીમાં જવા ચાહ્યું, પણ હીરાંબાઇએ રજા આપી નહી. લવજીએ કહ્યું કે "બચું તે પરાએ ઠેકાણે એકલી છે."—"પણ એકલી છે તો શું થયું?" હીરાંબાઈ તરડાઈ પડયાં. "કાંઈ નાદાન બચ્ચું છે કે? કાંઇ નાસી બાસી જવાની છે કે? કોઇ ચોરી લઇ જવાનું છે કે? અબઇ રહ્યો તું ગરીબ માસીને ત્યાં કે દહાડે આવેછ; બૈરીની પાસે રોજ રેહછ, તો આજના જેવે દહાડેબી ઘરડી માસીને ત્યાં બે કલાક બેસવાને ના પાડછ? ને તેબી શું મોટાં કામે? એક શેઠિયાને ત્યાં જમવા જવા? જમવાનું કયાં વહી જવાનું છે? એક દહાડો નહી ગયો તો નહી ચાલે?"

હીલુમાસીએ રડી, બલી, કુટી, કહીને લવજીને હુજતથી રાખ્યો. વળી શીરીને તેને એક જુદીજ તકરારથી જતો અટકાવ્યો. તે બોલી કે "લવજી, માતાજીની મરજી છે કે દોલી નાહે ધોએ ને ખાનું ખાઈ રાતના મોડથી પાછો સિધારે તેટલાં મારે બાગમાં ઉભી રહી ચોકી કરવી કે બાવા ઇયા બીજું કોઈ બાહારથી આવે તે સંભાલવું. આ બાગમાં હું એકલી કેમ ચોકી કરીશ? મારી સાથે વાત કરનાર કોઈ નહી હશે તો વખતે હું ઉંઘમાં પડીશ અને પછી સુઇ હું ચોકીની કરતી. વાસતે માયજીની ખુશી છે, મારા વ્હલા ભાઈ, કે તમે આ બાગમાં મારી આગળ રહો અને હું બેહેન જેમ મારા ભાઇની સેવામાં ચોકી કરવા જાવુંછું તેમ તમે બાઇ હું બેહેનની સેવામાં રહો."

લવજીથી કબૂલ કીધા વિના, રહ્યા વિના ચાલે? દોલી ઘરમાં પોતાની મા આગળ રહ્યો અને શીરીન તથા લવજી બાગમાં ચોકી કરતાં રહ્યાં.

પુન્ન પુણેમની રમણીક ચાંદની રૂપેરી પ્રકાશે પૃથ્વિ ઉપર ફરી વળી હતી. પવનની થંડી લેહેર સાથ સુગંધી ફુલોની લપટ હવાને ખુરાનુમાપણે તર કરતી હતી. આ રલિયામણી રાતે શીરીન ખુશી હતી, લવજી વધારે ખુશી હતો, અને ભાઇ બેહેન તરીકેના ખરા એખલાસથી તેઓ ચાંદની ઘોરતાં વાતે વલગ્યાં હતાં.

તેઓની પેહેલીજ વાત પેસુ લવંગિયા વિષે હતી. પેસુ લવંગિયો જે પોતાની મેળેજ પુણે આવ્યોછે તે ખરો ખુની નથી એમ જાણી શીરીન પેહેલાં અચરત અને દલગીર થઇ. પણ લવજીએ સમજાવ્યું કે "શીરીન, તું તારા ભાઈ દોલીને ખોટા વાંકમાંથી બચાવવા આટલી ખુશી થાયછ, તો બીજો કોઈ પણ નિર્દોશ માણસ નાહક ફાંસી જતો બચે તે ઉપર શું તું દલગીર થશે?"

"એ ઘણી સારો માણસ માલમ પડયો તેથી હું દલગીર નથી" શીરીને પોતાની ભૂલ કબૂલ કરી. "પણ હવે ત્યારે ખરા ખુનીને પકડવાની આપણી બધી મેહેનત રદ ગઈ અને આપણું કામ પાછું નવેસરથી બજાવવાનું રહ્યું. તે હવે કયારે અને કેમ બનશે?"

“ખોદાપર સબુરી રાખ, શીરીન! ધીરાં કામ સાહેબનાં.” લવજીએ દિલાસો દીધો. “પેસુ લવંગિયા ઉપરનો શક ઉડી ગયોછ, તેથી ઓર સારૂં થયું કે આપણે એક ભૂલમાં નકામા ગોતાં ખાતાં અટકયાં છીયે. જો આ ભૂલ માલમ નહી પડી હોત તો આપણે હજી અફડયાજ કરત અને સેવટે હારીને બેસત. પણ દોલીના આવ્યાથી સચાઈ માલમ પડી તો સારૂં થયું કે હવે આપણે ખરે રસતે બોલ ચલાવીશું. વળી તું જાણેછ શીરીન કે આ ઉપરથી આપણને એક નવો પતો મળ્યોછ તે?”

“શું પતો? કાંઈ નવી શોધ છે?”

“હા. હુશેનશાહના ખરા ખુનીનું નામ દોલી કેહેછ કે પેસુ લવંગિયો હતું. પણ પેસુ લવંગિયો ખુની તો નથી, એ ઉપરથી સાફ માલમ પડેછ કે ખુની કોઈ બીજોજ ધણી હતો, પણ તેણે પેસુ લવંગિયાનું ખોટું નામ રાખ્યું હતું. માટે આ ખુનીનું નામ પેસુ લવંગિયો નહી પણ કાંઈ બીજુંજ હોવું જોઇયે અને તે નામની હવે શોધ કરશું.”

પ્રકરણ ૧૪ મું.

નજરે નજર જોયું—શું જોયું?

હીરાબેગીનો બાગ મધ્યમ હતો, તેનું વર્ણન વાંચનાર આગળથી વાંચી વાકેફ છે. આ બાગની અંદર હીરાબેગીનો બંગલો રસતા ઉપરથી જોઇયે તો એક તરફથી દુર હતો બીજી તરફથી ઘણો પાસે હતો. બાગને તમામ ફરતા કટેરા હતા અને જે દરવાજો રસતા ઉપર નીકલતો હતો ત્યાંથી બંગલો આઘે અને છેક અંદર આવેલો હતો, પણ બંગલાની પાંખે જ્યાં બાગમાં ઉતરવાનો મેહરાબ કાહાડેલો હતો અને સીહડી હતી ત્યાં આરકાં તરફથી બાહેરનો રસતો નજદીક અને પાસે હતો.

આ મેહરાબ તલેની સીહડીઓથી બાહાર નીકલતાં જમણા અને ડાબા બેહુ હાથ ઉપર કુંડાંઓની એક લાંબી હાર વચે લાંબોને લાંબો ચાલવાનો કયારો બનેલો હતો, જે કયારાને છેડે વચોવચમાંથી અને બંગલાના બરાબર મુખ અને પીઠની સામેથી દરવાજો હતો.

આજે પાહાલીમાસાના બંગલામાં જે મુબારક મેમાન પરદેશથી આવેલો હતો તેને છુપાવવા માટે આગલો ઓટલો બંધ કરી શીરીન અને લવજીએ બાગમાં રાખેલી રખેવાલી વેલા પોતાની સઘલી આવજાવ પાંખના આ મેહરાબ તલેથી રાખી હતી, કે જ્યાંથી બાગના કટેરા અને બાહારનો રસ્તો દુર નહી હતો.

દોલીને તેની વ્હાલી માના પાસામાં એકલો મુકી લવજી અને શીરીનને બાગમાં ચોકી કરવાનું ખુશનુમા ચંદની વચે ઘણું ખુશ લાગ્યું. મેહરાબમાંથી નીકલી તેઓ વાતો કરતાં લાંબા કયારામાંથી છેક દરવાજા ઉપર ગયાં અને લાંબી મુદતે તથા બરાબર જરૂરના સવખતે દોલીના પાછા ફરવા ઉપર તેઓ જે ખુશીમાં હતાં તેથી એ બંને માસી માસીનાંઓ આજે ખુશ ચમનમાં હતાં.

૧૦ કલાકને અમલે દરવાજા ઉપર તેમની આગળથી એક ગાડી પસાર થઇ.

તે રસતા ઉપર ગાડીની આવજાવ ઘણી હતી. લવજી અને શીરીન વાતમાં એટલાં મસગુલ હતાં કે આ ગાડી ઉપર તેઓનું ધ્યાન ગયું નહી.

પણ તે ગાડી લવજીની હતી. તેમાં બચું મેહેલાશાહની મેજબાનીએથી પોતાને ઘેર પાછી જતી હતી.

તે ગાડીમાં બચુંની સાથે દીનમાયનો જમસુ હતો. લવજી મેજબાનીમાં પછવાડે મોડથી પણ આવશે એવી બચુંએ અને

બીજાં બધાંએ વાર જોવા છતાં જ્યારે તે નહીજ આવ્યો ત્યારે મેહેલાશાહે અને મેહેર મામીએ બીચારી બચુંને એકલી મોકલવાને ચાહ્યું નહી. તેઓએ આંહાંસ કરી બચુંને મુકવા જવા જમસુને ગાડીમાં સાથે મોકલ્યો.

ગાડીમાં બચું લવજીની બેવફાઇનો સઘલો બળાપો લઈ બેઠી હતી અને હીરાબાગીના ઘેરપર આવતાં ગાડીમાંથી ડોકું બાહાર કાહાડી બેનિતેજારીથી તે ઘેરપર જોતી હતી. અંહી લવજી અને શીરીનને બચુંએ નજરો નજર દીઠાં. તેણે આંખે આંખ જોયું કે રાતની વખતે, ચંદની વચે, એકાંતમાં તેનો લવજી શીરીન સાથ હસતો, બોલતો તેના દરવાજા ઉપર બેઠો હતો.

"ઓ ખોદા! ઓ સાહેબ ધણી!" તે કપાલે હાથ દઇ તથા માહેતમની હાય મારીને ગાડીમાં હજારો હજાર આંસુથી રડવા લાગી. "મારો ધણી અગતનાં કામથી રોકાઈ પડેલો તે આ એની રોકાણ કે? એ કામસર એણે મને વીહીલી મુકી કે? ઓ લવજી! લવજી!"

"પણ વખત છે કાંઈ ભુલ હોય તો?" દીનમાયનો જમસુ ડાહ્યો થયો. "બચું, તારા ભર્તાર ઉપર બદગુમાન લઈ જવા બદલે વધારે પકી ખાતરી કરવી જોઇયે. વખત છે. કદાચ એ લવજી નહી હોય, જેની સાથે વાતો કરેછે તે શીરીન નહી હોય. રાતની વખતે આંખ ભુલાવો ખવડાવતી હોય ત્યારે?"

"શું નજરે જોયલું ખોટું હોય?" બચુંએ પુછયું. "જોનાર બે જણ છીયે તો એકની ભૂલ થાય પણ શું બેહુની ભૂલ થાય? જેઓને દીઠાં તે પણ બે જણ છે તો શું તે બેહુને વિષે ભુલીયે છીયે?"

"પણ હજી મારા માનવામાં આવતું નથી, બચું." જમસુને બહુ ડાહ્યો થવાની તક મળી. "મારો લવજી ગમે એવો બોલકનો છે, પણ બદફેળ નથી. ફરીથી જોયા વગર હું તો નહી માનું."

એ રીતે ફરીથી ખાતરી કરવા—અને તેબી જમસુની ખાતરે—બચુંએ પોતાની ગાડી ફરી ફેરવાવી અને મનમાં ખુશી થવા લાગી કે જમસુ કેવો નેક માણસ છે! તે આ માત્ર ઠગાઈ કરેછે, મનમાં ખાતરી છતાં આમ નહી માનવામાં તે માત્ર ચાળા કરેછે, તે બચુંને બાળનારો બનાવ બીજીવાર બતાવી તેને બે વાર બાળવાનું માત્ર કરેછે તે કોણ જાણે? ભોલી બચું શું જાણે?

બીજીવાર હીરાબાગીના દરવાજાની લગાર નજદીકથી, આસતેથી ગાડી હંકડાવી.

અને આ ભય ભરેલી વાત બીજીવાર ખરી પડેલી બચુંએ જોઈ. હા! તેનોજ વ્હાલો લવજી, તેનેજ કામને બાહને બાહાર કાહાડી, બચુંને મનથી જુઠું, હડહડતું જુઠું બોલવામાં પોતાનું પાપ છુપાવી, પોતે બીજીને વ્હાલ બતાવતો બેઠોછે.

"શેઠ અને શીરીનબાઈ બેઠાંછે." ઘોડાવાળાએ પણ પોતાની મેરેજ શાક્ષી આપી.

"બાઈ, શેઠ બેઠાછે, ગાડી ત્યાં લેવું?" કોચમેને વરદી પુછી.

"નહી, નહી. તેવણને કામ છે. તેવણને બેસવા દેવો." બચુંએ ફરમાવ્યું અને એ રીતે લવજીનું કશું લક્ષ ખેંચવા વીના તે ગાડી ચાલી ગઈ.

હવે વધારે ખાતરી કરવાનું શું રહ્યું?

પણ જમસુએ હજી વધારે તપાસને માટે ગાડીમાંથી ઉતરવા માગ્યું. તેણે બચુંને સલાહ આપી કે "તમે ઘેર જાવો, હું વધારે ખબર લઈ તમારી પછવાડે આવુંછું."

આ વખતે બચુંને મનસે જમસુ વેનો ખરો દોસત, ખરો ભોમીયો, ખરો મદદગાર, ખરો દિલાસો દેનાર હતો. તે કાંઇ લવજીનો દુશમન નથી—તે તો ઓર લવજીની વધારે પક્ષ તાણેછે!

પણ એટલા માટે જમસુને આ તપાસ કરવા એકલો છોડી બચુંએ જવા ચાહ્યું નહી. જે તપાસ સારૂ જમસુ ગાડીમાંથી ઉતર્યો તેજ તપાસ સારૂ બચું પણ જમ-

સુની સાથે ગાડીમાંથી ઉતરી. વેહમી ઈર્ષાવાળી આ અબલા પોતાના ખાવિંદ ઉપર જાસુસ દાખલ રહી.

અફસોસ! જે જમસુને તેણે એકવાર ધિકારેલો—અને વાજબીપણે ધિકારેલો—જે જમસુની સામે તેના મુરબ્બીને તોલના કાકા જેહાંગીરશાહ મુગા મોદી (જીજુરીવાળા) એ તેને સાહુચેત કરેલી, તેજ જમસુ ઉપર તેને હવે વિશ્વાસ બેઠો, અને તે જમસુની સાથે આ વખતે તેને આવી રીતે ભટકતી જોય તો કોઈ અજાણ્યા શું વિચારે તેનો તેણે ખ્યાલ પણ નહી કીધો. પોતાના ધણીનું કાવતરૂં પકડવાના ઝનુનમાં પોતાની લાજ શરમ કે આબરૂનો તેણે ડર નહી કીધો. જેને પોતાની "શોખ" સમજતી હતી તેના તરફની અદેખાઈમાં તે આંધલી બની ગઈ.

બચ્ચુંએ ખાલીજ ગાડી ઘેર મોકલાવી દીધી. ઘોડાવાળા સમજ્યા કે બાઈ પોતાના ખાવિંદને મળવા માસીને ત્યાં જતી હશે.

કેવું સાંકડ? ત્રણ ટોલીઓ! ત્રણ મુલાકાતો! ત્રણઉ ચોકીદારો!

શીરીનના ઘેરમાં તેનો વ્હાલો ભાઈ પોતાની દુખિયારી માની છુપી મુલાકાતે આવી મળ્યોછે. તેમની ચોકી અને પાસબાનીમાં લવજી અને શીરીન દરવાજા ઉપર આવી મળ્યાંછે. તેમની ચોકીમાં વળી બચ્ચું અને જમસુ જાસુસપણું ચલાવેછે.

દરવાજા સામે ખુલ્લું મેદાન હોવાથી છુપાવાની જગ્યા નહી હતી, માટે બચ્ચું અને જમસુ નહી દેખાય કે નહી સંભલાય એટલે દૂરને છેટે છુપ્યાં જઈ ઉભાં.

વાટ જોતાં જોતાં ત્રણઉ થાકયાં. દોલી પોતાની દુખિયારી માને ભેટીને, અંતે છુપે લેબાશે બંગલાની પાંખના મેહરાબની બાહેર નીકળ્યો. અને દરવાજા ઉપરથી લવજી અને શીરીન તેને મળવા બાગમાં ગયાં.

એ અરસામાં વળી દોલી પોતાની હજારો હજાર આંજુથી રડતી વ્હાલી બેહનને ભેટી તથા દીલાસો દઈ પોતાના છુપા લેબાસમાં, મોટા જભા અને ઊંડી ટોપી તલે પોતાનું મોહ છુપાવી, અંતે છુટો પડયો અને રસતા ઉપર નીકળ્યો. તે ઝડપથી ચાલી જતો હતો તે વખતે જમસુ બચ્ચુંને તેડીને બાગના દરવાજા ઉપરથી આડે રસ્તે મેહરાબની સામેના કટેરા તરફ લાવતો હતો, માટે દોલી ઉપર તેઓની નજર પડી નહી.

થોડીવાર પછી લવજી અને શીરીન મેહરાબવાળા ઓટલા આગલ પાછાં આવ્યાં અને હવે લવજી પણ માંથા ઉપર પાઘડી પેહરીને છુટાં પડવાના અંતની વાતો એટલી મોટે ચલાવવા લાગ્યો કે બચ્ચું અને જમસુ જે પછવાડેથી આવી કટેરાની અડોઅડ એક મોટા ઝાડ પાછલ સંતાયાં હતાં તેમને તે સઘલી વાત સંભળાતી થઈ.

"શીરીન હવે બસ કર," લવજી પોતાના એક હાથે શીરીનનો હાથ પોતાની છાતી આગળ રાખી તથા બીજે હાથે પાછળથી શીરીનનું માથું પસવારી તેને દિલાસો આપતો બોલ્યો "હવે શાનું ના રડ. આજની આ છુપી મુલાકાત શું છેલીબેલી છે કે છુટાં પડતાં તું એટલો ગમ કરેછ? બસ, વ્હાલી શીરીન, મારૂં કહ્યું માન. તારાં આંજુ લુછી નાખ. લાવ હું લુછું."

અલબતાં, લવજી આ સખુનોમાં જે છુપી મુલાકાત વિષે ધીરજ આપેછે તે દોલી સાથ થયલી આજની મુલાકાત છે, પણ બચ્ચું તો એમજ સમજેછે કે લવજી પોતાની મુલાકાત વિષે બોલેછે! તે પોતાની આ મુલાકાતને પોતાને મોહડેજ "છુપી" કેહેછે! વળી એ "છેલી નથી" એમ ધીરજ આપેછે! છેલ પોતાને હાથે "વ્હાલી શીરીન" નાં આંજુ લુછેછે!

આ દિલાસા ભરેલી અરજથી શીરીન ઉપર અસર થયલી જણાઈ. "લવજી મને માફ કરો. હું ફરીથી આંજુ નહી પાડીશ." તે બોલી "તમોને મારી ખાતર આજે ઘણી તસદી પડીછ, તમે મારી ખાતર આજની મેજબાનીની મોજ ખોઈછ, મારી ખાતર આજે તમે તમારી બચ્ચુંનું પ્યાર

બચ્ચું પાસું છોડી આવ્યોછ. તે સઘલું માફ કરજે. ને આજે મેં તમોને રોકી રાખવા માટે અગરજો બચ્ચું તમારી ઉપર ખફા થાય તો મારી ખાતર તેને સમજાવી લેજે. લવજી, આમ મોડા ઘેર જવા માટે તમે બચ્ચું આગળ બાહનું શું કાહાડશો?"

આ ભયાનક શબ્દોની કાનપર પડેલી ભનકે હવે તો બચ્ચુંને એટલી ભડકાવી કે ગોયા તે જીવપર આવી ગઇ. લવજી તેને માટે શું બાહનું ગોહવી કાહાડેછે તે જાણવાને આતુરતાની આગથી તે એટલી તો તતપરતામાં તલશી થઇ કે તુર્તજ જમસુ જે કટેરા ઉપર ચહડયો હતો તેનો દાખલો પકડી તેની મદદથી બચ્ચું પણ કટેરા ઉપર પગ ટેકવીને ચહડી. અને હવે આ સઘલો તમાસો તેને બરાબર દીસવા લાગ્યો, એટલુંજ નહી પણ જમસુ તેને બતાવવા લાગ્યો અને તેને બરાબર બતાવીને ઇર્ષાનાં બળતામાં તેને વધારે બાલી શકયો.

"બચ્ચું તો મેજબાનીમાં ગઇછ, ત્યાંથી હજી પાછી આવી નહી હશે." લવજીએ બચ્ચુંને બોલબોલ સંભળાતી વાત ચલાવી. "ખોદાની બક્ષેશથી 'શીરીન' તારા બાવા પણ આજે ત્યાંજ રોકાઇ પડવાથી આપણને ધારેલી નેક મુરાદ બર લાવવાની સારી તક મળી ગઇછ, અને ત્યાંજ સારાં ભાગ્યે બચ્ચું પણ રોકાઇછે."

"પણ તમે ઘેર જશો તેની અગાઉ આવી હશે ત્યારે? અને તમે આજે મેજબાનીમાં તો ગયા નથી ત્યારે એટલા મોડા કયાં ગયા હતા તે પુછશે ત્યારે?"

"એ મને પુછે તેવી નથી, પણ પુછશે તો હું એને સમજાવી લઇશ. ઘણે વરશે ઘેરમાં એક વખતે મોડો ગયો તો શું મુજાખો છે? હું દરરોજ ઘેરમાં બૈરીની સાથેનો સાથે રહુંછું તે મારાં હમાયજીને તો મુદલ ગમતુંબી નથી."

આ પ્રમાણે વાતો કરી લવજી શીરીનથી છુટો પડયો. અને બચ્ચું જોતી હતી કે શીરીનનું રડવું હજી બંધ પડયું નહી હતું.

તેનું આ રડવું તેના જ્હાલા ભાઇ સારૂ હતું જે ભાઇનો છુટકારો કરવાની છુપી આગથી તે બળેછે તે ભાઇને છોડવવાની આશા છેક નજદીક આવ્યા પછી પાછી દુર ગઇછે. હુશેનશાહનો જે ખરો ખુની ઘેર બેઠાં હાથ આવેલો તે ધારતી હતી તે તો કોઇ બેગુનાહ માણસ નીકલી આવ્યો છે. એ દુખ, એ નાશફુળતા, એ નાસિપાસી તેને રડાવેછે!

કેવી નિર્દોશ બેહન! કેવી નિર્દોશ મુલાકાતો! કેવી નિર્દોશ વાતો! અને તોપણ જેઓ પેહલેથી નહી સમજે તેઓને મન કેવી ગુનાહભરેલી વાતો!

"ઓ ખોદા! આ ફાટી મુઇ દદા મારા મુર્ખ માટીને શું શું સમજાવેછ!" બચ્ચું પોતાની ફાટ ફાટ થતી છાતીએ છુપી હાય મારવા લાગી. "ઓ! આ ફુટેલી બુધ્ધીનો માણસ આજની આ 'છુપી મુલાકાત'માં પોતાની પાપી મુરાદને 'નેક મુરાદ' ગણેછ અને એ વખતે જેમ મને તે દુર કરી શકયો તેમજ એ કનીજ કાબાનો બાપ દુર ગયલોછે તે ઉપર ખુશી થાયછ, અને મને ઉડાવવાનાં બાંહનાં શોધેછ! આ પાપ જોવા અગાઉ મારી આંખ્યો ફુટી કાં નહીં ગઇ! ઓ ભાઇ જમસુ! તું આ ઘડી મારો જીવ લે તો હું કેવી સુખી ગણાઉં! ઓ! આ ગજબનાક દગાબાજીમાંથી હું કયાં નાસું! ઓ હું કોણનો આશરો માગું! કયાં જાઉં! તોબા! તોબા!"

કમબખ્ત બચ્ચું પોતાની છુપાયલી જગ્યામાં આમ કરૂણાકારક કળપાંતથી પોતાનું કપાળ કુટતી અને બાલો પીંખતી માહેતમમાં ગીરફતાર થઇ હતી, ત્યારે નિર્દોશ લવજી એક ખરેખરૂં નેક કામ બજાલાવવાની ખુશીભરી ઉલટમાં ઝડપથી પોતાના ઘરનો રસતો લઇ ચુકયો હતો.

"બચ્ચુંબાઇ, એમ નાદાની ના કર." તેને દીલાસો દેવાને બાહને હવે જમસુ તેની સાથ એવી છુટથી વાતો કરવા લાગ્યો કે જે છુટભરેલું બોલવું બચ્ચું બીજી કોઇ વખત ચાલવા નહી દેત. "બચ્ચું, મારી

વ્હાલી બેહેન, જો તારો લવજી અત્યારમાં તો ઘેરનો રસતો લઈ ચુકયોછ, વાસતે આપણે તેની અગાઉ ઘેર પોંહોંચી જવું જોઇયે."

"મારો લવજી? મારો શાનો? મારો કેમ?" બચ્ચું હાય મારતી જોસમાં આવી બોલી "એને આજ્વેર મેં મારો અને મારોજ કરી ગણ્યો, પણ એણે મને પોતાની ગણી નથી. ઓ! એ તો બીજીનો થયોછ, અને એ બીજીની તેજ કે જેનો એ એકવાર કબુલાયલો હતો અને જેની સાથની પોતાની આગળી મોહોબત છુપાવી મારા સખી નિર્દોશને એણે લગનમાં ફસાવી!"

"પણ તે વાત અંહીજ કે? રસતામાં! બચ્ચુંબાઇ!" જમસુ લગાર ઠપકો દઈ બોલ્યો. પણ તેવામાં અચબુચ નજર પડવાથી તેણે દેખાડયું. "ઉભી રેહ બચ્ચું! પેલે સામેને રસતેથી એક ભાડુતી ગાડી જતી દેખાયછ તેને પકડી લાવું."

જે મેદાનમાં તેઓ ફરતાં હતાં તે મેદાનને બીજે નાકે દુરથી એક ગાડી દેખાઇ. તે ભાડુતી હતી. જમસુ તે બચ્ચુંને માટે લેવા દોડયો.

થોડી મીનીટ પછી તે પાછો આવ્યો, પણ ગભરાતો અને હાંફતો હતો. પેલી ગાડી ભાડુતી હતી, પણ ખાલી નહી હતી. જમસુ તેને થોભાવા ઘણું દોડયો પણ તે થોભી નહી. માટે દોડતો પાછો બચ્ચું આગળ આવ્યો અને એ કારણથી બચ્ચું સમજી કે તે હાંફેછે. પણ તે હાંફવાનું કારણ જુદુંજ હતું.

હવે તો પગ ઉઠાવીને ચાલવુંજ જોઇયે. પણ પાક દામાન બચ્ચુંના દુખી દેમાગ ઉપર એટલો બોજો આવી પડયો કે તેનામાં ચાલ્વાની શક્તિ રહી નહી હતી. તે જારમેજાર રડતી, ઘસડાતી ચાલતી હતી. લવજીની આગમચ પોતાને ઘેર પોંહોંચવાને તે ફિકરમંદ થઈ. લવજી છેક આગળ નીકળી ગયલો હતો અને તેથી બચ્ચુંને પણ જવાની ઉતાવલ થઇ હતી.

થોડુંક સુધી ચાલ્યા પછી વળી એક બીજું કૌતુક બન્યું, જેથી લવજી પોતાની મેલેજ પછાત રહી ગયો.

પછવાડેથી કોઈ માણસ દોડતું આવવાનાં પગલાં સંભળાયાં. કોઇ "લવજી! ઓ લવજી! ઉભા રહો!" એમ સાદ મારી લવજીને ઉભું રાખતું આવતું હતું.

બચ્ચું અને જમસુ બંનેએ શીરીનનો અવાજ પીછાણ્યો. તેઓ પાછાં એક ઝાડ પછવાડે છુપાઈ ગયાં.

તુર્તજ તેઓની નજદીકથી શીરીન ઘણી ઝડપથી દોડતી લવજી તરફ પસાર થઈ ગઈ. તે ઘણા ગભરાટમાં હતી. તે ઘસારામાં જતી હતી. તેણે પોતાની સપાટ પોતાના હાથમાં લીધી હતી અને ઉઘાડે પગે દોડતી હતી. તે આસપાસ કશું જોતી નહી હતી. તેનું સઘલું ધ્યાન ચંદનીમાં દુરથી દીસતા લવજીના ઝાંખા આકાર ઉપર જડેલું હતું.

તેના સાદથી લવજી ઉભો રહી સામો મળવા પાછો ફર્યો અને બચ્ચુંએ જોયું કે શીરીન લવજીને પાછી તેડી લાવી પોતાના ઘેર તરફ લઈ ગઈ. લવજી પાછો જવાને જાજો ખુશી નહી હતો, પણ શીરીન તેને લગભગ ઘસડી જતી હતી. શીરીન તદન દીવાની, બાવરી બની હતી. તેનું માથુંબાનું સઘલું છુટી ગયું હતું અને સોડ નીકલી જતી હતી તે ઘડીએ ઘડી ઉંચી કરવા જેટલીજ માત્ર શીરીનની શુધ્ધિ રહી હતી. પણ આ સઘલી હાલત ઉપર શીરીનની દયા કરવાને બદલે લવજી સામો હસતો જતો હતો.

શો તમાસો!

તેમની પુઠે જવાને જમસુએ એકવાર પાછું મન કીધું. પણ આ જાસુસપણું વધારે જારી રાખવાને હવે બચ્ચુંએ ના પાડી. "હવે મારી ખાતરી થઇ કે મારો વર સઘળો આ કુટીલ પાપીણિ પાછળ રોકાઈ રહયોછ એટલે હવે અંહી વધારે રોકાવાનું કારણ શું? તેના કરતાં તો લવજીની આગમચ ઘેર જઇ પોંહોંચવાનું ભલું."

બચ્ચું જમસુની સહાયતા તલે પોતાના મોટી ફાસટલમાં ગઇ અને લવજી એકવાર પાછો શીરીન સાથે હીરાભોગીના બંગલા તરફ ગયો.

પ્રકરણ ૧૫ મું.

બચુંનો પવન.

દોલીથી છુટી પડ્યા પછી પોતાના ઓટલાના મેહરાબ તલે નાસિપાસીથી રડતી શીરીન ઘેરની અંદર જવાને ફરી હતી તેવામાંજ સામેથી વળી એક માણસનો ઓળો નજરે પડયો, જે શીરીનને સીપટી મારી ઈસારત કરતો હતો.

શો ચમતકાર! આ તો દોલીનીજ ઈશારત હતી! શું તે પાછો ફર્યો કે? હા, તેજ હતો. શીરીન તુર્તજ દોડી જઇ દોલીને પાછી બાગમાં તેડી લાવી "કેમ દોલી? શું છે? જવા ગમતું નથી?"

દોલીથી બોલાતું નહી હતું. તે દોડતો આવેલો હતો. તે તુર્તજ બાગમાં ફસડાઈ પડયો અને જરા દમ ખાધા પછીજ બોલવા પામ્યો.

"શીરીન! શીરીન! મેં તે કરપીણ ગુનેહગારને દીઠોછ."

"કોણને? પેસુને?"

"હા. પેસુ લવંગિયો. તેને પોતાને મેં દીઠોછ. તે ખચીત પુણે આવેલોછે. મેં પેસુને ખચીત જોયો."

"તે પુણે આવેલોછે, ને તેં તેને દીઠોછ તે તો હુંબી જાણુંછ, દોલી." શીરીને તેની ભૂલ ભાંજી. "પણ તું ભુલેછ કેમ ભાઈ, કે તેં તેને પીછાણ્યો નથી? અમે પોતે તુંને તેની સાથ મોહડે મોહડું મેળવ્યો ત્યારે તેં કહ્યું કે એ પેસુ લવંગિયો ખરો નથી."

"તે તો નહીજ. હું તેને વાસતે કયાં કહુંછ?" દોલી અધીરાઇ બતાવા લાગ્યો. "જેને મેં સાંજે જોયો તે નહી. પણ ખરો ખુની, ખરો પેસુ લવંગિયો મને ત્યારપછી હમણાજ મળ્યોછ."

"ભાઈ, એ શું બકેછ? ત્યારે તો માયજીનું સ્વપ્નું બોલબોલ ખરૂં પડયું?"

"ખરૂં કહુંછ બેહેન. તારીથી હમણા છુટો પડી અંહીથી જતો હતો તેવામાં અંહીજ, મેદાનને પેલે નાકે, સામેના રસતા ઉપર એક ભાડુતી ગાડીની પછવાડ દોડતો મેં પેસુ લવંગિયાને દીઠો અને તેવોજ હું તુંને ખબર કરવા પાછો દોડી આવ્યો."

"અરે! ત્યારે તો ઉભો રેહ. હું લવજીને તેડી લાવું. આપણો એ બેરખાહ હમણાજ અંહીથી ગયોછ. એને આ વાત કેહવી જોઇયે. વાર લાગશે તો એ ઘેર ચાલી જશે. તું ઉભો રેહ. સામા કોઈ માણસો જાયછ, માટે દોલી, તું સંતાઈ રેહ, હું લવજીને રસતામાં પકડી પાડીશ ને અંહી બોલાવી લાવીશ."

એ રીતે લવજીને બોલાવા શીરીન દોડી. તે સમીસાંજથી ઘેરમાં હતી એટલે સપાટ ઉપર હતી, પણ સપાટ સાથ તેનાથી દોડાતું નહી હતું, માટે જલદીથી દોડી પોંહોંચવા તેણે સપાટ હાથમાં લીધી હતી અને ઉઘાડે પગે જીવ લઇને લવજીની પછવાડે દોડી હતી.

દોલી જે ખબર લાવ્યો તે આ સર્વ ઉતાવલને લાયકની હતી. ખરો ખુની પુણામાં છે અને દોલીએજ તેને ઓળખ્યોછે એ જેવી તેવી વાત નહી હતી. માટે રખે તેનો આકલો બાપ રસતામાં સામો મળે, રખે કોઈ કાંઇ બદશુખન બઈ જાય તેની કશી દરકાર ન કરતાં, અબલા જાતીનો સર્વ અંદાજો ભુલી જઇને, લવજીને આ ખબર ઉપર તેડી લાવવા તેણે શુધબુધ ખોહી ઘેલીની પેરે જીપલું દીધું હતું.

તેને દીવાનાપણામાં દોડતી જોઈ લવજી અચરત થઈ ગયો. પણ શીરીને તેની એકદમ અગમચેતી બતાવી કે "લવજી, હું કાંઈ ઘેલી નથી. હું તુંને તેડવા આવીછ. પાછો આવ, દોલી આપણને છોડી જવા પછી પાછો ફર્યોછ. ખરો પેસુ લવંગિયો તેને મળ્યોછ. દોલી તેને જોઈ આવ્યોછ અને આપણને કેહવા માગેછ."

લવજી તુર્તજ પાછો ગયો અને દોલીએ, બાગમાં જ્યાં સંતાયલો હતો ત્યાંથી બાહાર નીકલી ખરા ખુનીની હકીકત જે પોતાની

બ્હેનને કહી હતી તે લવજીને પાછી કહી સંભળાવી.

"કેવી અજાયબીની વાત!" લવજી જરા શક બતાવી બોલ્યો. "દોલી મેં મારી આશ્રમમાં જે ધણી તને લાવી દેખાડયો તે સિવાય પેસુ લવંગિયા નામનો બીજો કોઈ શખ્સ આ તરફ વસતો નથી."

"તેથી શું થયું? જે ગૃહસ્થને તમે આજે ઓળખાવ્યો તે ખરો ખુની નથી, વાસતે જેને મેં હમણાં દીઠો તે પણ ખુની નહી હરે એમ શું તમે કેહવા માગોછ, લવજીભાઈ? કદાચ પેસુ લવંગિયા નામનો બીજો કોઈ શખ્સ તમે ઓળખતા નહી હશો. કદાચ તે પોતે અહી કોઈ બીજા ખોટાં નામથી ફરતો હશે. કદાચ તેણે ખુનની વખતે પેસુ લવંગિયો કરી પોતાનું નામ રાખ્યું તે ખોટું હશે. પણ તે ધણીને તો મેં દીઠો ને ફર દીઠો."

"તારા ધ્યાનમાં તે ધણી ઘડી ઘડી આવ્યા કરેછ," લવજીએ યાદ આપી "માટે કોઈ બીજાઓને તું તેજ ધારે એમાં શી નવાઈ છે, દોલી?"

"તોબાહ! હું કોઈ ખોટાને દેખાડુંખી?" દોલી બચાવ કરવા લાગ્યો. "ખ્યાલ શું? મારાં મનમાં તેની પકી સુરત એવી ઠસી ગયલીછે કે એક લાખ માણસોમાંથી હું તેને ઓળખી શકું. તમેજ વિચારોની કે કોઈ ભલતાનેજ હું માત્ર ખોટા ખ્યાલથી ખરા ખુની દાખલ થોકી બેસાડવાનો હોવું તો આજે પેસુ લવંગિયાનેજ તમે દેખાડયો તેનેજ હું કાં ગલે નહી પડું? ના—ના. જેને ઓળખવાનો છે તેનેજ મેં ઓળખ્યોછ. હું કસમ ખાઉંછ કે તેજ ખરો ખુની છે અને તેજ પુણે આવ્યોછ."

"તેં તેને કેમ દીઠો દોલી?"

"તમને છોડી જવા પછી મેદાનને પેલે નાકે ઝાડોનો જુમખો દેખાયછની તેના છાયડામાં છુપાઈને હું જતો હતો અને સામા રસતા ઉપર વલુંછ તેવામાં તે રસતા ઉપરથી પાછો ફરતો તે મારી સામેજ આવી ગયો. મેં તેને એકદમ ઓળખ્યો મારાથી એક ચીસ પણ પડાઈ ગઈ. તેણે મને ઓળખ્યો હોય એમ મને લાગ્યું કેમકે મને જોતાં વારજ તે બીધો અને એકદમ નાશી ગયો."

કદાચ તુંને ઓળખ્યા વગર તારા કદરૂપા દેખાવ અને પેહેરવાસથી તે બીધો હશે."

"નહી, મારી ખાતરી છે કે તેણે મને ઓળખ્યોછ. મારી મરજી થઈ કે તેની પછવાડે દોડું, હુશેનશાહના ખુની દાખલ તેનો ટોટો પીસું અને તેને અહી ઘસડી લાવું. પણ મારી છાતી ચાલી નહી. મારા હંમેશાના બીચક્રારાપણાએ તેને નાસવા દીધો. હું અસલથીજ બીચકારો છું કેની? હું પોતાને વિષે બીધો. ખરા ખુનીને બદલે રખે હું માર્યો જાઉં—હું એને પકડાઉં તેને બદલે રખે એ મને પકડાવે તેની મને ફિકર પડી. હું ધડકતાં દીલની ધ્રુજારીથી ધાસતી ખાઈ બેઠો. કદાચ મને તે ત્યાંજ મારી નાખત. જેણે એક ખુન કીધું તે બીજુંબી કરે."

"વારૂં કાંઈ નહી, પણ દોલી હવે તો તું અહીજ રેહ." લવજીએ દરખાસ્ત કીધી. "આ નવી શોધ પછી હવે તારૂં કામ પડશે, વાસતે જ્યારે ખરો ખુની પુણે આવ્યોછ ત્યારે તું આગળનો આગળ રેહવો જોઈશે. તુંને છુપો રાખીશું. કોઈ જાણશે નહી. કોઈ ઓળખશે નહી. પણ તારા વગર અમારૂં કામ આગળ ચાલી શકશે નહી."

"મારાથી તો નહી રેહવાય. હું નાહક માર્યો જઈશ."

"તું બીહ ના. એક બે દહાડાબી થોભ." લવજીએ તેને ઘણો સમજાવ્યો. "કદાચ તું તેને ફરીથી જોશે. તુંને તેની છુપી તજવીજમાં રાખીશું."

દોલીને એકવાર દેહસ્ત પેઠેલી તે નીકલી નહી. તે ખુનીનો આ નવો પત્તો આપીને ધરાયો. તેણે વધારે રેહવાને સાફ ના પાડી. "મારી ખાતરી છે કે એ ખુનીએ મને પણ ઓળખ્યોછ. મને એકદમ નાહાસવા દેવો." આમ કહી, દોલી નાહઠો. લવજીની ઘણી બોહોંસથી તે એટલુંજ સમજ્યો કે

કાંઈ કામ પડે તો તુર્ત લખી વાલવા માટે પોતાના બાહારગામ ભરાઈ બેસવાના ઠેકાણાનું છુપું સરનામું આપી ગયો.

દોલી છુટો પડ્યા પછી લવજી પોતાને ઘેર જવા નીકળ્યો. પણ વળી તેને યાદ આવ્યું કે મેહેલાશાહને ત્યાંની મેજબાનીમાં તેની બાયડી બચું ગયલીછે ત્યાંજ તેને લેવા પોતે પણ જવું બેહેતર છે. તેનાથી બાયડીને મેળવા નહી જવાયું તો તેને લેવા તો જાય. એવી ખાહેશથી ઘેર જવાનો વિચાર ફેરવી તે મેહેલાશાહને ત્યાં ગયો.

મેજબાનીમાં ખાનાપીના અને નાચરંગની શરાબી મસતી અને મોજ પુર બાહારમાં ચાલી રહી હતી. આવો મોડો તો મોડો તોપણ અંતે લવજી તેને માન આપવા આવ્યો તે જોઇને મેહેલાશાહ અને તેના મેમાનો સઘલા ખુશી થયા.

દીનમાયનો જમસુ પણ ત્યાં હતો. શીરીનના દરવાજા ઉપરનાં છુપાં જાસુસપણાથી ફારેગ થઈ બચુંને તેને ઘેર મુક્યા પછી તે નાચમાં પાછો ગયો હતો.

લવજીએ પોતાની અતિ અગત્યની રોકાણ અને ગેરહાજરીને માટે મેહેલાશાહની દરગુજર ચાહી. પણ જ્યારે તેની બચું તેને માટે થોભી નહી હતી અને તેના અતરે આવ્યાની એક કલાક આગમચનીજ તે પોતાને ઘેર ગઈ હતી, ત્યારે લવજી પોતે એટલો થાકેલો હતો કે પોતે પણ ઘેર જવા તૈયાર થયો.

મેહેબાશાહે અને બીજા દોસતોએ રેહવાની તેને ઘણી ખાહેસ કીધી, પણ ચંપીનનાં એક ગલાસમાં એ શેઠની સલામતી લઈ, સર્વેને રાજી કરી લવજી પાછો પોતાને ઘેર ગયો.

તે મોહો કાસટલમાં પોહોંચ્યો ત્યારે બાર વાગી ગયલા હતા. પણ લવજી જુવેછે તો બચું હજી જાગતી હતી અને પોતાના બેસવાના ઓરડાના એક ખુણામાં ટેબલ ઉપર ઝાંખી બતી આગળ લખતી બેઠી હતી.

લવજી આવતાંની વાર તેની પાસે ગયો. "પ્યારી બચું, હજી જાગેછ? મેહેલાશાહને ત્યાં મોજ કરી આવી કે? ક્યારે આવી? સારીપેઠે મજાહ પડીતી કે?" એવા ઘણાક સવાલો લવજીએ સુતા આગાઉ ડગલો પાઘડી ઉતારતાં પુછ્યા.

બચુંએ ગરમ મિજાજ સાથ આ દરએક સવાલના તુંડા, તોછડા, ટુકા જવાબ વાલ્યા અને તેબી લખતાં લખતાંજ.

"પણ એ લખેછ શું? અત્યારે તે લખવાનું હોય કે? કેમ હજી સુતી નથી?"

"પછી સુઇશ. હમણાં તો મને ઉંઘ આવતી નથી." બચુંએ પતાવી દીધું.

"પણ, બા, મને તો ઘણી ઉંઘ આવેછ. હું તો તદન થાકી ગયોછ."

"કેમ થાકી ગયા? તમે એટલા મોડા ક્યાંથી આવ્યા?" બચુંએ લખવામાંજ ટોકું રાખી પોતાના વર તરફ જરાબી જોયા વગર વેહેમના વમાસણથી પુછ્યું.

લવજી હજીબી કાંઇ ખરૂં કબુલ કરેછે? હજીબી કાંઈ પોતાની ચાલનો પસતાવો કરેછે? તેનું માજનું જોવાના બચુંના આ સવાલો હતા.

પણ નહી. લવજી તો જે કાંઈ બચું જાણતી હતી તેથી ઉલટુંજ બોલ્યો—બચું સમજી કે વધારે જુઠું ઉડાવનારૂં બોલ્યો.

"તમે અત્યારે ક્યાંથી આવ્યા?" તેના જવાબમાં લવજીએ કહ્યું કે "હું તો મેહેલાશાહ શેઠને ત્યાંથી આવ્યો."

"મેજબાનીમાંથી?" બચુંએ પાછી અચરતી બતાવી. "તમે તો બાહાર કામે ગયાતાની?"

"હા. અને કામ પુરૂં થયા પછી હું ત્યાં ગયો."

"પણ હું દસ વાગતે નીકળી ત્યાં લગીન તમે નહી આવેલા હતા?"

"હું મોડેથી ગયો અને તુને લેવાજ ગયો હતો. પણ તું તો આવી ચુકેલી એટલે હું પાછો ફર્યો."

શું આ વાત કદી બચુંના માનવામાંબી આવે? તે ચુપ રહી. તેણે પાછું લખવાનું ડોળ ઘાલ્યું. પણ પોતાના ભરતારનો એમાંનો એક હરફ તેણે માન્યો નહી. લવજી—તેનો લવ—કેવું હડહડતું જુઠું બોલેછે, કેવાં ખોટાં

બાહનાથી તેને ઉડાવેછે, એ ધિકારથી તેના હાથ ધ્રુજવા લગ્યા.

લવજી આજની પાક મેહેનતથી બરેબર થાકેલો હતો. તે સુવા જવા આગમચ પોતાની વ્હાલી માહબુબ જ્યાં લખવા બેઠી હતી ત્યાં ગયો અને પીઠ તરફથી માથું વાંકું કરી તે બચુંના ગેલાબી રૂખ્સાર ઉપર એક બોસો લેવા ગયો. પણ લવજીના હોઠ અને પોતાના ગાલ વચ્ચે બચુંએ આડો હાથ કરી—પેહલવેહલીજ વાર—પોતાના વ્હાલા ભર્તારનાં ડોકાંને તીરસ્કાર સાથ ખસેડી નાખ્યું.

લવજી સમજ્યો કે મેજબાનીમાં તે એની સાથે નહી ગયો તેથી એ રીસાઇછે. લવજી ગુસાનો બદલો ગુસાથી વાલે એવો નહી હતો. તે બચુંને જેટલો ચાહતો હતો તેટલોજ માયાલુપણે તેનો ગુસો માફ કરતો હતો. તે સમજતો હતો કે "હું એની સાથ જવાની કબુલાત આપી છેલી ઘડીએ નહી ગયો તેમાં એને ગુસે થવાનું મેં કારણ આપ્યુંછ."

વાસતે પોતે સુવા જવા અગાઉ એ ખાલેશ દીલના ખાવિંદે બચુંનો બરડો થોકી એટલીજ ધમકાવી કે "છટ! ગેંડી છોકરી, એટલાંને વાસતે રીસાઈ બેઠીછ! બચું, હું તારી સાથ નહી આવ્યો એમાં મારો વાંક નથી. મને ગેરહાજર રેહવા વિના ચાલેજ નહી એટલું અગતનું કામ હતું. પણ હમણા તેની વાત નહી. હું તુને સહવારે સમજાવીશ."

આમ કહી લવજી સુવા ગયો. પણ શું એમાંનો એક બોલબી બચુંના માનવામાં આવે? હું સહુ જાણુંછું એવા તીરસ્કારની ઢબે તે મનમાંજ જરા હસી અને પાછી લખતી થઈ.

બચુંના ખીજવાટનો ખ્યાલ ન કરતાં, તેને હજી લખતી મેળીને, લવજી પોતાના નિર્દોશપણાના નિર્શંકપણાથી નિંદમાં પડયો અને નચિત નફકરાપણામાં તુર્તજ ઉંઘી ગયો. તેને શાની ફિકર? તેને શાનું દુઃખ? તેના મનમાં જરા શકબી હતો?

પણ બચુંએ પોતાને ઉંઘ નહી આવવાની કરેલી ફરિયાદ ખોટી નહી હતી. તે આમખ્યા આજે જાગરણ કરતી હતી, તે પોતાના પતિને પોઢી જવાની વાટ માત્ર જોતી હતી. તે કેવારની લખી રહી હતી. માટે જેવો લવજી સુતો તેવીજ તે લખવાની ટેબલ આગળથી ઉઠી અને જ્યાં નિમકહલાલ દાસી અમીના હજી લચકાયલા પગથી દુખી સુતેલી હતી તે ઓરડામાં ગઈ.

અમીના તેનાં પગલાંથીજ ભડકી ઉઠી અને પોતાના બિછાના આગળ પોતાની બાઈ બચુંને ઉભેલી જોઈ ઘભરાટમાં ઉઠી બેઠી. "બાઈ, બાઈ કેમ? હજી ઉંઘચાં નથી? કાંઇ જીવને સારૂં નથી?" તેણે પુછયું.

"હા, અમીના, જીવને નથી ગમતું. મુઈ હું! મને ઉંઘ નથી આવતી. હું કંગાલ બનીછ." બચુંએ ઘણુંજ દુખી ચેહરે હલુસે જવાબ દીધો. "અમીના હું તારી પાસેથી એક વચન લેવા આવીછ."

"વળી શાનું વચન?" અમીના બોલી. એક વખત તો તેની શેઠાણીએ એજ પ્રમાણે તેનું વચન લીધું હતું.

"અમીના, તું સોગંદ ખા કે જો મને કાંઈ કશું થાય તો તેં મારાં બચ્ચાંની સાથે મોદી કાસટલમાંજ રેહવું અને આંહીથી કદી જવું નહી."

અમીના દયાઇને જોવા લાગી કે મધરાતની વખતે બચુંને વળી એકાએક શું પવન થઈ આવ્યો.

"અમીના, તું શું ના પાડેછ? તું વચન નથી આપવાની?" તેને ચુપ જોઈ બચું રડવા લાગી. "આગળની તું મને કબુલ થઈ ચુકીછ, તેજ કરાર હું મજબુત કરવા માગુંછ."

"હું કબુલ થાઉંછ, થાઉંછ" અમીના ગભરાઇને હા કહી પડી. "હું સોગંદ લઉંછ કે તમારાં બચ્ચાં તે મારાં બચ્ચાં સરખાં છે અને હું તેમને કદી છોડીશ નહી. પણ બાઈ તમને શું છે? મને કહો."

"કાંઈ નહી, કાંઈ નહી. બસ હવે સુઇજા." એમ કહી બચું ચાલી ગઈ અને તરેહવાર અટકલો બાંધતી બાંધતી અમીનાને પાછી ઉંઘ આવી ગઈ.

પ્રકરણ ૧૯ મું.

કુવો—જહાનમનો કુવો.

પાછલી રાત્રે લવજી અચબુચ જાગી ઉઠયો, તેણે ઉઠીને જોયું તો બચુંનો છત્રપલંગ ખાલી હતો. બલકે પલંગ જેવો પેહલી રાત્રે બીછાવેલો હતો તેવોજ તે જરા પણ ઓલાયા વગરનો બીછાવેલો હતો. લવજીએ જોયું કે બચું આજે તે પલંગ ઉપર સુવા ગઈજ નથી.

તે ક્યાં ગઇ? શું હજી તેને ઉંઘ આવતીજ નથી? શું હજી લખ્યાજ કરેછે? આ સવાલો લવજીના મનમાં ઉભા થયા. તેણે ઘડિયાલ જોયું. સાડા ત્રણ વાગેલા હતા. લવજી તુર્તજ ઘભરાઇ ઉઠયો અને બચુંના લખવાના ઓરડા ભણી ગયો. બારણું ઉઘાડું હતું, પણ અંદર સઘલું અંધારૂં હતું. કદાચ બચું લખતાં લખતાં ત્યાંજ ઉંઘી ગઇ હોય અને બતી બુજવાઈ ગઇ હોય.

"બચું! બચું!" લવજીએ હલુસે હાંક મારી. પણ જવાબ મળ્યો નહી. લવજી પોતાના ઓરડામાંથી બતી લાવી પાછો લખવાના ઓરડામાં ગયો.

નહી. બચું ત્યાં નહી હતી. તે પોતાને લગતા એકમાંથી બીજા ને બીજામાંથી ત્રીજા એમ સઘલા ઓરડા જોઈ વલ્યો પણ બચું મળી નહી.

લવજી હમાયજીના ઓરડામાં ગયો. હમાયજીની ઉંઘ ઘણી ખરાબ હતી. જેમ કુતરાના જેવું તેવણનું મિજાજ હતું, તેમ ચોકીદાર કુતરાના જેવીજ તેવણની ઊંઘ પણ હતી. "એ કોણ છે? કોણ છે?" કરતાં તેવણ, હજી તો લવજી ઓરડામાં આવે તે અગાઉ, તેનાં પગલાંથીજ ભભરીને ઉઠયાં.

"એ તો હું લવજી છું, બેહેન." લવજીએ તુર્તજ જવાબ દીધો.

"લવજી! તો ગોટી નીકળ્યો એમ ચોરની પેઠે આવીને મારી ઊંઘ કાંએ ચોરી જતો હશે?" હમાયજીએ તેને ધમકાવ્યો. "કેમ? શું છે? કોઈ શીક બીક છે કે?"

"કાંઈ નહી, કાંઈ નહી. એ તો હું બચુંને જોવા આવ્યોછ. એ કેથે જણાતી નથી."

"કેથે નથી? કયાં ગઈ? મેહલાશાહને ત્યાંની મેજબાનીમાંજ રહી હશે."

"ત્યાંથી તો મારી અગાઉની આવી." લવજી શોધ કરતો બોલ્યો "વખતે તમારા ઓરડામાંજ ઊંઘી ગઇ હોય."

"પણ વાગ્યા કેટલા?"

"સાડા ત્રણ થયા ને એનું બિછાનું જરા ઓલાયું નથી." લવજી ફિકરમંદ દીલથી બોલ્યો, "નથી અંહી કે નથી લખવાના ઓરડામાં, નથી છોકરાં પાસે કે નથી દિવાનખાનામાં, ત્યારે કયાં હશે?"

"હું કહું, હું કહું," હમાયજીએ તુર્તજ તરક મારી. "એ છોકરી અમીના પાસે ગઈ હશે. હમણાજ અમીનાના ઓરડામાં ગડબંડ સંભળાતીતી ને કોઈ વાત કરતુંતું. હું ધારૂંછ કે અમીનાના પગમાં પાછી કલતર ચાલીછ ને બચું તેને ભરચોપડ કરવા ગઇછ."

લવજી તુર્તજ અમીનાના ઓરડામાં ગયો, પણ ત્યાં તો સઘલું અંધારૂં હતું અને અમીના ભર ઊંઘમાં પડેલી હતી. તે બિચારી આજારી આયાને જગાડવાનું થીક નહી હતું. બચું કયાં છે તે એ શું જાણે? પણ તોબી લવજીએ દલગીરી સાથ તેને જગાડી.

અમીના પણ ભડકી ઉઠી. બચું તેને મધરાત્રે મળી જવા પછી તે બચુંનુંજ સવપ્નું જોતી હતી. બચું મોતની ભખી ખાધેલી જેવી હાલતમાં અમીનાનું જે ભયભરેલું વચન લઈ ગઇ તેના ખ્યાલમાં ને ખ્યાલમાં અમીના ખાબ જોતી હતી કે બચુંએ જાણે કુવો પુરી આપઘાત કીધોછે અને લવજી માહેતમ કરેછે. એ ભયંકાર ખા-

બની અધવચમાંજ લવજીએ તેને બુમ મારી જગાડી કે "અમીના, તારી બાઇ કયાં છે?"

પેહલાં તો અમીનાથી હેબતની મારી કશું બોલી શકાયું નહી.

"અમીના, સાવજ કેમ બની ગઈ?" લવજીએ તેને ધમકાવી પુછયું "તારી બાઈ અંહી છે કે? તેને અંહી તેં દીઠીછ?"

"બાઇ? હા જી." અમીના અચકી અચકીને બીહતાં બીહતાં બોલી "બચુંબાઈ રાતના બાર વાગતે અંહી આવી ગયાંતાં."

"આવીને તુંને જગાડીતી? શું કામ?"

"હા જી. પણ તેવણ સારી પેડે છેની?"

"તે છે કયાં?" લવજીએ પાછું પુછયું. "હું કેવારનો શોધુંછ પણ કેયે બચું મળતી નથી."

અમીના આ શુખનો સાંભળતાંજ રડી પડી. તેને તેનું સ્વપ્નું યાદ આવ્યું, તેનો આબ ખરો લાગ્યો. વળી તેની બાઇનું વચન યાદ આવ્યું, તે વચન વેળાનો તેનો દુખી ચેહરો યાદ આવ્યો. તેણે ખચીત માન્યું કે તેની બાઇએ પોતાનો જીવ આપ્યોછે. નહી તો કે છેલી ભેટ લેવા આવી હોય તેમ તે આજ મધરાત્રે બચ્ચાંની સંભાળનું વચન શા વાસતે લઈ ગઈ?

"અરે શેઠ! શેઠ! બચુંબાઇ કયાં છે?" આ માયાળુ આયા પોકેપોક રડતી બોલી. "બાઇ તો મરી ગઈ! બાઇએ આપઘાત કીધો! જીવ આપ્યો!"

"ચૂપ, ચૂપ, બેવકુફ!" લવજીએ તેને ધમકાવી.

"અરે શેઠ, આજે રાતના બાર વાગતે બાઇ મારા ઓરડામાં આવી ત્યારેજ તે અધમુઈ જેવી હતી તેના ચેહરા ઉપર તેજ વખતે મોતનો પંજો પડેલો હતો."

"દીવાની કેમ બની, અમીના?" લવજીએ ધ્રુજતાં દીલથી પુછયું.

"અરે! મને કેહ જે હું જાવું તો મારી પછવાડે મારાં છોકરાંની જતન લેજે ને તેમને છોડી જતી ના. એમ મને છોકરાંની સંભાળનો હવાલો આપી ગઈ." પોતાના શેઠની ધમકી ઉપર ધ્યાન આપ્યા વિના અમીનાએ માહેતમ જારી રાખી. "મેં પુછયું કે બાઈ તમારા જીવને સારૂં નથી, ત્યારે બોલી કે 'મુઈ હું કંગાલ!' અરે! ખચીત એ કુવો પુરી મુઇ! રે મારી બાઈ! કેવી પાકજાદ! કેવી પરીજાદ! મારી તો બાઈ નહી પણ મા હતી. ઓ બચુંબાઈ! તું કયાં જઈ પડી!"

હવે તો લવજીએ બુમ મારીને રડતી અમીનાને મુગી રાખી. પણ તેના ઘોંગાટથી હવે આખું ઘેર જાગૃત થયું. મેરીયન અને બીજા ચાકર નફરો સઘલા દોડી આવ્યા.

"અમીના ઘેલી થઈછ ઘેલી!" લવજી સઘલાઓને કેહેવા લાગ્યો. "રાતના એણે દારૂ બારૂ પીધોછ કે?"

"શેઠ હું ઘેલી નથી. તમે બાઈની શોધ કરાવો, ને જો તે મળે તો મને ખાસડું મારો." અમીનાએ બચાવ કીધો. "હવે કોઈ કુવા તલાવને તલીએ મળે તેજ તો! તમે એને મુવેલી, સચકેલી જુવો તેજ તો! ઓ! કેવું ભયંકાર દુઃખ! બિચારીએ આ ઘેરમાં આવ્યા પછી ઘણું દુખ ખમ્યું! ઘણો જુલમ વેઠયો ને જ્યારે નહી ખમાયું ત્યારે છોકરા મારે સ્વાધીન આપી પોતાનો જીવ કાહાડયો. અરેરે! એ નમાયાં બચ્ચાંઓનું શું થશે!"

આ કરૂણામય કલ્પાંતથી લવજીની આંખોમાં આંજુ તો આવ્યાં, પણ હજી તેને કાંઇ સમજણ પડી નહી. બચુંનું દુઃખ શું? જુલમ શું? પણ ખોલાસો દુર નહી હતો. અમીનાએ પુછયા વગરજ તે ખોલાસો કીધો.

"હમાયજી બાઈ, તું આવી કે?" હમાયજી પણ તુર્ત દોડી આવ્યાં ત્યારે અમીના ઝનુનમાં આવીને બોલી "અરેરે! મેં એ મોટી બાઇને કેટલી વખત વારી કે તું બચુંબાઈપર જુલમ ના કર, પણ એ મોટી બાઇ નહી સમજી. હવે અંતે તેનો જીવ લઇને રહી? તે બિચારીનું આ થંડી ભોંયપર મુડદું જોઇને હવે હમાયજી બાઈ રડશે તે શા ખપનું! શેઠ, શેઠ, તમે તો બાઇને ઘણું સુખ આપ્યું, પણ હમાયજીએ

તેને રીબાવી રીબાવીને રાખી ને અંતે એ જુલમથી તેણે જીવ આપ્યો!"

હમાયજીની ગમે એટલી લાંબી જીભ હતી, પણ આ વખતે તે ગોયા સીવાઈ ગઈ, તે જડબાંને વલગી ગઈ. તેવણનું મોહડું બંધ થઈ ગયું. તેવણનો દમ ગોયા બંધાઇ ગયો. અને તેને બદલે હવે અમીનાની જીભ ઉપડી તે મુગી રહીજ નહી.

"બિચારી મારી નાની બાઇને મોટી બાઇએ ઘણી પજવી, ઘણી સતાવી, તેને ગોલામડીપેરે રાખી. તેની મરજી પ્રમાણે જરા પણ તેને કરવા દીધું નહી, તેને એક નવી સાડી કે એક મોતીની બાંગડી પેહેરવા દીધી નહી. એ કેવી ભલી! કે એક દહાડે બોલી નહી! પોતાના વર આગળ રાવ કરવાબી ના પાડી ને અંતે તે મુઇરે! એ બચુંબાઈ!"

"શું આ સઘલું ખરૂં છે, હમાયજી?" લવજીએ પોતાના છુપાવેલા ગભરાટ સાથ પુછ્યું. તેના મનમાં હવે ખાતરી થઈ કે બચું કેથે ગઈ ખરી. જો તે ઘરમાંજ હોય તો અત્યાર શુધી કયાં સંતાઈ રેહ? આ છુપા ખ્યાલથીજ બિચારા લવજીના પગ થડથડ ધ્રુજતા હતા. તેનામાં ઉભું રેહવાની શક્તિ રહી નહી. તે ફરી બોલ્યો કે "હમાયજી, આ શી ફરિયાદ?"

હમાયજી તો ચુપચૂપ હાય મારતાં હતાં. તેવણ જવાબ દઇ શકયાં નહી. તેવણે ચુપકીદીથી ગોયા પોતાનો અપરાધ કબુલ કીધો અને લવજી આંખ્યો લુછતો બચુંની વધારે શોધ કરવા ઓરડાની બાહાર ગયો.

લવજીના મનનાં વલખાં, તેની પાક દામાનને લાગેલા ડાઘ, તેની દયાલુ છાતીને વાગેલા કારી જખમનું વર્ણન કેમ કરીશું! ખરેખરો વાંક કીધા છતાં જયારે તેનો સંતાપ નથી સેહવાતો, તો જે માણસની છાતી બિલોર જેવી સ્વચ્છ, જેનું મન નિર્મળ નીર જેવું નિર્દોશ, જેનાં કામો અતર અને ગુલાબ જેવાં ખુશબોદાર તેને વગર વાંકે નડતો સંતાપ કેવો સતાવતો હોય વારૂ! બચુંની કાંઈ બદ ચાલનું સ્વપનું પણ નહી આવેલું, બચુંના બદ ગુમાનનો જરા વેહેમ પણ નહી વમાસેલો, તેજ બચું—તેનાં જીગરને સરવેમાં વ્હાલી અને તેની છાતી સાથ કદી નહી છુટે એમ દાબી રાખેલી બચું—એકાએક ગુમ થાય એ વિચારજ શું મગજને ચકભમ કરનારો નથી!

હજી તો તે કયાં ગઈ તે માલમ નથી. પણ બીજાંઓ ધારેછે તેમ જો તેણે બારેબાર કુવો કે તલાવ પુછ્યો હોય તો શું બિચારા લવજીની મોહોબત અને માયામાં આવા ભય ભરેલા અંતથી બદલો વાળવો ઘટતો હતો? એવો ભય ભરેલો અંત લાવવા ઉપર તે નાજુક બદનીની છાતી કેમ ચાલી હશે! તે ચંપક વરણીને પોતાનું ઘાતકી ખુન કરતી વેળા હિમત શું રહી હશે?

પણ પોતાની વ્હાલી બચુંનો નાશ થવાના ખ્યાલ ઉપરથી વળી પોતાની ફજીએતીના ખ્યાલથી તે બિચારાના મનનો છુપો અફસોસ તેની દુખિયારી છાતીમાં મોટો બળવો ચલાવી રહ્યો હતો. અરેરે! કેવો નેક અને અસરાફ માણસ! કેવો આબરૂવાન! જેનો કોઇ દહાડે સાદ નથી સંભળાયો, જેણે કદી નીચેથી ઊંચું નથી જોયું, જેને આખી જગત વખાણેછે, તેવા બીબીજાયા અમીરજાદાની આબરૂ ઉપર તેની બાયડીનો આ કેવો ફજીયેતીઓર બટો!

આયાઓ ઘેરમાં અને બીજા નોકરો બાગમાં પોતાની બાઈની શોધપર મંડયાં. પણ ફોકટ! સઘલી શોધ ફોકટ!

આ ઘભરાટમાં અમીનાનો પગ પણ સાજો થયો. તે પડયા પછી આજે પેહેલીજ લંગડાતી લંગડાતી ચાલી.

પોતાને કશું સુજ નહી પડવાના ગભરાટમાં લવજી પોતાના ઓરડામાં પોતાના કોચ ઉપર તકિયાની તલે પોતાનું માંથું દાટી ગુપચૂપ રડતો પડેલો હતો. હમાયજી તેના પગપર માંથું નાખી ભોંયપર ફસડાઇ પડેલાં તેને દિલાસો દેતાં હતાં. તેટલાંમાં છોકરાંઓને રમાડનારી દાસી મેરીઅને ઓરડામાં

દાખલ થઈ શેઠના પગપર માથું નાખી બોલવાની રજા માગી.

"શું છે મેરીઅન ? બોલ." લવજીએ તેનીગમ જોયા વગર પોતાનું મોહડું ઢાંકી રાખી હુકમ આપ્યો.

"અમીના ખરૂં બોલતી નથી." મેરીઅન બોલી "તે મોટી બાઈનો બધો વાંક કાહાડેછ તેજ બસ નથી. બચ્ચુંબાઈને બીજો બળાપો હતો ને, સાહેબ, તે તમારો હતો. તમો આસીની શીરીનબાઈ સાથ વેહવાર રાખતા તે બાઈને ગમતુંતું નહી. તેવણુ છુપો બળાપો કરતાં તે હું બધો જોતી હતી. કાલે સાંજે તેવણુ તમોને આફીસમાં તેડવા સારૂ ગાડી લઈ ગયાં ત્યારે હું ગાડીમાં હતી. આફીસના દરવાજાપર ખબર થઈ કે શીરીનબાઈ તેજ વખતે તમોને મળવા છેક આફીસમાં આવેલી હતી, એ ઉપરથી તેવણે આફીસ આગળથી ગાડી ફેરવાવી ત્યારે બાઈ ઘણી નાસિપાસ થઈ હતી અને ગાડીમાંજ આંખ પાણી ભરતી હતી."

લવજી કશું બોલ્યા વગર હજી રડયા કરતો હતો. રાતનું અંધારૂં નાસતું હતું અને સહવારનાં અજવાલાં સાથ સચાઈનું પણ અજવાલું ગોયા શરૂ થયું હતું. પણ લવજીને વિચાર કરવાનો ઘણો વખત મળ્યો નહી. તુર્તજ વળી અમીના લંગડાતી આવી. તેના હાથમાં એક કાગળ હતું.

"આ કાગળ બાઈની ટેબલમાંથી લખીને બીડલું મળી આવ્યુંછ." તે કાગળ લવજીને આપીને બોલી. "એ કાગળ તુર્તનુંજ લખેલું લાગેછ, સાહેબ."

રાત્રે બચ્ચું લખવા બેઠી હતી તે લવજીએ પોતે દીઠું હતું. તેણે ધુજતા હાથમાં મુગે મોહડે કાગળ લઈ ઉખેડયું અને વાંચ્યું. "શેઠ લવજી લીમલાહેર જોગ" એમ સરનામું કરેલું હતું અને તેમાં આ દુઃખ ભરેલી કાંહાંની લખી હતી—

"હું જાવુંછું. હું આ બાપીકું તેમજ પરણેતરનું ઘેર છોડી જાવુંછું. જે ઘેરમાં હું જનમી, જ્યાં પરણી, જ્યાં સુખી થવા આવી, તે ઘેરમાં હું હીનાઈછું, તજાઈછું, છુટી પડીછું, એકલી પડીછું. મારા ઉપર દગો થયોછે. જેનામાં મેં મારો પ્યાર બખ્સો તેના પ્યારનો બદલો હું પામી નહી. તે બીજીનો થયોછે. માટે હું આજ પરોઢીયાંની ટરેનમાં ઉપડીને મુંબઈમાં દીનમાયને ઘેર જાવુંછું, અને આજથી ખોદાતાલાને અરપણ થાવુંછું. ખોદાને ગમે તે મારૂં થશે, પણ આ દુઃખ, આ અપમાન, મારાથી નથી ખમાતું. એમ કરતાં વરશો વહી જવા પછી જ્યારે મારાં બચ્ચાં પોતાની માને વિષે પુછે કે તે કયાં ગઈ ત્યારે તમે તેને આ હાલતમાં હાંકી કાહાડીછે તે ખરેખરૂં કેહેજો અને આ જીહાનમાં કે પેલી જીહાનમાં તેનો બધો જીવ એ નાવારસ બચ્ચાંમાં ભરેલોછે એમ કહી તે નમાયાં બાલકોને દુખી માતાના આશીશ પોહોચાડજો.

લા૦ દયાની આશાવંત પણ દુઃખિયારી બચ્ચું"

શું આ ખોલાસો બસ નહી હતો? પણ હજી વધારે ખોલાસો બાકી હતો. કોચમેને આવીને ખબર કીધી કે રાત્રે મેહેલાશાહને ત્યાંથી પાછા ફરતાં પાહાલીમાસાના દરવાજા ઉપર શેઠને શીરીનબાઈ સાથે બેઠેલા જોઈ બચ્ચુંબાઈએ પોતાની ગાડી તે રસતા ઉપર બે વાર ફેરવાવી હતી અને પછી વળી દીનમાયના જમસુ સાથ ગાડીમાંથી ત્યાંજ ઉતર્યા પડી ખાલી ગાડી ઘેર મોકલાવી હતી.

એ ઉપરથી દીનમાયના જમસુને પુછવાની ફરજ થઈ પડી. પણ જમસુ કયાં હતો? તે મોટી કાસ્ટલમાં તો નહીજ હતો. તે હોય તો અત્યારવેર શું આવે નહી? તેને તેડવા તેના મામા મેહેલાશાહને ઘેર માણસ ગયું, પણ તે ત્યાંબી નહી હતો. તે પોતાના મામાને ત્યાંના નાચમાંથી મામાનીજ ગાડી લઈ રાતના બે વાગતેનો જતો રહેલો હતો.

હમાયજી જમસુને તેના ઓરડામાં જોવા ગયલાં હતાં તે આવી કેહેવા લાગ્યાં કે જમસુ રાતનાં સુતેલોજ નથી કેમકે તેનો પલંગ પણ જેવો સાંજના બિછાવેલો હતો તેવોને તેવોજ રહ્યો હતો.

લવજી જમસુના ઓરડામાં બારણાં ઉપરથીજ પલંગ તરફ માત્ર ડોકીયું કરી પાછો ફર્યો. તેને તુર્તજ સમજ પડી. તે ચેતી ગયો. તેણે મનમાં એક સરદ હાય મારી વિચાર્યું કે બચ્ચું અને જમસુ બેહુ સાથેજ ગૂમ થયાંછે!

બચ્ચુંનું કાગળ લવજીએ ગુપચૂપ ઘડી વાળી પોતાનાં બદીઆનનાં ગજવામાં મેલ્યું અને નિર્દોશ અમીના જે આ સઘલો વખત હેબતથી થામલાપેરે તટસ્થ થઇને ઉભી હતી તેને એટલુંજ કહીને લવજીએ ઓરડાની બાહાર મોકલી કે "અમીના, આ કાગળની વાત કોઇને કેહતી ના. એ મારેજ કામનું છે."

"પણ એ દુકતી શું લખેછ?" હમાયજીએ અમીનાના જવા પછી દુખથી પુછ્યું "એ મરી જવાનું લખેછ કે?"

"નથી મુઈ." લવજી હાય મારી બોલ્યો. "પણ મરવા કરતાં બતેતર થઇ! હમાયજી, એ મુઈ હોત તો સર્વે ઉપર ઢાંકણું વળત, પણ આ તો મરવા કરતાંબી માઠું થયુંછ. એ તો વધારે મોટા, જાહનમના કુવામાં જઈ પડીછ."

પ્રકરણ ૧૭ મું.

"બિચારી" બચ્ચું.

એજ વખતે બાહેરથી એક ચીસ તેઓને કાને પડી.

"માય! માય! એ મારી માય કયાં છે?" એમ રડતી બુચી-બચ્ચું પોતાના બાપના ઓરડામાં દોડી આવી.

તે નિર્દોશ કુવરી ઘરમાંની ગડબડથી જેવી જાગી ઉઠી તેવીજ બિછાના ઉપરથી કુમલાયલી ફીકે ચેહરે જબલાંભર ઉંઘાડે પગે દોડી આવી. તેની પછવાડે અમીના તેને પાછી પકડવા દોડતી આવી.

"એ શું છે? અમીના, માય કયાં છે?"

"બુચી-બચ્ચું, થંડો પવન લાગશે તો વળી સરદી થઈ આવશે. જા, પોઢી જા, દીકરી." હમાયજી અને અમીના તેને પટાવવા લાગ્યાં.

"પણ હું તો માયને તેડુંછ." બુચીએ રડીને બોંહોંસ કીધી. "માય કયાં છે? મારી માયને લાવો."

"સહવારે, સહવારે, દીકરી." હમાયજીની છાતી પીગલી જવાથી તેવણે આંજુભરી આંખે તેને પસવારી. "હમણાં તો ઉંઘી જા. જોની હજી તો રાત છે. દીવા બતી મેરવવાના છે. સહવારે માય આવશે."

"નહી હમણાં, હમણાં, મારી માયને કોઠી કીધા વગર હું તો નહી જાવું."

"શેઠ, જુવોની બચ્ચી-બચ્ચું સુવા જવાને ના પાડેછે તે!" અમીનાએ લવજીની મદદ માગી.

"હમાયજી, અમીના, અંહી આવો." લવજી ઘણી ગંભીરાઇથી તેઓને પોતાની પાસે તેડી કાનમાં બોલ્યો. "આજ પછી મારી વડી દીકરીને બુચી-બચ્ચું ના કેહતાં. આજથી 'બચ્ચું' એ નામ મારા ઘરમાંથી નિવારી દેજો. 'બુચી-બચ્ચું' નહી હો!"

"ત્યારે શું?" હમાયજીએ પુછ્યું.

"એ તો એની માતાના હેત થકી મેં દીકરીને માનું નામ આપ્યું હતું. પણ એનું જનમ નામ તો જરી હતું, માટે આજથી એને બુચી-જરી નામે બોલાવજો."

અમીના બુચી-બચ્ચુંને પાછી સુવાડવા લઈ ગઇ. તે હુજત કરતી હતી, તેને અમીનાએ યાદ આપી કે "બુચી, તું મારા હાથમાંથી એક વખતે નાસી ગઇતી? અને તુને પકડવા જતાં હું પડી ગઇતી? ને મારો પગ મોરચાયોતો? ત્યારે કેવી તેં માફ માગીતી? ને તારી માયને કબુલાત આપીતી કે ફરીથી

તું એમ તારી પુઠેપુઠ મને નહી દોડાવશે? ને એટલીવારમાં તે ભુલી ગઈ કે? જોની તારે લીધે મારો ભાગેલો પગ હજી તો દુખેછ ને આજેજ હું જરા જરા ચાલુંછ તેટલાં તું મને પાછી ચલાવેછ?”

આ ફુસલવણી બુચી–બચ્ચુંને માટે બસ હતી.

“અમીના, શું એ વાત ખરી છે?” બુચીએ તેની સાથે પાછી સુવા જતાં જતાં પુછયું.

“શી વાત બુચા–જરી?”

“હું અંહી આવી ત્યારે મેરીઅન ચાકરો સાથ વાત કરતીતી તે, કે મારાં માય અને દીનમાયનો જમસુ એ બેહુ કેથાં જતાં રહ્યાંછ?”

“ચુપ, ચુપ, આપણે એમ નહી બોલીયે!” અમીનાએ રડી પડીને તેનું મોહડું દાબ્યું.

“પણ એ જમસુ ખરાબ માણસ છે જો.” બુચીએ સુતાં સુતાં વાત ચલાવી “મને તો એ ગમતોજ નથી. એ આપણા ઘેરમાં આવ્યો ત્યારે પેહલેજ દહાડે એને જોઇને મને બીહીક લાગીતી, ને હું રડીને એનાં હાથમાંથી નાસી ગઈતી, ત્યારે માયબી બોલતાંતાં કે એ ખરાબ માણસ છે.”

“મુવો! મુજી ચંડાલ!” અમીના બોલી “મેં તો મુવાનું મોહડુંજ નથી જોયું. મુવો એ એકગમથી આપણાં ઘેરમાં આવ્યો ને તેજ વખતે બીજીગમથી મારો પગ મોરચાયો ને હું ખાટલે અડી. મુવાને જોતે તો હું જોતાંનેવાર કદાચ કેહેતે કે એ ચંડાલ છે કે નહી? પણ વળી મુવો આપણાં ઘેરમાંથી ગયો તેવીજ હું સાજીબી થઈ!”

“પણ એ જમસુ માયને મારી નાખવા લઇ ગયો કે?” બુચીની હજી ખાતરી નહી થવાથી તે પુછતી રહી. “માણસને મારે તે તો ખુની કેહેવાય, ત્યારે, અમીના, જમસુબી ખુની છે કે?”

“જા બા, તું સુગી નહી રેહેશે તો બુચો જાગી ઉઠશે.”

આમ કેહતાં અમીનાની આંખ નવધાર આંજુથી ધોવાતી, પણ તે સારાં ભાયગે અંધારાંને લીધે બુચી જોઈ શકતી નહી હતી.

“હે! પણ અમીના,” જરાવાર સુગી રહીને બુચી પાછી બોલી “માય હમણાં કયાં હશે? શું કરતાં હશે? તેવણ જીવશે કે મરી જશે?”

“જો તું ઊંઘી નહી જશે તો હું બાવાને તેડી લાવીશ.”

“પણ મારી માય વગર ઊંઘ નહી આવતી તે?” બુચી–બચ્ચું ફાર ખાઇને ચમકી ઉઠતી. “મારી માય પાછી આવશે કે? કેહની, અમીના.”

અમીના હમાયજીને તેડી લાવી, તેઓએ બુચીનાં પાસામાં સુઇને તેને અંતે ઊંઘાવી દીધી, અને બુચી–બચ્ચું બચ્ચુંની જુદાઈ જલદી ભુલી ગઇ.

પણ હમાયજી કેમ ભુલે? લવજી વળી કેમ ભુલે?

હવે લવજીને યાદ આવી કે તેણે જમસુને જ્યારે પોતાના ઘરમાં બોલાવ્યો ત્યારે બચ્ચું પોતેજ તેની સામે થઈ હતી અને બચ્ચુંની ખુશી ઉપરાંત તેણે આ ચંડાળને ઘરમાં રાખ્યો હતો. વળી તેજ વખતે એ નીચ નિમખહરામની સામે મેહેલાશાહ શેઠનાં ધણિયાણી મેહેરમામીએ આપેલી ચેતવણી પણ લવજીને યાદ આવી કે “એ ચંડાલને તમારાં ઘેરમાં રાખો ના, કેમકે જેના ઘેરમાં એ રહ્યોછે તેના ઘેરમાં એણે ખાતર પાડીછે અને પોતાના ભલું કરનારનુંજ એ ઝેરી નાગે નખોદ વાલ્યુંછે.”

મેહેલાશાહને ત્યાંની મેજબાની તથા નાચ મોડી રાત સુધી ચાલ્યો. લવજીના માસા, શીરીનના બાપ પાહાલણજી હીરાભોગી છેક પાછલીરાતના ત્રણ વાગતે ઘેર આવ્યા. તેવણ એટલા મોડા આવ્યાથી તેવણનાં દુખી ધણીયાણી બિચારાં હીરાંબાઈની ઊંઘ ગઈ, પણ તેવણે પોતાનો બચાવ કીધો કે “મારો શું વાંક? મેહેલાશાહ શેઠે બે વાગતે મને પોતાની ગાડી આપવાની કબુલાત ઉપર

મને થોભાવ્યો હતો, પણ બે વાગતે ગાડી જોતરાવા ગયા ત્યારે માલમ પડ્યું કે તેવણનો જમસુ નામનો કોઇ ભાણેજ, જેને મેં આજેજ રાત્રે જોયો અને જે જોતાંજ કોઈ પેશાગીર જેવો લાગ્યો હતો તે તો પોતે ગાડી જોતરાવી લઈ ગયો હતો અને તેથી મને વાર લાગી."

લવજીને પણ તેજ સહવારે ખબર મળી કે મેહેલાશાહ શેઠની ગાડી તો પાછલી રાત્રે રેલવે સ્ટેશન ઉપર દીનમાયનો જમસુ લઈ ગયો હતો, જ્યાં પોતે ઉતરવા પછી તેજ ગાડી તેણે બચુંને લેવા સારૂ પાછી મોકલી હતી અને તેજ ગાડીમાં બચું પોતાનું આ ધિકારેલું ધામ છોડી ગઇ હતી.

રેલવે સ્ટેશન ઉપર ખબર કહાડતાં માલમ પડ્યું કે પાછલી રાતની ત્રેનમાં બેસીને બચું પુણેથી ઉપડી ગઇ હતી. તેની સાથે "એક શેઠ" મુકવા આવેલા હતા.

પણ પાછલી રાત્રે એકને બદલે બે જુદી જુદી ત્રેનો પુણેથી લગભગ સાથે ઉપડતી હતી. એક ત્રેન મધરાજ જતી અને બીજી મુંબઈ આવતી હતી.

સ્ટેશન માસટર બચુંને ઓળખતો હતો. તેણે પુછવાથી બચુંએ જવાબ દીધો કે "હું આ મારા સગાની સાથે આજે મુંબઇ જાવુંછું, અને મુંબઇથી કદાચ સુરત મારા જાંહાંગીરશાહ કાકાને ત્યાં જનાર છું."

તેજ દહાડે મુંબઇમાં દીનમાયને ત્યાં લવજીએ તાર કરી બચું ત્યાં આવીછે કે નહી તે પુછાવ્યું. જવાબ આવ્યો કે "બચું કાંઈ અતરે આવી નથી."

ત્યારે તે ગઇ ક્યાં? સ્ટેશન ઉપરથીજ વધારે સુદો મળ્યો કે બચું જોકે સુરત જવા માટે મુંબઇની ત્રેનમાં બેસવાનું બોલી હતી, પણ તે મધરાજ લાઇનની ત્રેનમાં ગઈ હતી. તે તે વખતે ઘણી ગભરાયલી હતી. વાત કરવાને ખુશી નહી હતી. સઘલી મેનીજ તેની "સાથવાળા શેઠે" કીધી હતી અને બાઇના ધ્યાનનું કશુ ઠેકાણુંજ નહી હતું. ફરસ્ટ કલાસની આખી ગાડી બચુંએ એકલીજ પોતાને માટે લેવડાવી હતી અને સાથવાળા શેઠ તો બીજી ગાડીમાં બેઠા હતા. ગાડીમાં બેસતાંજ બચુંએ સઘલાં ફડકાં બંધ કરાવ્યાં હતાં અને પોતે પોતાને ગોયા કેદ કરી હતી.

પોતાના બાવિદ જોગ જે કાગળ મુકી ગઈ તેમાં તો પોતે મુંબઇ પોતાને મહીએરે જવાને લખી ગઇ છે, ત્યારે બચું મધરાજની લાઇન ઉપર કેમ ઉપડી ગઈ?

શું તે જુઠું લખી ગઈ? શું તે નાશી ગઈ? શું તે નીકલી ગઈ? શું તે એટલીબધી વીખરી ગઇ?

બચું પોતાના બેગુનાહ ભર્તારને બટો લગાડી ગઈ, પણ શું વળી તેને ઠગીબી ગઈ? તેને ઓટું સમજાવી પોતાને ઘેર જવાને બદલે બીજાને ઘેર ગઇ?

એ કેમ બને? વાંચનાર તે કેમ માનશે?

નહી, નહી. લવજીએ તો તેને એવી અપરાધીજ ધારી પણ એવા અપરાધથી ઓદા બચુંની પનાહ રાખો!

બચુંની અત્યાર સુધીની વર્તણુકમાં એવી નિર્લજ છટેલ તેને આપણે દીઠી નથી. તેને ગમે એવી અવિચારી કહો પણ તે અનીતીવાન તો નથીજ. તે બેવકુફ છે પણ બેઇમાન નથી. તે બેદરકાર છે, પણ બેફવા નથી. તે બેસમજ છે, પણ બેહયા નથી. તે નાદાન છે, પણ નાપાક નથી. તે કાચા કાનની છે, પણ નીચ નજરની નથી. તે ઊંધી બુદ્ધીની છે, પણ પાપી ધારણાવાલી નથી. પોતાને અપમાન મળેલું સમજીને તે એ અપમાનનો બદલો અપમાનથી વાળવાની મુર્ખાઇ કરે, પણ પોતાના પતિની ધારેલી બદફેલીનો બદલો પોતાની બદફેલીના અપરાધથી તે વાલી આપે એવી બેહકેલી નથી. તે પતિનો પ્યાર તજે પણ પોતાનું પતિવ્રતપણું તજે એવી નથી. તે પોતાના ભર્તારને વિભીચારી સમજે પણ પોતે વિભીચારપણે વરતે એવી નથી. તે ભર્તારને વિભીચારના શક ઉપરથી ધિકારીને તે વિભીચારથી દૂર નાઠી છે, તો પોતેજ વળી વિભચારી થાય એ કેમ બને?

પણ ત્યારે તેનું કાગળમાં લખેલું ઓટું

કેમ પડયુંછે? તે એક રસતો બતાવીને બીજે રસતે કેમ ગઇછે?

તેને દીનમાયના જમસુએ ઠગીને ફસાવીછે. બચું પોતે ખોટું સમજાવી ગઇ નથી, પણ લુછા જમસુએ તેને ખોટું સમજાવ્યુંછે.

બચું પોતાને ઘેરથી નીકળી તે તો બરેબર મુંબઈ જવાનેજ નીકળી. તેણે કાગળ લખ્યો તયારે તેની મરજી મુંબઇને માર્ગે સુરત જવાનીજ હતી. તેણે સ્ટેશન માસટર સાથ મુંબઇ જવાની વાત કીધી ત્યારે તેમજ માનતી હતી. તેણે જમસુને ટીકીટ લેવા કહી તે મુંબઈનીજ કહી હતી. તે મધરાજની ત્રેનમા બેઠી ત્યારે તે મુંબઈનીજ ત્રેન માનીને બેઠી. અને હવે જ્યારે આવરાલરથ વીજલીના સરખી ઝડકથી તેને મધરાજ તરફ દુરને દુર લઈ જાયછે ત્યારે તે હજી પણ મુંબઈ જાયછે એમજ સમજીછે.

બચુંના વિશ્વાસનો જમસુએ પેહેલેજ દહાડે વિશ્વાસઘાત કીધો. કાલ રાત્રે હીરાબોગીના દરવાજા ઉપર લવજી અને શીરીન વચેનું "કૌતુક" અને "તમાશો" જોવાપછી પોતાને ઘેર ફરતી વેલા બચુંએ અફસોસ કીધો કે "આ દુઃખ, આ દગલબાજીથી ક્યાં નાસું? કોણનો આશ્રય લેઉં?" તે દરમેઆન જમસુએ તેનો આ વિશ્વાસ મેળવ્યો. તે બોલ્યો કે "બચુંબાઈ, હું તુને મદદ આપવાને તૈયાર છું. મારા આશ્રય ઉપર તું ભરૂસો રાખ." એ ઉપરથી બચુંએ તેનો આશ્રય એટલોજ માગ્યો કે "આ ધિકાર ભરેલાં ઘેરમાં મને રેહવા ગમતું નથી. જે ઘેરનો ધણી ધણિઆણી સરખી મોહબત બીજી સાથ રાખેછ અને જે ઘેરમાં હું એક ગોલામડી જેવી ગણાઊંછ તે ઘેરમાં મારે એક ઘડી પણ રેહવું નથી." વેહેમાયલી બચુંના આ દીવાના વેહેમને જમસુએ ઉસકેરી આપ્યો. "બચું તું કેહેછ તે વાજબી છે. જેમ તું ચાહે તેમ તુને મદદ આપું." બચુંએ એટલુંજ ચાહ્યું કે "હું આજને આજ અંહીથી જતી રેહું ને મુંબઇમાં દીનમાયને ત્યાં જાવું અથવા જો દીનમાય મને નહી રાખે તો સુરતમાં જાંહાંગીરશાહ કાકાને ત્યાં જઇશ, કે જ્યાંનો રતનકાકીનો જુલમ વેઠાશે પણ મારા ધણીની આ બેવફાઈ નહી ખમાશે." બચુંને જમસુએ મુંબઇમાં પોતાનાં બપાઇ દીનમાયને ત્યાં લઇ જવાની સઘલી બેનીજમાં મદદ કબુલી અને આપી.

પણ તે કેવી રીતે? તે બિચારીને ઠાગાથી બીજી તરફ ઘસડી ગયો—તેને ચોરી ગયો.

અને તેબી એવી રીતે કે ઘણી દૂર જવા અગાઉ બચુંએ તે જાણ્યું નહી. તે પોતાની ગાડી બંદબસ્ત કરીને ગાડીની નરમ ગાદી ઉપર રડતી પડી હતી. તેણે મુંબઈ જવા અગાઉ ગાડી ઉઘાડવી નહી એવો ઠેરાવ કીધો હતો અને મુંબઈ આવતાં સુધી તેને છેડવી નહી એવો તેણે જમસુને હુકમ કીધો હતો. આખી રાતની તે સુતેલી નહી અને વળી ગાડી ઉપડી ત્યારે બે ત્રણ કલાકની રાત બાકી હતી, માટે ગાડી ઉપડયા પછી થોડીવારમાં તેને ઉંઘ આવી ગઈ.

સહવાર પડતાંમાં તો ત્રેન ક્યાંની ક્યાં નીકલી ગઇ. અગ્યાર વાગતે ગાડી મુંબઈ આવવી જોઇયે, પણ એક સ્ટેશન ઉપરથી ત્રેન પાછી ઉપડતી વેળા ગાડીના ફડકાંમાંથી બબર કાહાડતાં જ્યારે બચુંએ જાણ્યું કે અગ્યાર વાગી ગયા હતા ત્યારે તે અચરત થઈ કે હજી મુંબઈ કેમ નહી આવી? ત્રેન આજે એટલી મોડી કેમ થઈ? હજી સુધી જમસુ ઉઠાડવા કેમ નહી આવ્યો? તેને ધાસતી ઉપજી, ધાસતી ઉપરથી તે વેહમી થઈ.

તે ગાડીના ફડકાં ઉતારી પાડી આસપાસ જુવેછે તો સઘળું તેને નવત્તરૂં નવતરૂં દેખાયું. મુંબઈ અને પુણા વચેની રેલવેની લાઇન ઉપર તેની ઘણીવારની આવજાવ ઉપરથી ઘણાખરા દેખાવ તેની નજરમાં હતા, પણ આજે બચુંએ દીઠલા દેખાવ આગળ કદી પણ નહી જોયલા એવા તેને લાગ્યા. એ શું થયું? તે વિચારમાં પડી કે શું ભેજું ચસ્કી ગયું? ઇયા શું કાંઈ દેખાવો બદલાઈ ગયા?

આવતાં સ્ટેશનની આતુરતાથી રાહ જોતી હવે બચું શુધબુધ ખોહોવાઇ ગઇ હોય તેમ

ગભરાટમાં બેઠી. કોણને પુછે? પુછે તો સાંભળે કોણ?

અંતે બીજું સ્ટેશન આવ્યું અને તે ઉપર ટ્રેન થોભતાંજ મોટા હરફે તેનું નામ "શોલાપુર" બચુંએ વાંચ્યું. તે તો મધરાજની લાઇન ઉપરનું, મુંબઈનાં જાણીતાં સ્ટેશનોથી જુદુંજ નીકળ્યું. સ્ટેશનના ઘડિયાલમાં બાર વાગેલા હતા. મધ બપોરનો દખણી સુરજનો ઉગ્ર ટપોટો જીવને ઉતપાત કરાવતો હતો. આ ભયભીત શોધ કરતાંજ બચુંના મગજે તમર આવી ગયા અને પોતાની ગાડી મધે હેબતીને તદન બેશુધ હાલતમાં ઉભીને ઉભી પડી ગઈ.

એ પ્રમાણે ત્યારે બચું મુંબઈ કહીને મધરાજ ગઇછે તેમાં તે બિચારી કપટી જમસુના કાવતરાંનો ભોગ થઇછે.

"બિચારી" કહીયે છીયે પણ તે ચોકસ હદ સુધીજ! આ નવું દુઃખ માથે હોરવામાં બચુંનો પોતાનો શું વાંક નથી? તે પ્રદેશ ભોળવાઈ પડી તેમાં તેનો વાંક નથી, પણ પોતાના ભર્તારનો વ્હાલો આશ્રય છોડી આવી અને તેણે એક લુછાની મદદ ઉપર વિશ્વાસ મુક્યો તેનું એ પરિણામ છે અને એમાં તેનો પોતાનોજ વાંક છે. તેણે પાપવાસના કરી નથી, પણ તેથી તે તદન નિર્દોશ ઠરતી નથી. તે કાંઇ નઠારા કર્મની અપરાધી નથી, તોપણ તે ઉછાછલાપણાંની દોશિત તો થઇ ચુકીછે. તે વિભીચારી નથી તોપણ અવિચારી તો ઠરેછે. તેણે પોતાની દામાનને ડાઘ લગાડયો નથી, પણ પોતાની અકલને એબ લગાડી છે.

પ્રકરણ ૧૮ મું.

દુધણી.

શોલાપુરના સ્ટેશન ઉપર ગાડી ઉભેલી હતી તેટલેજ અંહી આવવાના પોતાના ગભરાટની બેશુદ્ધિમાંથી જરા વારમાં હોશીયાર થતાં બચું ગાડીમાંથી ડોકીઉં કહાડી ગાર્ડને પુછવા જાયછે, પણ તેટલીવારમાં તો દીનમાયનો જમસુ પોતાની ગાડીમાંથી ઉતરી આવ્યો. બચુંને ગભરાતી તે આગમચથી જોઈ શક્યો હતો અને સ્ટેશન ઉપર ઉતરી આવવાને તૈયાર હતો.

"જમસુ, જમસુ, તું મને ક્યાં લાવ્યો?" તેને જોતાંવારજ બચું ગભરાટથી બોલી. "અતરઘડી બોલ કે હું ક્યાં આવીછ? અને અંહી મને લાવવાનું કારણ શું?"

"બચુંબાઈ, ગભરાવો ના. મારી ભૂલ થઇછ." જમસુ સમજાવીને બોલ્યો "મુંબઇને બદલે આપણે મધરાજની ટ્રેનમાં બેસી આવ્યાંછ; ભૂલ થઇછ."

"હે! એ શું બકેછ?" બચું મોટી હેબતથી ગુંગલાયલી ચીસ પાડી બોલી. "અતરઘડી ઉતરી પડ. અને મને આમ ઠગીને લાવવાનો ખોલાસો કર."

"તમે ગભરાટ કરીને ફજીયેતી કરશો, બચુંબાઈ." જમસુએ હજી નમનતાઇજ પકડી રાખી. "તમે જરા ધીરજ પકડો. મારો ખોલાસો સાંભલો અને પછી જો તમારી ખાતરી નહી થાય તો ઉતરી પડજો ઇયા મને ગમે તે સજા કરજો."

રેલવેની ગાડી કાંઈ કુથલાખોરોને માટે થોભતી નથી. જમસુ આ વાત કરેછે તેવામાં ઘંટ વાગ્યો અને તે તક લઇને એ લુછો બચુંવાલીજ ગાડીમાં ચહડી બેઠો.

તે ગાડી ઉપડી ત્યારથી તે બીજું સ્ટેશન આવે ત્યાં સુધીમાં બચુંએ દોડતી ગાડીમાં રડીને મોટું રમખાણ કરી મેલ્યું. પણ તેથી શું વલે? કાંઈ અધવચમાં ઉતરી પડાયું? બીજાં સ્ટેશન સુધી થોભવુંજ જોઇયે. વળી બચુંએ ગમે એટલું ગોધીયારૂં કીધું પણ જમસુએ પોતાનો થંડો સ્વભાવ અને નમ-

નતાઇ ભરેલી રીતભાત ચાલુજ રાખી ને પોતાનું નિર્દોશપણુંજ દેખાડયા કીધું.

"તેં મને જાણીજોઇને શાવાશતે આ ત્રેનમાં બેસાડી ?" બચુંએ ગભરાટમાં પુછ્યું.

"મેં જાણીજોઇને એમ નથી કીધું. હું કહુંછ કે મારી ભૂલ થઇછિ. તમેજ વિચાર કરો, બચું, કે જાણીજોઈને તમોને આમ ખોટી ત્રેન મધે બેસાડવામાં મને શું હાંસલ?"

"એ ભૂલ થાય એવી નથી."

"શું એવી ભૂલ તમે કદી સાંભલી નથી? શું લોકો ભૂલથી અગત કરીને ગભરાટના વખતમાં એકને બદલે બીજી ગાડીમાં બેસતાં નથી? શું રાતનો આપણો ગભરાત થોડો હતો?"

"પણ ભૂલ હોય તો જલદી સુધારી કેમ નહી? અત્યારવેર બેસી કાં રહ્યો?"

"કેમ સુધારૂં? તમે ઊંઘી ગયાં અને હું પણ, આખી રાતનો ઉજાગરો હતો એટલે મારી ગાડીમાં ઉંઘી ગયો. મેં સહવાર પડયા પછી ભૂલ જોઇ અને તોપણ તમોને અમસથાં જગાડવા નહી ચાહ્યું. હવે આ લાઇન ઉપર આવ્યાં એટલે પછી જ્યાં ઉતરયાં ત્યાં ખરૂં. પાંચ દસ માઇલ એમ કે પાંચ દસ માઇલ તેમ, બધુંજ સરખું."

"નહી, એમ નહી, જમસુ આવતા સ્ટેશન ઉપરથી હું તો ઉતરી પડવાની, અને વળતી ત્રેનમાં હું તો પાછી મુંબઈ જવાની, પછી તારે જોઇએ તો તું આવે કે નહી આવે."

બીજું સ્ટેશન આવ્યું કે બચુંએ ઉતરવાની બોંહોંસ કીધી. પણ વળી જમસુએ સમજણ પાડી કે "આ તો ઘણું નાનું સ્ટેશન છે, ને થોડો વખતજ થોભવું પડશે, પણ અંહી ઉતારાની સગવડ કાંઈજ નથી; આવતું સ્ટેશન સારૂં છે, ત્યાંથી આપણે જરૂર ઉતરી પડીશું."

અંતે બીજાં દુધણી નામના સ્ટેશન ઉપર બચુંને જમસુએ ઉતારી અને ત્રેન તુર્ત ઉપડી ગઈ. બચુંએ હુજત કીધી કે ભૂલથી અંહી અવાયુંછ તે વિષે મુંબઇ દીનમાય ઉપર તાર કરવો. જમસુ તાર આફીસમાં ગયો અને કહ્યું કે તાર મુકી આવ્યો. પણ તે સઘલું જુઠું હતું. તેણે તાર મુકાવ્યોજ નહીં હતો.

હવે પાછું જવું કેમ? સ્ટેશન ઉપર ખબર મળી કે આવતી કાલ સુધી બીજી ત્રેન નહી હતી ત્યારે કાલ સુધી ક્યાં રેહેવું? સ્ટેશનથી ઉતારાની જગ્યા ત્રણ ચાર માઇલ દૂર હતી. તે સિવાએ બીજું ઉતારાનું મકાન નહી હતું. સ્ટેશન પોતે ઘણું નાહનું હતું. આ સ્ટેશન મોટું હોવાનો જમસુએ તદન ખોટો ભરૂસો આપ્યો હતો. તે જાણીબુજીને આ ભોલી અબલાને બામણા વધારે એકાંત ગામડાંમાં લાવ્યો હતો અને જ્યારે બચુંએ તેને પુછ્યું ત્યારે તે વળી અજાણપણાનું બાહનું લાવ્યો. તે બોલ્યો કે "હું દલગીર છું કે મેં આ સ્ટેશનને મોટું જાણ્યું. તેના દુધણી નામ ઉપરથી હું સમજતો હતો કે એ મોટું હોવું જોઇયે. હું બીજું શું જાણું?"

એ પણ જુઠું હતું. જમસુ આ લાઇન ઉપરની એકેએક જગ્યાથી વાકેફ હતો. તે માગનારાઓથી નાસતો આ દરએક ખુણામાં ભરાતો ફરતો હતો અને અંહી તો તે વધારે જાણીતો હતો. અંહી તેણે એક ઘેરવાલા ઉપર આગમચથી તાર કરી એક બંગલો ભાડે રાખ્યો હતો. આખાં દુધણી ગામમાં તે એકજ બંગલો હતો. તેમાં બે ત્રણ ઓરડા હતા અને એક નાના પોરટીકોને માથે એક માળો બાંધેલો હતો, જેમાં એકજ ઓરડો હતો પણ તે રેહેવાના માળા કરતાં પક્ષીના માળા સરખો વધારે હતો. તેમાં બારીઓ હતી, પણ તે ઉંચી હતી, અને બાહેરથી ડાકાવતાં પણ આસપાસથી ઉતરી શકાય એવું છાંપરાં સરખું કાંઇ દીસતું નહી હતું. આ આખો ઓરડો પોરટીકોના માત્ર ચાર થાભલા ઉપર ઉભો કીધો હતો અને નીચેની જમીન સાથ સંધિસો ચલાવવાને માત્ર એક દાદર હતો કે જેને હેઠલથી બારણા હતાં. બચુંને

આ માળા ઉપર ઉતારો આપ્યો હતો અને તેના એકાંતપણાને લીધે તે બચ્ચુંને પસંદ આવ્યો. બચ્ચું ઉપર જવા પછી દાદરનાં નીચલાં બારણાંને જમસુએ ટાલું મરાવ્યું અને એ રીતે બેલિબેલ બચ્ચું બિચારી બંદીખાને પડી.

તે પોતા ઉપરના આ જુલમાતથી હજી અજાણી હતી. જમસુ સઘલો વખત હેઠલ રહ્યો હતો અને બચ્ચુંની ખીજમતમાં એક ગંગા નામની મરાઠી દાસીને રાખી હતી, તથા બચ્ચુંની મુલાકાતે જમસુએ ઉપર એકુબે ફેરા આંટી માત્ર ખાધા હતા.

બચ્ચુંએ થોડીક આસાએસ લીધા પછી મુંબઈ અને સુરત ખીડવા સારૂ કાગળો લખવા માગ્યાં. જમસુએ એ બાંહને તુર્ત ઉપર જઈ બચ્ચુંને યાદ દેવાડી કે કાગળો લખવાં નકામાં છે, કેમકે "આવતી કાલે આપણે પાછલી રાત્રે અંહીથી પાછાં ઉપડી જવુંછે ત્યારે જે ત્રેનમાં આપણે જઈશું તેજ ત્રેનમાં એ કાગળ પણ જશે, આગમચથી તો કાંઈ જવાનાં નથી, માટે લખેલાં શા ખપનાં?" આ વાત બચ્ચુંના ધ્યાનમાં ઉતરી પણ જમસુએ જ્યારે વળી વાત છેડી કે "અગરજો આવતી કાલે ઉપડી જવું નાહી હોય તો કાગળ લખવાં બરાબર છે, અને જો તમારી એકુબે દહાડા અંહીજ રેહવાની મરજી હોય તો સુએથી રહો." ત્યારે બચ્ચું સાંભળતાંજ ગુસ્સો કરી પડી. "જમસુ, તું અંહી રેહેવાની વાતજ કેમ કરી શકેછ? મારૂં નખોદ તો વળી ગયુંછ પણ અધુરૂં નખોદ તું પુરૂં વાળવા માંગેછ?"—"હું કયાં કહુંછ કે રહો, બચ્ચુંબાઈ?" જમસુ વળી ડહાપણ કરવા લાગ્યો, "તમેજ જાણે રેહેવાના હોવ તેમ તમારે વતન કાગળો લખવા માગોછ ને મને ઠપકો આપોછ?"—"જમસુ તારે ભરૂસે હું ઠાર મરી ગઇછ, આપણે માત્ર ભુલથી અંહી આવ્યાં છીયે અને નાશી આવ્યાં નથી તે કોણ માનવાનું છે? મારી કેવી ફજીએતી થઇછ અને જેમ એકબી દહાડા વધારે રહીશું તેમ વધારે ફજીએતી થશે."—"બચ્ચુંબાઈ એ ભુલને સારૂ હું દલગીર છું. હું માફ માગી ચુકયોછ, વધારે શુ કરૂં? આ ભુલથી મેં મારી આબરૂ ખોહીછ. ધર્મ કરતાં કર્મ નડે તે એનું નામ. હું તમારી દયા ખાઈ તમોને મદદ આપવા ગયો તેમાં આ ભુલ ને ભોગ થયો અને હવે લોકો તો એમજ વિચારશે કે હું તમુને નસાડી અથવા ઠાગાથી લાવ્યોછ. તમો જેમ બને તેમ જલદી તમારે ઘેર જાવો તે વિષે તમારા કરતાં હું વધારે ખંતી છું કે જેથી મારે માથે નકામો ડાઘ નહી લાગે."

"ત્યારે કાલે જવાનું મેહરબાની કરી નકી કર, જમસુ, ને જો કાંઈ ફરીથી ભુલ નહી થાય." જમસુએ ખુશીથી હા કહી અને એ રીતે બચ્ચુંએ દુધણી ખાતે ચિંતા, આતુરતા અને ઈનિતેજારીમાં એક દીવસ તો ગુજાર્યો. તેણે કશું ખાધું પીધું નહી, રાત્રે તે બીલકુલ ઉંઘી નહી. આંખોનાં ટોપાં મીચવા જતી કે તુર્ત ખાબમાં તેની આ ભય ભરેલી હાલતનું શિહા ભવીષ્ય તેની આગળ આવીને ઉભું રેહેતું. પોતાનો ભર્તાર, પોતાનાં વ્હાલાં બચ્ચાં તેના ખ્યાલમાંથી ખીસતાં નહી હતાં. જગત તેને માટે શું વિચારશે? સગાંવ્હાલાં શું વિચારતાં હશે? અરે! પણ તેનો ભર્તાર જેના ઉપર બેવફાઇનો બટો મુકી તે નીકલી આવીછે તેની નજરમાં તે પોતેજ કેવી નાપાક અને નિમકહરામમાં ખપશે? અને છેલે તેનાં વ્હાલાં બચ્ચાં પોતાની માને બેવફા ગણી તેના પાપ સારૂ કેવાં સદાના શરમાતાં રેહશે? આ સર્વ ધાસતીઓથી બચ્ચુંને મોટી હેભત લાગી હતી અને કયારે આ કંગાલ જગ્યા છોડી જાય તેની ઈનિતેજારીથી વાટ જોતાં તેની આખી રાત બેચેની અને ગભરાટમાં ગુજરી.

બામદાદમાં ચાર વાગતે આગગાડી દુધણીના સ્ટેશન ઉપર આવતી હતી અને સાડાત્રણ વાગતે બચ્ચુંએ આ બીહામણા બંગલામાંથી ઉપડી જવાનું હતું. તે

જોતી હતી કે જમસુ રાતના ત્રણ વાગતેથી ઉઠીને બંગલાની હેઠલ મુસાફરીની ધાંધલ કરતો હતો. બીછાનું બંધાવતો હતો, થોડાક સામણ "પેક" કરતો હતો અને એ રીતે આખર મુંબઈ જવાને સઘલું ડોલ રાખ્યું હતું. બચ્ચું પોતાનું ઓઢણ વગેરે લઇને સાડાત્રણનો ઘંટ વાગવા સાથ પોતાના માળા ઉપરથી હેઠલ ઉતરી, અને જમસુએ ઉલટભર કહ્યું કે કૂચ કરવા માટે સઘલું તૈયાર હતું. પણ ત્યારે ખોટી શાની? સ્ટેશન ઉપર જવા માટે ભાડેની ગાડી મંગાવી હતી તે હજી આવી નહી હતી. ગાડીવાલાને ત્રણ વાગતેની વરદી આપેલી હતી અને સાડાત્રણ થયા તોપણ હજી આવી નહી. ગંગાએ કહ્યું કે "આ ગામડાંના ગાડીવાલા તે એવાજ તો. તે બિચારાઓ પાસે ક્યાં ઘડિયાલ હોયછે કે તેઓ કેટલા વાગ્યા તે જાણે? તોપણ તાકીદ ઘણી કીધેલીછે માટે વખતસર લાવ્યા વિના રેહેશે નહી."

બચ્ચું ઇનતેજારીથી વાટ જોતી દરવાજામાંજ બેઠી. એકેક પલ એકેક દહાડાના જેટલી લાંબી દેખાતી હતી. બંગલાના સેજસાજ ફરનીચરમાં એક ઘડિયાલ હતું તે જમસુના ઘડિયાલ સાથ બરાબર મેળવેલું હતું એટલે બચ્ચું તે ખરૂં માનતી હતી અને દર પલેપલ તેમાં જોતી હતી. સાડાત્રણ ને પાંચ મીનીટ થઇ—દસ થઇ—પંદર થઈ ને બચ્ચુંનો ગભરાટ વધી ગયો. જમસુએ પણ ઘણા ગભરાટનું ડોલ ઘાલ્યું, ગાડીવાનને તેડી લાવવા બબે માણસ મોકલ્યાં. પણ નહી ગાડી આવી કે નહી માણસ પાછાં ફર્યાં. બચ્ચુંએ તે ગાડી પડતી નાખી બીજી મંગાવવા કહી, પણ ગંગા પાસે બાહાનાંની ક્યાં ખુટ હતી? "આખાં ગામ વચે એકજ ગાડી છે." ગંગા બોલી "બીજી શોધતાં મળવાની નથી." બચ્ચુંએ સ્ટેશન ઉપર ચાલતી જવા માગ્યું, પણ જમસુએ આજીજી કીધી કે ચાલતાં નહી જવું, ગાડી પાંચ મીનીટમાં પોહોંચાડી આવશે.

અંતે આગ ગાડી ઉપડી જવાને દસ મીનીટ ઓછી હતી તેમ ખટારો આવી લાગ્યો. જમસુ તે ગાડીવાનને મારવા જતો અને ભપકી આપતો પણ બચ્ચુંએજ તેને વાર્યો કાંકે તેમ કરતાં વધારે વખત જાત. ગાડીવાને પાંચ મીનીટમાં સ્ટેશન ઉપર પોંહોંચાડવાની હીમત આપી, પણ બલદયા એટલા તો લોથ હતા કે થોડુંક જતાંમાંજ બચ્ચુંને માલમ પડયું કે આજે ત્રેન ચુકાવાની. તેમજ બન્યું. જેમ તેમ કરતાં ગાડી સ્ટેશન ઉપર પોંહચી તો મુંબઇની મેલ ગાડી આવીને તુર્તનીજ ગઈ હતી. બચ્ચુંએ ગાડીની આવજાવની ધ્વની અને સીસોલીનો આવાજ રસતામાંથીજ સાંભળીને આશા મુકી હતી.

હવે શું કરવું?

બચ્ચુંના ગમ અને ગભરાટનો કાંઇ પાર નહી હતો. આસપાસનાં માણસો જોય તેની પરવા ન કરતાં તે એકદમ નિરાશાથી રડવા પડી અને માથું અફાડવા તથા બાળ પીંખવા પડી. જમસુ ડાહ્યો થઇને ગાડાંવાલાને મારવા દોડયો અને તેને લાત મુકીઓ આખર લગાવી પડયો. ગાડાંવાલાએ બુમો મારીને તે એકાંત વખતે થોડાંક લોક એકઠાં કીધાં અને મારામારી સારૂ જમસુને ચાવડીમાં પકડી લઈ જવા માગ્યો એટલુંજ નહી પણ બચ્ચુંને તથા ગંગાને શાક્ષી દાખલ લઈ જવા માગી. જમસુ બચ્ચું આગળ ગભરાટ કરવા પડયો કે જો આ ફરિયાદ આગળ વધી તો ચોકીમાં સબડયા કરવું પડશે અને મુકફસીલના અંધેર ઇનસાફને લીધે ઘણા દહાડા સુધી કાંઈ આ ગામ છોડી જવાશે નહી. આ સઘલા ભયથી બચ્ચું વળી પાછી બીહીને વચે પડી. તે સમજી કે આજે ત્રેન ચુકી તો ચુકી પણ જો આ મારામારીની ફરિયાદ વધી તો આવતી કાલેબી કાંઈ છુટકો થવાનો નથી. માટે હવે બચ્ચું પોતેજ વચે પડી તે ગાડાંવાલાને કાલાવાલા કરી જમસુને છોડવાની તેણે અરજ કીધી, જમસુ પાસે તે ગાડી-

વાનને નુકસાન ભરી આપાવ્યું અને આવતી કાલને માટે તેણે ગાડીની પાછી પકડણ કરી રાખી.

હવે સઘળાં બંગલે પાછાં ગયાં. આવતી કાલે ભૂલ નહી થાય માટે જમસુએ વધારે ખપકીની ખાતર ગાડીવાલાને જવા દેવાને બદલે આખો દહાડો બંગલામાંજ ગાડી છોડાવી અને રાત્રે ગાડીવાનને બંગલામાંજ સુવાડવાની ગોઠવણ કીધી. એ રીતે તેમની વિદાયગીરી પાછી આવતી કાલ ઉપર રાખી અને સાહુચેતીના આ વધુ ઉપાયોથી કાલે સહવારે તો આ ધિક્કારનું ધામ છોડીને પોતાને મહીરે જવાની વધારે પકી આશા પેદા થઈ.

પ્રકરણ ૧૯ મું.

એક તલાક અને એક વશટાળું.

આશાની સાથે થોડીઘણી ધીરજ હોય છે, પણ બચુંને ધીરજ તે કયાંથી હોય? ગંગાએ ઘણી ધીરજ આપ્યાથી બચુંને ધીરજ નહી આવી, ત્યારે ગંગા જમસુને તેડવા ગઈ અને એને બચુંની પાસે જવાનું એ બાહનું મળ્યું. બચુંએ પોતાની ભય ભરેલી હાલતનો કમકમાટ કાંઈ છુપો રાખ્યો નહી! તે બોલી કે "જમસુ, જમસુ, તેં મારૂં નખોદ વાળ્યું! ઓ! મારો આખો ભવ તારે લીધે ડુબ્યો! હું મારી આબરૂ જાલવવાને આવી ત્યાં મારી આબરૂ ઓર ગુમાવી બેઠી. હું બીજાની બેઇમાનીનો પાકધિકાર દેખાડવા આવી તેને બદલે પોતે બેઇમાનમાં ખપી. અને એ સઘળું તારીથી થયું."

"મેં એવી શું ચાલ ચલાવી?" જમસુ ઘણા મીઠાસથી, ઘણી દયાથી અને ઘણી દલગીરીથી પોતાનો બચાવ કરવા લાગ્યો. "મેં તમારી તરફ એકબી આડો વિચાર કે આડી નજર કરીછ? મેં તમોને ઓર મદદ કરવાનું માથે લીધુંછ, અને તેના બદલામાં તમે મને બદનામ કરોછો? મેં આ પરદેશ વચે તમારૂં એટલુંબધું માન રાખ્યુંછ કે તમારા મલાહજાની ખાતર હું તમારી મુલાકાત વટીક કરતો નથી અને તોપણ તમે મને જરાપર જુતિયાં આપોછ? અફસોસ! મેં કયાંને કયાં તમારી ઉપર દયા કીધી! મેં કયાં તમોને મારી મદદ કબુલી! કે તેના બદલામાં હું આ તમારી લાનતમાં પડયો!"

જમસુ બીજી ઘણી ડાપણનીજ વાતો કરીને છુટો પડયો પણ વધારે વસટાલુ ચલાવવાનું તો પેલી દદા ગંગાનું કામ હતું.

"ખરી વાત છે" તે પાછી આવીને બોલી "કે જમસુ શેઠની આ મોટી ભૂલ થઇછે અને તેથી તમારી કીર્તિને નાહક ડાઘ લાગ્યોછે. શું કહું બાઇ? એક વાત હું આજે સાંભલી આવીછ તે જો તમોને કહું તો તમે આત્મઘાત કરો."

"શું છે ગંગા? જલદી કહે."

"તમે કબુલાત આપો કે તમે તે વાત સાંભલી દીલે દુઃખ નહી ધરો ઇયા કાંઈ પોતાની દેહને નુકસાન નહી કરો, તો એ વાત કહું."

"હું કબુલ થાઊંછ ગંગા. મારૂં નુકસાન હવે શું બાકી રહ્યુંછ? જે નુકસાન મને થઈ ચુકયુંછ તેની આગળ હવે હું પોતે જે કાંઇ નુકસાન કરૂં તે કશી વિસાદમાં નથી."

"ત્યારે સાંભળો. આજે હું શેઠ તરફથી ટપાલનો કાગળ નાખવા આગ ગાડીના સ્ટેશન ઉપર ગઇ હતી. મધરાજની મેળ ટ્રેનમાં ટપાલ નાખવાનો હતો ને હું ગઈ ત્યારે ગાડી સ્ટેશન ઉપર આવેલી હતી. તે ગાડીમાં કોઇ પારસી કુટુંબ હતું તેઓને મેં પોતપોતામાં તમારે વિષે વાત કરતાં સાંભળ્યાં. તેઓ બહું બુરૂં બોલતાં હતાં.

તેઓ તમોને ગાળો આપતાં હતાં અને ચોક્કસ માનતાં હતાં કે પોતાની બેવફાઇ ઢાંકવા સારૂ તમે પોતાના ધણી ઉપર બેવફાઇનું ખોટું તોહમત મુકી હડહડતા લુછા સાથે નીકળી ગયાંછો."

"ખોદા મારૂં મોત આવે તો કેવું સારૂં!"

"એટલુંજ નહી, બેહેન, પણ તેઓ તમારી આગળી પાછળી ઓળખતાં હતાં. તમારી માતા મરી ગઇછે નહી બાઇ?"

"હા, મારાં મા મને નાની મુકીને મરી ગયાં હતાં."

"બરાબર, બરાબર. હું તે કેમ જાણું? એ તો મેં સ્ટેશન ઉપર પેલાં પારસીઓથીજ જાણયું. તેઓ તમારી તે મુવેલી માની નિંદા કરતાં હતાં કે તે બાઇ પણ તમારીજ માફક પોતાના પ્રથમ પરણેલા ધણીને છોડી દઇ તમારા બાપ સાથ નીકળી આવી હતી, અને તેની ચાલ, તેઓ બોલ્યાં કે તમે પાછી ચલાવીછે."

ગંગાને મોહડે આ હેવાલ સાંભળતાં બચ્ચું જાર બેજાર રડતી હતી. તે જવાબ દેવાને અશક્ત હતી. અને તેથી પોતાની કાતર સરખી જીભ ચલાવવાને ગંગાને હવે તક પાછી મળી હતી.

"બાઇ હવે રડયાથી શું વળવાનું છે?" તે સમજાવવા લાગી. "હવે તો હું નાદાનની એક સલાહ કબુલ કરો. જુવો જમસુ શેઠે તમારી સાથ કેવી રૂડી ચાલ ચલાવીછે, કેવી તમારી ચાકરીમાં તે હાજર છે, કેવી તમારી બરદાસ્ત લેયછે, કેવું તમોને માન આપેછે, તમારે ખાતર કેવો તેણે ભોગ આપ્યોછે તેનો વિચાર કરી તમે એની વહુ દાખલ—"

ગંગા આ વાક્ય પુરો કરવા પામી નહી. તેનાથી બોલાવુંજ નહી, પણ તેટલામાં બચ્ચું બુમ મારી ઉઠી. "મુંગી રેહ ગંગા, હું તારી વાત નથી સાંભળવા માગતી."

"જમસુ શેઠના મામાના પૈસા જમસુ શેઠને મળવાના હતા. તે મામા સાથ એવણને તુર્તની દાસતી થઈ હતી, તેની પણ દરકાર ન કરતાં એવણે તમારી ખાતર આમ ગામે ગામ રખડવા માડયુંછે, એ શું એણે થોડો ભોગ આપ્યોછે?"

"બસ! મુગી બેસ! ઓ નીચ દદા, મુગી બેસ!" બચ્ચું કમકમાટથી બોલી. "મારાં ઉપર આસમાન ટુટી પડે તોપણ હું મારૂં પતીવ્રતપણું સાચવવાની."

"પણ તમારા પતિએ તમારી તરફનું પતિવ્રત શું જાલવ્યુંછે કે તમે પતિ તરફનું વ્રત જાલવવા નીકલયાંછો? તમારા પતિને તો ખામખા તજી આવ્યાંછો."

"તે મારાં પતીવ્રતને લીધે તજી આવીછ."

"અને તોપણ તમારાંજ જાતવાળાં લોકો તમોને તો સતભંગ, બેવફની અને અપતીવ્રત ગણેછે. હવે તમે તમારૂં સત ગમે એટલું દેખાડશો, પણ તે કોણ માનવાનું છે? ડાઘ તો લાગી ચુકયો તો હવે મારી સલાહ પ્રમાણે જમસુને તમારા નવા ભર્તાર દાખલ કબુલ કરો."

"ઓ! પાપી જીભથી આ વચન કાહાડતી તારો દોજખમાં ઠાગ થજો! મારા ભર્તાર ઉપરથી મારો ભરૂસો ઉઠી ગયોછ, તોપણ તેજ મારો ભર્તાર છે અને તેનીજ હું બાયડી છું."

"પણ તમારો તે ભર્તાર પોતેજ તમોને છોડી દેશે" તક લઇને ગંગાએ પથર ધુમાવ્યો.

"હેં! એ શું બકેછ?" ગભરાટથી બચ્ચું પોકારી ઉઠી.

"હું ખોટું નથી બોલતી. મેં જે તમારા જાતવાળાઓને વાત કરતાં સ્ટેશન ઉપર સાંભળ્યાછે તેઓ બોલતા હતા કે તમારા વરે તમારી ચાલથી એકદમ નારાજી થઈ તમારી ઉપર છુટા છેડાની ફરિયાદી માંડીછે."

"હશે! ઓ! તું બોલ ના!" કાંઈ પણ જવાબ સુજ નહી પડવાના ધભરાટમાં બચ્ચુંથી જે બોલાયું તે બોલી.

"હવે એમ છે, ત્યારે તમારાં ભવિષનો કાંઈ વિચાર કરો." ગંગાએ ફુસલવણી ચાલુ રાખી. "એક ગમથી તમારો પરણેલો માટી તમારીથી છુટા છેડા કરશે ને

તમે બીજી ગમથી પાક દામાનનું બાહનું કાહાડશો તે આ પ્રમાણે બીજાની સાથે નીકલી જવા પછી કોણ માનશે? ભર્તારે છુટાછેડા કીધા કે પછી દુનિયાંમાં કોઈ તમોને પાસે ઉભું રાખવાનું છે? પણ તેવા વખતમાં જમસુથી તમારો બચાવ થશે—તમોને આધાર અને ટેકો થશે. જે ધણીએ તમારી આટલીબધી ખીજમત બજાવી અને તમારે માટે પોતાની આબરૂનો અને પોતાના પૈસાનો ભોગ આપ્યો તે ધણીનેબી તમે તરછોડી જવા માગોછ તો હવે પછી તમારૂં શું થશે? તમે કયાં રેહેશો? તમે ગુજરાણ કેમ ચલાવશો? તેનો ખ્યાલ કરો."

"હું ભુખે મરીશ. ભીખ માગીને મારૂં પુરૂં કરીશ. પણ હું અપતિવ્રતપણાના અપરાધમાં મારા હાથ તો નથી બોલવાની. હું માગી લઊંછ, ગંગા, કે હવે તારી સમજાવત બંધ કર. કાલને કાલ મને મારે પિહરે જવાદે. ને પછી જે મારૂં થવાનું હશે તે થશે."

બચુંની હઠ આગલ ગંગાનું કાંઇ ચાલ્યું નહી. તે અંતે પોતાની બાઈ પાસેથી ઉઠી. જતી વેળા બચુંએ ગંગાને એક તાર લખી આપ્યો કે એકદમ મુંબાઈ મોકલવા માટે એ તાર જમસુને આપે. તે અફસોસ કરવા લાગી કે ગઇ કાલે મેં મુંબાઈ દીનમાય ઉપર કાગળ લખવા કાહાડયો તે જો લખ્યો હોત તો કેટલું સારૂં થાત? અહી ભુલથી આવ્યાં છે તે ત્યાં સર્વે કોઈ જાણત તો ખરાં! પણ આજે ઉપડી જવાના ભરૂસા ઉપર જમસુએ કાલે કાગળ પણ લખવા નહી દીધો અને નહી તેઓ ગયાં કે નહી કાગળ ગયો. હવે તો બોલાસાને માટે આ તાર મોકલવોજ જોઇયે.

ગંગાએ તારનું કાગળ લઈ જઇને જમસુને આપ્યું. જમસુએ પેહલા તારની મિશાલે આ કાગળ પણ ફાડી નાખ્યું, પણ તાર મોકલાવ્યોછે એમ બચુંને બોટું સમજાવ્યું.

ખરી વાત એ છે કે બચું મુંબાઈ ઇયો સુરત જાય અથવા ખરી ખીના કોઇનો પણ જાણવામાં આવે એવી જમસુની મરજીજ નહી હતી. બચું તો ખરેખર તેની સાથ નીકળી આવીછે એવો જે ખ્યાલ સર્વેના મનમાં ઉતપન થયો જોઇયે તેજ ખ્યાલ ચાલુ રાખવાનો આ ચંડાળે ઠરાવ રાખ્યો હતો. એ બોટી નિંદા ખરી માનીને બચુંને તેનો ભર્તાર તજી દેય એવી તો જમસુની ધારણાજ હતી અને તેમ થવા પછી એ કોમળ નારને લાચારી અવસ્થામાં લાવી તેને પોતાના કબજામાં લેવાની પાપવાસના તેણે કલપી રાખી હતી. માટે બચું કયાં છે તેની કશી ખબર થોડા દહાડા સુધી કોઇને પણ પડવા નહી દેવી તેની તેણે સંભાલ લીધી હતી.

બચુંનાં તારનાં કાગલો તેણે એટલાજ માટે ફાડી નાખ્યાં હતાં. બચુંને ગઈ કાલે એટલાજ માટે તેણે કાગલ લખતાં અટકાવી હતી, અને આજે ગંગાએ બચુંને જે કાંઈ બધી બીહીક આપીછે તે પણ એ દુષ્ટ પાપીનાં કારસ્તાન હતાં. ગંગા કાંઈ સ્ટેશન ઉપર ખરેખર ગઈ નહી હતી, તે કાંઈ ત્રેનમાંના પારસી ઉતારૂઓને જોઈ આવી નહી હતી ઇયા તેમની વાત સાંભળી આવી નહી હતી. એ સઘળું તેને સંભળાવનાર અને શિખવનાર એકલો જમસુ હતો.

વળી એ ઠગારાની ઠગાઇને લીધેજ બિચારી બચું આજે મુંબઇની ત્રેન ચુકી ગઇ હતી. જમસુએ ગાડીવાનને ખામખા ગાડી મોડી લાવવાની ફરમાસ કીધી હતી. ગાડીવાલાએ પોતાની ખુશીથી વાર લગાડી નહી હતી, પણ જમસુના ખાશ હુકમથી વાર લગાડી હતી અને એમ કરીને હાથે કરીને તેણે ત્રેન ચુકાવી હતી. પણ જમસુ ગાડીવાલાને મારવા ગયો અને તેણે એવીજ બીજી જે ધરપચો કીધી તે સઘલા ખાલી ઢોંગ હતા. તે ગાડીવાલા સાથ આગમચથી મળેલો હતો અને તેને આમ ધરપચ તથા મારામારી કરવાનું આગમચથી કહી રાખ્યું હતું. એ રીતે

બિચ્ચારી બચુંને આ એકાંત ગમમાં દગલબાજીથી રખડાવી તથા કેદ રાખીને બીજીગમથી પોતાનાં પાપી વસટાળાંમાં તેણે આ દાસીને વચે નાખી હતી અને જ્યાં સુધી બચું પોતાનાં દીલની દ્રઢતા છોડીને જમસુ સાથ રેહેવાને પીગલે નહી ત્યાંસુધી તેને અંહીજ રાખીને અનેક ઉપાયો અજમાવાનો તેણે ઠરાવ કરયો હતો.

માટે જો કે બીજે દહાડે તો સ્ટેશન ઉપર ગાડીમાં જવા સારૂં ગાડી બંગલામાંજ છોડાવી હતી અને તેથી આજે તો ઉપડી જવાની બચુંને પકી ધીરજ હતી, તોપણ જમસુએ તેને પાછી અટકાવી રાખવાનો ઘાટ ઘડયો હતો. તેણે ઘડિયાલના કાંટા ફેરવી નાખી બે કલાક ધીમું કરી ખોટું ચલાવ્યું હતું. બચુંએ વધારે ખચીતાઇથી ઉપડી જવા મોડી રાતના જાગ્યા પછી સ્ટેશન ઉપર જઇને ઉતારો લેવા ચાહ્યું હતું, અને જોકે સ્ટેશન નાનું હતું અને સ્ત્રીથી મલાહજાથી ઉતારો લેવાની ત્યાં જગ્યા નહી હતી, તોપણ કશી ભૂલ નહી થાય માટે તે ઠરાવ કરી રહી હતી, પણ પોતાનો એ કઠણ દીલનો ઠરાવ તે પોતેજ પાલી શકી નહી. ત્રણ દહાડાની થાકેલી, ત્રણ દહાડાની ઉજાગરી, એક તો દુઃખથી અને બીજું તો અતિયંત આતુરતાથી નબલી પડી ગયલી તે રાતના થોડુંક દુધ પીને આરામેશ લેવા જતાં ઊંઘી ગઇ અને પછી મોડી રાતેજ તે જાગી. તે ઘભરાટમાં ઉઠી. તે સમજી કે ગાડીનો વખત થઇ ગયોછે. પણ ઘડિયાલમાં જોયું તો વખત ઘણો હતો એટલે તેને ધીરજ આવી. તેણે ગડબડ કરીને એકદમ જવાની ઉતાવલ કીધી. ગાડી જોતરાવી, જલદીથી સામાણ નાખ્યો, સર્વે બેસી ગયાં, અને સ્ટેશન ઉપર ગાડી ઝપાટામાં જઇ લાગી.

પણ બચું શું જુવેછે ! પાછલી રાત થઈ ગયલી, ચાર વાગી ગયલા, અને ગાડી તો આવીને પાછી ગયલી.

વળી પાછી બચું ઠગાઈ. વળી પાછી લાચાર થઈ પડી. વળી પાછી તે અફસોસ અને જારી કરવા લાગી.

પણ હવે કોણનો વાંક કાહાડે ? વાંક તો ઘડિયાલનો હતો. જમસુએ પોતાનું ઘડિયાલ જોયું તે તો બંધ પડેલું હતું. બંગલાનું ઘડીયાલ સરીયામ ખોટું હતું. ગંગાએ કહ્યું તેમ વખતનો વાંક હતો—વખત ઊંધો ચાલ્યો અને વખતે દગો દીધો. પણ વખતનો વાંક તે નસીબનો માત્ર વાંક હતો. ઊંધો વખત ઊંધાં ભાગ્યની નિશાની છે, ગંગાએ કહ્યું.

પણ આ સર્વે વાત રડતાંના આંજુ લુછાવવા સરખી બચુંને જણાઈ. હવે તેને મજબુત શક ગયો કે આ સઘળા જમસુના ઢોંગ છે અને તેની ખરેખરી મતલબ તો તેને ઠગાઇથી અહીંજ રાખવાની છે. ગંગાએ તેની તરફથી જે પાપભરેલું વસટાલું આણ્યું હતું તે યાદ કરતાં હવે બચુંની વધારે ખાતરી થઈ અને તેથી હજી તો જ્યારે તે સ્ટેશનની બાહેર ઉભેલી હતી તેટલામાંજ તે જમસુ ઉપર તોહમત મેલી રડી પડી કે "તું મને ફસાવવાની પેરવી કરેછ, તેં મને ઠગીને અંહી રાખીછ અને તું મને નુકસાન કરવાને આ સીતમ ચલાવેછ." આમ ઘણાંજ જોસથી તોહમત મુકી બચુંએ જમસુ સાથ બંગલામાં પાછી જવાને ના પાડી.

જમસુએ નિર્દોશાપણાનું ઘણુંખી ડાલ દેખાડયું, ગંગાએ તેને ઘણીખી ઉલટપાલટ સમજ પાડી, પણ બચુંનું મન માન્યું નહી. સ્ટેશન ઉપર રેહવાની કે ઉતરવાની જગ્યા નથી, પણ બચું બોલી કે "અંહી હું તડકામાં પડી રહીશ પણ તારી સાથે પાછી નહી આવું." જમસુ બોલ્યો કે સ્ટેશન આગળ પડી રેહવાથી હેરાનગતીજ માત્ર થશે એમ નથી, પણ આબરૂ નહી જલવાશે. બચું બોલી કે "અંહીથી હું કેથે ચાલી જઇશ, ભીખ માગીશ, કોઈ ધર્મશાળામાં પરદેશીઓ વચે જઇ રહીશ તોબી મારી આબરૂ જલવાશે, પણ તારે બંગલે પાછી જવામાં મારી આબરૂ નથી."

જમસુ ડરાવેલો ડર્યો નહી. તેણે બચુંના આ ઝનુની ઠગવની આગમચથી વકી રાખેલી હતી અને તેને માટે તે તૈયારજ હતો. તે બોલ્યો કે "બચું તું દેવાંની થઇછિ, તું હાથે કરીને પોતાની ખરાબી કરવા માગેછ, તારી સંભાળ મેં મારે માથે લીધીછ, માટે હવે તો તું દેવાનીની મરજી પ્રમાણે નહી પણ મારી મરજી પ્રમાણે તુને રેહવું પડશે." એટલું બોલી તેણે એક ઈસારત કરતાં બે ત્રણ માણસો આસપાસથી નીકલી આવ્યાં. તેઓમાં એકતો ગાડીવાલો હતો, બીજો બંગલામાં રાખેલો રાંધણીયો હતો, ત્રીજો જમસુ પોતે હતો, ચોથી ગંગા હતી, તેઓએ એક પલવારમાં બચુંને જબરીથી ઊંચકી ગાડીમાં નાખી, જમસુએ તેને બૂમ મારતી અટકાવવા માટે તેનું ડાચું ડાબ્યું અને ઝપાટાબંધ ગાડી હાંકીને તેઓ બંગલામાં ગયાં.

પ્રકરણ ૨૦ મું.

એક તલાક.

આ જુલમાતમાં બચુંની કશી શુદ્ધિ રહી નહી. જમસુનો હાથ તેના નાજુક તનને લાગતાં વારજ તે બેશુધ થઈ પડી અને તે બેશુધિમાંથી પાછી જાગૃત થઈ ત્યારે દુધણી ખાતેના પેલાજ બંગલામાં, પેલાજ માળા ઉપર એકવાર ફરી તેણે પોતાને કેદ થયલી દીઠી. તેને બેભાણ હાલતમાં માણસોએ તેના બીછાના ઉપર લઈ જઈ નાખી અને જ્યારે તે હોશયાર થઇ ત્યારે તે એક મીઠી ઊંઘમાંથી જાગી હોય એટલુંજ તેને લાગ્યું.

પણ તેણે ઘણી હેમત ખાધેલી હતી. પોતા ઉપર ગુજરેલા સીતમથી તે ભયભીત થઈ ડોળા ફાડીને જોતી. તે બોલવાને અશક્ત હતી. ગંગા બિછાના આગળ બેઠેલી હતી તેણે તેને બોલાવી પણ તેણે જવાબ દીધો નહી. તેણે એક ચીસ પાડીને આંખ્યો પાછી મીંચી દીધી અને ગંગા ગભરાઇને જમસુને તેડવા ગઈ. જમસુએ આવી તેને ઘણી આજીજીથી બોલાવી ત્યારે તે એટલુંજ બોલી કે "મારે કોઈ સાથ વાત કરવી નથી, તમો સર્વે મારી પાસેથી જાવો." જમસુએ જવાને ના પાડી. તે બોલ્યો કે બચુંની જતન લેવાને તે બંધાયલોછે. તેણે બચુંને ઠપકો આપ્યો કે આ સઘલું દુઃખ તેણે પોતાને હાથે પોતાને માથે હોરી લીધું છે. બચુંએ સાફ કહ્યું કે "ઓ! નીચ, ઘાતકી, ચંડાળ! કાલે આ નીચ તારી દાસી જે વસટાલાં લાવી હતી તે ઉપરથીજ હું તારી પાપી મતલબ પામી ગઇ હતી, અને આજે તેં મારા ઉપર ગુજારેલા જુલમથી મારી ખાતરી થઈછે કે તું ઘાતકી ઉમેદાથી મને અંહી કેદ રાખેછ અને તારીથી દયાની આશા રાખવી તે વાંસથી સેલડીની આશા રાખવા બરાબર છે."

"જો બચું, હું કહુંછ તે સાંભળ" જમસુ વળી પાછો ક્રૂર અને ઘાતકી ગંભીરાઇથી બોલ્યો. "મેં ગંગાને કશું વસટાલું સોંપ્યું નથી, પણ અગરજો તેણે પોતાની તરફથી મારી દયા ખાઇ મારા તરફથી કહ્યું હોય તેમાં ખોટું શું છે?"

"જુઠું, સઘલું જુઠું છે." બચું ખૂનપર આવીને બોલી. "ઓ નીચ! એ કપાતર નાર તારી નીચ ધારણામાં સામેલ છે. પણ તારા ગમે એવા ડાવપેચથી હું મારા મનનો ઠરાવ છોડનાર નથી."

"તું એમજ ગલે પડેછ, ઓ ઓરત! તો જા હું સઘલું કબૂલ કરૂંછ." એકદમ ઝનુનમાં હવે જમસુ પણ હુજતે પડયો. "હા, આ સઘલું મેં જાણી બુજીને કીધુંછ. હવે તું શું કેહેછ? હું તુને જાણીબુજીને અંહી ઠગીને લાવ્યોછ, હું તુને અંહીથી જતી અટકાવા માગુંછ, હું તુને અંહી કેદ રાખવા માગુંછ અને તુંને મારીજ બી

દાખલ થઈ જવા ચાહુંછ. હવે તારૂં શું ચાલવાનું છે? જ્યાંસુધી તું હઠ કરશે ત્યાંસુધી હું તુંને અંહીથી ખીસવા દઈશ નહી. જ્યાંસુધી તું મારી મરજીને તાબે નહી થશે ત્યાંસુધી હું તુને કેદ રાખીશ, તું અંહી એકલી, અટુલી, દુનિયાંથી બાતલ પડી રેહશે. તુંને કોઈ સાથ શંદેશો ચલાવવા નહી દઈશ અને તું મારી સાથ નીકળી આવી એવી જે નામોશી જગતમાં તુંને અને મને લાગી ચુકીછ તો હવે તેજ નામોશી હું ચાલવા દઈશ."

"ગમે તે થાય, પણ હું તાબે થવાની નથી." બચું હવે કશી બીહીક વગર બુમ મારીને બોલી. "તું મારા ઉપર ઘણામાં ઘણો જુલમ શું ગુજારશે? ઘણું તો મને મારી નાખશે અને હું મુઇ તો આ દુઃખથી છુટીશ. તું મારો જીવ લેશે તે તો મારા ઉપર દયાનું કામ કરેલું ગણાશે, પણ જયાંસુધી હું જીવતી છું ત્યાંસુધી તો જાણ, ઓ મુંજી! કે મારા જે ધણીને હું પરણીછ તે સિવાએ બીજાનો હું ખ્યાલ કરવાની નથી."

"તું જાણતી નથી કે તુંને પરણવાની મેં બચપણથીજ ઉમેદ બાંધી હતી?" અંહી જમસુ બચુંને આગળો અણગમતી યાદ દેવા પડયો "અને તું શું ના પાડેછ કે તે પોતે પણ પેહલાં તો મને તારા ધણી દાખલ ધારી રાખેલો હતો? તારા લવજી સાથ પરણવાની અગાઉ તું પોતેજ શું મને પુછવા આવી નહી હતી? અને મારી કરજદારીના દુઃખથી મેં પોતે ચાહીનેજ શું તુંને મારા હાથથી જવા દીધી નહી હતી? પણ તેથી તેં દુઃખ ભોગવ્યુંછ અને મેં પણ દુઃખ ભોગવ્યુંછ તો હવે તું મારે હાથ આવીછ ત્યારે તુંને જતી મેળવાનો નથી."

"અરેરે! લવજી! તુંને શું સુજ પડયું કે તેં આ ઝેરી નાગને તારે ઘેર દુધ પાઈ ઉછેર્યો." બચું સાસ છોડીને બોલી.

"તારા ભર્તાર સાથ મને મેળવનાર, લવજી સાથ મારી ઓળખાણ કરનાર તો તુંજ હતી."

"પણ માથેરાનમાં તારી ચાલથી હું ચેતી ગઇ હતી અને તેથી તેજ વખતે મેં તુંને તજી દીધો હતો."

"અને જાણ, હે સ્ત્રી! કે મેં તેજ વખતથી તારા ઉપર વેર લેવાનું વચન લીધું હતું, તે વચન મેં આ ખરે પાડયુંછ."

"અરેરે! લવજી! જ્યારે આ પાપીને તેં ઘરમાં તેડીને રાખ્યો, ત્યારે હું પોતે તેની સામે થઈ તેજ વખતે તેં સમજીને એને કાહાડી કાં નહી મેલ્યો?" બચું પવન થઈ આવ્યો હોય તેમ ઘેલીની મીશાલે બકારો કરતી હતી.

"કાહડી શું મેલે?" જમસુએ તેને વધારે ઘાતકી શબ્દોથી ખીજવી. "તેં પોતેજ મારા પર વિશ્વાસ મેલ્યો અને તારા ભર્તારનું ઘેર છોડી જવામાં તેં પોતેજ મારી મદદ માંગી. યાદ રાખ કે તારા ભર્તાર વિષે પણ તું ઠગાઈછ. હું નથી માનતો કે તારો લવજી પેલી શીરીન સાથ કાંઈ પણ નાલાયક મોહોબત રાખતો હોય. હું સારી પેરે જાણુંછ કે શીરીન તો કાંઈ અગતના કામસર લવજી પાસ આવતી હતી. મેં તેજ વખતે ખબર કાહડી તો મને જણાયું હતું કે હીરાભોગીના ઘેરને લગતી કાંઈ છુપી તજવીજ ચાલતી હતી, તે વિષે લવજી રાત ને દીન શીરીન સાથ રોકાયલો રેહતો હતો. પણ તારી મરજી મારી સાથ જતી રેહવાની એટલે તું તેનો ઉલટોજ અર્થ લઈ પડી તો મારે તેમાં બોલવાની શી ગરજ?"

આ ઘાતકી શબ્દો ઓચરીને જમસુ બચું આગળથી ચાલી ગયો અને તેને એકલી નાખી ગયો. તેણે દાદર ઉતરવા પછી તેના બારણાને એવડું ટાલું મરાવ્યું અને બારણા ઉપર ચોકી કરવા ખાસ માણસ બેસાડયો તે બચું જોકે જોતી નહી હતી તોપણ સઘલું સાંભળતી હતી. તેનું આખું દીલ થડ થડ ધ્રુજતું હતું.

પણ બચુંની સઘળી ધાસતી થોડા વખતની હતી. કવી શામળભટ કેહછે કે "જેના ઉપર માથે પડે, તે વણ પગલે

મરૂ ચહડે," તેમ એકવાર પોતાનું દુઃખ શું છે તે જાણવું, પોતાની ખરેખરી હાલત માલમ પડી તો પછી તેનો ઉપાય સુજ પડેછે.

અને એ વખતથી બચુંનું દુઃખ વધવાને બદલે ઓછું થયું. હવે તે હીમતવાન થઈ. તેને એક મોટો પાહાડ ચહડવોછે અને પોતાની મેળેજ, "વણ પગલે" ચહડવોછે એવી ઉમેદ તેના દીલમાં બંધાઈ, તે ઉમેદ તેને ઉલટમંદ બનાવી, અને પોતાની પાક દામાન ઉપર એક નીચ નજરનો પલીદ દુશમનીથી લડવા આવેછે તે નાપાક નજરનાને હરાવવાની આશાએ તેની છાતીને છુટકારાને માટે ધાડી બનાવી.

પણ છુટકારો મેહેલ નથી. તેનો ઉપાય શો કરવો? પુખ્ત વિચાર કરતાં બચુને જણાયું કે ઉપાય નરમાસમાં હતો. તાણતોડ કરવાથી, દુશમની દેખાડયાથી, સામા શત્રુને વધારે ઉસકેરવો અને પોતા વીરૂધ છેડી મેળવો એમાં બચુંને ડહાપણ લાગ્યું નહી. તે શત્રુની માત્ર દયાને આધારે હતી, માટે હવે તો તેની દયા ઉશકેરવી અને તે ટલા માટે તેની તરફ મર્યાદાની વાજબી હદ સુધી ઢલી જવું એમાંજ બચુંએ પોતાના છુટકારાની ઉમેદ બાંધી. તેના તરફ લટી જવા માટે તેની પાપી મરજીને આધીન થવાની અગત નહી હતી, પણ તેને તાબે થવા વિના તેના તરફ નમનતાઈ પકડવાનું બચુંના હાથમાં હતું. તેને તાબે થવાને બદલે તેને પોતાના તાબામાં લેવાને બચું બળવાન હતી અને એ પ્રમાણે તેના ઉપર ફાવવાની ચાવી બાહેરની થોડીક નરમાસ અને ખોટા મીઠાસમાં બચુંને મળી આવી.

બપોરે જમસુએ સ્ટેશન ઉપર માણસ મોકલી ત્યાંથી પુણેથી આવેલી ત્રેનમાં તે દહાડાનું વર્તમાન પત્ર મંગાવ્યું અને તે ધારતો હતો તેમ તેમાંથી બચું અને લવજી વચેના અસંબંધની ખબર તેણે છપાયલી જોઈ, તેમાં લવજી જેવા એક અશરાફ માણસની કોમળ સ્ત્રીના "નીકલી જવા" ની ખબર ઘણા દુઃખ સાથ છાપી હતી તથા બિચારા લવજી ઉપર આવી પડેલાં દુખમાં પ્રજા તરફથી ભાગ લીધેલો જણાવ્યો હતો તથા એ બનાવથી આખી પ્રજામાં મોટો હોહોકાર મચી રહેલો જણાવ્યો હતો.

અને છેલે ખબર આપી હતી કે લવજીએ પોતાની ઓરતનું આ અપમાન ખમવા કરતાં તે ઓરતથી છુટા છેડા કરવાને કોરટમાં અરજી આપી હતી.

આ ભય ભરેલી ખબર જમસુએ થંડે પેટે વાંચી અને પછી એ ખબર બચું ઉપર વાંચવા મોકલવા તેણે પેહલાં તો વિચાર કીધો કે જેથી તેના બળાપામાં વધારો થાય અને પોતાના ભર્તારને ભેટવાની કાંઈ પણ આશા તેના મનમાં હોય તો તે છોડી દેય. પણ વધુવિચાર કરતાં આ લુચ્ચાએ પોતાનો ઘાતકી વીચાર તુર્તવેળા મોકુફ રાખ્યો. તે બીધો કે પોતાના ભર્તારની ફરિયાદીની બીના જાણવાથી તો બચું પાછી જવાની વધારે તલપ કરશે અને પોતાની સચાઈ સાબેત કરવામાં તે વધારે તતપર થશે. માટે તેને આ ફરિયાદીની બીનાથી અજાણી રાખવાનું એ મહાપાપીએ બેહેતર વિચાર્યું અને લવજીને બચુંના છુટાછેડાનું હુકમનામું મળ્યા પછીજ તેને એ તલાકથી વાકેફ કરવાનો ઠરાવ કીધો. તલાક મળ અગાઉ નહી પણ તલાક મળ્યાં પ પોતાના ભર્તારની આશા તદન છોડય છીજ બચુંના કઠણ મગજને ફેરવ આ ચંડાલને કાંઇ પણ આશા હતી જે શખત ધમકી આપીછે તેની શી થાયછે તે માત્ર જોવાનું તુર્ત ઠીક લાગ્યું. તેની ખાતરી હતી આજની ધમકીથી ધબકી જશે તાની મેળે નરમ પડશે.

કેટલીકવાર પછી ગંગા ગઈ તે તેવીજ ખબર લઇ બચુંને ઘણી નરમ પડેલી ચેહરા ઉપરથી ઘણો ગુસે

તેણે ભોજન સારું માગીને ખાધું તથા ગંગા સાથ વધારે ઠંડાપણાથી વાત કીધી જ્યારે ગંગાએ સમજાવી કે "બાઈ, જમસુ શેઠનો એકવાર આશ્રય લીધા પછી તેની સામી શું કરવાને થાયછે? અને તેને શા વાસતે વધારે ખીજવેછે?" ત્યારે બચું ગગલી પડી અને જમસુની કદર બતાવવા લાગી. તે બોલી કે "ગંગા, હું નાચાર છું, તું મારૂં હેત ખાઇ મને એવીજ સલાહ આપેછે તો હવે મારો કાંઈ ઉપાય નથી અને મારૂં કાંઈ ચાલે એમ નથી."

સાર એ કે આજની આ મુલાકાતમાં ગંગા બચું તરફથી અગતનો એક પેગામ લાવી અને તે એ કે બચુંને પોતાના ધણીને પડખે જવાની તો આશાજ નથી, પણ તે એટલુંજ માગેછે કે તે એકવાર પોતાને પિહર જાય અને પોતે કોઇ પણ રીતે બિગાડ કીધો નથી પણ પોતાનો ધર્મ જાલવ્યોછે એમ સર્વેની ખાતરી કરે અને પછી જમસુની માંગણી ઉપર કાંઇ પણ ધ્યાન આપી શકે. પણ તે એવી શરતે કે જમસુ કશો પણ છલ કે દગો કીધા વગર કાલને કાલ તેને મુંબઇ પોંહોંચાડે અથવા એકલી જવા દેય.

બચુંના આ લલચાવનારા પેગામનું પોલપણું જમસુ સમજી નહી જાય એમ કી હતું. તેણે બચુંનો પેગામ હસી કાચો. પણ એટલું કીધું કે "જ્યારે બચું ની હુજત છોડી નરમાસ બતાવેછે મારી માગણી ઉપર વિચાર કરવાને ે એક માસની મુદત આપુંછું, તે ાં એ આ કેદખાનામાંથી ખીશી શકશે નહી પણ અંહી તેને કશું દુઃખ પડવા દઇશ નહી. પોપટ પીંજરાંમાં બંધ રેહશે, પણ સોનાના પીંજરાંમાં રેહશે, પાદશાહી મોજ કરશે અને તેને કેદખાનું માલમ પડશે નહી."

એક મહીનો સુધી બાહારની દુનિયાં જોવી નહી અને પોતાની પાક દામાનને લાગેલો ખોટો ડાઘ ધોઈ કાહાડવો નહી એ મોટા ગજબ સરખું બચુંને લાગ્યું, પણ ઉપાય શું? હજી ભલું છે કે જમસુએ છ મહીના છયા વર્ષ છયા વર્ષો સુધી તેને કેદ રાખવાની ધમકી આપી નથી. મુદત આપવાનું તેના હાથમાં છે, તો તે ગમે તેટલી લાંબી મુદત આપે. પણ એ મુદતની અંદર જ્યારે ગમે ત્યારે, કાંવે ત્યારે, છુટી થઇને નાસવાનું બચુંના હાથમાં છે. એ કામ કેટલું કઠણ છે તે જોતાં આ રાક્ષસી દીલના કસીએ લાંબી મુદત આપી છે તે એક લેખે ઠીકજ છે. અને હવે તો તે મુદતની અંદર નાહાસવાના ઉપાય કરવા જોઇયે.

માટે નહાસવાની છુપી આશામાં બચુંને આ એક માસની મેહેતલ ગમે એવાં ભારી દીલ છતાં કબૂલ રાખવી પડી. પણ તેણે એક શરત કરવા માગી કે આ એક મહીનો તે બંદગીમાં, પસતાવામાં અને પોતાના કુટુંબની યાદમાં ગુજારશે માટે એ એક માસ સુધી જમસુએ તેને મળવા આવવું નહી, તેની નજરે પણ પડવું નહી.

જમસુની મેહેતલ બચુંએ કબૂલ રાખી તેના બદલામાં બચુંની આ શરત જમસુએ પણ કબૂલ રાખી.

પ્રકરણ ૨૧ મું.

એક કારજ.

ના બંદીખાનાના દુઃખમાથી ાયો ખોજતી મુકી એકવાર પુણા તરફ પાછી નજર ક ી હવી, તો તેનો નેક અને વ્હાલો ભર્તાર લવજી કાંઇ ઓછો દુખી નહી હતો. બરાબર બોલીયે તો ખરો બળાપો તેનો હતો. બચું તેને ખોટી બદનામી આપી ગઈ અને બીજા લુચ્ચાના ફંદમાં તેની સાથે

નીકલી ગઈ. તે બિચારીને જમસુ ચોરી ગયો તે લવજી શું જાણે? સહુ સમજતાં કે જમસુની જાર બુદ્ધિ ઉપર તે ફસી પડીછે.

લવજી પણ તેમ સમજતો હતો અને તેથીજ બચું નહાસી જવા પછી એક અઠવાડયામાં તેણે બચુંથી છુટાછેડા કરવાની ફરિયાદી માંડી હતી. એક તો બચુંના મ્હા અપરાધ વિષેનો પોતાનો પવિત્ર તિરસ્કાર અને કમકમાટ બતાવવા તથા બીજું તો બચું જે બદનામી મુકી ગઇ તેમાં પોતાનું નિર્મલ નિર્દોશપણું પુરવાર કરવા તેણે છુટાછેડાની આ ફરિયાદીથી જાહેરમાં ચાલેંજ મુકી હતી.

અને એ ફરિયાદી માંડીને તેણે પોતાના મનમાંનો ગમ કાહડી મન સાફ કીધું તથા પોતાના માસા માસી અને બીજાં સગાં વ્હાલામાં તે પાછો આવતો જતો થયો.

ત્યાં વળી આ હીગામ ઉપર એક જુદીજ ગડબડ મચી રહી હતી.

પાહાલણજી હીરાભોગી પોતાની દીકરી શીરીનને પરણાવવાની વળી પાછી હુજત લઈ બેઠા હતા. તેવણે બચું નહાસી જવા પછી એક નાનો જેવો રખનોજ શીરીન ઉપર ઉઠાવ્યો હતો, તે કાંઈ બચુંના નહાસવાના કારણથી નહી પણ એટલાજ માટે કે શીરીનનું એક સરસ કારજ આવ્યું હતું, અને શીરીનને ત્યાં ઠેકાણે લગાડવાની તેના બાપની ઘણીજ ખુશી હતી, અને શીરીન નાથી હા પાડતી નહી હતી. પણ તેના બાપનો સ્વભાવ કેવો પાજી અને મીજાજ કેવો ફટેલો હતો તે વાંચનાર જાણેછે, માટે પાહાલણજીનું તે સઘલું ફટેલ પાજીપણું આ વખતે ઉભરી આવ્યું હતું, અને તેથી જ્યારે લવજીના દિવસ બાયડીને ઓહવાના બલાપામાં ગુજરતા હતા ત્યારે બિચારી શીરીનના દહાડા એક અણગમતા આદમીને પરણવાની ધાસતીથી રડવામાં ગુજરતા હતા.

અને શીરીનને માટે એ કારજ કોણનું આવ્યું હતું? વાંચનાર સાંભળી અચરત થશે કે એ તો પેલા પેસુ લવંગિયાનું વસટાલું હતું! જેને થોડાજ દીવસ ઉપર શીરીન ખુની સમજતી હતી અને જેની પછવાડે એક જાસુસ પેઠે ફરતી હતી, તેણેજ શીરીનને પરણવાનું માગવું મોકલ્યું અને તેનુંજ કારજ શીરીનના પિતાને પસંદ પડતું થયું એ કેવું કૌતુક!

પણ પેસુની ખુદ એ માગણીમાં અચરતી નથી. પેસુને છેલીવાર પુણે આવેલો આપણે જોયો ત્યાર પછી જેઓના મનમાં તેને માથે ખુનનો શક હતો તે દૂર થયોછે અને તે વળી લવજીનો, પાહાલીમાસાનો, હીરાંબાઇનો, બલકે શીરીનનો પણ ઓળખીતો પારખીતો થઇ ગયોછે. જ્યારથી દોલાએ એક મજુરને વેશે છુપા લેબાશમાં આવીને પેસુ લવંગિયાને જોતાંવાર કહ્યું કે મરનાર હુશેનશાહનો ખુની એ નથી ત્યારથી લવજીએ તેનો વકાલ થઈ તેની જે ફરિયાદી ચલાવવાને આનાકાની કીધી હતી તે ફરીયાદી ખુશી સાથે ઉંચકી લીધી અને તેને જીતાવી આપ્યો, જેથી તેને એક નાનો જેવો દલો મળ્યો અને તે પછીજ તેણે પોતાને માટે એક લાયક બાયડી મેળવવાની તજવીજ ચલાવી.

પેસુ ભલો માણસ હતો. પણ તેની સાથ શીરીનને પરણાવવાને તેના ગુણ ઉપરાં પાહલણજીને બીજું એક વધારે મોટું કા ઉસકેરનારૂં હતું—તે તેવણના દીકરા દોલ લગાડેલા ડાઘથી તેવણને લાગેલો ડ હતો. દોલીને માથે ખુનના અપરાધ ગાઈ રેહવું અને શીરીનનું કાચી કુમા લતમાં પડી રેહવું એ બેની વચે ગે સંબંધ હોય તેમ નિંદાખોર લોકોને એ બેહુ બનાવને જોડી નાખ્યા બોલતા હતા કે શીરીન કુમારી છે તે એટલા માટે કે તેના ગેલા ડાઘને લીધે તેને કોઈ ગતો નથી—હીરાભોગીના આ કાળી ટીલી ચોંટયા પ દીકરી લેય અથવા કોણ તે

કરી આપે? માટે બિચારી શીરીન કન્યાવસથામાં વધી ગઈ એટલે જગતના લોકોએ લાગલોજ એ બટો થોપી બેસાડયો કે તેનો બાપ તેને પરણાવવાને ઘણાંએ ફાંફાં મારેછ, પણ કોઈ જવાન્યો તેને પોતાની બાયડી કરવાને રાજી નથી.

એટલા માટે પેસુ લવંગિયાનું કારજ પકડી પાડવાને પાહાલણજી ઘણા ખંતી થયાં. પણ શીરીને આ સાટું પણ સાફ ના પાડયું અને પાહલણજીના ઘેરમાં બાપ દીકરી વચે મોટો કંકાસ થઈ પડયો.

“અરે, અરે! બચ્ચાં માબાપની ઈજ્જત સાચવે તો બચ્ચાં, નહી તો બચ્ચાં શાના?” પાહાલણજી હીરાભોગી બલાપો કરવા પડયા. “એવાં નાફરમાન ફરજંદો તો માબાપનાં વેરી! એવાં દીકરા દીકરીના માબાપ થવા કરતાં તો વાંજીયાં રેહેલું ભલું! અફસોસ! અફસોસ! કે મારા બુઢાપામાં એકજ બચ્ચાંનો બળાપો હોતે તો બળીને રેહતે, પણ દીકરાની સાથે દીકરીના દુઃખનો મને નવો બળાપો લાગ્યોછ. જે દીકરાએ મારા બુઢાપામાં મારી બાજુ થવી જોઈયે તે દીકરો ખુની થયો, ખુબાર થયો, દેશનીકાળ થયો, જ્યાં ઓદા જાણે મરી ગયો, તે દુઃખમાંજ મારૂં દુઃખ અટક્યું નહી, પણ જે દીકરીને ેં પ્યારથી ઉછેરીને કેળવણી સાથ મોટી ધી તે દીકરી પણ મારા તરફ નાફર- ા થઈ!”

હાલણજી હીરાભોગીનો સવભાવ શી-
સમજાવી શકે એટલો શાંત નથી.
ેની મા હીરાંબાઈ બિચારી પોતાના
એટલી મરેલી હતી કે શીરીનને
ા બીજી બાજુ સમજાવવાને અ-
ી. અને તોપણ પાહાલણજી
રહડી પોતાની દીકરીને જે કાંઇ
તેમાં પોતાના ધણીની ધાકથી
સામેલ થવુંજ પડતું. પેસુ
ગવું તેવણને ગમે કે નહી
ણજીએ હા કહ્યું તો હીરાં-
કેહવુંજ જોઇયે.

જ્યારે શીરીને પેસુ લવંગિયાનું માગું ધસીને ચોખેચોખી નાથી પાછું ફેરવ્યું ત્યારે તો હીરાભોગી પોતાની દીકરીની આગળ આવી તેને કાંઈ વધારે સજા કરવાના હોય તેમ બુમ પાડવા જતા હતા પણ તેવામાં લવજીના આવી લાગ્યાથી તેવણ અટક્યા.

શીરીન ઉપરના કાંઈ પણ સંકટના વખતમાં લવજી અચબુચ એજ પ્રમાણે આવી લાગતો હતો.

પોતા ઉપરની મુસીબતથી તમે કેહશો કે લવજીની દેહ ગલાઈ હશે—પણ તેમાંનું કાંઇ નહી. બચું પોતાના ભર્તારને બટો લગાડીને જતી રહી અને અડવાડયાંનાં અડવાડયાં નીકલી જવા છતાં તેનો કશો પત્તો નહી મળ્યો ત્યારે અંતે તેણે કોરટમાં છુટા છેડાની ફરિયાદી માંડી, તે ફરિયાદીનો કેટલીક મુદતે ઇનસાફ થયો, લવજીને તેની બાયડીથી છુટા છેડાનું હુકમનામું મળ્યું, એ સરવે દુઃખ તો મોટું હતું, પણ લવજી એ દુઃખના બળાપામાં બળ્યા કરે એવો માણસ નહી હતો. તે રણધીર હતો. સંકટમાં તે વધારે ધીરજવાન હતો. તેણે એ દુઃખની વાત મનમાંથી કાહડી નાખી અને જોકે પાછો જેવો ને તેવો તો નહી થયો તોપણ તેનામાં તમે ધારો તેટલો ફેરફાર થયો નહી હતો.

લવજીના છુટાછેડા મુશકેલ નહી હતા. બચુંની ચાલ પેહેલથી છેલ સુધી શક ભરેલી હતી અને તેનો જવાબ આપનાર કોઇ નહી હતું. તેનો બચાવ કોઇએ કીધો નહી. તે ધણીનું ઘેર મુકીને જતી રહી એ તો ખરૂં હતું. તે છુપાછુપ, હરસે, રાતોવાઈ જતી રહી એ પણ ખરૂં હતું. તે એક નિર્લજ, નઠારા માણસની સંગાતે ગઈ એ પણ ખરૂં હતું. તે પોતાને પિહરે જવાનું લખીને ગઈ પણ તે ખોટું પડયું હતું. ખરેખર તો તે કોઈ બીજે ગામ તેજ લુચ્ચાની સાથે ગઇ અને ક્યાં ગઈ તે કોઇ જાણતું નહી હતું. વળી તે પોતાના ખાવિંદ ઉપર બેવફાઇનો બટો મેળી ગઈ હતી તે બટો પણ ખોટો હતો. તે બટો સાબેત કરવાને

તે હાજર થઈ નહી. તે જવાબ દેવાને આવી શકે એટલી મુદત સુધી કોરટે મુકદમો મુલતવી રાખ્યો હતો, પણ તે નહી પોતાનો બચાવ કરવા, નહી પોતાના ધણીનો વાંક સાબેત કરવા, ઈયા નહી તલાકની સામે થવાને આવી. તેથી ઉલટું બચુંના પોતાના મુરબ્બી કાકા જાંહગીરશાહ સુગામોદીએ લવજીના દુઃખમાં ભાગ લેવાનો અને બચુંની ચાલ ધિક્કારવાનો કાળ બખ્યો હતો અને લવજીના છુટાછેડાને માટે બચુંના મુરબ્બી દાખલ પોતે પરવાણગી આપી હતી, અને તેની રતનકાકીએ પણ પોતાના માનીતા દીનમાયના જમસુ તરફની અદેખાઈથી લવજીને આ ફરિયાદીમાં જોર મદદ આપી. આ સઘલાં કારણોમાં વળી લવજી તરફનાં લોકોનાં માનથી, પ્રજામતની પસંદગીથી તથા એ ભલા ગૃહસ્થના મોટા વગ અને વશીલાથી પણ કોરટના મન ઉપર ઘણી અસર થઈ અને લવજીએ માગેલો ધારાનો આશ્રય તેને મળ્યાવિના રહ્યો નહી.

લવજી એ વાત જલદીથી વીશરી ગયો. તેણે પાછું પોતાના ધંધામાં ધ્યાન રોકી દીધું અને ફુરસદનો સઘલો વખત પોતાનાં નમાયાં બાળકોની જતન અને કેળવણી ઉપર તે રોકવા લાગ્યો. પાહલીમાસા અને હીરાંમાસીને ત્યાં પણ વળી મુલાકતને માટે તે વખતે વખત આવતો જતો રહ્યો અને શીરીન જે લવજીના આ દુઃખમાં એક ખરી બેહેન દાખલ દયાલુ ભાગ લેતી હતી તેની રમુજી વાત ચીતથી લવજી ઉપલું દુઃખ સઘલું ભુલી ગયો હતો અને તેને ઘણું સોહવાઈ જતું હતું.

આજે શીરીનના લગ્ન વિષેની આ પંચાતીમાં વળી લવજીને આવતો દેખી શીરીને ઉઠી જવા કીધું. તેની કુમારી સ્થીતિ લવજીને પણ પસંદ નહી હતી. જ્યારે તે પોતાની બચુંના સુખમાં પોતાને સુખી સમજતો હતો ત્યારે શીરીનને પણ સારે ઠેકાણે પરણેલી જોવાની લવજીએ ઘણીવાર ખાહેશ કીધી હતી માટે શીરીન લવજીના દેખતાં આ તકરાર ચલાવવાને ખુશી નહી હતી.

"ઉઠ ના! ઉઠ ના!" પાહાલણજીએ તેને ઉઠી જતી અટકાવી. "હું વાત કરતો હોવું ત્યારે મારી વાતમાંથી નાસી જવાની તું હમેશ એ યુકતી કરેછ, પણ તારીથી નહી જવાશે. બેસ પાછી. હું તારી બધી વાત લવજીને કહુંછ અને જોઉંછ કે એથી તું કાંઈ ઠેકાણે આવેછ ઈયા નહી?"

શીરીન બિચારી કુદરતી લાજ કરી પાછી બેઠી અને લવજી ખોલાસો પુછે તેની અગાઉ તો પાહાલણજીએ પોતાનો કેસ પ્લીડ કરવા માંડયો.

"તું જાણેછ લવજી કે હું કેવી ભયંકાર નામોશીએ પોંહોંચ્યોછ. પેલા એક મહા અપરાધે મને બુઢાપામાં કેવો જખમ લગાડયોછ. પણ હવે ગામના નિંદાખોરોને જાણે કે તે નિંદા બસ નહી હોય તેમ તેઓએ શીરીનની નિંદા ચલાવીછ અને તે એ કે અમારી એ નામોશીથી શીરીનને વર મળતો નથી અને કોઈ તેને પરણવા ચાહતું નથી. કોઈ કેહશે કે આ નિંદાને ભોગ થઈ રેહ તથા લોકના મોહડામાં બોટું આપે તેનાં કરતાં તો શીરીને જે ઘણી પેહલી માગણી મોકલે તે ધણી સાથ પરણી જઇ તે નીચ નિંદાખોરોને જુઠા પાડવા. જો કોઈબી સમજુ છોકરી હોય તો તેમ કરે, પણ શીરીન તેમ કરવાની નથી. હવે તું માનશે લવજી? કે શીરીન ઉપર એક દજન સારાં સારાં ઠેકાણાથી માગવું આવ્યુંછ —એક દજણ—પણ એ દુકતીએ બધાંને વાસતે નહી નો એકજ જવાબ નકી કરી રાખ્યોછ. છેલી માગણી આજે પેસુ લવંગિયા તરફથી આવીછ, પણ આ સેઠાણીબાઈ તો તેનેબી નાજ કેહછ. નથી મને પુછતી, નથી પોતાની માને પુછતી, જાણે કે મા ને બાપ મરી ગયાં હોય તેમ, પોતાની આપખુદીથી બસ ના પાડી બેઠીછ. એ છોકરીની શુદ્ધિ ઠેકાણે લાવવા હું તો

ધારેછ કે એને એક અઠવાડયું સુધી મી-ઠાંની કાંજી ઉપર રાખવી ઘટેછ."

લવજીએ કાંઇ જવાબ દીધો નહી. તેણે માત્ર શીરીન ગમ નજર કીધી, તે બિચારી જાણે ભોંયમાં ભરાતી હોય તેમ જમીન તરફ જોઈ નીચે મુડીએ આંખ પાણી ભરતી હતી. પાહલણજી લગભગ ડગલી પાઘડી પેહેરી રહ્યા હતા પણ એટલા ગુસામાં હતા કે તેવણે અવલી ડગલી પેહરી તોપણ તેવણને તેની શુદ્ધિ રહી નહી.

"કેમ લવજી, હવે તું શીરીન વિષે શું ધારેછ?" તેવણે તેને બોલાવવા માગ્યો.

"શીરીનને પરણુવાનું પસંદ નહી દીસતું" લવજીએ ટુકમાં જવાબ વાલ્યો.

"નહીજ તો. એ લખપતીની દીકરીને દુનિયાંમાં બીજું શું પસંદ છે?" પાહાલણજીએ ટીકા ચલાવ્યા. "પણ હુંબી જોવુંછ કે એની એ નાપસંદગી કયાંસુધી ચાલેછ?"

એમ કહી ગુસામાં ને ગુસામાં પાહાલણજી ચાલી ગયા.

પણ તેવણ હજી તો ઓરડાની બાહાર ગયા નહી તેટલાંમાં કાંઈ અચબુચ યાદ આવ્યુ હોય તેમ પાછા આવ્યા અને લવજીને પુછવા ઉભા.

"લવજી, ગામમાં તારે વિષે પણ કાંઇ વાતો સંભલાયછ?"

"શું વાતો છે?" લવજીએ હસીને પુછયું.

"કાંઇ પરણુવા સંબંધી તો છે? કાલે રાત્રે ધનાપતિવાળાઓને ત્યાં તારીજ પરણુવાની વાત ચાલી રહી હતી."

"ઓ હો? પુણેગરો ઘણા પરવારતા દીસેછ." લવજીએ ટકોર કીધી.

"સાફ નામ સુધાં વાત ચાલીછ કે કેકોબાદ કપડવંજીની દીકરી તરફ તારૂં ધ્યાન ગયુંછ."

"કેકોબાદ કપડવંજીની દીકરી દીની પરણવાની છે ખરી" લવજીએ ખોલાસો કીધો "પણ તે તો બીજા કોઇ સાથે."

"દીની નહી, દીનીની વાત નથી." હીરાબીગી બોલ્યા "એ તો કેકોબાદની નાની દીકરી પીલી પરણુવાની છે અને તેની સાટ લોક તારૂં નામ જોડેછ. પીલી ઘણી રૂપાલી છે."

"હા છે." લવજીએ ગંભીરાઇથી કહ્યું "પણ કોઇના રૂપ ગુણુ સાથ આપણુને લાગતું વલગતું નથી. અફસોસ! પારકાંની નિંદા કરવા જેટલા આજે પારસીઓ પરવારતા પડયાછ અને તેમને બીજું કાંઈ સુજતું નથી"

"પણ કેહછ કે તું તેને ઘેર દરરોજ જાયછ."

"હા, પણ તે તો કેકોબાદની દીકરીના લગનને ઠાકણે તેને માટે એક ટ્રસ્ટ થાયછ તે ટ્રસ્ટના કામસર વકીલ દાખલ મને જવું પડેછ. તેમાં કોઈની ચોરી છે?"

"ત્યારે તારો વિચાર તે ઠેકાણે નહીહશે." પાહાલણજી હીરાબીગી પાછા જતાં જતાં બોલ્યા. "કોણુ જાણે ભાઈ? તારા ભેદ કોઈ સમજેછ? પેહલીવાર તું અચબુચ પરણ્યો ત્યારે—"

આ વાત કરતાં પાહાલણજીને શુદ્ધિ આવી કે બિચારા લવજી ઉપર થોડુંક થયું જે કાંઈ વીતુંછે તેથી તેના લગનની વાત કરવા લાયક નથી. માટે તેવણ આ વાત અધુરી બંધ પાડી "સાહેબજી" કરી ગયા.

પ્રકરણ ૨૨ મું.

ગામ ગપાટા.

શીરીન બારીએ બેઠેલી હતી તે પોતાના બાપને બંગલાની બાહેર જતાં જોતી હતી. તેણે જોયું કે તેના પિતાને બંગલાના દરવાજા ઉપરજ કોઈ આવી મળ્યું અને તેની સાથ તેવણ વાતે ઉભા. પેહલાં તો તેની પીઠ ઘેર તરફ ફરેલી હતી માટે શીરીન તેને ઓળખી શકી નહી, પણ વાત કરતાં તેઓ ફરયા એટલે તેનું મોહડું બરાબર સામે

આવ્યું અને શીરીને જોયું તો તે પેલો વીકાજી હતો, જે વાંચનાર યાદ કરશે કે દોલીનો દોસ્ત હતો, પણ હુશેનશાહના ખુનના વાંકમાં દોલીની સામે મુખ્ય શાક્ષી હતો.

વીકાજી સાથે વાત કરીને પાહાલણજી હીરાભિગીને વળી ઘેર તરફજ પાછા ફરતા શીરીને દીઠા. તે ગભરાટમાં બોલી ઉઠી કે "આજે બાવાને શું છે? તેવણ વળી પાછા આવેછ? અને આ વખત તો ઘણા જુસામાં આવતા દેખાયછ. વીકાજી તેવણ સાથ હમણાજ વાત કરી છુટો પડયોછ, ને બેશક તેણે એવણને કાંઈ ઉસકેરયાછ કે જેથી એવણ ગુસો કરતા ઉતાવલમાં પાછા ફરેછ."

"ઓ શીરીન! ઓ શીરીન!" પોતાના ધણીની ધાકથી ધ્રુજતાં બીચારાં હીરાંબાઈએ પોતાની માંદગીના બિછાણા ઉપર નીસાસ મારી અને લવજી પોતાની માસીને દિલાસો દેવા તેવણની આગલ દોડી ગયો.

પાહાલણજી ઝપાટામાં અંદર આવ્યા, તેવણે બારણું જોરથી બંધ કીધું તથા ઓરડાની વચમાં ઉભા રહી લાલ ને પીલા થતા મા ઉપરથી દીકરી ઉપર અને દીકરી ઉપરથી મા ઉપર ડોલા ઘુરકવા લાગ્યા.

જ્યારે જોયું કે કોઇ બોલતું નથી—લવજી પણ ચૂપ બેઠોછે—ત્યારે હીરાભિગી પોતેજ ઉખડયા.

"એ આ નવી વાત વળી શું ચાલી રહીછ? હેં? એ શું? એ શું?"

"વળી શી વાત માસા?" હીરાંબાઇ અને શીરીનમાં બોલવાની હીમત નહી હતી તેઓની એ મુસકેલ લવજીએજ સવાલ પુછીને ટાલી આપી.

"શી વાત? તમે નથી જાણતા? હું કહું?" પાહલીમાસા બોલ્યા. "વાત એ છે કે પેલો અંહી આવી ગયોછ!"

"પેલો? કોણ પેલો?"

"પેલો લુછો, પાપી, જેનું નામ હું નથી લેવા માંગતો, તે અંહી આવી ગયોછ. મજુરના વેશે તે છુપો આવ્યોછ અને અંહી જ્યાં તેને માટે ફાંસીનું લાકડું તૈયાર છે ત્યાંજ પોતાની નાપાક સીકલ દેખાડવાની તેણે હીમત ચલાવીછ."

હીરાંબાઇનો ચેહરો મુડદાં જેવો ફીકો થઈ ગયો અને તેવણને અચબુચ તાહાડનું લખલખું ભરાઈ આવ્યું. શીરીન પોતાના દીલમાં ઉઠતાં ધ્રુજરાં છુપાવવા બારી તરફ મોહડું કરીને બેઠી.

વાત તો ખરી હતી. આ મા દીકરીઓનો પાક ગુચવાડો લવજી શારી પેઠે ચેત્યો. તેને તેઓનો વાજબી બચાવ કરવાની ફરજ હતી. તેઓનો ઘટતો ગભરાટ પાહાલીમાસા જુવે નહી એવી રીતે લવજી તેમને એથી કરી આડો ઉભો ઉભો વાત ચલાવવા લાગ્યો.

"માસા, માસા, તમે કોણને વિષે બોલોછ?"

"તું નથી જાણતો કોણને વાસતે? તારો માસીનો હરામખોર દીકરો, તે સિવાએ બીજો કોણ અંહી ફાંસી જવાને જનમેલોછે."

"ઓ! પાહાલણજી! પાહાલણજી! એ શું બકોછ?" હવે તો હીરાંબાઈ રડીને વચે બોલ્યાં. "તે ગમે એવો છે પણ આપણો પોતાનો દીકરો છે! અરેરે! પોતાનું લોહી પાઇને ઉછેરેલાં ફરજંદને આવી કડુવા!"

"પોતાનું લોહી! કોઇ રોગી, દરદી લોહીમાંથી, કોઈ મરકીમાંથી, કોઈ પલીદીમાંથી એ નાપેકાર પેદા પડયોછ. મને વીકાજીએ હમણાજ એ વાત કહી. તે પેહલાં તો મેં માનીબી નહી. હીલ્લુ, તું શું એ વાત જાણતીજ નથી કે?"

આ તો મોહપર ને મોહપર નુ પાધરોજ સવાલ પુછાયો, તો હીરાંબાઈ શું જવાબ દેય અને આ ગુચવાડો કેમ ટાલે તે સમજાતું નથી.

"માસા, માસા, જરા ધીરજથી પુછો." લવજીએ વચે પડીને વાત ઉડાવી. "માસી બિચારાં ગભરાય એવી રીતે તમે પુછોછ. તમે જાણતા નથી કે દીકરાના દુઃખથી

તો એવણુ બિચારાંને સદાનું બિછાણું લાગ્યુંછ અને જે વાતથી એવણુ સદા બીહેછ તેજ વાતે તમે એવણુને બીહીવડાવોછ. વાર મને કહોની કે વીકાજીએ હમણા તમોને શું ખબર આપી?"

"વીકાજી મને દરવાજા ઉપરજ મળ્યો," પાહાલણજીએ હેવાલ ચલાવ્યો. "હું બાહાર નીકળ્યો ને તે પસાર થતો હતો. મંને જોઇને તે ઉભો રહ્યો અને મને કેહવા લાગો કે 'શેઠ, શેઠ, ગામમાં વાત ચાલીછ તે સાંભલી કે?'—'શું?'—'કેહેછ કે તમારો દીકરો દાલી અંહી થોડાક મહીના ઉપર મજુરને વેશે જણાયો હતો!'—એટલુંજ કહીને તે ધરાયો નહી પણ મને વળી શીખામણ દેવા લાગ્યો કે 'શેઠ તમે એ વાત આગલ વધવા દેતા ના, પણ દાબી નાખજો, કેમકે એ વાત પોલીસના કાનપર જાય તે ઠીક નહી.' એ વીકાજી કોણ મને એવી શીખામણ દેનાર? મેં એને પુછયું, પણ તે એટલુંજ કહીને ચાલી ગયો કે 'મેં તો ગામમાં સાંભલ્યું તે તમોને કહ્યુંછ.' એ ખીના સાંભલતાંને વાર હું અંહી દોડી આવયોછ."

"બસ? એટલુંજ? માસા તમેબી શું ગોટીઆરૂં કરી મેલોછ?" લવજીએ હવે વાત હસી કાહડીને પાહાલણજીને થંડા પાડયા. "હું મકુંજે શું મોટી ખબર હશે? બસ અમથી ભલતી અફવા તેમાં દમ શું? એવી અફવા તો ઘણીબી ઉડેછ, પણ તે કોણ માનેછ? બિચારો દાલી—"

"બિચારો? કેહ કે લુચ્ચો દાલી."

"અરે! ગમે તેવો, પણ તે એટલો તો બેવકુફ નહી હોય કે ચાલી ચલાવીને અંહી મોતના પંજામાં આવે. તે જોઇયે તો ચીન હોય કે બંગાલે હોય, પણ તે અંહી કેમ આવે? અને વળી તમેજ કહોછ કે એ આજ કાલની વાત નથી, એ તો કેટલાક મહીનાની વાત છે, ત્યારે તે વખતે નહી બાહાર પડી ને રહી રહીને હમણાજ કેમ બાહાર પડી? જો દાલીને ઘણા મહીના ઉપર કોઇએ અંહી દીઠો હોય તો તે તેજ વખતે બોલ્યો હોતે અને તેને ઇનામ મળતે, નહી કે હમણા મહીનાઓ નીકલી જવા પછી. સાહેબ, એવા ઉડતા ગપાટા ઉપરથી સેહતા જીવને શાવાસતે સંતાપ આપોછ?"

પાહાલણજી હીરાંમોગી પોતાના ભાણેજ વિષે હંમેશ માન ધરાવતા હતા. ઉપલી તકરાર તેવણના ધ્યાનમાં ઉતરી, અને જોકે પોતાની હાર કબૂલ કરવાને તેવણ લજવાયા પણ મુગા મુગા ઓરડામાંથી બાહેર ચાલ્યા જવાથી તેવણ નરમ પડયાની ખાતરી મળી.

"લવજી, લવજી, સારૂં થયું કે તું આજે અંહી આવ્યો, દીકરા" પાહાલણજીના જવા પછી હીરાંબાઇના જીવને ધીરજ આવી. "જો, તું નહી હોતે તો, લવજી, આજે અમારૂં શું થતે? તારા માસાના ધુજારા આગળ દાલીના અંહી આવી સીધાવ્યા બાબે ખચીત હું પકડાઇ જતે."

"વીકાજીની ધારણા તો સારી હોવી જોઇયે" લવજીએ યાદ દેવડાવી. "વીકાજી કાંઇ દાલીનો દુશમન નથી. હુશેનશાહની લાશ ઉપર બેઠેલા જુરી આગળ તેણે દાલીપર શક જાય એવી શાક્ષી પુરી ખરી, પણ ઘણીજ આનાકાનીએ ફરજના મારી પુરી હતી, અને હમણા પણ તેની ધારણા એવીજ હશે કે માસાને ખબર કરવાથી તેઓ પણ એ વાત દાબી નાખે."

"બળેરે! તારા માસાનો સ્વભાવ બળેરે!" હીરાંબાઇએ બલાપો ચલાવ્યો "માસાને કેહવાનું પરિણામ જોયું કેની, લવજી? દાલીનો એ બાપ કે દુશમેન? વાત કેવી દાબી નાખી તે જોઇ કે?"

"એ વાત બાહાર ફેલાઇછ ખરી." લવજીએ વધાર્યું "એ વાત મારા કાનપરબી આવી હતી."

"ખરેખર?" શીરીને ગભરાટથી થંડીગાર થઇ પુછયું. "ઓ! એ વાત કેમ પસરવા પામી?"

"હું કંઇ કહી શકતો નથી. પણ ઘ-

નાપતિનો ફલુ મારી આગળ એ વાત બોલ્યો. મેં એ વાત માત્ર હસી કાહાડી. હું બીજું શું કરૂં?"

"રખે એ વાત ફેલાયાથી મારા દીકરાને નવેસરથી કાંઈ ખમવું પડે?" તેની માએ ફીકર કીધી.

"તે બને એમ નથી. દોલી આપણને મળવા આવ્યો તે હીગામમાં જો એ વાત બાહાર પડી હોતે તો ભારી પડી જતે. પણ હવે દોલી અંહી નથી, એ વાતને મુદત ગુજરી ગઇછે, માટે હવે ફિકર નથી."

"પણ શું કોઇએ દોલીને દીઠો હશે?" શીરીને પુછયું.

"કોઇએ જોયો હતે તો તેજ વખતે બોલતે. તે જોનાર હમણા ક્યાંથી જાગે? હું તો ધારૂંછ કે આપણા પરવારતા પુણેગરોએ કલ્પણાથી આ બુટો બનાવ્યોછ"

"અરે ખોદા! શું મુવાં લોકબી છે!" આટલી ગડબડમાં થાકી જવાથી હીરાંબાઈ પોતાના ઓરડામાં લેટવા જતાં જતાં બોલ્યાં. "પરવારતાં લોકો મુવાં પારકાનાં દીકરા દીકરીનીજ તારી મારી ચલાવશે કે કાંઈ બીજે કામ ધંધો કરશે?"

હીરાંબાઈ લાકડીનો ટેકો દઇ પોતાના ઓરડામાં ગયાં.

લવજી શીરીનથી છુટો પડી ઘેર જવા ઉઠયો. પણ શીરીનના મનમાં આજની વાતો ઉપરથી જે નવા શક ઉભા થયા તેથી તેને કાંઈ વેહેમ કે વસવસો હોય અને કાંઈ વધારે ખોલાસો ઇછતી હોય એવા દેખાવથી ઇનતેજાર થઈ રહી.

"કેમ, શીરીન? કાંઇ કેહછ કે બેહેન?" લવજીએ પોતેજ સમજી જઇને પુછયું.

"નહી. કાંઈ નહી." શીરીને ધચુપચુ જવાબ દીધો. "કાંઈ મને સુજ નથી પડતું કે દોલીના છુટકારાની આશામાં હું ટીંગાઈ રહીછ તેનો ક્યારે નીવેડો આવશે? ખરો ખુની કયારે પકડાશે? આ પ્રમાણે ઘડીએ ઘડી ધાસકો પડયા કરેછ તે કેમ પરવડશે? આજના ગભરાટથી માતાજી વળી એક મહીનો સુધી સીક પડશે."

"હુંબી ચાહુંછ, શીરીન, કે ખુનીને આપણે પકડી કાહાડીયે. પણ તે વખત પાસે આવવાને બદલે દૂર જાયછ. પણ શીરીન, તું આજ વિચારમાંને વિચારમાં કેમ છે? તારા મનમાં કાંઇબી છે."

"મને કાંઈ યાદ આવેછ. એક વેહેમ જાયછ" શીરીન ઘણુંજ હલુસે બોલી.

"શું છે? હું જાણુંછ કે દોલીના કેસની દરએક બારીકી તુંને મારા કરતાં વધારે યાદ છે."

"દોલી આપણને છેલો મળી ગયો તે દહાડે છેક છેલી ઘડીએ તેણે ખરા ખુનીને અચબુચ જોયો હતો તે તમોને યાદ છે? આપણે તેને પેસુ લવંગિયો દેખડાવ્યો ત્યારે તેણે કહ્યું કે એ ખુની નહી, પણ આપણને છોડી જવા પછી તે અચબુચ પાછો દોડી આવ્યો અને કહ્યું કે તેજ વખતે તેણે ખરા ખુનીને દીઠો હતો."

"હા, ખરૂં બેહેન." લવજીએ યાદ કીધું.

"દોલી કેહેતો હતો કે તે શખસ તેની નજરે પડતાંજ નાશી ગયો, અથવા બરાબર બોલીયે તો તેને જોઇને દોલી પોતેજ બીહીને નાશી આવ્યો."

"હા. અને એ બાબત ઉપરથી આપણે તેને હસી કાહાડયો હતો."

"તે ખરૂં કાંએ નહી હોય? દોલીએ તે ખરા ખુનીને ખરેખરજ અચબુચ દીઠો કાંએ નહી હોય? અને તેણે પણ દોલીને ઓલખ્યો કાંએ નહી હોય?"

"હોય, હોય."

"અને તેજ ધણીએ દોલીના આવ્યાની વાત ગામમાં ઉરાડી કાંએ નહી હોય? દોલી હતો ત્યારે પોતે પકડાઈ જવાની બીહીકથી તે કદાચ ભરાઈ બેઠો હોય, પણ દોલી તો પાછો ગયો, તે અંહી નથી એવી પોતાની ખાતરી કીધા પછી કદાચ તેણે હવે દોલીની સામે આ વાત ફેલાવી હોય."

"શાબાશ! શાબાશ છે શીરીન, તારી તર્કશકિતને." લવજીએ ખુશીથી તેને

શાબાશી આપી. "એક નિર્દોશ ભાઇનો છુટકારો કરવાના ખ્યાલ ઉપર તું કેવાં તન મનથી મચીલીછે તે તારી આ ચાલાકી ભરેલી તર્ક કરી આપેછ. મારી પણ હવે ખાતરી થાયછ કે દોલીએ જે ખરા ખુનીને છેલી ઘડીએ દીઠો હતો તેનાથી આ વાત બાહેર આવવી જોઇયે."

"પણ—પણ લવજી—"

"પણ શું! શીરીન, અચકેછ શું કામ? છુટથી બોલ."

"મને એક બીજો વેહેમ જાયછ, લવજી."

"તે શું વેહેમ છે?"

"ખરા ખુનીનું જે બ્યાન દોલીએ આપ્યું હતું તે બ્યાનને મળતો કોઈ શખ્સ તમોને જણાયોછ?"

"પેસુ લવંગિયો જણાયો હતો પણ તે તો દોલી પોતેજ ના પાડેછ."

"પણ પેસુ ઉપરાંત બીજો કોઈ?"

"બીજો તો કોઈ મને જણાયો નથી."

"વારૂ પેલી વીટીથી ભરેલી આંગલીઓની અને તેજ હાથ પોતાના નીદાર ઉપર ફેરવવાની એ શખ્સની જે ઇધાણી દોલીએ આપી હતી તે ઉપરથી કોઈ યાદ આવેછ?"

"મારો તો કોઇપર શક જતો નથી. એ ઇધાણીમાં શું દમ? એમ તો હું પણ મારો હાથ ઘણીવાર કપાળપર ફેરવુંછ."

"પણ તે હાથ ઉપર એટલીબધી વીટી નથી."

"તેથી શું થયું? કોઈ વીટીવાલાના હાથ ભાગજોગે કપાલપર ફેરવવાની ટેવ હોય તો તેથી તે તે ખુની ઠરે કે?"

અલબતાં શીરીન આ સવાલનો મનમાનતો જવાબ દઈ શકી નહી. તે મુગી રહી. પણ હજી તેના મનમાં કોઇપર વેહેમ જાયછે ખરો એમ ચેતીને લવજીએ ફરીથી પુછયું.

"શીરીન, વારૂ કોઈ બીજા ઉપર તુને શક જાયછ?"

"હા. એક જણપર વેહેમ જાયછ."

"તે કોણ વારૂ?"

"હું નામ દેવા ચાહતી નથી. તમેજ કહોછ કે ફકત વીટીવાલો હાથ કપાલ ઉપર ફેરવનાર તે હોય એટલે તે ઉપરથી ખુની ઠરતો નથી. એ વાત ખરી છે. અને એટલા ઉપરથી હું કોઇનેબી બદનામ કેમ કરૂં? હું વગર કારણે તેનાં નામ ઉપર શક લઈ જવા નથી ચાહતી."

"નહી. શીરીન મને કેહે."

"નહી. નહી. તે ધણી તમારી ઓલખાણવાલો છે. માટે જો તે આ ખુની હતે તો તમેજ તેને પિછાણી શકતે. પેસુ લવંગિયા ઉપર કેવો આપણ બેહુને એકદમ શક ગયો હતો! પણ આ બીજા ધણી વિષે તેટલુંબી બન્યું નથી. એકલી મનેજ શક ઉપજ્યોછ ત્યારે તે ખોટો હોવો જોઇયે અને ખોટા શક ઉપરથી શું કામ કોઇનું નામ જણાવ્યે?"

"ઠીક છે. માડી વાલ. પણ હું વધારે ધ્યાનથી જોતો રહીશ. તેટલાં, શીરીન, તું મને એટલું કેહે કે તે શખ્સ આબરૂદાર છે કે નહી?"

"લુચ્ચાનો લુચ્ચો. તે ખરાબ માણસ છે."

અને હવે લવજી જવા ઉઠયો, પણ હજી શીરીનના મનનો સંદેહ ભાગ્યો નહી હતો.

"લવજી, દોલી વિષેના આ નવા ગપાટાને જલદીથી દાબી નાખવો જોઇએ."

"હા. અને હું તેની સંભાલ લઇશ." લવજી જતાં જતાં બોલ્યો. "પણ વારૂ શીરીન, હું પુછું તે માફ કરજે કે તારાં લગનની બાબતમાં તું એટલી હઠ કાંએ પકડી બેઠીછ? અને માસાજીને એટલી ચીડીવેછ કાંએ?"

શીરીને જવાબ દીધો નહી.

"પેસુ લવંગિયો સારો માણસ છે, શીરીન, અને પાહાલીમાસાનો દોસ્ત છે."

"હા છે." શીરીને ટુકમાં જવાબ દીધો.

"કોઈ બીજી બૈરી હોય તો એવા માણસને પરણવા ખુશી થાય."

શીરીને વળી ચુપકીદી પકડી. તેણે ચેહરાથીજ દેખાડયું કે એ વાત તેને અણગમતી હતી. લવજીએ તે માડીવાલી.

"અને હવે હું પુછુંછ તે પણ માફ કરજો, લવજી," શીરીને ઉપલી વાત નરમ પડયા પછી સવાલ કીધો "કે તમારે વિષે બોલાયછ તે શું?"

"શું બોલાયછ?"

"કે તમે કપડવંજીયાની પીલીને પરણવા નીકલ્યાછ."

"ખોટી વાત. નિંદાખોરોની તદન જુઠી બનાવટ."

"કાંએ? તમોને બીજું ઘેર કરવાની છુટ છે."

"નહી. હું તેમ માનતો નથી."

"તમે આગલાં લગ્નથી છુટાછેડા કર્યાછ."

"તે ખરૂં, પણ ફરીથી પરણવાની તેથી કાંઈ મને ફરજ નથી. મેં મારી આબરૂ અને મારા બચાવની ખાતર આ પગલું ભર્યુંછ, તે ધારા પ્રમાણેનું છે, પણ તેથી મારે ઘેર કરવું એ હું ધર્મ પ્રમાણેનું ધારતો નથી. મારી બાયડીથી હું છુટો પડયોછ, પણ બીજી બાયડી કરવાને હું છુટો પડયો નથી. મેં તેની સાથ પરણતી વખત શપથ લીધાછ કે મોત અમોને છુટાં પાડે ત્યાંસુધી અમારામાંના એકે બીજું ઘેર કરવું નહી. મારી ઓરત જુદી પડીછ, પણ તે જીવેછ અને તે જીવેછ ત્યાંસુધી ખોદાને બાર તો હજી તેજ મારી ઓરત ગણાયછ."

લવજી જો કે પોતાની પરણેતર પતિ બચ્ચું તરફ હજી પોતાનું પતતિવ્રતપણું જાલવી રાખવા માગેછે અને જોકે બીજી બાયડી કરવા સામે તેણે આવું મજબુત વચન લીધુંછે, પણ બીજી સર્વે રીતે તે બચ્ચુંને વીસરી ગયોછે. તેણે બચ્ચુંનું નામ પોતાના ઘેરમાંથી ઓવાર નિવાર કરી કાહાડી નાખ્યુંછે તે એટલા માટે કે એક તો તે નામની યાદથી મોટાં થતાં બચ્ચાં દુઃખી નહી થાય, અને બીજું તો તે પોતે આ દુઃખ ભરેલી યાદમાં જખમીનો જખમી નહી રેહ. હમાયજી તેના ઘેરમાં કરતાં કારવતાં ધણીયાણી સરખાં થયાંછે અને હમાયજી પણ બચ્ચુંને વીસરાવી દેવાની લવજીની આ મુરાદ બર લાવવામાં શામેલ છે.

પ્રકરણ ૨૩ મું.

બંદીખાનું.

પેલીમેરથી આ લાંબા અંતરમાં બિચારી બચ્ચું ઉપર દુખણી ખાતે બહુ બહુ વીરયુંછે. લુચ્ચા જમસુએ તેને જે વિચાર કરવા માટે એક મહીનાની મુદત આપી હતી તે પોતાના છુટકારાની તદબીરમાં વાપરતાં બચ્ચુંને એક માસ બસ નહી થયો. તેને દુઃખમાં ફસાવનાર આ જુલમગાર પોતાની દાસી ગંગાની મારફતે બચ્ચુંને મુદત વધારી આપતો ગયો અને દુખિયારી બચ્ચું તે કબુલ કરતી ગઈ. કેમકે એકગમથી બચ્ચું આ મહા મુજીના પંજામાંથી છુટવાનો લાગ શોધતી હતી ત્યારે બીજી તરફથી એ ગુનેહગાર પોતે પોતાની મીલણસાર અને માયાલુ વર્તણુકથી પોતાના આ સુંદર કેદીનું મન જીતી લેવાની હજી ઉમેદમાંને ઉમેદમાં હતો.

તે પુણેથી નાસી આવ્યો ત્યારે તુર્તનાજ તેને તેના મામા મેહેલાશાહ શેઠે પૈસા આપ્યા હતા—અફસોસ! કે લવજીના વચ્ચે પડવાથીજ તે આપ્યા હતા—અને તે પૈસા તેજ લવજીના ઉપર આ આફત ગુજરાવવામાં તેણે ખરચવા કાહાડયા હતા. જે માગનારાઓને માટે તેણે પોતાના મામા પાસેથી આ દોલત કહડાવી હતી તે માગનારાઓ તો હજી રડતા હતા.

બચ્ચુંને પોતાનો ગમ વીસારી દેતી, ખુશી નહી પણ શંતોશી રેહેતી, મોજ કરતી નહી તોપણ પેટ ભરીને ખાતી પીતી, તનદરોસ્ત

નહી તોપણ દુઃખી દરદી નહી રેહેતી, એવી હાલતમાં જોઇને જમસુએ બચ્ચું ઉપરનો જાપતો ઘણો કમતી કરી નાખ્યો. બચ્ચું બંગલામાં પડી રેહતાં કંટાળાનું ડોળ ઘાલતી અને સાંજે ફરવા જવા ચાહતી, અને સાંજ પડવા અગાઉ પાછી આવવાની શરતે જમસુએ તેને ગંગાની સાથે ગાડીમાં ફરવા હરવાની છુટ મુકી હતી, અને બચ્ચું પોતાની કબુલાત પ્રમાણે રાતે અંધારૂં થવા અગાઉ પોતાની ખુશીથી ફરીને પાછી આવતી અને એમ ઘણા દહાડા સુધી તેણે આ શરત બજા લાવ્યાથી જમસુને તેની ઉપર જેમ જેમ વિશ્વાસ બેસતો ગયો તેમ તેમ બંદીના અંકુશ તે ઉતારતો અને જંજીર ઢીલી કરતો ગયો.

આ ધિકાર ભરેલાં જાહાનમમાંથી નાસી જવાનો વખત રાતનો હતો, પણ બચ્ચું જોતી હતી કે તેના મકાનની ફરતી દીવાલ ઘણી ઊંચી હતી. બેહુ દરવાજે ટાળાં મારેલાં હતાં, જેની કુંચી જમસુ પોતાની પાસે રાખતો હતો, અને તોપણ બેહુ દરવાજે રામોસીઓ આખી રાત ચોકી કરતા હતા. વળી બચ્ચુંની બંગલી ઉપર ગંગા તેની આગલ સુતી હતી; અને આવા જાપતા વચ્ચે રાતે માત્ર છુપી રીતે નાસવાની બચ્ચુંએ આશા મુકી હતી. ગંગા કાંઈ લાલચથી તેને કાંઈ છુપી મદદ આપે એવું જાણવા માટે બચ્ચુંએ કાલાવાલા તથા વિનતજારીથી ગંગાને એકુ બે વખત તપાસી જોઈ હતી, પણ તે નીચ સ્ત્રી વિશ્વાસ મેળવા લાયક બચ્ચુંને જણાઈ નહી. તેજ પ્રમાણે ઘેરમાંનો કોઈ પણ માણસ પોતાની આ બંદીવાન બાઈની તરફેણમાં ફુટે એવો નહી હતો.

માટે બચ્ચુંના છુટકારાની આશા ઘણી દૂર હતી—તોપણ આશા હતી. અને આશામાં ને આશામાં ઘણા મહીના નીકલી ગયા. વખત જતાં બચ્ચું ઉપરનો ઉપલો જાપતોબી એટલો ધીમો થતો ગયો કે જમસુ ઘણો નભરવરસ થતો ગયો. કેટલી વખત તે દરવાજાનાં ટાળાંની કુંચી પોતાની પાસે રાખવાને વીસરી ગયલો, કેટલી વખત દરવાજા ઉપરના રામોસી ઊંઘી ગયલા અને એવાજ બીજા દાખલા બન્યા હતા. પણ તે દાખલાઓની તક લઈને બચ્ચું કાંઈ નાસી ગઈ નહી હતી. તે જેવાને તેવા શંતોશ સાથ રહેલી હતી અને તે ઉપર જમસુનો આ ઘણો જાપતો નકામો દીસતો હતો. "બચ્ચું નાસી જવાની હતે તો પેહલાંજ નાસી જતે," તે મનમાં સમજતો, "હવે તે શું નાસી જવાની છે? અને નાસીને કયાં જવાની છે? ખરેખર એ નાસી જાય એવી નથી. એ એટલી સાદી છે કે નાસી જતાં એને આવડેજ નહી." એવા વિશ્વાસ ઉપર પોતાની ગફલતના તથા જાપતો કમતી કરવાના દાખલાથી જમસુના મનમાં કાંઇ નહી હતું.

તે વધારે ને વધારે નભરવસ થતો ગયો. પણ તેમાં વળી એક નવું કારણ આ કમબખત બાયડીથી તેના ધણીએ મેળવેલા તલાકે વધારી આપ્યું. લવજીએ માડલી છુટાછેડાની ફરિયાદીની બીના લુચો જમસુ ગામડાંમાં પડયો પડયો પણ વર્તમાન પત્રોથી જાણતો હતો, પણ તેણે એ બીનાથી બિચારી બચ્ચુંને અજાણી રાખી મેળી હતી. બચ્ચું વર્તમાન પત્રો વાંચીને પોતાનો વખત કાહાડતી હતી પણ લવજીની માડલી ફરિયાદીને લગતી બીના જે બે ત્રણ પત્રોમાં આવી હતી તે પત્રો તેણે બચ્ચુંને વાંચવા આપ્યાં નહી હતાં અને બાહનું કાહડીને ઉડાવ્યાં હતાં. પણ જ્યારે લવજીને તલાકનો હુકમ મળ્યો અને જ્યારે તે હુકમનામાનો હેવાલ છપાઇ આવ્યો—એટલે કે જ્યારે સેવટ આવી રહ્યું, મોડું થઈ ગયું અને બચ્ચું વધારેવાર બચાવ કરી નહી શકે એટલું અસુરૂં થયું—ત્યારે હવે તે બીના જમસુએ બચ્ચુંને વાંચવા કીજે મોકલાવી અને આશા રાખવા લાગ્યો કે "એ હઠીલી ઓરત અત્યાવેર તો હુજત પકડી બેઠી-છે, પણ પોતાના ધણીથી તલાક મળવા પછી હવે એ પોતાની મેળે મને તાબે થશે."

પણ વળી આ ભોળવનારી ધારણામાં જમસુ વધારે ભુલાવો ખાય એવી વર્તણુક આ દુખદાયક ખબર ઉપર બચુંએ બતાવી. તેણે બાતેનમાં તો આ બનાવ ઉપર ઘણો ગમ પકડયો—કેવી એકવારની સુખી બાયડી કેવા ફેજે પોંહચી તે બાબે તેણે ઘણો છુપો અફસોસ અને વિલાપ કીધો. પણ આ ભયંકાર પરિણામને માટે બચું પોતાના કરતાં પોતાના ભર્તારનો વાંક હજી વધારે સમજતી હતી. જોકે ધણીને છોડી આવતાં તે બદફેલીના ખોટા બટામાં ફસી પડી અને તે ભય ભરેલા ખ્યાલથી જોકે તેને હજી ધ્રુજરાં છુટતાં હતાં, તોપણ જ્યારે પોતેજ પોતાના ધણીને છોડી આવી ત્યારે હવે તેનો ધણી તેનાથી તલાક મેળવે એ ખુદરતીજ હતું એવા ખ્યાલમાં બિચારી બચુંએ દુઃખ ભરેલી રીતે પોતાનું મન માર્યું હતું.

આ ભય ભરેલી ખબર ઉપર પોતાની હાય અફસોસ પુરી કીધા પછી—જન્મ સુધી જોડાયલા ભર્તારે આમ તરછોડીને તલાક મેળવવા ઉપર પોતાની એકાંત ઓરડીમાં હજારો હજાર આંજુ પાડયા પછી—પોતાનું મોહડું પાણીએ છાંટીને તથા પોતાની સદાની રડતી આંખ્યો લુછીને બચુંએ જમસુ સાથ કાંઇ વાત કરવા ચાહ્યું. એ મહા અપરાધી સાથ બચુંએ આ ઘણે દિવસે મુલાકાત લીધી હતી, કેમકે તેણે બચુંને ધીરજથી વીચાર કરવા તથા મન ફેરવવા માટે જે વખત ઉપર વખત વધારી આપ્યા કીધો હતો તેમાં બચુંએ એકલીજ રેહવાની અને જમસુ સાથ વાતચીત નહી કરવાની શરત કીધી હતી તે વાંચનારને યાદ હશે. પણ આજે જે ઓચંબાકારક સમાચાર બચુંને મળ્યા તે પછી બચુંએ પોતેજ તે શરત તોડીને જમસુને પોતાના બંદીખાનાની બંગલી ઉપર બોલાવ્યો ત્યારે તે ઉલટ ભર તેને મળવા ગયો. અલબત્તાં આ મુલાકાતમાં ગંગા હાજર હતી.

"જમસુ, હું એક સવાલ પુછવા માગુંછ." બચું પોતાના દીલનો ગમ અને ઘભરાટ પોતાની ધરકતી છાતીમાં મુશકેલીથી દાબીને બોલી "અને હું આશા રાખુંછ કે તમે તેનો ખરેખરો જવાબ આપશો."

"હું મારી જાનફેશાની ભરેલી તમારી નોકરીમાં છું તો જે પુછશો તેનો ખરોજ જવાબ આપીશ." જમસુ બોલ્યો.

"ત્યારે મને કેહ ભાઇ જમસુ," બચું હવે ઉસકેરાઇને બોલી કે "જ્યારે આપણે અંહી પેહલીબારીમાં આવી રહ્યાં અને જ્યારે તેં મને અંહી કેદ કરવાને દમ ભરાવ્યો—"

"તમે જરા થંડાં પડીને બોલો, બચુંબાઇ."

"હું ગુસાથી નથી બોલતી. હું માત્ર આજે મળેલા ગજબનાક સમાચારથી ચકભમ થઇછ, તોપણ ધીરજથી પુછુંછ તેનો જવાબ દે, કે જયારે તેં એકદમ મારા ઉપર ખફા થઇ મને અંહી કેદ રાખવાની ધમકી આપી—"

"તેની શી વાત છે? તે હવે વીસરી જાવો. તમે અંહી કયાં કેદ છો? એ તો હું મુએથી એમ બોલાઇ ગયું. તમોને મેં ગરમ શબ્દો ઓચર્યા તેનો મેં મારી સારી ચાલથી પુરો પસતાવો કીધોછ."

"તું મારૂં બોલવાનું મને પુરૂં કરવા નથી દેતો જમસુ." બચું ખીજવાઇને બોલી. "તું સાંભળ. હું તુંને ઠપકો આપવા સારૂ નથી બોલતી, પણ હું માત્ર ખોલાસો ચાહુંછ. તે દહાડે તેં ગુસામાં આવી મને ધભરાવી મારી હતી કે લવજી અને પેલી દુકતી શીરીન વચે આપણે જે છુપી મુલાકાતો દીઠી હતી અને જે મુલાકાતો ઉપરથી હું મારૂં ધણીનું ઘેર છોડી આવી તે મુલાકાતો કાંઈ છુપા પાપી સંબંધ ભર્યા બદફેલી ભરેલી નહી હતી, પણ તે તો કાંઈ ઘણાંજ મુશકેલ 'લા'ને લગતાં કામ સારૂ મુલાકાતો થતી હતી, એમ તું તેજ વખતે જાણતો હતો. આ તારૂં બોલવું ખરૂં હતું કે ખોટું?"

"એ પુછવાનું કારણ શું, બચુંબાઈ?"

"લવજીએ મારાથી છુટાછેડા કીધાછ, તો જે કારણસર હું તેને તજી આવી તે કારણ જો ખોટું હોય, તે મને બીહીવડાવ્યું તેમ જો શીરીન અને લવજી વચેની છુપી મુલાકાતોમાં કાંઇ દમ નહી હોય તો, પછી હું કેવી ફસાઈ, કેવી ઠગાઈ અને આ તલાકની શિક્ષાથી હું કેવા જાહાનમના ગારમાં પડી! હજીબી મને કેહ બાઈ કે જે કારણસર હું સાસરવાસ છોડી આવીછ તે કારણમાં હું ખરી છું કે નહી."

"બચું તમોને અમસથાં બીહીવડાવવા માટે હું જે બોલ્યો હતો તે તમારાં મનમાં ભમ્યા કીધુંછ." જમસુએ ફેરવી નાખી જુઠા શપથ વટીક લીધા. "પણ હું સોગંદ ખાઈ કહુંછ કે તમો જે કારણસર તમારા ધણીને છોડી મારા આશ્રય તલે આવ્યાંછ તે કારણ ખરેખરૂંજ છે અને તમે વાજબી પગલું ભર્યુંછ. લવજી અને શીરીન વચે જે છુપી મુલાકાતો મેં તમોને દેખાડી હતી તે કાંઈજ નહી પણ બદફેલી ભરેલા પ્યારની માત્ર હતી. અને તેઓ તો 'લા'ના કામને સારૂ મળતાં હતાં એમ અંહી આવ્યા પછી મેં તમોને કહ્યું હતું તે હું દલગીર છું કે મારા ઘાતકી ગુસાના તોરમાં તમોને વધારે બીહીવડાવવા માટે ખોટું કહ્યું હતું. તમારો લવજી પોતે પાપી છંદમાં પડી વળી આ છુટાછેડાથી સાચો થવા નીકળ્યોછ."

જમસુ વધારે બોલવા જતો હતો, પણ બચુંએ તેને અટકાવ્યો. તેની આંખોમાં એટલીવારમાં તો પાણી આવી ગયાં હતાં. અને ગંગા તેને સમજાવતી હતી કે હવે બલાપો નહી કરવો.

"હું જીવતી રેડાઈછ" બચું બોલી "એ દુઃખ મેં મારે હાથે હોર્યુંછ, તે મને લાગતું નથી, પણ હું ખોટાં કલંકમાં પડીછ તેથી હું જીવતી મુવા સરખી થઈછ. ઓ! આ ડાઘમાંથી હું કેમ છુટકો પામીશ!"

જમસુ તેને ધીરજ આપવા જતો હતો, પણ બચું તે સાંભલવાને ખુશી નહી હતી. તે રડવા લાગી કે "હવે મારાં બાપીકાં ઘેરને છેલી સલામ! મારા ભર્તારને છેલી સલામ! મારાં બાળકો—અરેરે! મારાં કુમળાં દુધમલ બાળકોને છેલી સલામ! હું તેમને છોડી તો આવીછ, પણ તેમને ફરી મળવાની, કોઈ દહાડે પુણે પાછી જવાની આશા હતી તે હવે ગઈ, સદાની ગઈછ. પણ મારો વાંક નથી. હું નિર્દોશ છું. હું ઉલટી દુખિયારી છું. લવજીના દગાથી હું દીલ જખમી લઈ આવિછ, અને હું સર્વને છોડી આવીછ તો હવે વધારે શું રડવું બલવું!"

બચુંએ પોતાના છેલા શબ્દોમાં પોતાના ધણીના છુટાછેડાને* માટે દુઃખને બદલે ઓર શબુરી દેખાડી અને બલાપાને બદલે ઓર શાંત મન કર્યું. તેણે નિરાશાથી રડવાનું શરૂ કરી કાંઈક શાંતીકારક આશાથી સધ્યારો મેળવ્યો.

આમ પોતાના મનને શાંત કરી બચુંએ જમસુને પોતાની આગળથી કાહાડયો. અને બચુંના છેલા શબ્દોથી તેનો હાથ મેલવવાની જમસુની ઉમેદ હવે વધારે મજબુત થઈ. તે સમજ્યો કે "તેના ધણીએ છુટાછેડા કીધા તો હવે એ પોતાની મેલેજ મારી થશે."

આ ઉમેદમાંને ઉમેદમાં જમસુએ પોતાના શુંદર બંદીવાન તરફ વધારે ને વધારે નરમાસ ભરેલી મેહેરબાની વધારી. તેને વધારે છુટ મળી. અને તે મેહરબાનીનો બચુંની પ્રીતમાં બદલો પામવાની આશામાં જ્યારે જમસુ મલકાતો હતો ત્યારે એ નાજુક નાર નાસી જવાની પોતાની નેમમાં એ છુટનો નકી લાભ લેવાને તલપી હતી.

આવો લાભ લેવાની બચુંને એક દહાડે અચબુચ તક મળી.

જમસુએ પુણામાં અને બીજીગમ આસતે આસતે કાગળ પત્રોનો છુપો વેહવાર ચલાવ્યો હતો. અગત કરીને તે દુધણી ખાતે લવજીની બાયડી બચુંની સાથ રહેલીછે, એ તેના વકીલો સારીપેઠે જાણતા હતા. માટે

એક દહાડે એ વકીલો તરફથી જમસુને અચબુચ તાર મળવાથી તે ઘણો વીસ્મય પામ્યો. તે તાર આ પ્રમાણે હતો.

"મુંબઈ તા૰ ———

"તમારા મામા શેઠ મેહેલાશાહ બેહેરામ બોગાના ગઈ કાલના હક થયાછે. વીલ વગર મરણ પામ્યાછે, પણ વારસ તમોને કરી ગયાછે અને તમો જે મોટાં ખાનદાનના ખેતાબ તથા દોલતના ધણી થયાછો તેને માટે તમોને મુબારકબાદી આપીયે છીયે. તમારી મેનીજ અમે કરીશું પણ તમે જેમ બને તેમ જલદી નીકલી પડશો અને અમોને આવી મળશો તો સારૂં. તમારી હાજરીની એહી કેવલ જરૂર છે."

આ કેવી વધામણી! પોતાના માતબર મામાના મોતથી આ સંગદીલ ભાણેજ દલગીર થવાને બદલે ખુશી થયો. મામા મુવા તે એને મનસે કાસર પતી અને ધન મલ્યું તે મામાને બોહવાનો વધારે સારો બંગ વળી ગયો. પણ તેની મેહેરમામી નવી આવેલી હતી, મામા વીલ વગર મરી ગયા હતા, અને મામી તો પોતાના આ વારેસ અને ભાણેજને અંતકરણથી ધિકારતાં હતાં, માટે કદાચ વારસો હાથ કરવામાં હરકત નડે ખરી, તેની જમસુને હંમેશ ફિકર હતી અને તેથી વકીલોએ તેને તાબરતોબ મુબઈ બોલાવ્યો તે સલાહ ખોટી નહી લાગી. તેણે આ આહતી દોલત મેળવવી હોય તો એકદમ જવું જોઇયે.

પણ હવે બચ્ચુંને મુકીને તે કેમ જાય? મુકીને નહી તો બચ્ચુંને સાથે લઈ જવાનું કેમ બને? પેહલાં તો બચ્ચું પોતેજ જે નામોસીએ પોંહચીછે તે જોતાં હવે વધારે વખત તે જમસુ ઉપર કાંઈ પણ વિશ્વાસ કેમ લાવે? આ વિચારમાં જમસુ ઘણો ચિંતાતુર થયો તેને એકજ ઉપાય સુઝ્યો અને તે એ કે અચબુચ જવું પડેછે તે બચ્ચુંને ચેતવવું નહી. તેને અજાણી રાખીને છુપાછુપ જઈ આવવાનું જમસુએ નકી કીધું. જમસુએ આપેલી મુદતની હદમાં બચ્ચુંએ જમસુને જોવો નહી કે વાતચીત કરવી નહી એવી શરત હતી. માટે આ વખતે જમસુ એકુ અઠવાડયું મુંબઈ છુપો જઈ આવે તો બચ્ચુંને કાંઈ ખબર પડે એવું નહી હતું.

જે દહાડે તાર આવ્યો તેજ દહાડે જમસુએ પાછલી રાતે ઉપડી જવાની તૈયારી કીધી. તેણે મુંબઈના પોતાના વકીલો ઉપર છુપો તાર કીધો કે "હું કાલને કાલ મુંબઈ આવુંછું." પોતાની એ ધારણા જોકે તેણે બચ્ચુંથી છુપાવી તોપણ પોતાના જે નોકર નકરો બચ્ચુંના નેધેબાનો હતા તેઓથી તે કેમ છુપાવી શકે? પોતે પાછો આવે ત્યાંસુધી તેને ખુબ સંભાલથી રાખવાની, તેની દરએક હીલચાલ ઉપર બારીક નજર રાખવાની અને તેના આવજાવ ઉપર ચોકસ પાહેરો રાખવાની તેણે તાકીદ કીધી.

શેઠ સિધારવાના હતા એટલે માણસો રાતના સકારેથી તેનું બીછાણું વગેરે બાંધવાની ગડબડમાં પડેલા હતા. કંપાઉંડના દરવાજા લગાર વેહલા ખોલી નાખવામાં આવ્યા હતા. આજે બામબા દરવાજાને ટાલું મારીને ચાવી જમસુએ ઊચી કરી નહી હતી. રામોસીઓને વળી ફેરા આંટીના કામ ઉપર રાખેલા એટલે તેઓ કાંઈ દરવાજા ઉપર આજે બરેબુટ બેઠેલા નહી હતા. ટુકમાં આજે જમસુ મુંબઈ જવાનો હતો એટલે તે પોતે પણ બચ્ચુંને માટે ગમે એટલી ચોકાશી રાખવા છતાં ઘણો નબરવસ રહ્યો હતો. તેણે ચોકાસીમાં ચોકાસી એટલીજ રાખી કે ગંગાને તે વારેઘડીએ ઉપર બચ્ચું સુતેલી છે કે જાગેછે તે જોવા મોકલતો હતો. બચ્ચું પોતાના બિછાનાની કુરતીન બંધ કરીને માથાંવેર ઓઢોને સુતી હતી, અને ગંગા દુરથીજ જોઇને આવતી કે તે કુરતીન ઊચકયા વગર બંધં હતી અને તેમાં બચ્ચું ઓઢીને સુતેલી હતી.

બચ્ચું સલામત સુતેલી હતી તે વિષે જમસુ પોતાની નજરેનજર ખાતરી કરી આવી ખુશી સાથ ગાડીમાં બેઠો. ગંગા

અને બીજાં સઘલાં માણસો પોતાના શેઠને મુકવા સારૂ છેક દરવાજાની બાહાર ગયાં અને કેટલાંક માણસો તો સ્ટેશનવેર ગયાં. પાછલી રાતના સાડાચાર કલાકના ઘંટા સાથ જમસુ પોતાના મામાનો દલ્લો લેવા સારૂ ઉપડી ગયો.

શેઠના રવાને થવા પછી ગંગા અને બચુંના રખેવાલો પોતપોતાના ઓધા ઉપર પાછા આવ્યા. જોકે સહવાર થોડીજ રહી હતી તોપણ રામોસીઓ પાછા દરવાજાને ટાલાં મારી દરવાજા ઉપર બેઠા અને ગંગા બચુંની બંગલી ઉપર પાછી સુવા આવી. તેણે જોયું કે બચુંના બિછાનાની કુરતીન હજી જેવીને તેવી બંધ હતી અને તે હજી નિરાંતથી ઊંઘ કાહાડતી હતી.

રાતના ઉજાગરાને લીધે ગંગા સહવારે સકારી ઉઠી શકી નહી. સહવારના છેક આઠ વાગતે હેઠલથી માણસોના બુમ મારવાથી તે જાગી ઉઠી. ઉઠતાંનેવાર તેની પેહલી નજર પોતાની બાઈના બિછાના ઉપર પડી અને તેને પેહલાં એમજ લાગ્યું કે બચું હજી સુતેલીછે. પણ તેને કાંઈ વિચાર આવ્યાથી તેણે બિછાનાની આગળ જઈને જોયું તો બચું સુતેલી નહી હતી, પણ માત્ર એક લાંબો તકીઓ તે ઉપર ઢાંકેલા બરનુસ તલે પડેલો હતો તેને ગંગા પોતાની બાઈ સમજી હતી.

પણ વળી જોકે બચું ઉઠી ગઈ હતી, તોપણ બિછાનાની કુરતીન બધી તરફથી તલાઈની અંદર બરાબર સરખી ખોસેલી હતી. જ્યારે બચું સુતી હતી ત્યારેજ એમ આખી કુરતીન નાખીને તેના છેડા ખોસવામાં આવતા હતા. પણ બચું સુતેલી ઉઠવા પછી પોતાની મેળેજ કુરતીનના છેડા ઊંચા કરતી હતી, આજની મીસાલે તે કદી છેડા ખોસીને ગઈ નહી હતી.

માટે આજનો એ દેખાવ ગંગાને લગાર નવાઈ જેવો લાગ્યો. વળી તેને યાદ આવ્યું કે રાતના તે જેટલી વખત આવીને બચુંને સુતેલી જોઈ ગઈ હતી તે બધી વખત આમ કુરતીન ઢાંકેલી તે દુરથીજ જોઈને ગઈ હતી. પણ તે વખતથી શું આમ તકીઓજ માત્ર ઢાંકેલો હતો કે ખરેખર બચુંજ હતી?

ગંગાના મનમાં સેજ વેહેમ ઉપજ્યો કે જેમ હમણા હું ઠગાઈછું તેમ રાત્રે તપાસવા આવી ત્યારે ઠગાઈ હોત તો? પણ વળી તેણે વિચાર્યું કે ઠગાય શું કામ? ઠગાવાનું કારણ શું? રાતના બચું સુતેલી નહી હોય તો ક્યાં જાય? હમણા તો સહવાર પડીછે અને બચુંને સુઈ ઉઠવાનો વખત થઈ ગયો હતો માટે તે ઉઠીને ગઈ હશે, પણ રાતના જે તેણે જોઈ તે બચુંજ હતી એમ ગંગા માનતી હતી.

ગમે એટલું માનવા છતાં તેને કાંઈ અજાયબ વેહેમ પડી ગયો. તેણે નીચે જઈને પોતાનો વેહેમ કોઈને જણાવ્યો નહી પણ પોતાની બાઈને ચુપચુપ જોવા લાગી. તે કેથે જણાઈ તો નહી? બાગમાં અને ચોકમાં, કુવાપર અને રસોડાંમાં, જમવાના ઓરડામાં અને બેસવાના દિવાનખાનામાં સર્વ જગ્યે બચુંને શોધી પણ તે મળી નહી. અંતે તેણે વિચાર્યું કે કદાચ ફરવા ગઈ હશે, માટે હજી પણ પોતાની શંકા છુપાવીને તે ચુપ બેઠી. બચું તેના ખાશ સવાધીન તલે હતી અને જો બચું જતી રેહે તો તેની તવાઈ ગંગાને માથે આવે, માટે તે ગઈ હોય એવું સમજવા ઇયા સમજાવવાને હજી પણ તે નાખુશી હતી.

અંતે સહવારના નવ દસ વાગી ગયા પણ બચું પાછી આવી નહી. માણસો તેના ચા પાણી, નાસતા વગેરેને માટે ગંગાને પુછતા આવ્યા. બચું ક્યાં ગઈ તેનો કશો જવાબ દેવાને ગંગા અશક્ત થઈ પડી. રામોસીઓને પુછવામાં આવ્યું કે બાઈ ફરવા ગયાંછે? બેહુ રામોસીઓએ સાફ ના કહી કે શેઠને વળાવ્યા પછી અમે અમારા દરવાજા ઉપર બેઠા છીયે, અંહીથી અમે જરા ખસ્યા નથી અને બાઈ કાંઈ ફરવા ગઈ નથી!

ત્યારે ક્યાં ગઈ? આખાં ઘેરમાં ગભ-

શટ થઈ ગયો. જમસુ શેઠ ગયા તેજ દહાડે તે કેમ ગઈ? જમસુ પોતાની સાથે તો નહી લઈ ગયો હોય? તે બનેજ કેમ? જમસુની સાથે જે માણસો તેને મુકવા ગયાં હતાં તે સર્વે તેની આગલ હાજર હતાં, તેઓ જમસુને એકલો મુકી આવ્યા હતા માટે તેઓની આંખ્યો જુઠી હોય તોજ બચું તેની સાથે ગઈ એ બને તો? જમસુ તો ઓર બચુંની સંભાલને માટે માણસોને દમ ભરાવી ગયો હતો, ત્યારે તે તેને સાથે કેમ લઈ જાય?

અંતે ગંગા અને બીજાંઓએ ગામમાં ખોળ ચલાવી. તલાસ કરતાં સ્ટેશન ઉપરથી પતો મળ્યો કે મુંબઇથી આવેલી મધરાજની ત્રેન જે સહવારના ૬ કલાકે આ સ્ટેશન કરતી હતી, તે ત્રેનમાં બેસીને બચુંબાઇ મધરાજ ગઇ હતી. તે ત્રેન ઉપડતી વખતેજ સ્ટેશન ઉપર આવી હતી અને તેને ગાડીમાં બેસાડીને મોકલી આપવા સિવાએ તેની બીજી કશી પરપુછ કરવાને સ્ટેશન માસટરને પણ વખત મળ્યો નહી હતો.

આ કેવી શોધ! કેવો અચંબો! જે દહાડેં જમસુ બચુંને અજાણી રાખી ઠગી ગયો તેજ દહાડે બચું પણ તે ચંડાલને અજાણો રાખી તેની પાપી બંદીમાંથી પોતાની ખલાશી પામી નાહી. કેવી છુપી નાહી! કેવી હીકમતથી નાઠી! અને વળી કેવાં ટાંકણાંસર નાહી! બચુંએ પોતાનો આ છુટકારો કેમ અને કયારે મેળવ્યો તે કોણ જાણેછે?

પ્રકરણ ૨૪ મું.

ગરીબના યાર ગરીબ.

જે વખતે લુચ્ચો જમસુ મરનાર મામાનો દલ્લો લેવા સારૂ મુંબઇ જવાને પોતાના બંગલાની બાહેર નીકલ્યો, જે વખતે સઘલાં માણસો તેને સલામ કરવા સારૂ આગલા દરવાજા ઉપર એકઠાં મળ્યાં, તે વખતે, બરાબર તેજ ઘડીએ, બચું પાછલે દરવાજેથી પોતાનો રસતો કાહડી ગઇ. જમસુના જવાની તેને આગમચથી ખબર મળી હતી. તે ખબર આપનાર ઘેરમાંનોજ એક જાણભેદુ હતો. સઘલી બંદી છતાં બચુંને આ બંદીખાનામાં એક છુપો જાસુસ મદદ કરવાને મળી શકયો હતો. તે ક્રેરાતાઈ જાસુસ એક સ્ત્રી હતી. તે સ્ત્રી દુધવણીના આ ઘેરમાં દુધ આપવા આવતી એક ગરીબ પણ આબરૂદાર ગવલણ હતી. તે ગવલણ સાથ બચુંને માત્ર એકજ સાંજ આગમચની ઓળખાણ થઈ હતી. તે ઓળખાણ બચુંને ગામમાં ફરવા જતી વેળા થઈ હતી. ફરતી ફરતી બચું આ ગવલણના ઝુપડાં તરફ ગઇ, ત્યાં ગવલણ તેને મળવા આવી, તેને બચું વિષે તરેહવાર શક આવ્યા કરતા હતા—બૈરાંને અજાણાઓની એમ ઘણીવાર ખણખોદ લાગ્યા કરેછે—તે શકનો ખોલાસો પુછવાની આ સાદાં દીલની ગવલણને આજે તક મળી. બચુંએ પોતાનો સઘલો હેવાલ તે ગવલણ આગળ કહ્યો અને બિચારી ગવલણને આ ખરી બંદીવાન બાઈ તરફ ઘણી માયા લાગી.

એ તો એકજ દહાડો આગમચની વાત થઈ. બીજે દહાડે, યાને જમસુ જે રાત્રે મુંબઈ જનાર હતો તેજ દહાડે ગવલણ સરેસતા મુજબ સાંજે દુધ આપવા આવી તે વેળા તેને હુકમ થયો કે "શેઠ પાછલી રાતે મુંબઈ ખાતે ઉપડી જવાના છેં માટે પાછલી રાતે સકારેથી દુધ લાવવું." તેજ સાંજે બચું ફરવા ગઈ ત્યારે પોતાની નવી પિછાણવાલી ગવલણને ઝુપડેજ પાછી ગઈ. ત્યાં આ ગવલણથી તેણે જાણ્યું કે જમસુ તો સહવારની ગાડીમાં મુંબઈ જનાર છે. ગવલણ પેહલાં એવું સમજી હતી કે બચુંને પોતાની સાથે લઇને જમસુ જવાનો

હશે. પણ જ્યારે બચુંએ કેવલ અજાણપણું બતાવ્યું ત્યારે ગવલણને અતિશય અચરતી ઉપજી અને આ નિર્દોશ અબલાને આમ જંગલ વચે રખડાવીને છુપો ચાલી જવાની તે નીચ નીરાટા ઉપર આ ગામડીયાં ગરીબોને વઠીક ઘણો ધિક્કાર ઉપજ્યો. હવે અંહી મસલત ચાલી. બચું અને તેની ગવલણ સખીએ વિચાર કરયો કે બચું આ પાપી કેદખાનું છોડી જવાની જે તક શોધતી હતી તે તક હાથ આવીછે, અને એવી તક ફરીથી મળનાર નથી. ગવલણે તેમાં પુરતી મદદ કબુલી અને આ તકે દુધણી ગામ છોડી જવાનો બચુંએ સંચ રચ્યો.

બચુંએ મધરાજ જવા માગ્યું. તેની આ શીયાણી સખીએ તેને ઘણી સલાહ આપી કે તેણે પુણે પાછી જવું અથવા મુંબઈમાં પોતાનાં સગાં વ્હાલાંઓને જઈ મળવું. પણ બચુંએ અફસોસ કીધો કે “મારાં સગાં વ્હાલાંઓ કયાં છે? કોણ છે? સગાંબી કોઇ રહ્યાં નથી અને વ્હાલાંબી કોઈ નથી. મારાં વ્હાલાં મારાં બચ્ચાં છે. પણ તેઓ મારા આશ્રય વિના, હું છતી માએ નમાયાં થઈ પડયાંછ. હવે તો હું મધરાજ જઇશ. ત્યાં જેમ બનશે તેમ આબરૂથી પણ ગરીબાઇથી મારૂં પેટ ભરીશ. કોઇની ચાકરી કરીશ, દલણું દલીશ, છાના થાપીશ, સીવી સાંધીને પેટનું પુરૂં કરીશ, પણ હું મધરાજ તો જવાની.”

બચુંની સાથે માત્ર એક માણસ જોઇતો હતો, અને તે આ દયાલુ ગવલણે તુર્તજ હાજર કીધો. તે તેનો માટી, ગવલી પોતેજ હતો. તે મધરાજી હતો. મધરાજથી તે માહીતગાર હતો. તે પેહલાં જવાને ખુશી નહી હતો,—પણ ગરીબ માણસો દયાલુ અને દાનશીલ હોયછે—તેમ આ ગવલણે પોતાના ધણીને કાલાવાલા કરી તેના દીલમાં દયા ઉતારી અને તે બચુંના ભોમિયા દાખલ તેની નોકરીમાં તુર્ત વેળા જવાને કબૂલ થયો. મધરાજની મુસાફરી સઘલી રેલવેમાં કરવાની હતી, અને મધરાજમાં બચુંએ પોતાના ગુજરાણનો કાંઇ ઉપાય લેતાંવાર પોતાને માટે એક ખારા નોકર રાખી આ દયાલુ ગવલીને પાછો વાલવાને બચું બંધાઈ હતી. એ રીતે પોતાનો એક મદદગાર અને ખીદમતગાર ભોમિયો હાથ લાગ્યો અને તેણે તથા તેની બાયડીએ આ લાચાર અબલાને બીજી સઘલી મદદ આપવા કબુલી કે પછી બચું પાછી ઠરાવેલા વખતની અગાઉ બંગલે ગઇ અને જમસુને કશો શક ઉપજ્યો નહી.

પણ બચુંને એકવાર આ છુપી ભાળ મલી તો પછી વધારે પત્તો મેળવવાને મુશકેલ થયું નહી. જમસુ મુંબઈ શા કારણે અચબુસ જાયછે તે ગવલણ કશું નહી જાણતી હતી અને તેથી બચું પણ જાણતી નહી હતી. પણ તે ઘેર પાછી ફરી ત્યારે રાત પડવા આવેલી હતી અને રાતના અંધારાંમાં રસોડાં તથા બીજી જગ્યાઓ તરફ છુપાઇને ચાકરોની વાતચીત સાંભળી લેવાથી બચુને પુરતી ખબર મળી શકી કે જમસુના મામા મેહેલાશાહ મરણ પામ્યાછે અને જમસુ તે મેહેલાશાહનો વારસો લેવા દોડનાર છે—તેજ મેહેલાશાહ કે જેને ત્યાંની મેજબાનીમાં બચુંએ પુણાની પોતાની છેલી સાંજ ગુજારી હતી, અને જે મેજબાની ઉપરથીજ તેણે પોતાના ભર્તાર સામે આ ભયંકાર પગલું ભર્યું હતું. બચું પાસે ખર્ચના થોડાક પૈસા હતા અને એક બે દાગીના તેણીના અંગ ઉપર રહી ગયા હતા, જે તેણે પોતા ઉપર આ ત્રાશદાયક દુઃખ પડયા પછી ઉતારી નાખીને પાસે રેહેવા દીધા, તે પૈસા તથા તે દાગીનાનું એક પોટકું બાંધ્યું અને પાછલી રાતના કોઇ પણ રીતે આ શીહા બંદીખાનું છોડી જવાને તે આતુર થઈ રહી.

પેલી નેક ગવલણ અને તેના ભર્તારની મદદથી બચુંની આ નેક મુરાદ બર આવી. ગવલણ સકારેથી દુધ આપવાને બાંહાને આવી તથા તેનો ભર્તાર ચહડેલું દામ ચુકવી લેવા આવ્યો અને જ્યારે ગંગા

તથા બીજાં સર્વે જણ બચુંને ઊંઘેલી સમજતાં હતાં ત્યારે ગડબડમાં ને ગડબડમાં તે ગવલણે બચું સાથ છુપ્યો સંદેસો વટીક રાખ્યો, જેનું સેવટ એ આવ્યું કે પાછલો દરવાજો જે તે આખી રાત ઉઘાડો હતો, ત્યાંથી જ્યારે રામોસી પોતાના વિદાય થતા શેઠને સલામ કરવા આગલા દરવાજા ભણી ગયો ત્યારે ગવલણ તરફથી સીગનલ મળતાં વારજ બચું ચુપચુપ છુપાયલી પાછલી ગમ દોડી ગઇ અને ત્યાંથી પોતાની મદદગાર ગવલણ સાથ પાછલે રસતે આ દોજખના દૈત્યોના દસ્ત તલેથી આરાન છુટી ગઇ. પછવાડેથી ગવલણનું સાદું પણ સુખી ઝુપડું દૂર નહી હતું. તેના ઘેરમાં બામદાદ સુધી બચુંએ છુપ્યો ઉતારો લીધો અને પછી પોતાના ગવલી ખાવિંદને સંગાથે આપીને મધરાજની ત્રેનને વખતે બચુંને એક બંધ ગાડીમાં ગવલણે વિદાય કીધી.

દુધણીના સ્ટેશન ઉપર ત્રેનના કટોકટ વખતેજ બચું જઈ પુગી, જ્યાં ગવલીએ તો ત્રીજા કલાસના ગાડીની ટીકીટ લીધી, પણ બચુંબી ત્રીજાજ કલાસની બૈરાંની ખાસ ગાડીની ટીકીટ લઇ તેમાં ચહડી બેઠી. તે એક ઉમરાજાદી હતી પણ હવે તે ઉમરાજાદીની હાલતમાં નહી હતી. હવે તે કાંઇ મોટી કાસ્ટલના મરનાર માલેકની દીકરી અને હાલના માલિકની બાયડી નહી હતી. તેણે આજે પોતાની જીંદગીમાં પેહેલવેહલીજ વાર ત્રીજા કલાસની ગાડીની ટીકીટ લઈ પોતાની કરકસર શરૂ કીધી.

મધરાજના સ્ટેશન ઉપર ગાડી થોભ્યા સુધી બચુંએ પોતાની ત્રેનમાંથી બાહેર જરા ડોકીયું પણ કાહાડયું નહી હતું. ગાડીમાં બીજાં ઘણાં બૈરાં હતાં, પણ સઘલાં અજાણાં અને પરજાતીલાં હતાં. સઘલાં થકેલાં અને ઊંઘરેટાં હતાં, માટે બચુંની આ થાકવનારી મુસાફરી કોઇનું જાસ્તું ધ્યાન ખેંચ્યા વિના પસાર થઈ અને ત્રેન ઉભી થતાંવાર તેનો નિમકહલાલ ભીમિયો—દુધણીવાળી ગવલણનો ભર્તાર—બચુંને ગાડીમાંથી ઉતારવા આવ્યો ત્યાં સુધી તે કોઇ સાથ કશું બોલી ચાલી નહી.

તે સ્ટેશન ઉપર ઉતરી તે વેળા હવા ઘણી થંડી હતી. સ્ટેશને સ્ટેશન આગ અને સગડી સલગાવ્યા વગર લોકોને હુંફ મળતી નહી હતી. બચુંનાં અંગ ઉપર જાજાં ગરમ વસ્ત્ર નહી હતાં, માટે તે તાહડે થથડતી હતી. તેણે એક શાલ ઓઢેલી હતી અને પોતાની ગમે એટલી ગરીબી છતાં તેની ઊંચી તાબમ તેની બુલંદ પેરાની ઉપરથીજ જણાઇ આવતી હતી.

સ્ટેશન માસટર કોઈ ઘણો ભલો ઈંગ્રેજ હતો. ઈંગ્રેજીમાં તેની સાથ સઘલી પરપુછ ચલાવી. બચુંની ઉમદા કેળવણી વાંચનાર જાણેછે. સ્ટેશન માસટરે કહ્યું કે સ્ટેશન ઉપર ગૃહસ્થોને માટે એક અને બાનુઓને માટે બીજો એવા બે "વેટીંગ રૂમો" હતા, તેમાં ઉતારૂઓને કીફાયતે રેહવાની અને ખાવા પીવાની દરએક જોગવાઈ કરેલી હતી અને ઘણીવાર એકલી લેડીઓ લાંબે જતાં આંહી ઉતરતી હતી. એ ઉપરથી બચુંએ પોતાના સામાણનું પોટકું તે વેટીંગ રૂમમાં ઉતારી તે રાત ત્યાંજ તદન ખાનગી રીતે ગુજારી. આંહી તેના મલાહજા અને સુખની સઘલી ગોઠવણો તૈયાર હતી. રેલવે કંપનીને ખરચે ઓરત ઉતારૂઓની ચાકરી તથા માવજત કરવાને આયા રાખેલી હતી, તેણે તેની બનતી માવજત કીધી અને સહવારની વાત સહવાર ઉપર રાખી બચુંએ બે દહાડાની થાક રાતની એકાંત ઊંઘમાં ઉતારી. તેનો ભીમિયો સ્ટેશન ઉપર પોતાની આ નવી શેઠાણીના હુકમને તાબે બાહેર ચોકી કરતો સુતો હતો.

સહવારના હજી તો દુખિયારી બચુંની આંખોને જરા જંપ લાગી હતી તેવામાં એક "પારસી સાબ" વલતી ત્રેનમાં માઇસોર જવા સારૂ સ્ટેશન ઉપર આવ્યો. ત્રેનને વાર હતી માટે તે વેટીંગ રૂમમાં ઉતર્યો અને ત્યાં આ સાહેબને ત્યાંના "બોય"થી ખબર થઈ કે લેડીઓના વેટીંગ રૂમમાં કોઈ

"પારસી મેમ સાબે" કાલ રાતની આવી ઉતારો લીધોછે. મુફસીલના દુરના પ્રગણાઓમાં પારસીઓ "સાહેબ લોક" દાખલ ઓળખાયછે. બચુંને તેની આખી જીંદગીમાં ઈંગ્રેજી શીખેલી, ઈંગ્રેજી રીતભાત વાળી, ઇંગ્રેજી કુટુંબોમાં પલોટાયલી આપણે દીઠીછે અને આજે સ્ટેશન ઉપરના વેટીંગ રૂમમાં પણ બીજી "મેમ સાબો"ની માફકજ તે રહીછે.

પેલા "પારસી સાબ"ને આ "પારસી મેમ સાબ"ની ખબર સાંભળી ઘણો અચંબો લાગ્યો. તેણે એ બાઇ વિષે ખબર કાહાડવાની "બૉય" ને અરજ કીધી અને ખબર કાહાડતાં જણાયું કે એ બાઈ દુધણીના સ્ટેશન ઉપરથી એકલી આવીછે અને છુપી રેહવા માગેછે. એથી તો તે "પારસી સાબ" ની જીગ્નાશા ઘણી વધી. તેણે બચુંના વિશ્વાસુ ભોમિયાને મળીને સઘળી બીના પુછી અને જ્યારે તેણે જાણ્યું કે એ બાઇ પુણાની હતી, તેનું નામ બચુંબાઈ હતું તથા દુધણી ગામમાં જમસુ નામના પારસી સાથ તે રહેલી હતી, જ્યાંથી જમસુ તેને મુકીને નાસી ગયો અને એ બાઈ પણ ત્યાંથી આવી આંહી છુપી રહીછે, ત્યારે આ "પારસી સાબે" તો કાંઈ નહી સમજ પડે એવો ગભરાટ બતાવ્યો.

હજી તો આ અજાણી અબલા ચા પાણી કરવાની હતી, હજી તો પોતે હવે કયાં જવું અને શું કરવું તેના અંદેશામાં પડેલી હતી તેટલીવારમાં વેટીંગ રૂમની આયા બચુંને કેહેવા આવી કે "એક પારસી શેઠ મળવા માંગેછે."—"તું જાણેછ આયા કે હું છુપી રહુંછ, મારે કોઇને મળવું નથી."— "હા બાઈ, મેં તેને કહ્યું પણ તે કેહેછ કે તમો એકલાં છો, તમોને કાંઈ મદદ જોઇતી હશે, વાસતે તેવણ મળવા માંગેછ."— "મને કશી મદદ નથી જોઈતી, આયા."— "તબી મેં કહ્યું." આયાએ બોહોંસ કીધી "પણ આ સાબ કેહેછ કે તેવણ તમારી ઓળખાણના છે અને તમો આવી હાલતમાં એકલાં પડો એ તેવણ દેખી શકવાના નથી."

"ઓળખાણનો છે?" આ શબ્દોથી બચું ચોંકી. પોતાની શરમ નહી ખમવાથી ઓળખીતાં પારખીતાંઓથી તે દૂર ભરાતી ફરીછે, ત્યારે આંહી વળી પેહલેજ દહાડે ઓળખીતો કોણ નીકળી આવ્યોછે?

"એ કોણ છે?" તેણે કુશાણો ગવલી જે હાજર હતો તેને પુછયું.

"કોઇ પારસી છે, બાઇ. તમારી જાતવાળો છે." કુશાણાએ જવાબ દીધો.

"પણ એ પેલો, જમ—જમ—" બચુંના મોહમાંથી એ નેહસ્ત નામ નીકળવા પામ્યુંજ નહી.

"જમસુ શેઠ તો નથી. નિશ્ચીંત રહો, બાઇ. તે આંહી આવે કેમ?" ગવલીએ ધીરજ આપી.

"અરે! નહી બાઈ, એ તો કોઈ ઊંચો કદાવર, ખુબસુરત, પારસી શેઠ છે." આયાએ વધાર્યું. "એ તો કોઇ ખરો અમીરી તોખમનો, મીઠા દેખાવનો, મગરૂર સ્વભાવનો, લાયકીવાલો છે. તમારી હાલત સાંભળી તેને ઘણો ગભરાટ ઉપજ્યોછે."

કોણ? ઊંચો? કદાવર? ખુબસુરત? અમીરી તોખમનો? માયાળુ? તે તો લવજી! આ વર્ણન સાંભળતાંજ બચુના મનમાં પેહલવેહલો જે યાદ આવ્યો તે તેનો માયાલુ, માજી ભરતાર હતો! વળી બચુંની હાલત ઉપર દયા કરેછે, તે તો લવજી સિવાય બીજો કોણ હોય? અને જો તે લવજી હોય તો વારૂ? આ વિચારથીજ બચું અડધી ઘેલી જેવી થઈ ગઈ. તેની નાડીનો એકેએક ધપકારો જોસથી ઉછલવા લાગ્યો. તેનું જીગર જાણે ફાટીને બાહાર નીકળી પડે એવું તેને લાગ્યું.ઑ! લવજીને મળવાની તેની છાતી કેમ ચાલે? તેની નજર સાથ નજર કેમ મળે? તેની ગમ જોવાયજ કેમ? બચું ધ્રુજતી ઉઠી. તેણે બીજા ઓરડામાં જતી રેહવા કીધું પણ આયાએ તેની ભુલ ભાંજી.

"બાઈ, કયાં જાઓછ! અંહી બીજો ઓરડોજ નથી. પણ તમે ગભરાવોછ કાં? ગમે તો તે સાબને મળવાને ના કહો. તે કાંઈ જુલમથી આવનાર નથી. પણ વારૂ તમે તેનાથી બીહીછો કાં? તે કોઈ રખડતો, રઝળતો નથી. એ તો ઉમરે પોહોંચેલો, દાનાવ કોઈ શેઠ છે. તમારો બાપ લાગે તેવો ઘરડો છે. તેના બાલ પાકી ગયલાછે. તે આ લાઇન ઉપર ઘણીવાર મુસાફરી કરેછે. હું તેને ઓળખુંછ."

"તેનું નામ શું?" આ બોલાસાથી થંડી પડીને બચુંએ પુછયું.

"નામ તો હું નથી જાણતી, પણ પુછી આવું" એમ કહી આયા તે સાબને નામ પુછવા ગઇ, અને બચું થંડી પડીને પોતાના ગભરાટ ઉપર પોતેજ હસવા લાગી કે "લવજી વળી અંહી આવેખી?"

આયા તુર્તજ તે સાબના નામનો કાર્ડ લઈ આવી અને બચું શું વાંચેછે? "જાંહગીરશાહ મુગામોદી. (જીજુરીવાલા)"

પ્રકરણ ૨૫ મું.

મોડો પશ્ચાતાપ.

શો આશ્ચર્ય! બચુંનો પોતાનો બાપને તોલનો કાકો! આકલો, મીજાજી, પાજી ઉમરાવ. હવે શું કરવું?

હજી તો બચું વિચાર કરેછે, હજી તો તે એક પડદા પછવાડે નાસવા જાયછે, તેટલાંમાં જાંહગીર તેની પાસે આવી ઉભો.

"બચું! બચું! કયાં નાસેછ?" તે આવતાંને વાર બોલ્યો. "મેં આ સ્ટેશન ઉપર તારી નીશાન સાંભળતાંજ ધાર્યું કે તુંજ હશે અને આખરે તુંજ નીકલીછ."

"હા! હુંજ! હુંજ!" કમબખ્ત બચું ગુઠણ ઉપર પડીને રડતી રડતી બોલી. "કાકા! ઓ મારા બાપ! મારા મુરબી! હુંજ તમારી બચું! હું તમારી તકસીરવાર છું! તમારે પગે પડુંછ! તમારે ગમે તો મને મારી નાખો ને ગમે તો માફ કરો."

"બચું, તારા આ શા હાલ?" જાંહગીરની ગમે એવી કઠણ છાતી પણ પીગલી ગઇ અને તે આંખોમાં પાણી લાવી બોલ્યો. "બચું, તારી આગલી શી હાલત! કેવું સુખ! કેવી તનદરોસતી! તારા ભર્તારના ગામમાં હું તુને રાજ કરતી છેલી મુકી આવ્યો, અને તેનું આ સેવટ! તારા ચેહેરા ઉપરનું નૂર સઘલું કયાં ઉડી ગયું! તારી ચામડીનો રંગ કેમ ફીકો પડયો! તારી કાઠી કેવી ગલાઈ ગઇછ! તારાં હાડકે હાડકાં ગણાય એવી તું કેમ તવાઈ ગઇછ! અરેરે બચું! બચું! આ તારી અવસ્થાની કોણે આશા રાખી હતી?"

"એ મારી અવસ્થા મારે હાથે મેં આણીછ."

"અલબત તારે હાથે" જાંહગીરે ગુસાથી જવાબ દીધો. "તુંને સુખી કરવા તારા બાપે તારી પાછળ કેટલો ખરચ કીધો, તુંને કેવી ઉતમ કેળવણી આપી અને આ તેનો બદલો! તેં તારી કેળવણીને ડાઘ લગાડયો! તેં તારાં ખાનદાનને એબ લગાડી! તેં તારા બાપના મુવેલાં હાડને તેના બેહેસ્તમાં ધ્રુજાવવા જેટલું પોતાને કલંક લગાડયું."

"ના. ના. ના! એ ખોટી વાત છે." બચું પોતાના પતીવ્રતાપણાના જોસમાં બોલી. "હું નિરપરાધી છું. મેં મારી પાક દામાન પ્રતીવ્રતાપણાને ડાઘ લાગવા દીધો નથી. મારૂં કૂલ મેં ઉગાર્યુંછ, મારી લાજ મેં જાલવીછ, મારી ઇજત સાચવીછ."

આ જોસભર્યા શબ્દો ઓચરીને બચું પોતાના કાકાના હાથમાં માથું નાખી રડવા લાગી.

પોતાની ભતીજીના આ અચબુચ એકરાર ઉપર જાંહગીરની અચરતીનો પાર નહી રહ્યો. પોતાના ખાવિંદ તરફની બચુંની

બેવફાઇ વિષે તેના આ કાકાના મનમાં જરાબી શક નહી હતો. પણ જ્યારે બચુંએ પોતા ઉપર વીતેલા સઘલા ગજબને વીગતથી વર્ણુવ્યો ત્યારે તે તો ડચાઇને તકતક જોવા પડયો. ઈંગ્રેજી રાજમાં એક લુચ્ચો એક નાજુક નારને આવી રીતે ઘણાક મહીના સુધી કેદ રાખી મેલે અને તે કોઇના જાણવામાં નહી, એ જાંહગીરશાહ સુગામોદીના માનવામાંબી નહી આવ્યું. તેની ભતીજી, તેણે વિચાર્યું કે, યા તો હડહડતી પાપી હોવી જોઇયે અથવા તો ખરેખરી ફ્રેશનાઈ ખરાલતની હોવી જોઇયે. તેણે જે દુઃખ સહન કર્યાંછે તે જો ખરાં હોય તો તે ખરીજ સતી હોવી જોઇયે, પણ જો એ દુઃખ તેણે પોતાના આ કરી લીધેલા બાપની દયા ઉપજાવવા સારૂ માત્ર બનાવી કાહાડયાં હોય તો તેના સરખી ગુનેહગાર બીજી કોઈ નહી હોવી જોઇયે. જાંહગીર જીજુરીવાલો એ બે છેડેનાજ સાર ખેંચી શકયો. એ બેની વચેનો મધ્યમ માર્ગ બીજો એકે નહી હતો.

"પિતાજી, તમે વિચાર કરો" તેના મનની શંકા જોઈ બચું પોતાના બચાવમાં બોલી કે "જો હું જમસુને ખરેખર ચાહતી હોતે તો આજે અંહી હું એકલી વાએ જાન કેમ પડી હોત? હું તેનાથી એક રોગ, એક મરકીની પેંઠે નાસી આવી નહી હોવું તો શું તે મને મુકી ગયો હશે?"

"જાય. તે મુકી જાય. લુચ્ચા— છંદબોરા, વિભીચારીઓ હમેશાં એવાજ હોયછ. તેઓ કદી વફાદાર તો રેહતાજ નથી. અબળાજાતીને છળ અને દગો દેવો એજ તેમનું કામ અને ધંધો હોયછ."

બચુંને પોતાને જણાયું કે તેનો કાકો તેનો હેવાલ માનતો નહી હતો. અને આજસુધી તેણે વેઠેલાં દુઃખોમાં એ સર્વેથી મોટું દુઃખ થઈ પડયું. એક વફાદાર અબલા વફાદારીને લીધે વેદના વેઠે તે તેને અન વેદના નથી. પણ તેની વફાદારી છતાં તેના ઉપર બેવફાઈનું બદગુમાન રેહે એ સર્વેથી મોટી જંજાલ અને વેદના થઈ પડેછે.

"બચું, તુને યાદ છે આગળી વાત?" તેને ચુપ ગમગીનીમાં જોઈ જાંહગીરે તેને દુઃખના ચોખા દેવાના ચાલુ રાખ્યા. "તું સુરતમાં પરણીને તારે સાસરે જતાં મેં મુંબઇમાંજ તુને પકડી હતી. શાન તારી કાકીએ તને લવજી સાથ મારી હરસે છુપી પરણાવી અને તેના અજાણપણામાં હું સમજ્યો હતો કે તું લવજી સાથ છુપાછુપ જતી રેહેછ. પણ જ્યારે મેં ખરી બીના જાણી અને જ્યારે તારો હાથ મેં લવજીના હાથમાં ખુશી સાથે મેલ્યો ત્યારે તુને યાદ છે, મારી છેલી શિખામણ શું હતી તે?"

"ઓ! તે વાત મને ના યાદ દેવડાવો." બચું આજીજીથી બોલી.

"નહી. તે યાદ કરવી જોઇયે." તેનો સંગદેલ કાકો શિખામણ સારૂ બોલ્યો. "મેં તુને કહ્યું હતું કે જો બચું આ લુચ્ચા જમસુ ઉપર કદી વિશ્વાસ ના મેળતી. તેં મને વચન આપ્યું હતું કે હું એની અડએ નહી જાવું? અને એ વચન તેં કેવું પાલ્યું?"

"મેં તેની સાથ કદી બદફેલ પ્રીત બાંધી નથી."

"અગરજો પ્રીતથી તે અને તેણે વાંક કર્યો હતે તે નહી માફ થાય એવો ગણાતે, તો વગર પ્રીતે તું તેની સાથ નીકળી ગઈ એ કેવો જબૂન મરગરજાન ગુનાહ થયો."

"તેને મારી ખુશીની ઉપરાંત લવજીએ મારા ઘેરમાં બોલાવીને રાખ્યો. મેં ના પાડી, હમાયજીએ ના પાડી, જમસુના મામાએ અને મામીએ ચેતાવ્યો કે જો લવજી એ લુચ્ચાને તારા ઘેરમાં આવવા ના દે. પણ તે છતાં એ પાપીને લવજીએ ઘેરમાં લીધો."

"બેવકૂફ! ખરોજ બેવકૂફ! લવજી સુધરેલો થવા ગયો, પણ લુચ્ચા કુછંદી પાપીઓને બચ્ચાં છોકરાંના ઘેરમાં રાખવા એ સુધારો શાનો? પણ, બચું, તારા ભ-તારની એ બેવકુફીમાં તારી ચાલનો કશો

બચાવ નથી. લવજીએ એક લુચ્ચાને આશ્રય આપ્યો તે કાંઈ તેની સાથ તારે મળી જવાનું કારણ નથી. લવજીએ લુચ્ચાને પટીક ઘેરમાં લીધો, પણ તે તારી ઉપરના પોતાના પૂર વિશ્વાસના આશાવંત ભરૂસા ઉપર લીધો. તારે વિષે શું તારા ખાવંદના મનમાં જરાખી શક હોય? શું તું તેના પ્યાર અને સુખનો નિમકહરામીથી બદલો વાલી આપશે એવી તેને જરાખી બીહીક હતી, કે જેથી એક લુચ્ચાને ઘેરમાં રાખવાને તે આચકો ખાય? અને તોપણ એવા તેના સાચા, એક સરખા, જોસ ભર્યા, શક વગરના પ્યારનો તેં કેવો બદલો વાલી આપ્યો? બેવકૂફ તે કે એક લુચ્ચાને મદદ લાગવા ગયો, અને વધારે ગધેડો તે કે તેણે તું સરખી એક ઓરત ઉપર એટલો હદથી જીયાદે વિશ્વાસ મેલ્યો."

"કાકા! માફ કરો કાકા! લવજીના સાચા પ્યારની એટલી ખોટી સ્તુતી કાં કરોછ?" બચું જારજાર આંજુથી રડીને પોતાનું નિર્દોશપણું જાહેર કરવા લાગી. "લવજીનો પ્યાર જો સાચો હતે તો હું હાથે કરીને આ હાલતે શું કામ પોહોંચતે? જો લવજી પોતાના વચનપર વફાદાર રહ્યો હતે તો હું આ ભય ભરેલી મુસીબત મારે માથે શા વાસ્તે હોરી લેતે? લવજીના કરતુક, ઓ! મેં મારી નજરેનજર દીઠાં. તેની બેવફાઈ વિષે મેં મારી પકી ખાતરી કરી, જ્યારે તેના દીલમાં મારી કશી જગ્યા રહી નહી, જ્યારે મને પોતાના ઘેરમાંજ તેણે તજી, જ્યારે મારી સંગતને બદલે બીજીની સંગત તે શોધવા લાગ્યો અને જ્યારે મારા પવિત્ર પ્યારને બદલે બીજીના નાપાક પ્યારે તેના દીલમાં ઘેર કીધું, ત્યારે તેના ધિક્કાર સાથ, મારા બચાવમાં મેં આ માર્ગ લીધો."

"ખોટું! સર્વે ખોટુંછે! દરદી બેજાંની, અભાગણી! વેહમી! તારા બધા વેહેમ ખોટા પડયાછ!" જાહંગીર ઘણોજ ઝનુનથી બોલ્યો.

"હેં! પિતાજી એ શું બોલોછો?" બચુંએ ખરેખરા ગભરાટથી પુછયું.

"હું ખરૂં બોલુંછ. મેં પણ પકી ખાતરી કીધીછ કે તેં તારા ખાલેશ દીલના, ખરા ખાવિંદ ઉપર આ ખોટાં બોહતાંનો જોડી કહાડયાંછ."

"હેં! તમે ખાતરી કીધી!" બચુંએ ધુજતી બેભાણ થતી હાલતમાં પુછયું.

"હા. લવજીને તું તજી આવ્યા પછી હું પોતે તેને પુછવા ગયો હતો. તેણે પોતાના બચ્ચાંના કસમ ખાઈ મને ખોલાસો કીધો કે તું તેના ઉપર ખોટા વેહેમ લઈ ગઈ હતી. તેની મસીઆઈ બેહેન શીરીન સાથ તે છુપી મુલાકાતો કરતો હતો ખરો, પણ તે તો તેના ઘેર ઉપર પડેલી એક છુપી પણ ભયંકાર આફત વિષેનાં છુપાં કામોના સંબંધમાં મુલાકાત કરતો હતો."

"તે શું કામ હતું?" આ સવાલ પુછતાં બચુંની શુધબુધ ગોયા ગુમ થઈ ગઈ હતી.

"તે કામ છુપું હતું, પણ લવજીએ મારી ખાતરી કીધી અને હું પોતે પણ માનુંછ કે તે ખરેખરૂં કામ હતું. બચું, લવજીએ બચ્ચાંના કસમ ખાધા, તે શું ખોટા હોય?"

"નહી હોય! નહી હોય!" બચું હવે જીગરના પસતાવા સાથ ભાંયપર બેભાનીમાં ફસડાઈ પડી "ઓ! મારાં બચ્ચાંના કસમ તમે તેને લેવા કાં દીધા? તેવા હડહડતા સોગંદ વગર હું તેને ખરો માનતે કેમકે કદી તે જુઠા સોગંદ ખાય એવો નથી. ઓ! કાકા! રે! હેતવંત કાકા! હવે હું શું કરૂં! અરે! મેં આ શું નખોદ વાલ્યું! મારૂંજ નહી, પણ આવા મારા પાક ધણીનું, અરે! મારાં દુધમય બચ્ચાંનું મેં શું નખોદ વાલ્યું! મારા ધણી ઉપર મેં કેવો ખોટો ડાઘ મેલ્યો! અને તેની શિક્ષામાં મને આ ખોટી બદનામી એ કેવો બદલો મળ્યો? ઓ દાદગર દાદાર! મારો આ ગુનાહ કેમ માફ થશે! ઓ! ઓ! ઓ!"

આમ બોલતાં બચ્ચું ડુસકાં ખાતી ખાતી પોતાના આ પાલક બાપના પગ આગળ ઢંડી, બેહોશ થઈ પડી.

જાંહગીરે તેને ઉપાડી લઈ બિછાના ઉપર સુવાડી, તેને વા નાખ્યો, પાણી છાંટયું અને થોડીક મીનીટ જાણે કાંઇ મીઠી ઊંઘમાંથી પાછી ઉઠી હોય તેમ બચ્ચું હોશ્યાર થઈ.

જાંહગીર ઘણીવાર તેના બિછાના આગળ ગુપચુપ બેસી રહ્યો. તેને ઘણી થંડી પાડી, તેને માટે ગરમગરમ ચા કરી મંગાવી તેને પાઈ અને તેથી બચ્ચુંનાં મનને ઘણો કરાર થયો.

પ્રકરણ ૨૬ મું.

"રસતો" શો!

જાંહગીર જીજુગીવાલો શખત પણ સાચો અને બીજાજી પણ માયાલુ હતો. તેણે બચ્ચુંને હવે નિરપરાધી માની લીધી અને વગર ગુનાહે તે બિચારી ગુનેહગાર ઠરી તથા દુનિયાંના મોહડાંમાં તે ખોટી વગોવાઈ માટે તેને ઘણીજ દયા લાગી. તેને બચ્ચુંની દયા લાગી તેમજ લવજીની પણ દયા લાગી. ઓ! બેહુનું કેવું સુખી જોડું, બેહુ કેવાં અજાણપણામાં, ખોટા વેહેમનાં કેવાં દુખી ભોગ થઈ પડયાંછે!

"કાકા, તમે હવે સિધાશોની?" ઘણીવાર ચુપકીદીમાં કાહાડયા પછી બચ્ચુંએ અંતે ચુપકીદી તોડી. "તમે વધી આવો. આજી કયાંવેર ખોટી થશો? તમારૂં કામ શું કામ ખોટી કરોછ? તમે સિધારો, હું સારી પોઠે છું."

"એમ કેમ જવાય, બચ્ચું?" જાંહગીર તેને પસવારીને બોલ્યો. "હું અંહી માહસોર જવા આવ્યો. પણ માહસોરની ત્રેન તો ગઈ. મેં તે ત્રેન જવા દીધી. તારી આ અકસમાત મુલાકાતમાં તુને મુકીને કેમ જાવું? સારૂં થયું કે હું આવી લાગ્યો અને તુને મળ્યો કે જેથી ખોલાસો થયો."

"હા. સારૂં થયું! સારૂંજ થયું. તમારી મુલાકાતથી મને પણ ખોલાસો થયો. કેમકે હવે, કાકાજી, હું ઘણા દહાડા જીવું એમ નથી, પણ મરવા આગમચ ખોલાસો પામીને હું મરી જઈશ તેથી સુખી થઇને મરીશ, મારા ભર્તારને ઇનસાફ આપીને મરીશ, મારા લવજીને ખોટા બટામાંથી છુટો કરીને મરીશ. વાસતે હવે હું સુખી છું, કાકા. તમે હવે સુખે સિધારો."

"એમ નહી જવાય, બચ્ચું. હું તો તુને સાથે લઈ જવા સારૂ રહ્યોછ. તું મારી સાથે ચાલ."

"તમે ક્યાં લઈ જવા માંગોછ?"

"પુણે, મુંબઈ, સુરત, જ્યાં જવાય ત્યાં ખરૂં. તારા ધણીને કદાચ તું પાછી મળશે."

"તેવું ભાયગ ક્યાંથી બને? છુટાછેડા થયા પછી હવે આ જીહાનમાં તો મારા લવજીને મળવાની આશાજ ક્યાંથી? હવે તો પેલી જીહાનમાં હું તેની વાટ જોતી બેસીશ."

"બચ્ચું, લવજી કેવો નેક અને ઓરાદાર માણસ છે તે તું આજ દાખલા ઉપરથી જો કે છુટાછેડા કરવા છતાં તે બીજી બાયડી કરવાને ના પાડેછ. તેના ઉપર સેંકડો ઠેકાણેથી વગ લાગેછ, પણ તે કેહેછ કે જ્યાંસુધી મારી પેહેલી બાયડી જીવતી છે ત્યાંસુધી હું ફરીથી પરણવાનો નથી."

બચ્ચુંની છાતી આ વાતથી પાછી ભરાઇ આવી. તે બોલી શકી નહી. ઓ! તે કેવા ફરેશતાઈ ખાવિંદને છોડી આવી! કેવા લાખમાંના એકને તેણે ગેરઇનસાફ કીધો!

"વાસતે બચ્ચું, હજીબી તારાં પતિવ્રતાપણા ઉપર ઉમેદ બાંધી મારી સાથે પુણે ચાલ." જાંહગીરે કહ્યું.

"અરેરે! એ શી વાત!" અંતે બચ્ચું બોલી "તલાક મળ્યા પછી કોઈ ફરીથી

મરણ છયા સામે વસે એવું કદી તમે સાંભળ્યુંછ! ઓ! તેને આવો ડાઘ લગાડયા પછી હું તેનો શેશન ચેહરોજ કેમ જોઈ શકું! ઓ! તેની આગળ મારી નાદાની તથા ભુલચુકની શરમ કેમ છાંડું! કાકા, હવે તો મને પડતી મુકો. હવે તો મને એકલીજ ખુણે પડેલી મરવા દેવો! મારા ધણીને તમે એટલીજ દીલાસો આપજો કે મારાં મનમાં એ પાકજાદ વિષે કશો અંતરો નથી અને મારી તરફથી એટલીજ અરજ કરજો કે હું મરી જાવું તે અગાઉ મને માફ કરજે! ઓ લવજી, મને માફ કરજે!"

"બચું, સમજ. સમજણ રાખીને બોલ." જાંહાંગીરે તેને ઘણી સમજાવી. "તું શું અંહી રહીને વધારે આબરૂ ખોહવાની થઇછ! વધારે દુખી થવા માગેછ?"

"અંહી હું એકાંતપણામાં સુખી રહીશ. પણ ઓળખીતાંઓમાં અને સગાં વ્હાલામાં લઇ જઇ, તમે શું મને વધારે શરમાવા માગોછ? ઓ કાકા! બધું ખમાશે પણ આ શરમનું દુઃખ નહી ખમાશે. મારા ઉપર દયા કરો ને મને છોડી જાવો. મારો ધણી મારા મરવા અગાઉ બીજું ઘેર કરવા ખુશી નથી, તો તેને એ સુખ આપવાનો સમય, મારૂં મોત, હવે દૂર નથી. તેટલાં મને એકાંત રાખી મેળો."

જાંહાંગીર ગમે એટલો હઠીલો હતો પણ બચુંની હુજત આગળ તેનું કાંઈ ચાલ્યું નહી.

અને હવે બચું અંહી રેહે તો ક્યાં રેહ? કેમ જીવે? શું આપઘાત નહી કરે? તેનું કોણ પુરૂં પાડે? એ સઘળા સવાલો તપાસવા પડયા.

"બચું તું અંહી એકલી શું કરશે? ક્યાં રેહશે?" જાંહાંગીરે સમજાવીને પુછયું.

"હું ગરીબ સંસારે પણ નીતિ અને આબરૂથી મારી જીંદગી ગુજારવાને માટે લાયક કાંઈ ધંધો શોધી કાહાડીશ."

"બેવકુફ! તારી નાદાનીથી તો તું આટલી દુખી થઈ, પણ હજી વધારે દુખી થવા માંગેછ? અત્યારવેર તો તેં તારી લાજ ઘણી મુશકેલીથી જાલવીછ, પણ હવે પછી તું આબરૂ લુટાવાની થઇછ?"

"કદી નહી, કાકાજી. મારો જીવ જશે પણ મારી આબરૂ નથી જવાની."

"તુંને ધંધો કાંઈ આવડતો નથી."

"કોઈ પણ કામ શિખતાં શી વાર? બાંળકોને રમાડવાનું કામ કાંઇ શિખવું પડે એવું નથી. હું ત્રણ બચ્ચાંની મા છું. મેં બચ્ચાં કેળવેલાંછે અને કદાચ કોઈ બચ્ચાંને શિખવવા ભણાવાનું કામ હું ચલાવીસ."

"પણ તેવું કાંઈ કામ મળે તેટલાં તારા નીભાવને માટે પૈસા ક્યાં છે?"

"મારી પાસે સેજસાજ છે. હું જે દહાડે ઘેરથી આવતી રહી ત્યારે એકુબે જણસ જે મારા અંગ ઉપર હતી તે રહી ગઇછ અને તે સાચવી રાખીછ."

"તે તારા વરની જણસ હતી?"

"તેનો માલ હું ચોરી લાવું એ બને કેમ? એ તો મારા બેહેસતી બાવાની આપેલી જણસ છે."

મધરાજમાં કેટલાંક પારસી કુટુંબો વસેછે. જાંહગીરશાહ મુસાફરીને તેઓ સાથ સારી ઓળખાણ છે. માટે જાંહગીરે તેઓમાંના એકુને ત્યાં બચુંને રાખવા માંગી. પણ બચુંએ ના પાડીને જુદો એક ઓરડો લઇ તેમાં રેહેવા ચાહ્યું. ઘણી હુજતે તેણે એટલુંજ કબુલ કીધું કે જાંહગીરની ઓળખાણવાલાં એક ઈંગ્રેજ કુટુંબને છુપી રીતે બચું વિષે સીફારસ કરવી કે જેથી તેઓ તેની ખબર રાખતાં રેહે અને અગતની વખતે તેને જોઇતી મદદ પોંહચાડે.

જાંહગીરે બચુંના અગતજોગ ખરચને માટે રૂ ૧૦૦૦ ની નોટ પોતાની પાસેથી કાહાડી આપી. પણ બચુંએ તે ના પાડી. જાંહગીરે ઘણી વિનવી પણ બચું બોલી "મને પૈસાનું શું કામ છે? કટકો રોટલી ખાઇને મને પાણી પીવાનું મળશે એટલે હું રાજી રહીશ. પૈસાથી હું આલસુ થઈ જઇશ. મેહેનત કરીને કમાવાને બદલે હું

બારકે આધારે પડેલી રહીશ તે શા ખપનું?" ઘણીજ હુજતે તેણે એટલું કબુલ કીધું કે જાંહગીર તેની મદદને માટે દર માસે રૂ૫૦ મોકલે તે તેણે લેવા. જાંહગીરે ઘણો વધારે ખગાર કીધો ત્યારે બચું રૂ ૫૦ લેવાને રાજી થઈ.

જાંહગીરની મતલબ બચુંને તેના આ એવકુફી ભરેલા વિચારમાં એકદમ પડતી નાખવાની નહી હતી. પણ હમણા તેને માહસોરમાં કામ હતું. હજારો રૂપીયાના નફાનો એક ઇજારો તેની પાસેથી લુટી લેવાને માહસોરમાં બીજા લોકો ઉભા થયા હતા. તે બખેડાને લીધે તેને ત્યાં જવાની ઘણી ઉતાવલ હતી અને આજે એક દહાડો ભાંગ્યો તેટલાંથીજ તેને કેટલુંક નુકસાન થઈ ચુકયું હતું.

માટે જાંહગીરશાહે હુતેલા તો પોતાની ભતીજીને મધરાજ રાખી જવા કબુલ કીધું. માહસોરથી પાછો ફરતી વેળા તેણે બચુંની પાછી ખબર લેવા ધારી હતી. તેટલા વખતમાં તે છોકરાઇને ઠેકાણે આવશે—તે એકલી પડશે અને તેને વાખા પડશે ત્યારે પોતાની મેલે તે પોતાના આ કાકાની સહાયતા કબૂલ કરશે—એવી જાંહગીરને આશા હતી.

અગર પાછો ફરતી વેળાબી જો તે હુજત કરે તો પછી પુણે જઇ તેના ભર્તારને સઘલી બીનાથી વાકેફ કરી તેની અને બચુંની વચે આગલી તથા સંસારી ગાંઠ પાછી બાંધી આપવાની જાંહગીરે પૂર ઉમેદ બાંધી હતી. બેહુ હજી પરણ્યા વગર રહ્યાં હતાં. માટી બેપર બેહુની એકેક વિષે ભુલ માત્ર હતી. પણ બેહુની જો ભૂલ ભાંગવામાં આવે, બેહુ જો એકેકની ખરી બીના જાણે તો બેહુ એકેકને ધિકારવાને બદલે આગળ કરતાં વધારે પ્યાર કરે તેમાં શું કાંઈ નવાઈ હતી? લવજીએ બચુંથી તલાક મેળવી હતી ખરી, પણ તલાક મેળવેલું જોડું શું પાછું સંધાય નહી?

આવી ઘણી પણ ઉમદા ઉમેદોથી ઉસકેરાઇ જાંહગીર તે દહાડે બચુંને મધરાજમાં સમાધાની તથા આબરૂ સાથ એકાંત રાખવાની ગોઠવણો કીધી. તેને માટે તેને ગમતી એક એકાંત હવાવાળી જગ્યા ભાડે લીધી અને પડોશમાં એક આબરૂદાર ઈંગ્રેજ કુટુંબ જેમની સાથ જાંહગીરને દોસ્તી હતી તેઓને તેણે ભલામણ કીધી કે બચુંની તેઓ ખબર અંતર પુછતાં તથા બરદાસ્ત લેતાં રેહે. વળી જાંહગીરે બચુંની ખીજમતમાં એક આબરૂદાર મદરાસી ફરંગન દાસી અને એક વિશ્વાસુ રાંધી ખવડાવનારો માણસ રાખ્યો. ભાડેનું ઘર સામણ સુધાં ભાડે લીધું હતું એટલે સામાણ સરનજામની અગવડ પડી નહી.

એ પ્રમાણે આખો દહાડો જાંહગીર પોતાની આ દુખિયારી ભતીજીની ખીજમત અને માવજતમાં ગુંજાર્યો. છેક સાંજે બચું પોતાના કાકાની સાથે પોતાનાં નવાં ઘેરમાં ગઈ. તે ઠેકાણે જાંહગીર સઘલી બંદોબસ્તી જોવા તેની સાથે રહ્યો. પેલા વિશ્વાસુ ગવલીને તેણે ઇનામ આપી શાબાશી સાથ વિદાય કીધો. સાંજે પડોશી ઈંગ્રેજ કુટુંબ જાંહગીરને અને તેની ભતીજીને મળવા આવ્યું. જાંહગીરે તેઓ સાથ બચુંને ઓલખાણ કરાવી આપી, પણ તેનો ખરેખરો હેવાલ જાહેર કરીને તે બિચારીને શરમાવાની કાંઈ અગત નહી હતી, માટે તે હેવાલ છાનો રાખ્યો. બીજી સહવારે પોતાની ભતીજીના હજારો હજાર દુવા અને આશીશ પામી માહસોરની ત્રેનમાં આ દયાલુ કાકો ઉપડી ગયો.

બચુંના ઈંગ્રેજ પડોશીઓ ઘણાં માયાલુ અને મેહેરબાન હતાં. તેઓ બચુંને ઘેર દરરોજ સાંજના આવીને બેસતાં. રખે કોઈ પારસીઓ જોય, રખે કોઈ ઓલખીતાં નીકલી આવે એવી બીહીકથી બચું પોતે કોઈ જતી નહી હતી, પણ આ સુધરેલાં પડોશીઓને ત્યાં ખુશીથી જતી હતી. તેઓ બચુંની વાકેફગારીને માટે વર્તમાન પત્રો મોકળતાં અને બચું દરરોજ સહવારનાં નયુસપેપરને માટે એટલી ખંતી કાંય છે.

તે આ પડોશીઓ જાણતાં નહી હતાં, પણ તેનું મુખ્ય કારણ એ હતું કે બચ્ચું પોતાને લાયકની નોકરીની કાંઈ જાહેરખબર મળી આવે તે જોવાને ઘણી આતુર હતી. તેણે એકાદ બે વખત વાતપરથી વાત કાહાડતાં પોતાનાં આ મેહરબાન પડોશીઓને કહી રાખ્યું હતું કે કોઈના કુટુંબમાં બચ્ચાંને કેળવણી આપવાની જો તેને નોકરી મળે તો તે પોતાને ભાગ્યશાલી સમજશે.

એ બાબે પડોશીઓ આગળ અજાણતાં પોતાની એક પરીક્ષા આપવાને બચ્ચુંને ઠીક લાગ મળ્યો હતો. અગત્ય કરીને બચ્ચુંને બચ્ચાંનો ઘણો શોખ હતો—તે આગલી માંદગીમાં માથેરાન ગઈ હતી ત્યારે પોતાનાં બચ્ચાંને પોતાની સાથે લઈ જવાને કેવી ખંતી હતી!—અને આ પડોસીને ત્યાં ખોદાના હુકમથી બચ્ચાંની ઘણી બરકત હતી. તે બચ્ચાં સાથ તેમને કેલવણી આપતાં બચ્ચું જલદીથી બચ્ચાં પેરે હળી મળી ગઈ.

અને આ નવી જીંદગીમાં બચ્ચુંને જલદીથી સોહવાઈ ગયું. આ કુમલાં બાલકોની આગળ તેને બીજી કશી સંગત ગમતી નહી હતી. તે પોતાનો છુપો ગમ ઘણો ભુલી ગઈ. તે તનદરોસ્ત થવા લાગી. તે કેટલેક દરજ્જે સુખી પણ દીસવા લાગી.

જાંહગીરશાહ મુગામોદી પોતાનું કામ પુરૂં થવા પછી પાછા મધરાજ આવ્યા. તેણે બચ્ચુંને પાછી પોતાની સાથે લઈ જવા માંગી, પણ તેણે જવાને પાછી હુજતથી ના પડી.

આ અજાણી જગ્યામાં જાંહગીર બચ્ચુંને છોડી ગયો હતો તે વેળા કરતાં હમણા જ્યારે તે પોતાની આ ભતીજીને આવી મળ્યો ત્યારે તેને વધારે સંતોશી હાલતમાં દીઠી. “અને આવાં સુખમાંથી મારા મુરબી, તમો મને પાછી દુઃખમાં લઈ જઈ નાખવા માંગોછો?” બચ્ચુંએ ઘણી ચાલાકીથી પોતાનો આ મુકદમો ‘પ્લીડ’ કીધો. “હું અંહી એકલી, ઓલખીતાંઓથી દૂર સગાં વાહાલાંઓથી વગલી છું તેથીજ સુખી છું. મારા ઉપર જે કાંઈ વીત્યુંછ, મેં જે મારાં ને તમારાં નામને નરસ લગાડયુંછ, તેથી હું ચાહુંછ કે જ્યાં કોઈ સગાં, કોઈ દોસ્ત ઈયા કોઈ હમજાતીબી નહી વસે એવી જગ્યામાં હું રહું, કે જેથી કોઈ મને ઓલખે નહી, કોઈ મને આંગલી બતાવે નહી, કોઈ મારા ઉપર શરમ નાખે નહી, મને નીચું જોવું પડે નહી, ભોંયમાં ભરાવું પડે નહી, મારી શરમ ભરેલી હાલત મને ઘડીએ ઘડી યાદ આવે નહી. તેવી રીતે વસું તો મારી બાકી રહેલી જીંદગીમાં જરાપણ સુખી થાવું અને તેવી રીતે વસવાનું તમારી મેહેરબાનીથી મને આ જગ્યામાં મળ્યુંછ.”

બચ્ચુંની આ હકીકત ખોટી નહી હતી. તેનાં પડોશી કુટુંબે તેની એ વાતને ટેકો આપ્યો. પડોશીનાં છોકરાંઓ બચ્ચું તેના કાકા સાથ પાછી જશે એવી વકીથી દલગીર થયાં. બચ્ચુંનાં પડોશીઓએ તેનાથી છુટાં પડવા ચાહ્યું નહી. એવું જોઈ તેને મુકી જવા સિવાએ તેના કાકાને બીજો કશો રસતો સુઝ્યો નહી. તેના મનમાં ખાતરી થઇ કે બચ્ચું અગર સુરત, મુંબઇ કે પુણે કેથેબી રેહેશે તોપણ અંહીના સરખી સુખી, નચિંત અને બરકરાર તે કેથે રેહેવાની નથી. સિવાએ કે તેનો ભરતાર તેને પાછી પોતાની ગોદમાં લેય અને લોકોની નાલેશીનો ડર ન કરતાં લવજી અને બચ્ચુંનાં ફરી લગ્ન થાય તોજ તે સુખી થાય. પણ તે કેમ થાય?

સઘલું જોતાં બચ્ચુંને તેના કાકાએ અંહીજ એકાંતમાં રાખવાનું વાજબી વિચાર્યું. જાંહગીરશાહ લવજીને મળી, બચ્ચુંના આ ભય ભરેલાં દુઃખ તેને જણાવે, લવજીના મનમાં બચ્ચું વિષે મેહેર ઉતારે ત્યાંસુધી તો એ બિચારીને અંહીજ રાખવામાં ડહાપણ વિચારી જાંહગીરશાહ પાછો ગયો.

જાંહગીરને આ ઠીગામ ઉપર અતિઘણું કામ નીકળી આવ્યું હતું. તે જો પોતાના કનત્રાકટ ઉપર ધ્યાન નહી આપે તો તેનો ધંધો જતો રેહે એમ હતું. માટે જાંહગીરે

પુર્તવેલા તો મુંબઇ ખાતે પોતાના કામમાં ઘણો રોકાઈ પડયો. બચ્ચુંની તરફેણમાં લવજીનું મન પીગલાવવાનું કામ સેહેલ નહી હતું; તે કામ ઉતાવલનું નહી હતું. માટે ફુરસદ ઉપર, મોસમ ઉપર તે કામ રાખી પુર્તવેલા તો જાંહગીર બચ્ચું ઉપર દરમાયો મોકલવાનું જારી રાખ્યું અને બચ્ચુંની ખબર અંતર તેના પોતાના તેમજ તેનાં પડાશીઓના કાગળોથી તે જાણતો હતો.

પડાશીઓના છેલા કાગળમાં તેઓએ બચ્ચુંને બાંગલોરમાં સારા પગાર ઉપર એક આબરૂદાર યુરોપીયન કુટુંબમાં બાળકોની "ગવરનેસ" દાખલ મોકલવાની પોતાની ધારણા લખી જણાવી હતી. અને બચ્ચુંએ પોતાના કાકા જોગા છેલા કાગળમાં આ માન ભરેલી નોકરી ઉપર બાંગલોર જવાની મરજી બતાવી હતી. બાંગલોરમાં એ નોકરી ખુદ કમીશનર સરખા મોટામાં મોટા અમલદારને ત્યાં નીકળી હતી, જેને બચ્ચુંનાં આ પડાશીઓ સાથ મોહબત હતી. તે કમીશનરની બાનુએ તેમને એક સારી "ગવરનેસ" મધરાજથી મોકલવાની અરજ કીધી હતી તે ઉપરથી પડાશીઓએ બચ્ચુંની ભલામણ કીધી હતી, અને જાંહગીરે પોતાના જવાબમાં પોતાની ભતીજીને એ નોકરી ઉપર જવાની આનાકાની સાથ રજા આપી હતી. બચ્ચું કોઈબી રીતે પોતાનો ગમ વીસારે ને સુખી થાય એ તેના કાકાની ઉમેદ હતી, અને તેટલા માટે જ્યાંસુધી તે આબરૂ ભરેલી રીતે રેહે ત્યાંસુધી બચ્ચું આવાં કોઈ કામમાં રોકાય તેની વીરૂધ જાંહગીરશાહના વિચાર નહીં હતા. દેશે દેશ ફરવાથી જાંહગીરના વીચાર ઘણા "સુધરેલા" હોવાનો તે દાવો કરતો હતો.

પ્રકરણ ૨૭ મું.

એક અકસ્માત.

બચ્ચું પોતાનાં આ નવાં કામમાં ઉલટથી, સામેલ થવા ગઈ. તેના માયાળુ પડોસીઓએ બાંગલોર ખાતે કમીશનરની બાનુ ઉપર અને બીજી આબરૂદાર લેડીઓ ઉપર ભલામણના કીમતી કાગળો આપ્યા. પડોશીઓનાં બાળકો બચ્ચુંથી છુટાં પડતાં બહુ રડયાં અને એક પ્યારભરી મુલાકાત લઇ તે એકવાર ફરી આગ ગાડીમાં સવાર થઈ.

તેની વિશ્વાસુ આયા સુસનને તેણે પોતાની સાથે લીધી, જે પછવાડે બીજા વર્ગની ગાડીમાં બેઠી હતી. સુસન એક મધરાજની ફરંગન હતી. તે ઈંગ્રેજી જાણતી હતી. મધરાજમાં નોકર નફરો સઘળા થોડું ઘણું ઈંગ્રેજી જાણેછે. ત્યાંનાં લોકો હીંદુસતાની ભાશા નથી સમજતા તેટલી ઈંગ્રેજી સમજેછે.

સુસન બચ્ચુંની ઘણી માનીતી હતી. બચ્ચું જે દહાડે મધરાજમાં આવી તે દહાડેથી તે પોતાની આ શેઠાણીની ઘણી વફાદારીથી સેવા કરતી હતી. તે ઘણી સમજુ, સ્યાની, અને રાંક હતી. તે પોતાના ખ્રિસ્ટી ધરમ ઉપર ઘણી ચુસ્ત હતી.

બચ્ચું પેહલા વર્ગની ગાડીમાં બેઠી. તેની સાથ એક બીજી લેડી ઉતારૂ હતી જે નીલઘરી જતી હતી.

બાંગલોરની મેલ ત્રેન બચ્ચુંને લઇ સોએક માઇલ ગઇ નહી, તેટલાંમાં રાતના અંધારામાં એક ભયંકાર અકસ્માત થયો.

ત્રેન ઊંધી વલી ગઈ. ગાડીઓ ભાગી ગઇ. ઘણા ઉતારૂઓ માર્યા ગયા તથા જખમી થયા.

એક અચબુચ આચકા સાથ કાન ફાડી નાખે એવો એક કડાકો થયો. બચ્ચું તે આચકા સમેત પોતાની સામે બેઠેલી લેડી સાથ અઠડી પડી, બેહુએ ચીસ પાડી, તેઓએ આખી ગાડી પોતાના ઉપર તુટી પડતી જોઇ. પછી શું થયું તે બચ્ચું જાણતી નથી.

ત્રેન ઊંધી વળ્યા પછી નજદીકના એક નાના સ્ટેશન ઉપર બચી ગયલાં થોડાંક

માણસોને ખબર કેહેવા સારૂ પગે દોડી જવું પડયું. ત્યાંથી મધરાજ અને બાંગલોરમાં તાર કીધા અને ત્યાંથી ડાકટરોને, મજુરોને તથા મદદના અસબાબ લઇને બારા ટ્રેનો આવી પુગતાં કેટલાક કલાક નીકળી ગયા.

રાતનાં અંધારાં વચ્ચે ગભરાટનો કાંઈ પાર નહી હતો. ગાડીઓ ભાગીને ભુકો થઈ ગઈ હતી તથા એકેક ઉપર ચહડી ગઈ હતી. કચડાઈ ગયલા ઉતારૂઓ કેટલાક મરી ગયા તેઓ છુટયા, પણ જેઓ જખમી થઇને પડયા હતા તેઓનાં દુઃખનાં વલખાં અને તેઓની ભય ભરેલી તાણતોડથી નહી ખમાય એવો શોહોર મચી રહ્યો હતો. પણ સઘલાજ ઉતારૂઓ કાંઈ વળી આ પ્રમાણે ટ્રેનની તલે ચંપાઈ ગયા નહી હતા. જેઓ બાહેર જીવતા અને સલામત રહ્યા હતા તેઓનો પોતાનાં સગાંવ્હાલાંઓને શોધતા ફરવાનો અને દટાઈ ગયલાંમાંથી બાહાર કાહાડવાનો કકલાટ અને ટલવલાટ કાનના બેહેર ફાડી નાખનારો હતો.

બારા ટ્રેનો આવી પુગ્યા પછી આ કમનસીબ ઉતારૂઓને મદદ આપવાનું કામ જોકે ઘણા ગભરાટ વચ્ચે તોપણ ઘણી ઝડપથી ચાલુ થયું.

જે ગાડીમાં બચ્ચું બેઠેલી હતી તે ગાડી છેકજ ભાગી ગઇ હતી, માટે તે ગાડીમાંના ઉતારૂઓને બાહાર કાહાડતાં અતી ઘણી વાર લાગી.

અલબતાં એટલીવારમાં તે ઉતારૂઓ મરી જવાં જોઇયે એવી રેલવે વાળાઓએ અટકલ બાંધી. તેઓ જાણતા હતા કે એ ગાડીમાં માત્ર બે બાનુઓ ઉતારૂ હતી. તે બનેને તેઓએ, તેમની અટકલ પ્રમાણે, મુડદાં સરખી બાહાર ઘસડી કાહડી.

તેમને ઘણું વાગ્યું હતું. તેમના શરીરના કેટલાક ભાગો ચુંથાઈ ગયા હતા. તેમને બાહેર કાહાડયાં ત્યારે તે બેહુની લાશ માત્ર હતી એમ સતાવાલાઓ સમજ્યા.

બચ્ચુંની સાથવાલી બાઈ બિચારી ખરેખર મરી ગઇ હતી. બચ્ચું જો કે મુવેલી લાગતી હતી, પણ ખરેખર મુવેલી નહી હતી. તેનો જરા જરા દમ ચાલતો હતો. પણ તેના જીવવાની આશા નથી એમ જોઇને રેલવેના ડાકટરો જે ઉલટથી તેની તપાસ કરવા આવ્યા હતા તે નાઉમેદ થઇ બીજા ઘાએલો જેઓને ઓછું વાગેલું હતું અને તેથી જેઓને જીવવાની આશા હતી તેઓ ઉપર ધ્યાન આપવા ગયા.

બચ્ચું ગમે એટલી લોથપોથ પડી હતી, પણ તેનામાં થોડી શુદ્ધિ રહી હતી. તે બોલવાને અશક્ત હતી, કેમકે તેના મોહડાં ઉપર સહુથી શખત જખમ થયો હતો. વળી તેના હાથપગ હીલવાની શક્તિ નહી હતી, કેમકે તેનો હાથ લચકાઈ ગયો અને પગ ઘુંટીમાંથી તદન ભાગી ગયો હતો, માટે બચ્ચુંમાં કેટલીક હોશ્યારી હતી. કાંઇ નહી તો ડાકટરો શું બોલ્યા તે તેને સંભલાતું હતું અને તે સમજવાની તેનામાં શક્તિ હતી.

આપણ ઇછીશું કે ડાકટરોના ભય ભરેલા શબ્દો સાંભળવાને બદલે એ બિચારી ખરેખર બેશુધ થઈ હોત. ડાકટર તેને મુકીને ચાલી જતી વખત બોલ્યા કે "એ નથી જીવવાની. એનો પગ કાપી નાખવા કાહાડશો, પણ પગ કાપ્યા છતાંબી એનો જીવ નથી બચવાનો. એ બિચારી બે ઘડી જીવે તો ભાયગ, ત્યારે નકામી શું કામ હલાક કરવી?" આ શબ્દો બચ્ચુંએ બોલે બોલ સાંભળ્યા.

ડાકટરોના ગયા પછી થોડેકવારે બચ્ચુંએ જરા આંખો ઊઘાડી. તે હજી બોલવાને શક્તિવાન નહી હતી, પણ તેણે પોતાની પાસે અંધારાંમાં પોતાના દીલ ઉપર એક આદમીને વાંકુ વલેલું દીઠું. તે પેહલાં તો બીધી અને બોલી નહી શકવાથી બે ત્રણ ભાગા ટુટા બોલ બડબડી.

પેલાં પાસે ઉભેલાં આદમીએ આંહી ડસકાં ખાઇને રડી દીધું, તેના આવાજ ઉ-

પરથી બચ્ચુંએ પિછાણ્યું કે એ તો તેની હેતવંતી દાસી સુસન હતી. બચ્ચું ખુશી થઈ કે તે ભિખારી મરી ગઈ નથી. અફસોસ! કે પોતાનો એ ખરાં દીલનો હરખ બચ્ચું કહી બતાવવાને શક્તિવાન નહી હતી.

"બાઈ, બાઈ, તમે કેમ છો? મારી સાથ વાત કરો." સુસને તેને જરા હોશ્યાર જોઈ પુછ્યું.

"સુસ—સુસ—હું—હું—મરી"—બચ્ચું લથડતું લથડતું બોલી. "પાણી, પાણી, પા."

સુસન દોડતી જઇને ત્રેનમાં પાણીનું એક પીપ ભરેલું હતું તેમાંથી થોડુંક પાણી લાવી. અને તે પીધાથી બચ્ચુંને વધારે હોશ્યારી આવી.

"બીજું કાંઈ, બાઇ! બીજો કાંઈ હુકમ?"

"હું મરી જઇશ." બચ્ચું એક કોશેશ કરીને બોલી. "ડાકટર—કેહે—મરી જઇશ."

"ડરો ના, મારી બાઇ, ના ડરો."

"સુસ—સુસ—"હવે બચ્ચુંના જખમોમાં કલતર થવા માંડી હતી. તે બોલી "મારાં—પુણા—પુણામાં—બચ્ચાં."

એટલું બોલતાંજ બચ્ચું અટકી પડી. તેનો ડોબો ભરાઈ આવ્યો.

"તમારાં બચ્ચાં? પુણામાં બચ્ચાં છે?" સુસને અટકલથી પુછ્યું. "તમે મને કહો. કોઇ સગાં વ્હાલાં છે? કોઇને કાંઈ કેહેવડાવવું છે?"

"નહી. નહી. મારાં બચ્ચાં—નહી—વીસરી ગયાં." વળી બચ્ચું ભાગું તુટું બોલી. "પુણા, મારો લવ—લવ—લવજી—કેહેજે—ઓ! ઓ!"

"બાઇ, હીમત ધરો, નહી બોલાય તો ના બોલો. હું તમોને જરા બેસાડું? જરા મને ટેકીને બેસોછ?" સુસન તેને ઊંચકવા ગઈ.

"ન—ન—નહી બેસાતું." એક જબરી કળ ખાઇને બચ્ચું પાછી પડી ગઈ. "ઓ! સુસ! સુસ! મરી જાવુંછ!—મારાં બચ્ચાં!"

"બાઈ, કાંઈ કહોછ? કોઇને કેહવડાવોછ? ગમે તો કોઇને કાંઈ લખવું હોય તો મને ફરમાવો. હું લખું?"

"હા. હા. હા." બચ્ચુંએ રાજી થઈ અરજ કીધી. "સુસ—કાગ—કાગળ લાવ."

આ વખતે એક પોરટર પાસેથી જતો હતો. સુસને તેની બતીનું ફાનુસ માંગી લીધું અને પોતાના ગજવામાંથી એક કાગળનો ટુકડો તથા પેન કાહડી બચ્ચું લખાવે તેમ લખવા બેઠી.

"જાં—જાં—જાંગીરપર લખ" બચ્ચું બોલી—"પણ કેમ લખાવું? ખાનગી લખવુંછ." તેણે ડોબો ભરી પુછ્યું. "મને આપ, લખું."

બચ્ચુંથી કેમ લખાય? તોપણ જીવપર આવી, ગમે એટલું દુખાય તે ખમી એક વાર ફરીથી સુસનને તે ટેકી બેઠી અને સુસન બતી સાથે કાગળ સામું ધરી રહી તે ઉપર બચ્ચુંએ ભાગાતુટા હરફે થોડીક લીટીઓ ચિત્રી કાહાડી. તે લીટી આ હતી—

"મુરબી કાકા જાંહગીર,

આ કાગળ તમને મળવા અગાઉ તમે મારૂં મોત જાણશો. રેલવેના અકસ્માતે મારો જીવ લીધો. હું દુઃખમાંથી છુટુંછ, માટે મરવાને ખુશી છું. મેં વાંક કીધો, ખરાબ લગાડયું તેની સર્વ મેહેરબાનોથી માફી ચાહુંછું. કાકા, મારા લવજી પાસે જજો, તેને કેહેજો કે મને માફ કરે. તેને કેહેજો હું ઘણી પસતાણીછ. ઓ! છેલી સલામ! ઓ મારાં બચ્ચાં! મારી બુચી—બચ્ચું, મારો જાલ, મારો ફલુ!—"

આમ લખતાં લખતાં બચ્ચુંને ફેર આવી ગયા. તેના હાથમાંથી પેનસીલ પડી ગઇ. તે પોતે પણ પાછી પડી ગઈ! સુસને તેનું માથું પોતાના હાથમાં ટેકવી લીધું. ઉપલું કાગળ અધુરૂં રહી ગયું.

બચ્ચું માત્ર જરા બેહોશ થઈ હતી. સેજવારમાં તેની જરા જરા શુદ્ધિ પાછી આવી. તે એટલુંજ બોલી કે "સુસન—આ કાગળ અધુરૂં તો અધુરૂં, મારા જાંહગીર કાકા ઉપર મોકલજે, પણ હું મરી જાવું પછી મોકલજે—આગળથી ના મોકલતી. અને હું મરણ પામવાની ખબર તારી તરફથી વધારજે. માફ કરજે."

આટલા બોલોમાં હવે બચુંના આખા બદનમાં કલતર ઉઠી, તેના ભયંકર દુઃખથી તે બેશુધ થઈ પડી. સુસને તેને ઘણી જગાડી, પણ તે જાગી નહી.

થોડીવારમાં ડાકટરો પાછા તેની ખબર લેવા આવ્યા. તેઓએ પણ તેને મુવેલી ગણી. સુસન પોતાની બાઇનો હાથ જોરથી પોતાની છાતી સાથ દાબીને તેને માટે ઓદાની બંદગી કરતી બેઠેલી હતી, તેને ડાકટરોએ કહ્યું કે "હવે એની આગળથી ઉઠીજા—એ તો મરી ગઈછ."

તનદરોસ્ત અને સાજા ઉતારૂઓને પાછા મધરાજ લઈ જવાને એક ત્રેન ઉપડી ગઈ. સુસન હવે ત્યાં રહીને શું કરે? પોતાની મુવેલી શેઠાણીને ઘણીક માતમપોશી વચે તે છેલી સલામ કરી આ ત્રેનમાં તે ઉપડી ગઈ. "ઓ! મારી કુરેસતા ખરાબત બચું!" તે રડતી રડતી ગઈ કે "એવી શેઠાણી કયાં મળવાની છે?"

પડોશનાં બીજાંજ સ્ટેશન ઉપર ત્રેન થોભી તે તક લઇને સુસને પોતાની બાઈના છેલા અક્ષર એક પરબીડાંમાં બીડયા તથા તે ઉપર જાંહગીરશાહ મુગામોદીનું સરનામું કરી તેજ ત્રેનના ટપાલમાં નાખ્યું. પોતાની બાઇના હુકમ મુજબ તેના ગુજરી જવાની ખબર સુસને પોતે લખી જણાવી કે જેથી એ વિષે કશો શક રેહે નહી.

પણ બચું હજી તદન મરી ગઈ નહી હતી. બ્યારે માણસો તેને ઉંચકી લઈ જવા આવ્યા, ત્યારે તેનો દમ ચાલતો જોઇને તેઓએ તેને ઘાએલોના ઢગલામાં જુદી રાખી.

પાંચ છ કલાક જવા પછી બચું પાછી શુદ્ધિમાં આવી ત્યારે તેણે પોતાને રેલવેની હાસપીટલમાં ડાકટરોની એક કમીટી વચે બિછાના ઉપર પડેલી જોઈ.

પ્રકરણ ૨૮ મું.

એક "મરતીઉક."

સુસનનો બીડેલો જાંહગીરશાહ મુગામોદી જોગો કાગળ બીજેજ દહાડે મુંબઈમાં તેની સાસુ બેહલાપટેલનાં દીનમાયને ત્યાં પુગ્યો, કે જ્યાં જાંહગીરે છેલો ઉતારો કીધેલો હતો.

પણ અંહી જાંહગીરની નેકબખ્ત બાયડી તે આપણી બચુંની રતનકાકી પોતાના ધણીની પરવાનગી વગર દીનમાયના જમસુ સાથે સુરતથી મુંબઇ મોજ કરવા આવી, તેથી એકવાર ફરી આ ધણી ધણીયાણી વચે સરેસતા મુજબની એક બોલીદરાજ બાજમબાજી થવા પકે બિચારો જાંહગીર માત્ર બેજ દહાડા અગાઉ પોતાની આવી નફ્ટ બાયડીથી કંટાલીને ગુજરાત જતો રહ્યો હતો.

પોસ્ટના સીપાહીએ જાંહગીરનો કાગળ લાવીને નાસતા ઉપર રતનકાકીના હાથમાં મેલ્યો. તે 'નાટપેડ' હતો. રાતના રેલવે સ્ટેશન ઉપરથી સુસને નાખેલો તે જેવો તેવો, જેવાં તેવાં કાગળ ઉપર, સ્ટાંપ વગર નાખો હતો. રતનકાકીને બે આના ટપાલના આપવા પડયા.

પણ કાગળના હાલહવાલ, ઈંગ્રેજી, અને તેખી બૈરીના અક્ષર, કાગળનો ઘાટ અને ડોલ, તથા તે ઉપર "અગતનું" કરી લખેલું જોઈ રતનકાકીને તે ઉખેડવાનું મન થયુ. બૈરીના અક્ષરથી તે ઉખેડવાને વધારે આતુર થઈ. પોતાના વરનાં કાંઇ નવાં ફેલ પકડવાની તેને છુપી તલપ થઇ.

જીજુરીવાલી રતનબાઈ આ કાગળ ઉખેડવા જતી હતી, પણ તેના દીકરા નાના રૂસતમે વાંધો લીધો. મા દીકરા બેહુ નાસતા ઉપર બેઠાં હતાં, ત્યાં રૂસ્તમે ખાતાં ખાતાં ઉઠીને પોતાની માના હાથ ઘરયા. "જોતી નથી મા, એ કાગળ તો બાવાને નામનું છે?"

નાના રૂસ્તમને વાંચનાર વીસરી ગયાં નહી હશે. બ્યારે રતનકાકી બિચારી બચું ઉપર જુલમ પાડતી હતી ત્યારે બચુંની

દ્યા ખાનાર નાનો રૂસ્તમ હતો. તે વાતને ઘણાં વર્ષ નીકલી ગયાંછે. આજે રૂસ્તમ ઉમરે વધીને એક જુવાન છોકરો થયોછે. તે સ્કુલમાં શિખતો છે અને ભણવામાં હોશ્યાર છે. તે ચાલચલણ અને ખસલતમાં આગળ જેવો માયાલુ હતો તેવોજ આજેબી છે. પણ તે માબાપનો એકલવાયો અને તેથી લાડકો છે, માટે તેનામાં સારા માઠા ગુણોનો કાંઇ મેલ થઈ ગયોછે. માઠા ગુણ તે સ્વભાવના છે, સારા ગુણ તે દીલગુરદાના છે. રૂસ્તમ મોટાં દીલનો અને દયાલુ છે, ચપરખંદો અને હીમતવાન છે, સાચું બોલનારો અને સવતંત્ર છે, પણ મગરૂર અને મીજાજી છે, આકલો અને ઉતાવલો છે, છીછોરો અને ચીબાવલો છે, મસતીખોર અને તોફાની છે—મારામારી કરવાને હોશ્યાર પણ નબળાંની તરફથી બાંહે ચહડાવવાને તૈયાર છે.

પોતાની મા રતનબાઇનો ગુણ દોશ તેનો આ દીકરો જાણેછે. તે પોતાની માને ધિકારતો નથી—એવાં બચ્ચાં કોણ હોય?—પણ માના તરફ બચપણથીજ તે ઘણો પ્યાર ધરાવીને ઉછરયો નથી. મા અને બાપ વચે રોજના કજીયા તથા મારામારી થાય, મા ખરાબ સંગતમાં ફરે અને બાપ દેશ પરદેશ ભટકતો ફરે, એ સઘળું બચપણથી જોનાર જે બચ્ચું તે મા તરફ ઘણું હેતજ કેમ ધરાવી શકે? માટે રૂસ્તમ જોકે માની સાથે રેહેતો હતો તોપણ માને માન આપતો નહી હતો. રતનકાકીનું રૂસ્તમ ઉપર ઘણું હેત હતું, પણ રૂસ્તમ માને ઘણો નાફરમાન હતો. માને તું તાંથી બોલાવતો અને મા તેથી ખુશી હતી.

"જોતી નથી મા, આ કાગળ બાવાનું છે તે તારીથી કેમ ઉખેડાય?" તે અટકાવીને બોલ્યો.

"નહી. પણ એ કાગળ તાકીદનો છે." તેની માએ બચાવ કીધો. "કદાચ તુર્ત જવાબ લખવાનો હશે. કોઇ અતલબનાં સગાંનો કાગળ હશે. કોઇનું કેવું કામ હશે. તું તારૂં ધડું ખાઈ લે તેટલાં હું કાગળ વાંચી નાખું."

"પણ ત્યારે એ કાગળ બાવાપર મોકલી આપની, મા."

"તારા બાપ કોણ જાણે કયાં હશે? તે કાંઈ એક ઠેકાણે રેહેછ? તે કયાં છે તે કોઇને કહી જાયછ? ગુજરાત ગયાછ, પણ ગુજરાતમાં કયાં?"

આ તકરાર નાના રૂસ્તમને હરાવવાને બસ હતી. રતનકાકીએ કાગળ ઉખેડયો. તેમાં એક ચીઠી અને તે ચીઠીની અંદર વળી જાંહગીરશાહ જોગ એક બીજી બીડલી ચીઠી હતી.

ખોલ્લી ચીઠીમાં પેહલાં તો રતનબાઈએ હેઠલની સહી જોઈ. તે કોઈ બૈરીનીજ હતી! "લા॰ તમારી સુસન" આમ જોતાંજ રતનકાકીએ પોતાના વરની કાંઈ બદફેલી પકડવાની ઉલટમાં ચીઠી વાંચી.

પણ તે ચીઠી તો "મારા પ્યારા કે વ્હાલા જાંહગીર"થી શરૂ થવાને બદલે "સાહેબ"થી શરૂ થઈ હતી. રતનબાઇને માટે એજ નાસિપાસી બસ હતી. આ ચીઠી તો ઘણીજ ઉતાવલે લખેલી હતી. તેમાં રેલવેના અકસ્માતથી બચ્ચુંના મરણની ખબર લખેલી હતી અને મરતાં મરતાં બચ્ચુંના છેલા અક્ષરોની પત્રિકા અંદર બીડી હતી.

રતનકાકી પોતે ગમે એટલી ઘાતકી છતાં આ ખબરથી ગભરાઇને તેણે બુમ પાડી.

"શું છે? મા, શું છે?" નાનો રૂસ્તમ ખાતો ખાતો ઉઠી આવ્યો.

"બચ્ચું મરી ગઈ. લવજીની બચ્ચું તુને યાદ છે કેની?"

"હું તેને ભુલી જાવું? નહી, કદી નહી. પણ તેને શું છે?"

"મેં કહ્યુંની કે તે મરી ગઈ? મઘરાજ રેલવેના અકસ્માતથી મરી ગઈ."

"હે! અરેરે! બચ્ચું!" આમ બોલતાંજ રૂસ્તમની આંખો પાણીથી ભરાઇ આવી અને તે મોહડાં ઉપર કટકો ઢાંકી ખુરશી ઉપર ડોમે ડોમે રડતો બેસી ગયો.

"ગમે એવો કમકમાટ ભરેલો છેડો આવ્યો પણ બિચારી છુટી." રતનકાકી દયા આણીને બોલી! "બિચારી સુખી થઇ."

"શું સુખી થઇ? મા, એ શું બકેછ? બિચારી રેલવેમાં કચડાઈ મુઇ ને તું ખુશી થાયછ કે તે સુખી થઇ!"

"રૂસ્તમ, તું જાણતો નથી કે એ બચ્ચુંએ આપણાં આખાં ખાનદાનને કેવો ડાઘ લગાડ્યો હતો. એવી બેઆબરૂ થવા પછી એની દયા કોણ ખાનાર હતું?"

"હું તો હતો. હું એને ચાહતો હતો અને એની દયા ખાતો હતો."

"કાં? લુચ્ચા! એક બૈરી એક લુચ્ચાની સાથે જતી રહી તેની દયા કેવી ખાવી?"

"પણ તે લુચ્ચો તો તમારો મોટો દોસત હતો જી! તે લુચ્ચા સાથ ફરવાને તમે કદી નાખુશ નહી હતાં જી!" રૂસ્તમ જ્યારે પોતાની મા સાથ મીજાજ ખોહીને વાત કરતો ત્યારે તું તાંને બદલે તમે અમેથી વાત કરતો હતો. "તે લુચ્ચો બચ્ચું સાથ દોસતી કરવા જતો તેની તો તમોને અદેખાઈ લાગી હતી જી. બચ્ચુંનો ગમે એટલો વાંક થયો હશે, પણ પેલા લુચ્ચાનો વધારે વાંક છે. બચ્ચુંને જો ધિકારીયે તો તે લુચ્ચાને તો ફાંસી દઇયે. પણ માયજી તમે તો આજેખી તે લુચ્ચાની દોસતીની ખાતર બાવા સાથ કજીયો કીધોછ."

રતનબાઇને ચીહીડવવાને આ બસ હતું, પણ તે આ વખતે પેટ ભરીને જમવા બેઠી હતી, અને પોતાના દીકરાના આ સઘલા ઠપકા કરતાં તેણે ગરમ ગરમ કટલેસ અને ચાપ મુકવા ચાહ્યું નહી. તે એટલુંજ બોલી કે "ઉભો રેહે, રૂસ્તમ. હું ખાઇને તુને સ્વાદ દેખાડુંછ. આજને આજ તુને આંહીથી સુરત કાહાડુંછ."

ટેબલપર કાગળ પડેલું હતું તેમાંની સાદી કાહની રૂસ્તમે દુઃખ ભર્યાં દીલ સાથ ચુપચુપ વાંચી અને પછી માને પટાવા લાગ્યો. "માયજી, મારીથી જોસમાં બોલાઈ ગયું તે મને માફ કર." તે પોતાની માને ગળે વળગીને બોલ્યો. "હવે હું ફરીથી નહી બોલીશ."

રતનબાઈ હસી પડી. તે પોતાના દીકરાને અતિઅંત લાડ લડાવતી હતી.

"મા આ બાવાનો કાગળ બચ્ચુંને હાથનો લખેલોછે તે ઉખેડું?"

"નહી. એ તે બિચારીના છેલા અક્ષર છે. આપણને તે ઉખેડવાની જરૂર નથી. એ ચીઠી એમની એમ તારા બાપપર બીડીશું."

"પણ બાવા કોણ જાણે ક્યાં હશે? ને બિચારા કોણ જાણે ક્યારે ખબર જાણશે?"

"હા. ખરૂં. પણ સબુર. આજે સનીવાર કે?" રતનકાકી યાદ કરીને બોલી. "ત્યારે તો કાલે રવીવારે 'રાસ્ત ગોફતાર' નીકલશે. બેહેતર કે બચ્ચુંનું મરતીઉક તેમાં છપાવીએ કે જેથી બધાના જાણવામાં આવશે અને તારા બાપ પણ જ્યાં હશે ત્યાંથી આપણો કાગળ મળે યા નહી મળે તોપણ જાણશે કાંકે તેવણ 'રાસ્ત ગોફતાર' વાંચેછ."

એ વાત રૂસ્તમને પણ પસંદ આવી. તેણેજ બચ્ચુંનું મરતીઉક રાસ્ત ગોફતારમાં લખી મોકલ્યું.

બચ્ચુંનો પોતાનો કાકા જોગનો કાગળ બીડેલો ને બીડેલો જાંહગીરશાહ છેલો સુરત હતો ત્યાંને સરનામે બીડ્યો.

દીનમાય બચ્ચુના મરણના સમાચારથી ઘણાં દુખી થયાં. તેવણે તે બિચારીનું ઉઠમણું કીધું, પાંચરણું રાખ્યું. પણ પારકીનું હેત કોણને લાગે? બિચારી નાવારસ બચ્ચુંનાં રડનાર કુટનારજ કોણ હતાં? ને તે મરી ગઈ તો બદનામીમાંથી છુટી એમ ઘણાંખરાં લોક તેની દયા ખાતાં.

સોમવારની સહવારના લવજી લીમજાહેર સરેસતા કરતાં જરા વેહલો પોતાની આફીસમાં ગયો. દરરોજ સહવારે ટપાલના કાગળો તથા ન્યુસપેપરો તેની ટેબલ ઉપર તેના આવ્યા અગાઉ એકઠાં કરી રખવામાં આવતાં અને લવજી આવતાંની-

વાર એકસો બેસી સઘળાં કાગળો વાંચતો પછીજ પોતાના કામકાજ ઉપર ધ્યાન આપતો. તે કાગળો વાંચે ત્યાંસુધી ઘરાકો, કબાર્કો, વગેરે સઘળાં બાહેર ખોટી થતાં.

પણ આજે લવજીનો વિશ્વાસુ વડો કબાર્ક બાલાજી પોતાના વખત અગાઉ, શેઠે કાગળોને હાથ લગાડવા અગાઉ, તેના ઓરડામાં આવ્યો. તે બીહતો બીહતો, સંતાતો ભરાતો આવ્યો.

“કેમ બાલાજી?” લવજીને તેની ઢબછબ નવાઈ જેવી લાગી.

“કાંઇ નહી સાહેબ!” બાલાજી અચકાતો અચકાતો બોલ્યો. “હું માત્ર એજ પુછવા આવ્યોછ કે તમે આજે કાંઇ સાંભળ્યું?”

“હા. હા. મેં સાંભળ્યું.” લવજીએ જવાબ દીધો.

“હં! ત્યારે હું અમસથો આવ્યો. માફ માગુંછ સાહેબ. હું મકુજે તમે ‘રાસ્ત ગોફતાર’ માં અચબુચ સમાચાર વાંચો તે અગાઉ જરા તમોને ધીરજ આપું, એમ ધારીને આવ્યો સાહેબ.”

“ધીરજ! શાની ધીરજ, બાલા? તું શું મને એટલો બીહીકન ધારેછ કે બે ત્રણ હજારની નુકસાનીની ખબરથી હું બીહી જઇશ?”

“તે ખબર નહી સાહેબ!” બાલાજી જતો જતો પાછો આવ્યો. “નવલચંદની પેહડીનાં દિવાલાંની ખબર વિષે તમો બોલોછ? પણ હું તેને વાસતે કેહેવા નથી આવ્યો. હું તો પેલી બીજી ભય ભરેલી ખબર જે કાલના ‘રાસ્ત ગોફતાર’માં છપાઇછે તેને સારૂ આવ્યોછ. તે તમે વાંચી કે સાહેબ?”

“નહી. શું છે! મેં નથી વાંચી.”

“અરે સાહેબ. માઠા સમાચાર છે, પણ તમે ગભરાશો ના. આગમચથી ધીરજ ધરજો અને પછી વાંચજો.”

“બાલા, તું મને દીવાનો કે બેવકૂફ સમજેછ? જા, જા, તારૂં કામ કર અને મને કાગળો વાંચવા દે!”

લવજીએ બાલાજીને જવા દીધો. પણ પછી સહુથી પેહલાં ‘રાસ્ત ગોફતાર’ જોવાની તેને ઉલટ થઈ. તે રાસ્તમાં મરતીઉકો પેહલે વાંચતો અને તુર્તજ આ ઉપર તેનું ધ્યાન ગયું.

“મધરાજથી ખબર આવી.

“રોજ ——તા॰——બચુંબાઈ, તે પુ-
“ણેવાલા મરનાર મનચેરશાહ મુગા મો-
“દીની એકપુત્રી દીકરી. રેલવેના અકસ્મા-
“તમાં કચડાઇ મરણ પામી.”

“અફસોસ! કમનસીબ બચ્ચું! અફસોસ!” એટલુંજ લવજી મનથી બોલ્યો. તે વધારે શું બોલી શકે? બચ્ચુંના ગમે એટલા વાંક છતાં—અને તે બિચારીનું નિરપરાધીપણું લવજી હજી જાણતો નહી હતો—તેની સાથે લવજીએ સુખમાં જે દહાડા કાહાડેલા, તે પોતાની પાછલ ગોલાબ જેવાં જે બચ્ચાંનો વારસો મેળી ગયલી, જુદાઇની છેલી ઘડી સુધી લવજી ઉપર તેણે જે જાનફેશાની કરેલી, તે સઘલું યાદ કરતાં, લવજીને દયા લાગ્યા વિના રહી નહી. ગમથી તેનું ગલું ગુંગલાઈ જતું તેને લાગ્યું. તેની છાતીનો દમ બંધાઇ જતો જણાયો. તે ટેબલ ઉપર માથું નાખી દઈ રડયો. “ઓહ! તુને માફ કરજો બચું! ઓહ! તારી ખાકને સેવટનો આરામ બખરાજો!”

લવજીએ ગમમાંને ગમમાં તે દહાડે આફીસ બંધ કીધી. ઘરાકોને મળવાને ના પાડયું. ઘેર જઇને પોતાના ઓરડામાં હમાયજી આગળ એક બચ્ચું રડે તેમ તેવણના ખોળામાં માથું નાખી રડયો. હમાયજીએ તેને ઘણો દિલાસો દીધો. મોટામાં મોટો દિલાસો એજ હતો કે “બિચારી દુખથી છુટી. ગમે એવા ગુસાથી તે જતી રહી પણ તેને પસતાવો થયો હશે અને એવા પસ્તાવા વચે જીવતર જલજો. સદાના પસતાવાનું, હઇડાંના આલુ દેખનું દુઃખ કેમ ખમાય! તેના કરતાં તો તે મરી ગઇ તો સુખી થઈ.”

બચ્ચાંની આગળ એ વાત કેમ કેહેવી? તેઓને ગમ નહી લાગે તેમ તેઓના કાનપર એ વાત લાવવાને લવજી આતુર હતો. એ કામ લવજીએ હમાયજીને સોંપ્યું. અને હમાયજીએ તે ચાલાકીથી બજાવ્યું. અસેમસે વાત પરથી વાત કાહાડતાં આડકતરી રીતે તેવણે બચ્ચાંઓને જાણ થવા દીધી કે એકવારની તેઓની વ્હાલી મા આગગાડી તલે દબાઇને મરણ પામી.

જાંહગીરશાહ સુગામોદીએ જેમ બચુંના લગ્નની પેહલવેહલી ખબર 'રાસ્ત ગોફતાર'થી જાણી તેમજ બચુંના મોતની આ ખબર પણ તેને એ રાસ્ત પત્રથીજ જણાઇ. તે સુરતથી ભરૂચ અને વડોદરે થઈ નડીયાડ ગયો હતો, માટે બચુંનો છેલી સલામનો કાગળ જે સુરત ખાડુલો તે તો ઉપલાં ગામોમાં અડડતો અડડતો ત્રીજે દહાડે નડીયાડ પોહોંચ્યો. માટે બચુંના મરણ સમાચાર તેણે પેહેલ વેહેલા વર્તમાન પત્રથી જાણ્યા. ત્યાર પછી તેણે પાધરી પરભાડી ખબર કાહાડીને પણ પોતાની "ખાતરી કીધી."

ત્રીજે દહાડે બચુંનો કાગળ મળ્યો અને તે વાંચીને દુખી થયો. ત્યાર પછી એક મહીનામાં તે પુણે આવ્યો અને લવજીની મુલાકાત લઈ તે કાગળ તેને આપ્યો. એટલુંજ નહી પણ બચું કેવી પાક હતી, લુચ્ચા જમસુની જાલમાં કેવી ફસી પડી હતી, ફસ્યા પછી કેવી કેદ થઈ પડી હતી, પણ ગમે એવી શખતાઈ વચે તેણે પોતાની પતીવ્રત પાક દામાન કેવી જાલવી રાખી હતી, અને પોતાની પાક દામાન જાલવવા ખાતર તે જમસુના કેદખાનામાંથી કેવી નાસી ગઇ હતી, તે સઘળો હેવાલ લવજીએ દીગસુદ થઈ, બંધ થતી છાતીએ સાંભલ્યો. પાકજાદ બચુંના આ ફરેશતાઈ ગુણથી તે હજી અજાણોજ હતો. તેના આ હેવાલથી તેની અકલ ગુમ થઈ ગઈ. પણ હવે શું કરે? બચું મરી ગઇ એટલે થઈ ચુક્યું! સઘલું થઈ ચુક્યું!

જાંહગીર પણ પોતાના સરસતાના કડણ દીલથી લવજીને એક શિખામણ દેવાને ચુક્યો નહી. "લવજીભાઈ, મને કેહેવાની રજા આપો કે બચુંની વગર વાંકની ખરાબીમાં તમારો પણ વાંક હતો."

"મારો શો વાંક?"

"તમારા 'સુધારા'નો વાંક. તમે લુચ્ચા જમસુને તમારા ઘેરમાં રાખવો નહી હતો. તેના ઉપર એટલો વિશ્વાસ મેળવો નહી હતો."

"તેના ઉપરના નહી, પણ બચું ઉપરના મારા પુર વિશ્વાસથી મેં તેને રાખ્યો હતો. બેહેસતન ઉપર મને જરાખી શક હતે તો હું એ લુચ્ચાને મારી ઓસરીએ નહી ચહડાવતે, પણ એ ગમે એવો લુચ્ચો મારાં ઘેરને શું કરનાર છે એવો જ્યાં મને ભરૂસો હતો ત્યાં જમસુને તેના પોતાના કામને સારૂ, તેની મદદને સારૂ હું તેને ઘેરમાં રાખવા ના પાડતે તો બચુંને પોતાને બેવિશ્વાસનું અપમાન થતે."

"બેવિશ્વાસ! અને અપમાન!" જાંહગીરે ટકોર કીધી. "બિચારી બેહેસતન પોતે જમસુને ઘેરમાં જોવાને નાખુશ હતી. તેણે તમોને એ વિષે વારેલા તે તેણે પોતે મને કહ્યું."

"હા! એ ખરી વાત છે. પણ તે વખતે બચુંને પણ મેં એજ જવાબ દીધો હતો."

"બચુંને મેં પ્રથમ, તમારાં લગ્ન અગાઉ, એ લુચ્ચા વિષે ચેતવણી આપેલી હતી, તેની જ્યારે મેં એને યાદ દેવડાવી ત્યારે તે બોલી કે 'કાકા, જમસુને મારાં ઘરમાં રાખવાને હું પોતે નાખુશ હતી, પણ લવજીએ બોહોંસ કરી તેણે રાખ્યો.'"

"અફસોસ! એ ખરી વાત છે."

"દિલાસાની વાત એટલીજ છે, લવજી, કે મરવા અગાઉ તેના તમારી વીરૂધના શક દૂર થયા અને તે તમોને વગર વાંકે મુકી ગઈ તેને માટે તે બિચારીને ઘણો પસતાવો થયો."

"અફસોસ! કે મારા અજાણપણામાં મેં તેને જે ડાઘ લગાડયો તે સંબંધી મારો પસતાવો તેને જીવતાંજીવત નહી પોહોંચ્યો. હવે તે મરી ગઇ, ત્યારે મારો પસતાવો શા ખપનો! અફસોસ! અફસોસ!"

પ્રકરણ ૨૯ મું.

બાર વર્ષે બાહુ બોલ્યા.

શરતનો મહીનો પુણામાં ધામધુમનો મહીનો હોયછે. મુંબઇના માતબર મોજીલાઓ, નાદેહ દિવાળ્યાઓ, અપાસી પરવારતાઓ, અથવા સુખાકારીના શોધનારાઓ, જેમનાથી કામ ધંધા છોડી નાસી શકાય તેઓ સરવે, એ મહીનામાં પુણે મોજ કરવા એકઠા મળેછે. એ મહીનામાં દુકાનદારો કમાયછે. ગાડી ઘોડા હલમલી નીકલેછે. ફરવા હરવાના બાગ બગિચાઓ લોકોથી ઉભાઇ જાયછે. સદર બજારમાં રાહદારી અને ઇસ્ટ સ્ટ્રીટમાં ગાડી ઘોડાવાળા મવાસીઓની વસતી વસતી થાયછે.

એક દહાડે શરતની સાંજે સદર બજારના સીધા રસતા ઉપરથી એક ઓરતના પસાર થવા ઉપર ઘણીક નજરો ખેંચાઇ હતી. તે એક સારા દેખાવની જવાન સ્ત્રી હતી, પણ ઘણાજ ભપકાદાર પોશાકમાં કાબરચિત્રો ઠાઠમાઠ કરી નીકલી હતી. તે અડધા મુસલમાન, અડધા ઇંગ્રેજી પોશાકમાં હતી. તેણે ગવન પેહેરેલો હતો અને પોલકો પણ પેહરેલો હતો, પણ વળી રાતા ગવનની ઉપર જાંબુરી સાડી નાખેલી હતી અને તોપણ માથે સાડીની સોડને બદલે ખોટાં ફુલોનો શણગાર કરેલો હતો.

શરતની સાંજે આ રંગીલી લટકાલી બાગલીજ મોદી કાસ્ટલના દરવાજામાં પેઠી. જાણે પોતાના બાપનોજ હોય તેમ ધસારાબંધ બાગમાં ચાલી અને ઓટલા ઉપર ચહડીને, લવજીના પેહલવેહલાંજ સુંદર દિવાનખાનામાં દાખલ થઇ. લવજીનો મસાલ સમજ્યો કે કોઇ મોટી બેગમ ઇયા બીબી લવજીને અથવા હમાયજીને મળવા આવીછે, તે તેને કેહવા જતો હતો કે લવજી શેઠ તો આફીસમાં ગયાછે અને હમાયજી ઘેરમાં છે, તેટલામાં પેહલો સવાલ આ બીબીએજ પુછ્યો અને પેહલાજ સવાલમાં તેની જાત જણાઇ આવી.

આ તો કોઇ આયા હતી. તે ઘેરમાંની આયા અમીનાને પુછતી હતી. લવજીનો મસાલ તેને શેઠના દિવાનખાનામાં લઇ જવાને બદલે ચાકરોને રેહેવાની ચાલી તરફ લઇ ગયો ને ઓટલા ઉપર બેસાડી પોતે અંદર અમીનાને જોવા ગયો. અમીના ઘરમાંજ હતી. તેને કોણ મળવા આવે તે વિષે અચરત થતી તે બાહેર આવી.

પોતાની બાઇ બચુંના જવા પછી, અગત્ય કરીને તેના મરીજવાની ખબર પછી અમીના આજારી ચાલ્યા કરતી. તે હંમેશ ફીકી હતી, તે આ ઓરતને જોઇને વધારે ફીકી પડી ગઇ. એ કોણ? મરીઅમ? તેની બેહેન? કાંઇ ભુલ તો નથી? હા, તેજ બેહેન મરીયમ કે જેણે પોતાના નામને નરસ લગાડયું હતું, જેને લીધે તેના મરનાર બાપ હુશેનશાહનું ખુન થયું હતું અને જે મજકુર ખુન પછી તુર્તજ તે ખુની દોલી હીરાભાગીની સાથ નીકળી ગયલી માનવામાં આવતી હતી, તેજ આ હતી તે અચબુચ અણધારેલી આવી લાગી. અમીનાએ તેને તુર્તજ ઓળખી.

મરીયમ તેને ગળે વલગવા જતી હતી, પણ અમીનાએ તિરસ્કાર સાથ તેને હરકાતી કાહાડી. "આ! તું મરેરે, રાન દોજખી! દૂર થા, દાકણ! તું અંહી કેમ આવી?"

"ઓહો! મરેરે! બેહેન, કાંઇ સાધુ ભગત થઇ નીકળીછ? અગરજો મને મળવાની તારી મરજી નહી હશે," મરીઅમે ગુસાથી જવાબ દીધો "તો હું અંહીથી ચાલી જઇશ. મારા હાથ કાંઇ ઝેરી નથી કે તે ગલે લગાડતાં તું બીહેછ."

"તું ઝેર કરતાંબી કાતેલ ગણાયછ. લોકોમાં તારૂં નામ વાયદું પડયુંછ. લવજી શેઠ અને હમાયજી બાઇ જો જાણશે કે

હું આ ઘેરમાં તારી મુલાકાત લેવુંછ તો તેઓ મને કાહાડી મુકશે."

"ઠીક છે. હું બેહેન જેવી બેહેન દસ બાર વર્ષે મળવા આવી તો તારે ગમે તો મને કાહાડી મેલ."

"નહી, નહી. આવી ત્યારે તો જરા બેસ, મરીઅમ." અમીના અંતે તેના ઉપર દયા કરી, તેને બેસાડી બોલી "મરીઅમ, પેલો દોલી કયાં છે, દોલી?"

"કયો દોલી?"

"હીરાબેગીનો દોલી. મુવો લુચ્ચો, મુવા જે ચંડાલે આપણા બાપનું ખુન કીધેલું તે? તે કયાં છે?"

"અરે મુવારે તે દોજખી! તે નાપેકારનું નામ કાંએ દીધું, અમીના? તે કયાં મુવલો છે તે હું શું જાણું?"

"તું નહી જાણે? તું તેની સાથે રહેલી છે કેની!"

"હું? રેહતીબી મરે ને કેહતાંબી દોજખમાં જાય! જાહાનમમાં રેહેવાય પણ તે મુવા સાથ નહી રેહેવાય."

"ત્યારે તેં તેને છોડી દીધો કે? કેટલુંક થયું?"

"પણ તેની સાથે રહી કોણ મુવુંછ કે તેને વળી છોડી દેઉં?" મરીઅમે ઘણા જુસાથી ઇનકાર કીધો. "અમીના! તું કયા ભવની મારી વેરસી, દુશમેન થઈ નીકલી કે આવી નીચ નિંદા મારી કરેછ?"

દુકમાં આખાં ગામને શક હતો તેમજ અમીના પણ માનતી હતી કે દોલીએ તેના બાપનું ખુન કીધા પછી તેની સાથે મરીઅમ નીકલી ગઈ હતી. પણ મરીઅમે કુરાનના કસમ લઇ ખાતરી કીધી કે તે વાત જુઠી હતી. હુશેનશાહના ખુન પછી દોલી નાસી ગયો અને મરીઅમ પણ નાસી ગઇ હતી, એ વાત ખરી હતી. પણ મરીઅમે ખોલાસો કીધો કે એ બીના જોકે ઉપલા શકને મજબુતી આપનારી હતી, તોપણ તેઓ સાથે નાઠાં નહી હતાં. ખુન પછી મરીઅમે આજસુધી દોલીને કદી દીઠો નથી અને તેને વિષે કશું સાંભલ્યું પણ નથી. મરીયમ પોતાના બાપના ખુનથી ઘણી બીધી હતી. બાપ મુવા પછી તેને કશો આધાર રહ્યો નહી હતો. બાપના ઘેરમાં જ્યાં એકવાર ખુન થયલું ત્યાં રેહેવાને એ છોકરીને ડર પેઠેલો હતો, અને તેથીજ તે ચાકરીની શોધમાં ઘેરથી જતી રહી હતી—કાંઇ દોલી સાથ નાસી ગઈ નહી હતી.

"મારા શેઠ કેવા અકલમંદ હશે! તેવણ એમજ કેહેછે." અમીના લવજીની તારીફ કરવા લાગી. "તેવણે મને બે ત્રણવાર કહ્યું કે મરીઅમ દોલી સાથ ગઇ હોય અથવા રેહેતી હોય એ મુદલ માનવા જોગ નથી."

"આખાં ગામની અકલ લવજી શેઠમાં એકઠી થયલી છે." મરીયમ પણ લવજીની તારીફમાં શામેલ થઈ. "નિંદાખોર બુબઓથી આ ગામ ભરેલું છે, પણ લવજી જેવા સમજુ કોઇજ હશે."

મરીઅમના આ ખોલાસા પછી તેની ઉપર અમીનાનું હેત પાછું દોડયું. મરીયમ પુણેથી ગઈ ત્યારથી પારસીઓને ત્યાં ચાકરીમાં રેહેતાં રેહેતાં હમણા એવી ચાકરીમાં રહી હતી કે જ્યાં તેને મોજ મારવાને બનતું હતું. તે જીજુરીવાલી રતનબાઈ, બચુંની કાકી હતી. હાલ તે શરતની મોજ કરવા પુણે આવી ત્યાં પોતાની સાથે મરીઅમને લેતી આવી હતી, અને આજે તેણે મરીઅમને બે દહાડાની છુટી આપ્યાથી તે અમીનાને મળવા આવી હતી. જેવા ધણી તેવા ચાકર હોયછ. જીજુરીવાલી રતનબાઈ જેવી ફાંકડી હતી તેવી ઇસકી પોતાની આયા મળવાથી તે વધારે ખુશી હતી અને આજના પોતાના ભપકામાં તે પોતાની શેઠાણીની નકલ માત્ર કરતી હતી.

બાર વર્ષે મળ્યાથી અમીના અને મરીઅમ ઘણાં પ્યારથી ભેટયાં. અમીનાએ મરીઅમને ખુરશી આપી, તથા ચા પાઇ અને બીસકીટ વગેરે આગળ ખાવાને

મળ્યું. વળી મેરીઅન અને બીજી આયા ચાકરડીઓને અમીના તેડી લાવી તેઓ સાથ મરીઅમની ઓળખાણ કરાવી અને એ રીતે સાર્વપેઠે ફરાગત થઈ તથા પળોટાઈ જઈને તેઓ આગળી પાછલી ઘણી વાતે વળગ્યાં.

દોલી વિષે વાત નીકળતાં અમીના બોલી કે "આપણા બાવાનું ખુન દોલીએ કીધું હોય એ વાત લવજી શેઠ માનતા નથી." પણ મરીઅમે પકું મત આપ્યું કે "ખુની તેજ હતો અને જો તે પકડાઇને ફાંસીએ જાય તો હું તેને ફાંસી જતો જોવા જાવું."

લવજીની વાત નીકળતાં મરીઅમે ઓરત જાતની સદાની ખાશીયત મુજબ પેહલો સવાલ એ પુછયો કે "લવજી ફરીથી ક્યારે પરણેછ?" અમીના કહી શકતી નહી હતી, પણ એટલીજ ખબર આપી કે "કેકોબાદ કપડવંજીવાની દીકરી દીની સાથ લવજીશેઠનું કાજ થશે એમ ગામમાં વાત ચાલીછે."

લવજીના લગ્નની ગપસપ ઉપરથી મરીઅમ લવજીની પેહલી બાયડી ઉપર આવી અને બચુંની બદગોઈ કરવા લાગી. અમીનાએ તેને વારી કે એક મુવેલાં માણસના મુવા પાછળ તેની નિંદા નહી કરવી.

બચું પોતાની એકવાર માનીતી અને પનોતી શેઠાણી હતી અને પોતાનાં પ્યારાં બાળકોનો અમીનાને પવિત્ર હવાલો આપી ગઈ હતી, માટે તેવી એક શેઠાણી વીરૂધ કાંઇ પણ સાંભળવાને અમીના નાખુશ હતી.

પણ અમીનાએ જોઇ લીધું કે મરીઅમ બિચારી બચુંની આ બદગોઇ કરવાનું રતનકાકીથી શીખી હતી, કે જે કદી જીભના કાતેલ ઝેરથી બચુંના મુવા બાદબી તે પોતાની ભતીજીની નિંદા કરતી અટકી નહી હતી. એ સઘલું દીનમાયના જમસુને લીધે હતું. •

જમસુ સાથની પોતાની દોસતીમાં બચુંને લીધે ખલલ થઈ તેથી એ નાપાક સ્રીના દીલમાં ખાર હતો, અને બાઇ જેમ બોલતી તેમ આ ચાકરડી બોલતી હતી.

એ ઉપરથી વળી દીનમાયના જમસુ વિષે ગપસપ ચાલી. આજે તો જમસુ પોતાના મામાની દોલતનો ધણી થઈ તેના કરી લીધેલા દીકરા દાખલ "જમશેદજી મેહેલાશાહ બેહલા બોગા" ના એલકાબથી શેઠીયો થઈ ફરતો હતો, તેના ઈટરાટ અને ભપકા વિષે આ બેહન બેહનો ઘણી રમુજ કરતી હતી. દોલતમંદ થવા પછી જમસુનાં પાપ કેટલાં ધોવાઈ ગયાં હતાં, બચું સાથનાં તેના છેલા અપરાધ ઉપર પાણી ફરી વળ્યું હતું, તે દોલતમંદ થયો એટલે હવે ડાહ્યામાં ખપવા લાગ્યો, મોટા મોટા શેઠ લોકો તેને માન આપવા લાગ્યા અને સારે સારે ઠેકાણે તે ફરવા લાગ્યો, એટલુંજ નહી પણ હવે વળી થોડા દહાડા થયા એજ લુચ્ચો જમસુ—જમશેદજી મેહલાશાહ બેહલા બોગા—એક સારાં ખાનદાનની છોકરી સાથ પરણીબી ચુકયો, તે વિષે અમીના અને મરીયમ વચે લાંબી વાતચીત ચાલી. જમસુએ વારસો લીધા પછી રતનકાકીની છુપી દોસતીને જરાબી ગાંઠી કે ગણકારી નહી, તે ઉપર આ દાસીઓ ખુબ હસવા લાગી. અને બીજા હાથ ઉપર જમસુને આવો લુચ્ચો પાપી જાણવા છતાં તેના પૈસાને ખાતર એક મોટાં ખાનદાનનાં માબાપે પોતાની દીકરી એને પરણાવી, તો એ રીતે પોતાની પુત્રીનો પૈસાપર ભોગ આપનાર તે લોભી માબાપ કેવાં લુચ્ચાં અને નાતરસ ઘાતકી હોવાં જોઈયે તે વિષે પણ આ અમીનાઓમાં ઘણીક ગપસપ ચાલી.

એમ કરતાં રાત પડી. છોકરાં ફરીને આવ્યાં. આજની શારતથી સર્વે છોકરાં ઘણાં ખુશી હતાં. શારતના જુદા જુદા સુંદર ઘોડાઓની સૂજત વિષે પોતાની મડમ શીક્ષક સાથની તકરાર ચલાવનાર તેઓની નાની નીરદોશ જીભલડીનો નાજુક નાદ તેઓની ગાડી દરવાજામાં પેસતાંજ સંભલાતો હતો. એ ઉપરથી આ મડમ શીક્ષક કોણ છે, તે જાણવા માટે મરીયમની અ-

નંત જીજાસા ઉસકેરાઈ. દાસીઓથી તેને ખબર મળી કે છોકરાંઓની કેળવણીને માટે, તેમની સાથેની સાથે રેહેવા માટે, તેમને સંભાલથી ઉછેરવા અને પાળવા માટે, તેમને નીતીની કેળવણી અને સારી રીતભાત શિખવવા માટે, લવજીશેટે આ મડમ મીસીસ વીલસનને રૂ ૩૦૦ ના પગાર ઉપર રાખી હતી. હમાયજીને આ "અણ કોતક" લાગતાં અને તે મુદલ ગમતાં નહી હતાં, પણ બચ્ચુંના ગુજરવા પછી લવજી હમાયજીના હરકતખોરા વાંધાઓને જાજું વજન આપતો નહી હતો. આ નવા મોટા ખર્ચ સામે હમાયજીએ ઘણા વાંધા લીધા, પણ લવજીનું મત હતું કે ઈંગ્રેજી લેડીઓ બચ્ચાંઓને જેવી ઉતમ કેળવણી આપી શકેછે તેવી બીજા કોઇથી મળતી નથી અને તેથી તેઓ મોટાં થાય ત્યાંસુધી તેઓને એક મડમ "ગવરનેસ" ના હાથ હેઠલ જારી રાખવાનો આ ખરચ લવજીશેટે પકા ઠરાવથી માથે લીધો હતો.

છોકરાંની પાછલ સાંજના થોડીવારે લવજી પણ આફીસમાંથી આવ્યો. આવતાંનીવાર છોકરાં સુવા જાય ત્યાંસુધી લવજી છોકરાં સાથેજ રમ્યા કરતો હતો. પણ આજે તેને અમીનાએ રોકયો. તેણે મરીયમના આવવાની ખબર કહી તથા ધીરજ આપી કે "સાહેબ, મરીયમ માસીના દોલી સાથે નાસી ગઇ નથી અને કોઈ દહાડે તેની સાથ રહી પણ નથી તે વિષે ખાતરી આપેછે."

મરીઅમ જીજુરીવાળી રતનબાઇની નોકરીમાં પુણે આવીછે અને બે દિવસ રજા ઉપર છે તે જાણ્યાથી લવજીએ અમીનાને હુકમ કીધો કે "તેને જવા દેતી ના. આજે તો એને તારી સાથે આપણા ઘેરમાંજ રાખજે." અમીનાને તો તેવુંજ જોઇતું હતું. તે માત્ર હમાયજીથી બીહતી હતી, કેમકે હમાયજી મરીયમને ઘણાંજ ધિકારતાં અને તેનું નામ સાંભળતાં ત્યાંથી ચાલ દેતાં હતાં, પણ ઘેરના ધણીએ મરીયમને રાખવાની રજા આપી તો પછી હમાયજી કોણ થાયછ?

રાત્રે છોકરાં ખાઇને સુતા પછી લવજીએ મરીયમને પોતાના વાંચવાના દીવાનખાનામાંથી તેડું મોકલ્યું. મરીયમ અમીનાની સાથે ગઇ અને લવજીએ મરીયમને બેસવા કહી ગામગપાટા પુછયા પછી તેના બાપના ખુનની વાત ઉપર આવીને તુર્તજ પોતાના અને પોતાની મસીઆઈ શીરીનના સદાના, ઈનિતેજારી ભરેલા કાંમની તલાશ ચલાવી.

"મરીઅમ, આ મોટો બનાવ ભેદમાં રહ્યોછ—કદાચ તું તેનો ખોલાસો કરી શકશે."

"શું ભેદ ને શું ખોલાસો, સાહેબ?"

"તારા બેહેસતી બાપનું ખુન કરનાર કોણ હતો? ખરૂં કેહે."

"કોણ વળી?" આ અચબુચ પુછેલા સવાલના અચંબામાં ફગલાઇ જઇને જરા વિચાર કીધા પછી મરીયમ બોલી "ખુની તમારો માસીનો દોલી હતો. બીજો કોણ હોય, સાહેબ?"

"નહી હું એ વાત નથી માનતો, મરીઅમ."

"નહી? શું નહી? તમે સાહેબ, તમારા માસીના દીકરાની માત્ર પક્ષ તાણોછ."

"નહી મરીઅમ, દોલી સાથ તું નીકલી જવા વિષેની વાત જેમ ખોટી માનવાને મારી પાસ કારણો હતાં, તેમજ આ ભયંકાર અપરાધ દોલીને હાથે થયો નથી તે માનવાનાં પણ કારણો છે."

"હું ચોકસ કહુંછ કે મારા બાપનો જીવ લેનાર એ દોલી હતો."

"કેમ જાણ્યું? તું શા ઉપરથી કેહેછ?"

"હું જાણુંછ, સારી પેઠે જાણુંછ."

"પણ કેમ? શું તેં દોલીને ખુન કરતાં નજરે દીઠો હતો?"

"નહી. તોપણ હું જાણ્યા વગરે નથી બોલતી. એ વાત હું નહી જાણું તો બીજું કોણ જાણે?"

"પણ તું શા ઉપરથી જાણેછ? હું કહુંછ કે તું નથી જાણતી."

"હું કેમ જાણુંછ તે કેહેવા જોગ નથી. તે તમેજ ચેતી જશો, સાહેબ."

"એટલુંજ કે દોલી તારી ઉપર મોહબત રાખતો હતો."

"પણ હું તેને ગણકાવતી નહી હતી. તેણે મારી સાથ પરણવાની માગણી કરી હતી, જે મેં ના પાડી હતી. તેણે મારા બેહેસતી બાપ સાથ કજીયો કીધો. ત્યારપછી તેવણનુ ખૂન થયું અને દોલી તુર્તજ પછી નાસી ગયો. એ ઉપરથી સાફ જણાયછ કે ખૂન કરનાર દોલી હતો."

"એ બધી અટકલ છે, મરીયમ. તું નજરે જોયા વગર માત્ર ખ્યાલ બાંધેછ. દોલી હીચકારાપણાથી માત્ર બીહીને નાસી ગયો, તેથી તે ખુની ઠરતો નથી."

"ખૂનને દહાડે તે મારાં ઝુપડાંમાં હાજર હતો."

"પણ તેમ તો તે દહાડે તેજ વખતે એક બીજો માણસ પણ તારા ઝુપડામાં તુને મળવા આવ્યો હતો."

"બીજો માણસ? કોણ? કોઈ નહી."

"યાદ કર, યાદ કર, મરીઅમ. પેસુ લવંગિયો નામનો એક બીજો જુવાનિયો પણ તારા બાપના ખૂનની વખતે તારા ઝુપડાંમાં હતો."

"હા! હા! હા! હવે યાદ આવ્યું." મરીઅમે પેહલાં તો સવાલ ઉડાવ્યો, પણ લવજી કેટો સઘલું જાણેછે અને કાંઇ સત્તાથી બોલેછે તે જોઇ હવે તેણે જોયું કે ઉડાવવામાં ફાયદો નથી. "હા સાહેબ, પેસુ લવંગિયો નામનો એક જણ તે સાંજે ઝુપડામાં હતો ખરો, તે દુરવેરથી સ્વારી કરી આવતો હતો, પણ તેને આ ખૂન સાથ કાંઇ લાગતું વળગતું નહી હતું."

"તે સ્વારી કરી કયાંથી આવતો હતો?"

"ખડકીમાં ખાન સાહેબવાળાને ત્યાં તે રેહેતો હતો અને છેક ત્યાંથી આવતો હતો."

"તેનું નામ શું હતું?"

"નામ પેસુ લવંગિયો હતું."

"નહી. એ તો તેણે ખોટું નામ રાખેલું હતું. તેનું ખરૂં નામ શું હતું?"

"એજ. પેસુ લવંગિયા સિવાએ તેનું બીજું કશું નામ મેં સાંભલ્યું નહી હતું."

"ત્યાર પછી તેને તે દીઠોછ? અથવા તેને ફરીથી જોય તો તું ઓળખશે?"

"મેં તેને દીઠો બી નથી અને હવે હું ઓળખીશ પણ નહી."

"મરીઅમ, મારે આ પેસુને પકડવો છે. મારી ખાતરી છે કે તારા બાપનું ખૂન કરનાર તે હતો અને દોલીનો કાંઇજ વાંક નથી."

"તોબા, તોબા સાહેબ! કાંઈ બોદા બોલ કરો! હું સોગંદ ખાઇશ કે દોલીજ ખુની હતો અને પેસુ તેમાં સામેલ નહી હતો."

"તારાથી ખોટા સોગંદ ખવાય નહી, કેમકે તેં દોલીને ખૂન કરતાં નજરે જોયો નથી."

"શું સાહેબ? મારા પોતાના વ્હાલા બાપના ખૂન વીશે હું જુઠું બોલું? નહી, નહી. હું તેવી નથી, મેહરબાન."

"વારૂ પેલો છોકરો રામજી અને તેનો સોબતી વીકાજી પણ તે વેલા પાસે મેદાનમાં હતા, તેઓએ તો ખૂન કીધું નહી હોય?"

"કદી નહી. દોલી સિવાય બીજા કોઈનું એ કામ નથી."

લવજીએ આ મુલાકાત અંહીજ બંધ કીધી. તે સમજી શકયો નહી કે મરીયમ ઉડાવેછે દયા ખરૂં બોલેછે? મરીઅમ પણ અચરત થતી ગઈ કે આ અપરાધને લગતી બધી બીના લવજી કેમ જાણતો હશે?

પ્રકરણ ૩૦ મું.

ધાસતી ભરેલો પરોણો.

ઉપલું બનવા પછીના જાનેવારી મહી-નામાં શખત શીયાળાની એક રાત્રે કરાં સાથ વરશાદ પડયાથી કકડતી થંડી નીકલી હતી અને તેજ રાત્રે બિચારાં હમાયજીને શખત સલેખમા થયો હતો. છોકરાં સર્વે પોતાના બાપને "ગુડ નાઈટ" કરી તથા હમાયજીને પગે લાગી સુવા જવા પછી ગરમ ફલાનલમાં માથાથી પગ સુધી પોતાને લપેટીને હમાયજી બાંયતલીએના દિવાનખાનામાં બે ઘડી લવજી સાથ વાતે વલગ્યાં હતાં અને વાત ઘણી અગત્યની, લવજીના બીજી વારના લગ્ન સંબંધી હતી.

હમાયજી લવજીને પરણાવવાની હુજત લઇ બેઠાં હતાં. પણ લવજી એકથી બીજો થયો નહી. હમાયજી એક તો થંડીથી થથરતાં અને સલખમથી કંટાલી ગયલાં હતાં, તેમાં વળી લવજીની હુજતથી તેવણે મીજાજ ખોહી દીધો. "હું જાણુંછની, ગોટી નીકલ્યા, કે તું બધો વાતે આડો ને અનયાગારોજ રેહેવાનો. હું કહું તેથી તું ઉલટુંજ કરવાનો. હું તુને પરણવા ના કેહેતી હતી ત્યારે તું પરણી નીકલ્યો. અને હવે જ્યારે હું તુને પરણવા કહુંછ ત્યારે તું ના પાડેછ. તું જાણીબુજીને મને ખીજવવા સારૂ મારી બોહોંસપર ના પાડેછ. બાકી હવે તુંને છરા રેહેવાને કશું બાહનું નથી. બચું જીવતી હતી ત્યાંસુધી બીજવર લગ્ન તું ના પાડતો તે કાંઇપણ બાહનું હતું. હવે તો તબી મરી ગઈ, ત્યારે તે બાહનુંબી રહ્યું નથી. કપડવંજીયાની દીનીને શું છે? ઘેર શોભત દીકરી છે. ઉમરમાં, કદમાં, ખુબસુરતીમાં, બધામાં તારે લાયકની છે. તારાં બચ્ચાંની ખરી જતન કરે એવી છે, અને જેમ તારી પેહેલી બૈરી તુને નામોશી લગાડીને ગઇ તેમ એ કરવાની નથી."

બચુંની આમ બદનામી ભરેલી રીતે એકથી વધારે વાર યાદ દેવડાવવા માટે લવજીએ હમાયજીને ઠપકો આપ્યો અને કપડવંજીયાની દીની સાથ પરણવાને સેવટની ના પાડી ઉઠી ગયો. હમાયજી પણ ખભરેલાં, બડબડલાં, સલખમના નાકમાં દાબેલા તપકારના ડુચામાંથી ફુંફારા મારતાં પોતાના ઓરડામાં સુવા ગયાં. તેવણને લવજીપર ઘણોજ ગુસો ઉપજ્યો. પેહેલાં તો તેવણે પોતાને સલખમ થવા માટે લવજીના આ મોહીકાસ્ટલ ઉપર ખાર કાહાડયો. વળી તેવણે સુતી વખત ગરમ ગરમ કાંજી કરવા ફરમાવેલું હતું તે કાંજીનો વાંક કાહાડી તેવણે આમીના ઉપર પણ ખાર લીધો. એ બાહને હમાયજીએ મેરી તથા બીજાં માણસોને પણ ગાલે ગાલે ધોઈ કાહાડયાં અને પછી સુવા ગયાં પણ તેવણને ઊંઘ આવી નહી.

થંડી વધતી જતી હતી અને લવજી જેવો શખત કાઠીનો માણસ પોતાના દિવાનખાનાની અંદર ઠીકરાઇ ગયો હતો. બહાર અંધારી રાત વચે વરશાદ પાછો ચાલુ થયો હતો અને બોર જેવડાં કરાં પડવાના આવાજથી જાણે તાસા વાગી રહ્યા હતા. લવજી ઝપાટામાં બારી ઢાંકવા ગયો, પણ બાહેરના ઘોર અંધારામાં પડતાં કરાં ઉપર જરા ગોર કરતો ઉભો. બારી ભાંયતલીયાંની હતી, એટલે લવજી જોયછે તો બારીની બરાબર પાસેજ કાંઈ કાળું કાળું ધાબું તેને દેખાયું અને લવજી એક બોલ બોલવા જાયછે તેટલામાં તો કોઇએ બારીની બાહારથી લવજીનો હાથ પકડી કાલાવાલા કીધા કે "લવજીભાઈ, લવજીભાઈ, મને ઘેરમાં લેવો હું તાહડે થથરૂંછ, મરી જાવુંછ. તમે એકલા છો, પણ મારી પછવાડે ભોંસીયાં લાગેલાં છે, મને ઘેરમાં આવવા દેવો."

લવજીને આ અવાજ ઓલખીતો લાગ્યો. તે તુર્તજ પોતાના ઓટલાનાં બારણાં ભણી

દોડયો અને પેલો બિમાનો માણુસ ત્યાં દોડી આવતાંજ શખ્ત પવન અને પાણીના એક ઝપાટા વચ્ચે તે શખ્સને અંદર લઈ લવજીએ તુર્તંજ બારણું બંધ કીધું. તે માથાથી પગ સુધી તમામ ભીંનાઇને તરબોળ હતો અને તેના કપડાંમાંથી પાણીના રેલા ચાલતા હતા. તેનું અંગ સઘલું પીપળ પાનની પેંઠે કંપતું હતું અને સુંદર દિવાનખાનાનો ગાળીચો પોતાથી ખરાબ થતો હતો તેથી તે દેખીતો લજવાતો હતો.

"કોણ દોલી?" લવજી તેને ઓળખતાંવાર અચબુચ ડઘાઈ જઇને બોલ્યો. "દોલી, અત્યારે અંહી કયાંથી? તું શું કરતો ફરેછ? તું ફસી જશે! તું પકડાવાનો થયોછ?"

"એવુંજ દીસેછ, લવજીભાઈ" પોતાનો છુપાવાનો મોટો ઝભો એક ખુણામાં સુકી ભોંય હતી તે ઉપર ઉતારતાં દોલી બોલ્યો. "મને પણ મારો પકડાવાનો વખત પાસે આવેલો દીસેછ. હું જણાયોછ, લવજીભાઇ, હું જણાયોછ. પોલીસ મારી પછવાડે છે, અને હવે હું નાસતો ફરેછ. મુંબઇમાં પોલીસ મારી પુઠે લાગી, તે ઉપરથી હું છુપો આવ્યોછ. પણ કુદરતબી મારી સામે ખીટીછ. હું આજેજ આવ્યો અને જાનેવારી મહીનામાં આવો વરશાદ ને આવાં કડાં પુણામાં કોઇએ દીઠાંતાંબી!"

દોલાએ આમ બોલતાં બોલતાં પોતાનાં ખોટાં દહાડી મુછ વગેરે ઉતારી નાખ્યાં અને લવજી તેને ટાહડે થથરતો જોઇને પાસેના ઓરડામાં બ્રાંડીની બાટલી પડેલી હતી ત્યાં દોડયો.

"લે, આ પી, દોલી." લવજી નજદીક અડધું ગલાસ બ્રાંડી પાણીમાં ભેલી લાવ્યો, "વધારે ગરમી આપવા હું ગરમ પાણી મંગાવતે, પણ જો ચાકરો પાસે મંગાવું તો તેઓ કદાચ ચેતી જાય, વાસતે હાલ તો એજ પી લે."

દોલી એકજ ગોટે સઘલો દારૂ પી ગયો અને જરાવારમાં તેને તેજી તથા ગરમી માલમ પડયા પછી તેણે પોતાનો હેવાલ આગળ ચલાવ્યો.

"પેલા પેસુ લવંગિયાએ અંતે મારી પુઠ પકડીછ. તેણે મારી પછવાડે પોલીસના રેપુ રાખ્યાછ. રખે તેઓ અંહીબી આવ્યા હોય. છેલો હું છેક ચોથે દહાડે પકડાયાની ધાસતીમાં પડયો હતો. હું મુંબઈ આવી રહ્યો હતો, કેમકે મારા પૈસા ઘટી ગયાથી એકવાર પાછો હું પુણામાં તમો મેહેરબાનોની મદદ માગવા નીકલેલો હતો. મુંબઈમાં પુણે આવવાનો લાગ મળે ત્યાંસુધી હું સાવરીમાં એક એકાંત ચાલી જેમાં થોટાં લોક રેહેછ તેમાં એક ઓરડી લઈ રહેલો હતો અને પરેલ તથા તેની આસપાસ માત્ર રાત્રેજ બાહેર ફરતો હતો. તમે માનશો? એક પખવાડયાંની વાત ઉપર પરેલમાં લાલબાગ આગળ વરશાદના છાંટા પડવાથી હું એક ભાડુતી બગી પકવા જવુંછ, તેવામાં પછવાડેથી એક પારસી અને એક ઈંગ્રેજ મડમ નીકલી આવ્યાં અને મને આચકો મારી તે પારસી બગીમાં ચહડી બેંઠો. પેલી ઓરત એટલી ખુબસુરત હતી કે હું હજી તો જોવા જવુંછ, તેટલાંમાં મેં ઓલખ્યો. ઓ! તે કોણ હતો? તેજ વખતે મારી શુધબુધ ગોયા ગુમ થયલી મને જણાઈ. એ તો કોઈજ નહી પણ પેલો ખરો ખુની, ખરોજ પેસુ લવંગિયો હતો."

"ખરેખર? પછી? પછી?" લવજી ઘણીજ ઉલટથી આ વાત સાંભળતો બેંઠો.

"મેં પેસુને ઓલખ્યો, તેમજ તેણે મને પણ ઓળખ્યો. હું ફુગલાઈ ગયો તેમજ તે પણ ફુગલાઇને રૂની પુણી જેવો થઈ ગયો. પણ હું હીમત કરીને તેની બગીની પછવાંડે હરસેથી ચહડી બેંઠો. મજગામ બંદર આગળ બગી ઉભી અને મેં ઉતરી પડીને ફરીથી પેલાનો ચેહરો જોયો. મેં ખાતરી કીધી કે એજ પેસુ લવંગિયો હતો. પેલી મડમની સાથે મેં તેને એક ઘેરમાં જતો જોયો. મેં ધાર્યું કે તે ત્યાં રેહેતો

હશે અને કદાચ એનું ખરૂં નામ અંહીથી મળશે. બે કલાક ગયા પછી રાતે ત્યાં ચાકરો એકઠા મળવા ઉપરથી મેં તલાશ કાહાડી. મને જણાયું કે તે ઘેર તો કોઈ યુરોપીયનનું હતું, પેસુ લવંગિયાને ત્યાંનાં કોઈ માણસો ઓળખતાં નહી હતાં. તેનું નામ તેઓ જાણતા નહી હતા. ત્યાં કોઈ પારસી આવતો હતો, પણ તેની આ માણસોને ખબર નહી હતી. હું તેની વાટ જોતો બેઠો કે તે બાહેર નીકળે તો હું તેને જોઉં. પણ માણસોએ કહ્યું કે તે હમેશ પાછલે રસતે નીકળી જતો હતો. હું નાચાર થયો. બીજે દહાડે અને ત્રીજે દહાડે રાત્રે હું ત્યાં ગયો, પણ તે મને જણાયો નહી. હું અડધો ઘેલો થઇ તેની શોધમાં ફરવા લાગ્યો—"

"બેવકુફ! તું જેવોને તેવો બેવકુફ રહી ગયો." લવજીએ તેને ઠપકો આપ્યો. "તેં પેહલેજ દહાડે તેને પકડાવ્યો કાં નહી?"

"હું પકડાવીને શું કરૂં! શા આધાર ઉપર પકડાઉં? એના ઉપર શું હું ખુનનો ભલતોજ વાંક મેળી દઉં? મારૂં કોણ માનતે? પણ તેથી ઉલટું એજ શું મને પકડાવી નહી શકત અને હુંજ શું ફસી નહી જાત?"

"તેના રસતા હતા" લવજીએ ડગમગ દીલે જવાબ દીધો. "પણ વારૂ પછી? આગળ ચલાવ."

"શોધ કરતાં કરતાં ચાર પાંચ દહાડે એ ચોર પાછો મારી નજરે પડયો." દોલીએ પોતાનો હેવાલ પાછો ચલાવ્યો. "તે ગ્રાંટરોડની નાટકશાળામાંથી બાહાર નીકળતો હતો તેવોજ હું તેની પાસે ગયો અને તેના મોહડાં આગળ જઇ ઉભો. 'કેમ, શું માગેછ?' તેણે મને પુછયું. મેં તેને એટલોજ જવાબ દીધો કે 'મને તમારૂં નામ જોઇયેછ.' તે મારો અવાજ સાંભળતાંજ લાલ પીલો થયો. તેણે મારો જીવ લેવાના કસમ ખાધા અને મને કહ્યું કે 'સંભાળજે બચ્ચા? તું એમ ના સમજતો કે હું તુને ઓળખતો નથી. જો તું તારૂં સારૂં ચાહતો હોય તો મારાથી દૂર જજે.' એટલું બોલતાંજ તે ગાડીમાં ચહડી બેઠો. તેની સાથે બૈરાં હતાં."

"ગાડી કેવી હતી? તેનો પોશાક કેવો હતો? બૈરાં કેવી કીસમનાં હતાં?"

"સઘલું ભપકાદાર અને ચલકતું હતું. આ ગુનેહગાર ઘણી ઉંચી મંડળીઓમાં ફરેછ તેમાં કાંઈજ શક નથી. હું ધારૂંછ કે તેની પાસે પૈસા વધ્યાછ કેમકે મરીઅમને ઘેર તે આવતો હતો તે વખતના કરતાં હમણા તેનાં ઝવાહેર વધારે ચલકાટ મારેછ અને તેનો પોશાક વધારે ઠસકી મારેછ. તેની ગાડીનો ઓરજ ભપકો હતો અને તેની સાથના બૈરાં વળી વધારે ભપકાદાર હતાં."

"તે દહાડે નાટકશાલામાંથી ગાડીમાં બેસતાં જોયો પછી કયારે દીઠો?"

"પછી તો મને ધીરજ કયાંથી હોય? એક વખત તેને ત્રીચરની દુકાન આગળથી કોઇ ગૃહસ્થની સાથે વાત કરતો જતાં દીઠો. બીજી વખત મેં તેને દેવલ આગળ જોયો કે જ્યાં વળી પાછો તે પેલાજ ગૃહસ્થ સાથ વાતે ઉભો હતો. મને જોઈ તે વળી પાછો ડોળા કકડાવા લાગ્યો. તે પેહલાં તો જરા બીયેલો દેખાયો પણ પછી તે જાણે કાંઈ ગુસામાં આવી ગયો હોય તેમ તેણે એક પોલીસના સિપાઇને બોલાવી મારીગમ આંગલી કરી દેખાડયો અને તે સિપાઈ સાથ કાંઇ વાત કરવા લાગ્યો. હું બીયો અને ત્યાંથી સટી ગયો. હું પાધરોજ સીવરીના મારાં રેહઠાણ ભણી ચાલ્યો, પણ તમે માનશો? બે કલાક પછી જમશેદજી હાસપીટલ ઉપર હું પાછો ફરી જોઉંછ તો તેજ પોલીસનો સિપાઈ મારી પછવાડે લાગેલો હતો. હું તેની નજર ચુકાવી આડો નાઠો, અને ગાડીઓની તળે સંતાતો, સાંકડી ગલીઓ અને ઢેડાની સેરીઓમાંથી થઇને, છેક પરેલને રસતે સીવરી સાહી સલામત મારા ઝુપડાંમાં ગયો. હવે મેં ધાર્યું કે મેં તે સિપાઇની નજર ચોરાવી. પણ નહી. મારી ઓરડીના બારણામાંથી જોઉંછ તો એજ સિપાઈ સામો ઉભો રહીને ચાલી

તથા ઓરડીભણી તીકીતીકીને જોયા કરતો હતો. હવે હું જણાઇ ગયો તેમાં શું કાંઈ પણ શક હતો? હું જમવાનો હતો, ભુખ્યો ડાંસ થઇ રહ્યો હતો, પણ પેલા સિપાઇને ભૂતની મીસાળે પાછળનો પાછળ છેક અંહી આવેલો જોઈ મારી ભુખ નાસી ગઈ. તુર્તજ મેં મારા કોથળામાંથી મારો છુપો લબાસ પેહરી લીધો. આ ઝભો, આ દાઢી મુછ સઘલું તે વખતનું મેં રાખી મેળાવુંછ. એ પેહરીને હું ચાલીને પાછલે બારણેથી નીકળી ગયો. એવે વખતે સાંજ પડેલી હતી, માટે હવે હું નાયગામના રસતા ઉપર નાઠો, ત્યાંથી મટુંગાને રસતે છેક કુરલે ગયો કે જ્યાં રાતના દસ વાગતે જઈ પુગ્યો. કુરલથી મને રાતની ત્રેન મળી ગઈ. કુલી ત્રેન હતી, સઘળા હલકા બેગારીઓ હતા તેઓમાં હું પણ ચહડી બેઠો અને એ પ્રમાણે પુણે આવ્યોછ."

"તું આવ્યો તો ભલે આવ્યો, દોલી" લવજી તેની દયા ખાઇ બોલ્યો, "પણ તું ઘણો ધાસતી ભરેલો પરોણો છે. તું પોતે ધાસતીમાં છે અને મને પણ ધાસતીમાં નાખેછ."

"ગમે એટલું બાહાર તોફાન ચાલેછ, મી॰ લવજીભાઇ, અને મારાં શરીરની અંદર ગમે એટલું તોફાન ચાલેછ, તોપણ તમો મારી ખાતર ધાસતીમાં રહો તે કરતાં હું અતરઘડી અંહીથી જવાને તૈયાર છું."

"નહી નહી, હું તુને જવા કેહેતો નથી. ગમે એટલી ધાસતી છતાં તું અંહીજ વધારે સલામત રહીશ અને તું ભલે આવ્યો એમ હું મુબારકબાદી આપી ચુકયોછ."

હજી તો દોલી પોતાનો હેવાલ પુરો કરી રહ્યો નથી, તેવામાં જે દિવાનખાનામાં એઓ વાતે બેઠા હતા તેનું બારણું ધીમેથી ઠોકાયું અને દોલી ગભરાટમાં ચોંકી ઉઠયો, પણ લવજી દોડીને બારણા ભણી ગયો અને જોયું તો હમાયજી પોતાની તપકીરની ડાબલી વીસરી ગયાં હતાં તે અમીના લેવા આવી હતી. લવજીએ અમીનાને ઓરડામાં આવતી અટકાવી કે "ઓરડામાં ના આવતી. મને કામ છે." આમ કહી પોતેજ ઓરડામાં પાછો આવી હમાયજીની ડાબલી અમીનાને લઈ જઈ આપી તથા અમીનાને બાહારથી ને બાહારથીજ પાછી વાલી લવજીએ બારણું પાછું બંધ કીધું.

લવજી ઓરડામાં ડાબલી લેવા ગયો ત્યારે અમીનાએ ઓરડામાં ડોકીયું કીધું અને કોઇનો બોલો પડવાથી તે ચેતી ગઈ કે ઓરડામાં કોઈ બીજું માણસ છે.

એ વાત અમીનાએ હમાયજીને ડાબલી આપતાંજ કહી. વચમાં એક ચાલ હતી અને બીજી બોરહુએ હમાયજીનો ઓરડો હતો ત્યાં તેવણના કાન ઉપર ઘણીવાર થઈ લવજીના ઓરડામાંથી કોઇના અવાજ આવ્યા હતા. તેવણ વિચારમાંજ હતાં કે લવજીના ઓરડામાં અત્યારે કોણ વાત કરતું હશે?

બારણું ઢાંકીને લવજી પાછો વાતે વલગ્યો અને અમીના ઉપરથી લવજીને અમીનાની બેહેન મરીઅમ જે બાર વર્ષ આગી લાગી હતી તેની વાત યાદ આવી, અને તેણે પોતાના આ અણધારેલા પરોણાને કહ્યું કે "દોલી, મરીઅમ તો સોગંદ ખાયછ કે જ્યારે તેના બાપનું ખૂન થયું ત્યારે પેસુ લવંગિયો તો તેની સાથે હતો અને ઝુપડાંમાં તુંજ એકલો હતો."

"કેવી હડહડતી જુઠી દદા!" દોલી તિરસ્કારથી તાણ કરી બોલ્યો. "એ દદાએ કોરોનરની જુરી આગળ સોગંદ ખાધાછ કે ખૂનની વખતે તો તે ઝુપડામાં એકલી હતી, તે તમે કેમ ભુલી જાવોછ? હવે એ કુટણી કેહેવા નીકળીછ કે તેની સાથે પેસુ લવંગિયો પણ હતો તે તમે કેમ માનશો?"

અંહી વળી ઓરડાનું બારણું કોઇએ જોરથી ગડબડાવી મેલ્યું, અને તેબી એવાં જોરથી કે જાણે કે અંદર કોણ છે તે કોઇ જાણતું હોય તથા કોઈ ચોર પકડવા આવ્યું હોય તેમજ. લવજી ધસારાબંધ બારણા ઉપર ગયો અને દોલી તો હવે ખચીત પોતાનો મોટો ઝભો ઓઢી લઇ દાઢીમુછ બાંધી સંતાવાની જગ્યા શોધવા લાગ્યો.

"દોલી, ડર ના. એ તો હમાયજી છે." લવજી તેવણુની બારણું ઠોકવાની રીત ઉપરથી તુર્ત ચેતી જઈ બોલ્યો. જ્યારે તેવણુને જબરદસતીથી બારણું ઊંઘડાવવાની ધરપચ કરવી પડતી ત્યારે હમાયજી એમજ ગડબડાટ કરી મેળતાં. "દોલી, ડર ના. હમાયજી મારા જેટલીજ તારી દયા ખાયછ અને તેવણુ તુંને ઊંધાડો નહી પાડશે."

"પણુ એવણુને બાહારજ રાખશો."

"નહી. એવણે જો અંદર આવવાનો ઠરાવ કીધો હશે તો કશાંથી એવણુ અટકવાનાં નથી." લવજીએ બુરા મીજાજથી ધીરજ આપી. "પણુ એવણુ આવીને તારૂં બિગાડવાના નથી તેની હું જામીનગીરી આપુંછ. તુને યાદ નથી કે તું પેહલવેહલો પુણે આવ્યો હતો ત્યારથીજ તારી વાત મેં હમાયજીને કહી મુકીછ, ને તેજ દહાડે તારા બાપને એવણે આ ઘેરમાં વાતે રોકી રાખ્યા હતા?"

લવજીના ઓરડામાંથી પોતાને કાને અવાજ પડયા ત્યારથી આ બાણુઓઘઓરી ડોકટે પોતાની ઊંઘ ખોહી અને તેના સલ્બમની માંદગી પણુ નાસી ગઈ. લવજી ઓરડામાં આટલી મોડી રાત્રે છુપ્યો કોણુ સાથ વાત કરેછ તે જાણુવાની હમાયજીને ચટાપટી થઈ. તેવણુને બચીત કાંઈ આડો શક ગયો. "ગોટી નીકળયો નફટ!" તેવણુ મનમાં બડબડયાં "ફરીથી પરણુવાને ના પાડેછ અને તોપણુ બચ્ચાં છોકરાંના ઘેરમાં રાતની વખતે કોણુ જાણે કે શું કાળાં ધોળાં કરેછ." આ શક ઉપરથી તેવણુ સાડી વગર દોડી આવ્યાં હતાં. આગળ પણુ એજ પ્રમાણે હમાયજી પોતાના આ "દીકરાને" છુપો પકડવા દોડયાં હતાં તે વાંચનાર ભુલી જશે નહી.

લવજીએ બારણું ઊંઘાડયું, પણુ હમાયજી અંદર આવે તે અગાઉ લવજી ધસારાબંધ બાહાર નીકલી ગયો અને બાહેરથીજ બારણું બંધ કરી દીધું.

"લવજી, તારા ઓરડામાં કોણુ છે?" તેવણે મોટી બાહદુરીના ડોળથી પુછ્યું.

"એક માણુસ છે." લવજીએ ધારા પ્રમાણે ટુકમાંજ જવાબ દીધો.

"પણુ કોણુ માણુસ છે? તે શું કામ આવ્યુંછ?" એમ કહી તેવણુ ઓરડાનું બારણું ઊંઘાડવા જતાં હતાં.

"છુપું કામ છે. તમારીથી અંદર નહી જવાશે, હમાયજી."

"નહી જવાશે?" બહુજ ગુસાથી તેવણુ ઉતરી પડયાં. "નહી જવાશે કે! આ ઘેર કોણુનું છે? કોણુની તાકાત છે કે મને અટકાવે?"

"તમારે ગમે તો જાવો, પણુ સાડી વગર આવ્યાંછ, તે પસતાશો. બાહેર તોફાન ચાલેછ તે જોતાં નથી? વળી પાછી સરદી થશે."

"હશે! હશે! પસતાવાવાળા. કારમબા ચોર! ખીસ, મને અંદર જવા દે. હુંબી તો ખરી કે કેઇ દદા અંદર ભરાયલીછે તેને પકડીને બાહાર કાહાડું."

હમાયજીના આ વેહમો ઉપર લવજીથી હસવું થોબાયું નહી. "બેલાસક જાવો, હમાયજી. પણુ તમોને ચેતાવુંછ કે ઓરડામાં જઈ તમે ખુશી થશો નહી. ત્યાં ઓરત કોઈ નથી, પણુ મરદ છે. અને તમે સાડી વગર કોઈની આગળ દેખાવ દેતાં નથી તેથી પસતાશો. અંદર એક દુખી મરદ ભીજાઈને તરબોર આવેલો છે. તેની પછવાડે પોલીસ છે, તેને પકડવાનાં ઈનામ છપાયાંછ, અને ફાંસીનું લાકડું તેની વાટ જોયછ. તે નાસતો અંહી આવ્યોછ અને મેં તેને આશ્રય આપ્યોછ:"

"કોણુ? દોલી? તારી હીરાંમાસ્તીનો દીકરો!" હમાયજીએ તુર્ત તર્ક બાંધી.

"હા. તેજ." લવજીએ કહ્યું "અને હવે તમે સાડી વગર કેમ જશો?"

"તે હશે તો શું છે? દોલી તો મારી આગળ બચ્ચું છે. તું અને એ બેહુને હું સાથે નેતરના ઝપેટા લેતી હતી, અને આજેબી જો એ વાંક કરે તો હું ચુકું નહી

છે. આજેબી નેતરે નેતરે સરાસર ચુરી કાહાડું."

વખતે દોલી નહી હોય તો? કદાચ લવજી જુઠું બોલ્યો હોય તો? સાડીને ખાતર ખાતરી જતી મેળવા કરતાં હમાયજીએ દોલી સરખા એક છોકરા આગળ સાડી વગર જવાની અડચણ લીધી નહી. તેવણ ઓરડામાં ગયાં અને લવજી પાછલા બાણુંમાં ઓટલા તરફ ગયો.

ચાકરો વુર્તનાજ ઊંઘેલા હતા. લવજીએ વડા બબરચી પેસતનને સાદ માર્યો અને સઘલાઓ જાગી ઉઠીને દોડી આવ્યા. "પેસ્તન, કાંઈ ખાવાનું છે કે?" લવજીએ પુછયું.—"બીશ્યાર છે, સાહેબ." પેસતન બોલ્યો. "રોસ્ટનાં બે ડીશ અનામત વધેલાં છે, પટેટા તલેલા છે, સહવારને વાસતે માછલી ખારી કીધેલી છે, પનીર, ઈંડાં, પાઊં, માખણ, વગેરે ઘણું છે."—"ઠીક ત્યારે, હોલના દિવાનખાનાની પાસેના ઓરડામાં ટેબલ ઉપર પછવાડેને બારણેથી લાવી મેળ. સાથે થોડો શેરી અને બીર લાવજે. પણ જો," તેને થોબાવી લવજી બોલ્યો, "એક જણ કામે આવેલો છે તેને મેં રાખેલો છે, વાસતે તમારે ત્યાં હાજર રેહેવું નહી. તે કામથી ઉઠશે ત્યારે ખાશે. તમે લોકો માત્ર ખાનું મુકીને સુઇ જજો. વાસણ સહવારે લઈ જજો."—"હું સમજ્યો, સાહેબ," પેસતન ઘણા અનુભવનું ડાલ ઘાલી બોલ્યો. "તેવણને ટામાટો સાસના કટલેસ ગમશે?"—"તેવણ તે કોણ, પેસતન?"—"સાહેબ કામ કહોછ તે ઉપરથી હું જાણુંછ કે તમારા કલાર્ક બાલાજી આવ્યાછ, ને તેવણને એ ડીશ ઘણું ગમેછ તેથી કહુંછ."—"હા, હા, ત્યારે તો તે ડીશબી લાવજે."

આટલી વાત કરી લવજી પાછો દોલીવાલા ઓરડામાં ગયો. ચાકરો પછવાડેને બારણેથી પાસેના ઓરડામાં હુકમ મુજબ સઘલું ખાણું પીણું, બતી, પાણી, વગેરે મેલીને પાછા સુઈ ગયા અને તેઓ એવેજ ભરસે રહ્યા કે શેઠનો કલાર્ક બાલાજી કાંઈ અગતના કામસર રાત્રે રહેલો છે. એમ તો ઘણીવાર બનતું હતું, તેથી તેઓને કશી નવાઈ લાગી નહી.

પ્રકરણ ૩૨ મું.

દોલી અને લવજી—શીરીન અને લવજી.

લવજી ઓરડામાં પાછો ગયો એટલામાં તો હમાયજી દોલી સાથ નવાં જુનાં થઈ ગયાં હતાં. તેવણે પેહેલાં દોલીને થોડો દબરાવ્યો, થોડી ગાલ દીધી, પણ પછી પોતાના સરેસતા પ્રમાણે થડાં પડી તેના તરફ માયા બતાવવા લાગ્યાં. દોલીએ અંહીથી ત્રણ માઈલ દુર હીંદુઓનાં એક દેહડામાં સુવા જવા ચાહ્યું, પણ હમાયજી બોલ્યાં કે "દોલી, આવી રાત્રે, આવા વરશાદમાં 'મારાં એક કુતરાંનેબી હું ઘેરની બાહાર જવા નહી દઉં." લવજી તેને પાસેના ઓરડામાં જમાડવા લઈ ગયો અને હમાયજી એક ચાકરની પેઠે તેનું ખાનું પીરસતાં તથા તેની મેનીજ કરતાં તેની આગળ રહ્યાં.

દોલી બિચારો ચાર દહાડાનો ભુખ્યો હતો. ફકત ભજીયાં, ચના મરમરા, વગેરે ફાકીને પાણી પીતો હતો. તેને આજે પાદશાહી ભોજન મળ્યું અને લવજીને હજારો દુવા દેતો પેટ ભરીને જમવા લાગ્યો.

પણ હવે દોલીને સુવડાવવો કયાં? સુવાની જગ્યા તો ઘણીબી હતી. હમાયજી પોતાનો ઓરડો આપી દેવાને ખુશી હતાં, પણ ચાકરોથી છુપો તેને કેમ સુવા દેવો? "કોઈ નહી તો આમીના જાણ્યા વગર રેહેવાની નથી." હમાયજીએ સુચવ્યું. "હું ઉઘાડું નહી ત્યાંસુધી એને ઉઘાવાનો હુકમ નથી, અને તેથી એ હજી મારા ઓરડામાં બેસીને વાટ જોતી હશે."—"ત્યારે બેહતર